# ગોમતીગઢનો ખજાનો

## લેખક : જયંતીભાઈ પટેલ




### આમુખ

આ મારી ત્રીજી નવલકથા છે. મારી પહેલી બે નવલકથાઓ વાચકવર્ગે વધાવી લીધી હતી છતાં વ્યવસાયને ટકાવી રાખવાની મથામણમાં લેખનપ્રવૃત્તિ કુંઠિત થઈ ગઈ હોઈ મારાથી નવું કશું લખી શકાયું ન હતું. મિત્રો અને વાચકોની વારંવારની કશું નવું લખવાની માગણીથી પ્રોત્સાહિત થઈને હવે નિવૃત્તિની પળોમાં સાહિત્યસર્જન પાછું હાથ ધરવાનું જોમ સાંપડ્યું છે. મારી આ નવલકથાઓ પૈકી ‘ વસમા ઓરતાં નું તો પુનર્મુદ્રણ પણ થઈ ગયું છે ને તે પણ અત્યારે વેચાઈ જવાથી અપ્રાપ્ય છે. જ્યારે બીજી નવલકથા ‘ મેલા મનનું માણસ એક ની પહેલી આવૃત્તિ વેચાઈ જતાં તે પણ પુનર્મુદ્રિત થઈ રહી છે. પણ આ પુસ્તકો પરદેશમાં વસતા આપ જેવા વાચકો સુધી પહોંચતાં નથી અને કદાચ પહોંચે છે તો એટલાં બધાં મોઘાં હોય છે કે કેટલાકને તે ખરીદવા જેવાં લાગતાં નથી તો કેટલાકને તે સાચવી રાખવાં અઘરાં લાગે છે.

એટલે આ નવલકથા :‘ ગોમતીગઢનો ખજાનો છપાવીને પુસ્તકાકારે પ્રસિધ્ધ કરવાને બદલે ‘ વેબ સાઈટ ના માધ્યમ દ્વારા આપના સુધી પહોંચાડવાનું સાહસ કરી રહ્યો છું. આ પધ્ધતિ થોડી નવી છે પણ પરદેશમાં વસતા વાચકોને ધ્યાનમાં રાખીને હવેની મારી બધી નવલકથાઓ આ નવતર માધ્યમ મારફતે જ આપ સુધી પહોંચાડવાની નેમ છે. આશા રાખું છું કે આપ એને અપનાવી લઈ આ નવા સાહસમાં સફળ થવામાં મને મદદરૂપ થશો.

આ નવલકથા મૂળ તો એક ચંબલકથા તરીકે લખવાની ગણતરી સાથે શરૂ કરેલી પણ પછી જ્યારે તેને પરદેશ વસેલા વાચકો સુધી પહોંચાડવાની નેમ સાથે‘ વેબ સાઈટ ના માધ્યમ પર મૂકવાનો વિચાર આવ્યો ત્યારે એના કલેવરમાં કેટલાક ફેરફારો આપોઆપ જ થઈ ગયા જે આપ નવલકથા વાંચશો તો આપની નજરે ચઢ્યા સિવાય નહીં જ રહે.

આશા રાખું છું કે મારી અગાઉની બે નવલકથાઓની જેમ આ નવલકથાને પણ વાચકો પ્રેમપૂર્વક વધાવી લેશે.

નવલકથાનાં પાત્રો બધાં કલ્પિત છે છતાં એ વાસ્તવિકતાની કેટલાં સમીપ છે એની આપને પ્રતીતિ થશે તો હું એને મારી સિધ્ધિ ગણીશ. આપના અભિપ્રાય મારે માટે મારાં હવે પછીનાં સર્જનોમાં સીમાચિહ્નો બની રહેશે. તો ટપાલથી, ફોનથી અથવા ઈમેઈલથી આપનાં સૂચનો જરૂર મોકલી આપશો. મારું ઈમેઈલનું સરનામું મુખ્યપૃષ્ઠ પર આપેલું છે.

હું છું આપનો,
જયંતીભાઈ પટેલ

### આ નવલકથાના લેખક શ્રી જયંતીભાઈ પટેલઃ એક પરિચય

શ્રી જયંતીભાઈ પટેલ આણંદ તાલુકાના બાકરોલ ગામના વતની. એમને નાનપણથી જ સાહિત્ય પ્રત્યે લગાવ.

એમની બે નવલકથાઓ પ્રસિધ્ધ થયેલી છે. એમાંની ‘ વસમા ઓરતાં ની બે આવૃતિઓ થયેલી છતાં અત્યારે અપ્રાપ્ય છે, જ્યારે ‘ મેલા મનનું માણસ એક પણ અત્યારે અપ્રાપ્ય છે.

આ સિવાય એમની પચાસ જેટલી ટૂંકી વાર્તાઓ પણ ગુજરાતનાં વિવિધ સામયિકોમાં પ્રસિધ્ધ થયેલી છે.

આજે એમની નવી જ ચાર નવલકથાઓથી એ આ સાર્વજનિક ગુજરાતી પુસ્તકાલયની શરૂઆત કરે છે એ આનંદની વાત છે.

એમની આ પ્રવૃત્તિ વિકસે અને એનાથી દેશ પરદેશમાં વસેલા સાહિત્યપ્રેમીઓને સારું સાહિત્ય વાંચવા મળે એ આનંદનો વિષય છે.

એમની આ પ્રવૃત્તિ વધુ ને વધુ વિકસે એવી આશા સહ-

જે. એમ. પટેલ.
(સાન હોઝે, કેલીફોર્નિયા.)

## લેખકનાં અન્ય પુસ્તકો

૧. વસમા ઓરતા

૨. મેલા મનનું માણસ એક

૩. જો થઈ છે !

૪. બેગમ

૫. મનેખ માટીનાં

૬. ગોમતીગઢનો ખજાનો

૭. શેઠ વરણાગીલાલ

૮. ધરતીનો બીજો છેડો

૯. થોડી નવલિકાઓ

## અનુક્રમ

(કોઈ પણ પ્રકરણ ખોલવા માટે પ્રકરણના નામ પરક્લીક કરો)


૧. મલકનોઉતાર ................................૪

૨. અજાણ્યા મુલકમાં ..........................૧૦

૩. ચોરમાં પડ્યા મોર ..........................૧૬

૪. કેપ્ટન વિલાયતમાં ..........................૨૨

૫. કાકાની ડાયમંડ મોટેલ ..... ..................૨૯

૬. ભેરવસિંહ ફિલ્મી ચકકરમાં ..................૩૫

૭. દેશની હવામાં ..............................૪૧

૮. કેસરીસિંગનું કોઠાયુધ્ધ ........................૪૭

૯. ભેરવની અવદશા ............................૫૩

૧૦. મોજીલો મનુભા ............................૫૯

૧૧. ખજાનો મળ્યો ..............................૬૫

૧૨. પાછા ભૂલા પડ્યા.............................૭૨

૧૩. ભેરવસિંહ પાછો જેલમાં ......................૭૮

૧૪. ઊલમાંથી ચૂલમાં..............................૮૪

૧૫. નંદ ઘેર આનંદ ભયો..........................૯૦

૧૬. કાનપુરનો રમજાનુદ્દીન મલેક..................૯૬

૧૭. મનુભાની રાજરમત .........................૧૦૨

૧૮. બાબરી ઉતારી...............................૧૦૯

૧૯. ભેગા મળ્યા..................................૧૧૫

૨૦. નસીબ બે ડગલાં આગળનું આગળ.............૧૨૪

૨૧. નવાબજાદા મૈયુદ્દીન..........................૧૩૧

૨૨. જાનકીની સલાહ સૌને ગમી.................૧૩૮

૨૩. જંગલમાં મંગલ...............................૧૪૭

# ગોમતીગઢનો ખજાનો

લેખક :- જયંતીભાઈ પટેલ

## ૧:- મલકનો ઉતાર

અરવલ્લીનાં ઊંડાં કોતરોની વચ્ચેથી વહેતી ગોમતી નદી જ્યાં અવળો વળાંક લેતી હતી ત્યાંનો એક નાનકડો ભાગ નાના સરખા બેટ જેવો બની ગયો હતો. ત્યાંનું મેદાન એક ડુંગરાની પાછળ ઢંકાઈને ગોમતી અને ડુંગરાની વચ્ચે જાણે, માની ગોદમાં બાળક પોઢી ગયું હોય એમ, લપાઈ ગયું હતું. એ ડુંગરાની ફરતે વહેતી ગોમતીને સામે કિનારે ઊંચાઊંચા પહાડો, તેમની વચ્ચે ઊંડી ખીણમાં વહેતી ગોમતી અને તેના પેલા અવળા વળાંક અને ડુંગરાની વચ્ચે લપાઈને બેઠેલું આ ગોમતીગઢ ગામ દુનિયા આખીથી જાણે વિખૂટાં પડી ગયાં હોય એમ લાગતું હતું. ભારતને આઝાદી મળ્યે બાવીસ વર્ષ વીતી ગયાં છતાં આ ગામમાં આઝાદીની  હવા સરખીય આવી ન હતી. બસો ત્રણસો માણસોની ગામની વસતિમાં મોટાભાગના તો ઘેટાંબકરાં ચારીને ને શિકાર કરીને પેટ ભરનારા જ હતા. તો વળી કેટલાક ચોરી લૂંટફાટના આબરૂદાર ધંધામાં પડેલા હતા. અને આ આબરૂદાર લોકોના હાથમાં જ આ ગોમતીગઢનું રાજ હતું. દેશની સરકાર ભલે દર ચૂંટણીએ બદલાય પણ અહીંની આ સરકાર તો કાયમી જ હતી.

કોઈ સરકારી અમલદાર આ ગામમાં ક્યારેય આવ્યો ન હતો કે કોઈ ચૂંટણીદાસ મત માગવાય આ ગામમાં ફરક્યો ન હતો. રસ્તા કે વીજળીની માગણી ગામે ક્યારેય કરી ન હતી ને પાણીની તો ગોમતીમાં ક્યાં ખોટ હતી ! ગામમાં ક્યારેક ઝઘડો થાય તો પંચ ભેગું કરીને ન્યાય કરાવવાનો અહીં રિવાજ ન હતો. અહીં બધા લાઠી, તલવાર કે બંદૂકથી વાતનો ફેંસલો લાવી દેવામાં માનતા હતા. પણ જ્યારે કાયદાકીય ગૂંચ ઊભી થાય ત્યારે ગામની નામીચી હસ્તી, ભેરવસિંહ જે કહે તે કાયદો અને એ જે કરે તે આચાર. અને આ આચાર પણ વખત મુજબ બદલાતા રહે, જે વખતે ભેરવસિંહનો જેવો મૂડ તેવો તેનો આચાર, કોઈને વાંધો ઉઠાવવાનો હક નહીં ને કોઈની હિંમત પણ નહીં.

ભેરવસિંહ આ વિસ્તારનો નામચીન ડાકુ હતો. કાયદાની પોથીમાં જેટલી સજાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે એ બધી સજાઓ ફરમાવી શકાય એટલા ગુના ભેરવસિંહ આચરી ચૂક્યો હતો પણ એની સાવધાનીને કારણે સરકારને ચોપડે હજુ તેનું નામ ચઢ્યું ન હતું. તેની ગુંડાટોળીમાં એક વખત ચાલીસ કરતાં પણ વધુ સાગરીતો હતા. પણ ભેરવસિંહનાં શંકાશીલ સ્વભાવ અને ક્રૂરતાને લીધે કંટાળીને કેટલાક ટોળી છોડીને ભાગી ગયા હતા તો કેટલાક ભેરવસિંહને હાથે મોતને ઘાટ ઊતર્યા હતા. છેલ્લા બેત્રણ મહિનાથી સમસ્ત અરવલ્લીની ખીણમાં સરકારી ભીંસ વધી ગઈ હતી એટલે ભેરવસિંહ એન્ડ કંપની હમણાં ખૂણે ભરાઈને બેઠી હતી. આ નવરાશનો ઉપયોગ ભેરવસિંહે પોતાના ખજાનાને વ્યવસ્થિત કરીને છૂપી જગ્યાએ સંતાડવામાં કર્યો હતો. આ ખજાનો જે લગભગ પાંચેક કરોડનો થવા જતો હતો તેને લોકો કે સરકારથી સાચવવા કરતાં મલકના ઉતાર જેવા પોતાના સાથીદારોથી સાચવવાનું કામ અઘરું હતું.

આ ખજાનો મળ્યો તે તો હસવા જતાં મ્હોમાં પેંડો પડવા જેવો ઘાટ થયો હતો. એક બપોરે ભેરવસિંહ શિકારની શોધમાં કોતરામાં ભટકતો હતો ત્યારે તેનો એક ભેદી બાતમી લાવ્યો હતો કે ચારપાંચ ગાડાં ભરીને પાકા બંદોવસ્ત હેઠળ, મોટો માલ કાલે વગડાઉ રસ્તેથી જવાનો હતો, નાખી દેતાંય દસેક હજાર રૂપિયાની મતા હશે. ને દસ હજારની વાતે બધા સજાગ થઈ ગયા હતા અને બીજે દિવસે તેમણે ગાડાં આંતર્યાં હતાં ને પાંચ વળાવિયાને ઠાર કર્યા હતા, બાકીના પાંચસાત વળાવિયા અને ગાડાના હાંકેડું જાન બચાવવા ભાગી છૂટ્યા હતા. ને પછી ગાડાંમાંની વજનદાર પેટીઓને જેમ તેમ કરીને બોસની બોડમાં પહોંચાડીને બધા બોસના હુકમથી બેચાર દિવસ માટે આઘાપાછા થઈ ગયા હતા. તેમની કાયમની આ રીત હતી. લૂટ પછી સંતાઈ જવું અને સરકારી ભીંસ હળવી થાય એટલે આવી લૂટનો પોતાનો હિસ્સો લઈ જવો.

આ ખજાનો કાઠિયાવાડના એક નવાબનો હતો અને તેને કચ્છની સરહદે મોકલી ત્યાંથી પાકિસ્તાન મોકલી આપી નવાબનો પાકિસ્તાન ભાગી જવાનો પ્લાન હતો. તેમાં આ ભેરવની ટોળકી વચમાં આવી ગઈ. હવે નવાબ ફરિયાદ પણ કેવી રીતે કરી શકે! તેને તો ચોરની મા કોઠીમાં મોં ઘાલીને રડે એવો ઘાટ થયો હતો.

રાતે ભેરવે એક પછી એક પટાળાં ખોલી જોયાં ને તેની આંખો ફાટી ગઈ. એક પેટીમાં હીરા, મોતી, માણેક ને પરવાળાં હતાં તો બીજી પેટીમાં સોનાની લગડીઓ ને સોનાનાં ઘરેણાં હતાં. ત્રીજી પેટીમાં હીરામોતીનાં ઘરેણાં હતાં. બે પેટીઓમાં ઝરીવાળાં કાપડાં હતાં તે અને પંદર વીસેક લાખની નોટો હતી તેમાંથી વીસેક હજારની નોટો અલગ તારવી રાખી બાકીનો માલ અંદર છૂપી જગ્યામાં એકલે હાથે ફેરવ્યો હતો.

પછી જ્યારે સાથીઓ આવ્યા ત્યારે વધામણી ખાતાં કહેલું : 'ધાર્યા કરતાં ફેરો વધારે સફળ થયો છે. પેલાએ દસ હજાર કહેલા તેને બદલે વીસેક હજાર રોકડા અને ઝરીનાં ઢગલો કપડાં મળ્યાં છે. કપડાંનું તો જ્યારે ઊપજશે ત્યારે ખરું , પણ તમને દરેકને હજાર આપું છું પેલા બતમીદારને પણ હજાર આપવા પડશે અને બે હજાર હું રાખીશ એમાંના એક હજાર તો પોલીસડાંનાં મોં બંધ કરવામાં વપરવા પડશે. આ વખતે હાથ મોટો માર્યો છે તે એય વધારે માગશે ને. બાકી મારો વધારાનો ભાગ તો કોઈ રામલીલાવાળા કે ભવાઈ મંડળીવાળા મળી આવશે તો હજારેક કપડાંના ઊપજશે એ મારો વધારાનો ભાગ. કોઈને એ કપડાં જોઈતાં હોય તો હજારમાં તમને આપી દઈશ કોઈને ભવાઈ કરવાનો વિચાર હોય તો કહેજો.' પણ રોકડા પૈસાને બદલે કપડાંના ઢગલાને લઈને કોઈ શું કરે! એટલે ભેરવની ગણતરીએ લગભગ પચીસ હજારનો એ માલ એને સાવ મફતમાં જ પડ્યો.

આ બધા સાથીદારો પૈકી એક સાથીદાર, કેસરીસિંગ પર ભેરવસિંહને વધુ વિશ્વાસ હતો, જો કે એ પણ આખી દુનિયાના ઉતાર જેવો જ હતો પણ તેની પર વિશ્વાસ રાખવાનાં બે કારણો હતાં. એક તો એ કે તે લંગડો હતો, વધુ પડતો લંગડો હતો, લાકડી વગર બે પગલાં ચાલવાનીય તેનામાં તાકાત ન હતી. એટલે તેના તરફથી ખજાનો સલામત હતો. અને બીજું એ કે તે કોઈની સાથે ભળતો ન હતો, એટલે કોઈની મદદ કે સંગતથી તે ખજાના પર કુદૃષ્ટિ કરે તેમ ન હતો. એટલે ભેરવસિંહને ફક્ત કેસરીસિંગ પર જ વિશ્વાસ હતો.

સરકારે ફરજિયાત રજા લેવડાવી હતી એટલે બધા સાથીદારોને થોડા દિવસની છૂટ્ટી આપીને ભેરવે બહાર મોકલી દીધા હતા, પછી તેણે એકલી જાતે બધો ખજાનો તેમના પડાવથી એક ગાઉ ઉપરવાસમાં, વર્ષના આઠદસ મહિના જેનું મુખ નદીનાં પાણીમાં ઢંકાયેલું રહેતું એવી એક ગુફામાં સંતાડ્યો. આ કામમાં લગભગ પંદરેક દિવસ નીકળી ગયા. આ પંદરેય દિવસ કેસરીસિંગ પડાવ પર બેસી ખુલ્લા ખજાનાની ચોકી કરતો રહ્યો અને ભેરવસિંહ થોડોથોડો કરીને બધો ખજાનો સંતાડવાના કામમાં ડૂબેલો રહ્યો. જો કે કેસરીસિંગ આ બધો સમય કાંઈ ખજાનાની ફક્ત ચોકી જ ન્હોતો કરતો, તે મનમાં ને મનમાં ગણતરી કરતો જતો હતો; ને ગણગણતો જતો હતો : 'આવોયે જેટલા ફેરા કરે છે એટલા જ ફેરા મારે પાછા કરવા પડશે આ ખજાનો બખોલમાંથી પાછો કાઢી લાવીને બીજી જગ્યાએ સંતાડવામાં.' પણ ત્યારે તેનાથી કશું બોલાય તેમ ન હતું.

હવે આ કેસરીસિંગ પણ કાંઈ ઓછી માયા ન્હોતો. દેખાવે તે એકવડિયો, ઊંચો ને અશક્ત લાગતો હતો અને લંગડો હતો એટલે સલામત લાગતો હતો, પણ એ લાગતો હતો એવો વાસ્તવમાં હતો નહીં. એટલે કે તે લંગડો લાગતો હતો પણ લંગડો ન હતો અને મૂર્ખો લાગતો હતો પણ મૂર્ખો હતો નહીં. બેત્રણ વર્ષ પહેલાં એને પગમાં ગોળી વાગી ગઈ હતી ત્યારથી એણે લંગડા હોવાનો ઢોંગ શરૂ કર્યો હતો તે એટલી હદ સુધી કે કદીક તો તેને પણ પોતાનો પગ સાજો હોવા અંગે શંકા થવા લાગતી હતી. હા, જ્યારે રાતના અંધારામાં તે ઘરમાં એકલો હોય ત્યારે પોતાની મૂળ ચાલ ચાલવાની કસરત કરી જોતો હતો. નાનીમોટી બીજી કસરતો કરીને તે સ્વસ્થ રહેવા કાળજી રાખતો હતો, હા, તે જ્યારે ઘરમાં એકલો હોય ત્યારે જ. તેની આ ચાલ કામયાબ સાબિત થઈ હતી, તેના લંગડા હોવા વિશે આખી ટોળકીમાં કોઈને શંકા રહી ન્હોતી. અરે કાગડા જેવો ભેરવસિંહ પણ ભોળવાઈ ગયો હતો ને!

બધો ખજાનો છુપાવાઈ ગયો એટલે ભેરવસિંહ કેસરીસિંગ સામે આરામથી બેઠો : 'જો લંગડ, આજથી આ ખજાનાની સાચવણીની બધી જવાબદારી તારી, એમાં જો ગફલત કરી છે તો તું જીવતો નહીં રહે, સમજી ગયો ને. તારા ખાવાપીવાની વ્યસ્થા કરતો જાઉં છું, બીજું કાંઈ જોઈતું હોય તો કહે.'

કેસરીસિંગને કશું કહેવાનું હતું જ કયાં? તણે માથું ધુણાવી નન્નો ભણ્યો. 'જો તારા પર કોઈને વહેમ આવે તેવું નથી છતાં સાવચેત રહેવું સારું. રોજ બેચાર વખત એ તરફ આંટો મારવો, પણ કોઈને એમ ન લાગવું જોઈએ કે તું કશાકની ચોકી કરવા ત્યાં જાય છે. જ્યારે એ બાજુ જાય ત્યારે જાણે માછલાં પકડવા જતો હોય એમ જવું અને માછલાં પકડવા ગલ નાખીને કલાક બે કલાક બેસવું પણ ખરું, સમજ્યો ને!' હવે ભેરવસિંહની આવી નકામી વાતોથી કેસરીસિંગને કંટાળો આવવા લાગ્યો હતો પણ એનાથી ડોકી હલાવી 'હા' સિવાય કશું બોલાય તેમ જ કયાં હતું! દારૂની પ્યાલીઓ ભરાતી રહી ને ખાલી થતી રહી ને પાછી ભરાતી રહી ને પાછી ખાલી થતી રહી. કેસરીસિંગને ભાગે પીવા કરતાં પ્યાલીઓ ભરવાનું વધુ આવ્યું. છેક સાંજ  પડયે ભેરવસિંહ ઘોડે બેસીને ઊપડ્યો ને કેસરીસિંહ માટે ખાવાપીવાનો થોડો સામાન લઈ આવ્યો.

રાતે ખાઈને બેઠા પછીય ભેરવસિંહની સૂચનાઓ ચાલુ જ હતી. કેસરીસિંગને ઊંઘ આવતી હતી પણ તે પરાણે જાગવાનો પ્રયાસ કરી રહ્યો હતો. તેને હવે ભેરવસિંહ પર ગુસ્સો આવતો હતો, પણ તેને મનમાં જ દબાવીને તે બેસી રહ્યો હતો. મનમાં ને મનમાં તે કહી રહ્યો હતો : તું એકવાર અહીંથી દૂર જા પછી તને ખબર પડશે કે તારા ખજાનાનું શું થાય છે. પણ બોલ્યો ત્યારે બીજું જ : 'બોસ, તમે તમારે એ વાતમાં નચિંત રહેજો, જ્યાં સુધી હું જીવતો છું ત્યાં સુધી ખજાનાને બીજું કોઈ હાથ પણ નહીં લગાડી શકે.' બીજું કોઈ એટલે તેના સિવાય બીજું કોઈ, પણ એ સમજવા જેટલો ચાલાક ભેરવસિંહ હતો જ કયાં!

અને જો કોઈ હાથ લગાડશે તો તારો એકેય હાથ સલામત નહીં રહે એ પણ જાણી લેજે, લંગડ.' ભેરવસિંહે કહ્યું. કેસરીસિંગે લંગડ શબ્દ સાંભળ્યો ને તેના મગજમાં ઝાળ ઊઠી, પણ તે ગમ ખાઈ ગયો. તેણે એક સિધ્ધાંત બનાવી મૂકયો હતો : જે ગમ ખાય છે એ વધુ જીવે છે. અને તેને ખબર હતી કે તે વધુ જીવવાનો જ છે. હા, તેણે મનના એક ખૂણામાં ભેરવસિંહનું નામ લખી લીધું. જે કોઈ એને લંગડ કહેતું હતું એનું નામ એ આ ખૂણામાં લખી નાખતો હતો. આ યાદી ઘણી લાંબી હતી, પણ પોતે માનતો હતો કે એ બધાને વખત આવ્યે પોતે મોતને ઘાટ ઉતારવાનો હતો એ વાત પણ એટલી જ સાચી હતી. અત્યારે ભલે બધા એની મશ્કરી કરી લેતા, પણ છેવટે તો હસવાનો વારો તેનો જ હતો.

તેણે ઘણા વખતથી તૈયારી કરવા માંડી હતી. ભેરવસિંહનો ખજાનો કેવી રીતે ઉઠાવવો, કેવી રીતે એને ત્યાંથી લઈ જવો અને કયાં સંતાડવો, વગેરે બાબત તેણે વારંવાર વિચારી જોઈ હતી અને ચકાસી પણ જોઈ હતી, હવે વાર હતી તો ફકત અનુકૂળ સંજોગોની. અને તે રાહ જોવામાં માનતો હતો. જ્યાં સુધી અનુકૂળ સમય ન આવે ત્યાં સુધી રાહ જોવા તે તૈયાર હતો. ઉતાવળ કરી તે બધું ગુમાવવા માગતો ન્હોતો. અને વળી આમાં તો પોતાના જાનનું પણ જોખમ હતું, પછી તો ઉતાવળ કરાય જ કયાંથી! આ જગતમાં જો એને સૌથી વહાલી ચીજ કોઈ હોય તો તે તેની માના એકના એક દીકરાની જિંદગી હતી, અને જો કોઈને તે સૌથી વધુ નફરત કરતો હોય તો તેના આ એકના એક બોસને.

ખજાનો સંતાડવા માટે તેણે જગ્યા પસંદ કરી રાખી હતી એટલું જ નહીં પણ ત્યાંથી ખજાનો બીજું કોઈ ચોરી ન જાય કે બીજાને ત્યાં ખજાનો હોવાની જરા પણ શંકા ન જાય એની તકેદારી પણ તેણે રાખી હતી. એ ખજાનો ચોરાયાની વાતની સૌથી પહેલી અસર થાય બોસ ભેરવસિંહને. એટલે ભેરવસિંહના શા પ્રત્યાઘાત હશે અને તે કેવાં પગલાં ભરશે, એનો પૂરતો વિચાર તેણે કરી લીધો હતો અને તેનાથી બચવાના બધા રસ્તા તેણે વિચારી રાખ્યા હતા. જો પોતે ભેરવસિંહના હાથમાં આવી જાય તો પોતાનું શું થાય એની કલ્પના માત્રથી એને આખા શરીરે કંપારી વછૂટતી હતી. પણ એનો પ્લાન

એવો તો જડબેસલાક હતો કે બોસ તો શું પણ ઉપરથી ભગવાન ઊતરી આવે તોય એનું પગેરું પકડી શકશે નહીં એનો એને ભરોંસો હતો.

બોસે ખજાનો જ્યાં સંતાડયો હતો એ જગ્યા એ ઘણી વખત જોઈ આવ્યો હતો. ત્યાંથી ખજાનો બહાર કાઢવો એ લોઢાના ચણા ચાવવા જેવું કપરું કામ હતું. પણ પહેલેથી જ જો ખબર હોય તો, અને કેસરીસિંગ જેવું નિર્ણાયક જોમ હોય તો તે કામ એટલું અઘરું ન્હોતું. હા, એ માટે કેટલાંક ઓજારો જોઈએ, અને એ તો પોતે કયારનાંય વસાવીને ખજાનો સંતાડવાની એણે પસંદ કરેલી જગ્યામાં છુપાવી પણ દીધાં હતાં. અરે, એટલું જ નહીં પરંતુ ચકાસી પણ જોયાં હતાં, અને ખાતરી પણ કરી લીધી હતી કે સાધનો બરાબર કામ આપતાં હતાં.

પણ આમાં તેણે એકલા ભેરવસિંહ સામે જ બાથ ભીડવાની ન્હોતી. ભેરવસિંહ તો હતો બંદૂકબાજ એની પાસે મગજને નામે મીંડું જ હતું, પણ ભેરવસિંહ રઘવાયો થાય એટલે એના સાથીદારોનેય ઉશ્કેરે અને કેસરીસિંગને પકડી લાવવા ચારે બાજુ દોડાવી મૂકે. વળી આ સાથીદારો પણ, કેસરીસિંગ એકલો જ બોસનો આખો ખજાનો હડપ કરી જાય અને પોતે મોં વકાસતા તાકી રહે એ વિચારે અદેખાઈથી ઉશ્કેરાયેલા હોય આનો વિચારેય તેણે કરવો પડે. જો કે એ ખજાનો કેવડો હતો તેની એ આખી ટોળીમાં કોઈને ખબર ન હતી તેની કેસરીસિંગને પૂરી ખાતરી હતી.

કોઈ તેને શોધી ન શકે તેવો ઉપાય પણ તેણે કરી રાખ્યો હતો. તેણે એક બીજા જ નામનો પાસપોર્ટ પણ બનાવરાવી લીધો હતો, કેપ્ટન કુલદીપસિંહના નામનો. આ પાસપોર્ટ પર તે વિલાયત કે અમેરિકામાં બેચાર વર્ષ રહીને ત્યાંની બોલચાલ અને રહેનસહેન શીખીને પાછા આવીને મંબઈના ઊપલા વર્ગમાં ભળી જઈ નવા જ રૂપમાં ઠરીઠામ થવા માગતો હતો. આ માટે ખજાનામાંની બધી જ રોકડ રકમ પોતાની સાથે જ રાખવાનું તેણે વિચારી રાખ્યું હતું. અરે, વિચારી રાખ્યું હતું શું પચાસ હજાર રૂપિયા તો તેણે જ્યારે ભેરવસિંહ ખજાનો સંતાડવાના ફેરા કરી રહ્યો હતો ત્યારે જ જુદા તારવી લીધા હતા.

એક વાતની ચિંતા તેને હતી ખરી, ભેરવસિંહ પણ જ્યારે સરકારી ભીંસ વધી જાય ત્યારે મંબઈમાં જ કયાંક છૂપે વેશે ભરાઈ રહેતો હતો, હવે એવે વખતે જો ભેરવસિંહ અને એ સામસામા આવી જાય તો શું થાય! જો કે આ વિશે તેણે ઘણુંબધું વિચારી જોયું હતું પણ હજુ તેનું મન માનતું ન્હોતું. ભેરવ કયાં સંતાય છે એની આછીપાતળી જાણ તો તેને થઈ હતી, પણ તે કશું અધ્ધરતાલ રહેવા દેવા માગતો ન્હોતો. છતાં એક વાતની તેને ખાતરી હતી કે ભેરવ પોતાને જોઈ જાય તે પહેલાં જો પોતે તેને જોઈ જાય તો કશો વાંધો ન્હોતો; વખત છેને ઝાટકાવારી થઈ જાય તોય પોતે ભેરવને પહોંચી વળે તેમ હતો. પોતે ઊંઘતો ન ઝડપાઈ જાય એટલું જ એ ભગવાન પાસે માગતો હતો. વળી બે વાનાં પોતાની તરફેણમાં હતાં એનો એ પૂરતો લાભ ઉઠાવવા માગતો હતો. એક તો તે લંગડો નથી એ વાત એના સિવાય બીજું કોઈ જાણતું ન હતું અને બીજું એ કે પોતે માર્યો ગયો નથી એવું પણ કોઈ જાણતું નહીં હોય.

આ માર્યા જવાની વાત પણ કેસરીસિંગના ફળદ્રુપ ભેજાની જ કમાલ હતી. તેનો પ્લાન એવો હતો કે ખજાનો કોઈ લૂટારા જ લૂટી ગયા છે અને તેમણે કેસરીસિંહને તેની ઝૂંપડીમાં જીવતો જ સળગાવી દીધો છે, એવો દેખાવ કરવો. આ માટે તેણે માણસનું હાડપિંજર પણ શોધી રાખ્યું હતું. અરવલ્લીની આ ખીણમાં માણસનું હાડપિંજર મેળવવું એ અઘરી વાત ન્હોતી, તેમણે જ આવાં કેટલાંય હાડપિંજરો આ ખીણમાં ખડકયાં હતાં ને. પછી ઝૂંપડી સળગાવવી એ કોઈ મોટી વાત ન હતી. પછી બળી ગયેલી એ ઝૂંપડીમાંથી મળેલાં હાડકાં કેસરીસિંગનાં નથી એવું પારખી કાઢનારો કોઈ માઈનો લાલ એ ટોળીમાં ન હતો એ વાતનો એને ભરોંસો હતો.

ભેરવસિંહે જે સૂચનાઓ આપી એ ઉપરથી જણાતું જ હતું કે એ લાંબો સમય સુધી બહાર રહેવાનો પ્લાન કરતો હતો. વળી જતી વખતે કોઈ હથિયાર સાથે લેવાને બદલે એણે ઘણીબધી રોકડ રકમ સાથે લીધી હતી એ કેસરીસિંગથી

અજાણ્યું રહ્યું ન્હોતું. એને લાગ્યું કે પોતે ઈચ્છતો હતો એવી તક સામે ચાલીને આવી પહોંચી હતી. એણે આવી પહોંચેલી તકનો લાભ લઈ લેવાનું નકકી કરી નાખ્યું.

બે દિવસ એણે ભેરવસિંહના આવવાની રાહ જોઈ પછી તેને જ્યારે ખાતરી થઈ કે હવે ભેરવસિંહના પાછા આવવાનો ચાન્સ નથી જ ત્યારે તેણે ડાકુને ત્યાં ધાડ પાડવાનું નકકી કર્યું. રાતના અંધારામાં જરૂરી ઓજાળો લઈને તે પેલી ગુફા પાસે પહોંચ્યો. ઓજાળોની મદદથી ગુફાના મોંઢા પાસેનો પથ્થર તેણે ખેસવ્યો પછી અંદરના નાના પથરાને આઘાપાછા કરવામાં તેને વાર ન લાગી. સોસોની નોટોની પેટી તેણે શોધી કાઢી અને પહેલી જ ખેપમાં મહા પરાણે ખભે ચઢાવીને તેને ગુફામાં પહોંચાડી દીધી. ભેરવસિંહને આ બધું લાવતાં અને ગોઠવતાં પંદર દિવસ લાગ્યા હતા પણ કેસરીસિંગ પાસે એટલો સમય ન હતો. તેને તો કોઈ આવી પહોંચે તે પહેલાં બધું પતાવી દેવું હતું. ભેરવસિંહ કદાચ ના આવે ને એને બદલે એ ટોળકીમાંનો બીજો જ કોઈ -રજાએ માફક ન આવી હોય ને પાછો આવીય લાગે.

તડામાર કરીને તેણે બધી હેરાફેરી દસ દિવસમાં પતાવી દીધી. બીજા બે દિવસ બધો ખજાનો ગણવા, ગોઠવવા અને સંતાડવામાં ગયા. તેણે અંદાજ કાઢયો કે બધું મળીને પાંચેક કરોડનો આશરો થતો હતો. તેણે ભેરવસિંહની હાજરીમાં મનોમન જે ગણતરી કરી રાખી હતી તે સાચી જ હતી એ વાતનો તેને સંતોષ થયો. હવે બધો ખજાનો પોતાનો જ હતો એટલે તેણે બધી જ રોકડ રકમ, જે લગભગ બારેક લાખ રૂપિયા જેટલી થવા જતી હતી તે જુદીજુદી ચાર સ્યુટકેસમાં ભરી લીધી અને જવાની તૈયારી કરી. સૌ પહેલાં તો તેણે ચારેય સ્યુટકેસને ગોદડી-ગાભામાં લપેટી લીધી, જાણે કોલસાની ગૂણોને ગળતી અટકાવવા પોટલાં બાંધ્યાં હોય એવો દેખાવ કરી મૂકયો.

પછી  અડધી રાતે ઘોડા પર બધું લાદીને લગભગ વીસેક ગાઉ દૂરના રેલ્વે સ્ટેશને લઈ ગયો. તે સ્ટેશને પ્હોંચ્યો ત્યારે સવાર પડી ગઈ હતી. તેણે ત્યાંથી ઈંદોરના સ્ટેશન પર ચારેય પારસલ રવાના કર્યાં, ને ધીરજલાલ પરીખના નામની સેલ્ફની રસીદ કઢાવી પોતાની પાસે રાખી. પછી મોડી રાતના પાછો આવી પોતાની ઝૂંપડીમાંથી ગોદડીના બે ગાભા લઈને પોતાની સંતાવાની જ્યાએ જઈને સૂઈ ગયો. દિવસના ભાગમાં તે એની ઝૂંપડીમાં આવતો હતો જરૂર પણ રાતે સૂવા માટે તો તેણે પોતાની અલાયદી, એકાંત અને છૂપી જ્યા જ રાખી હતી. અને તે માનતો હતો કે આને કારણે જ પોતે હજુ સુધી જીવતો રહી શકયો હતો.

અને તેની આ વાતને સમર્થન મળે એવી વાત તે રાતે બની પણ ખરી. અડધી અજવાળી રાતેય તેની ચકોર નજરે જોઈ લીધું કે બેત્રણ ઓળા તેની ઝૂંપડીમાં તોડફોડ કરી રહ્યા છે. તેને થયું કે પોતાને ઝૂંપડીમાં ન જોઈને તે લોકો બીજા કોઈને છાપરે ધમાચકડી મચાવશે અને કોઈ કદાચ કહેશેય ખરું કે કેસરી  ઘોડા પર સામાન લાદીને કયાંક ચાલ્યો ગયો છે. જો કે કોઈએ એને જતો કે પાછો આવતો જોયો હોય એવું તેને લાગ્યું ન્હોતું. પણ કોઈએ જોયોય હોય.

હવે તો પડશે તેવા દેવાશે એમ ગણી તે પોતાની બખોલમાં લપાયો. આ બખોલ પર એને વિશ્વાસ હતો. ગામના કોઈનેય જો આ રહેઠાણની ગંધ ન આવી હોય તો આ ચોરટાઓને તેની ભાળ મળે એ વાતમાં તેને માલ જણાતો ન હતો. અને એવું જ થયું, થાકીહારીને પેલા લોકો ઘોડાં દોડાવતા ચાલ્યા ગયા. એમનાં ઘોડાંના ડાબલાનો અવાજ સંભળાતો બંધ થયો ત્યાં સુધી તે કાન સરવા કરીને સાંભળી રહ્યો. એકાદ કલાક પછી તે લપાતો છુપાતો પોતાની ઝૂંપડી તરફ સરકયો. ઝૂંપડીના હાલહવાલ જોઈને તેણે પેલા લોકોને મનમાં મણમણની ચોપડાવી, જો કે ઝૂંપડીની જે હાલત એ લોકોએ કરી એના કરતાંય બૂરી હાલત તો તે પોતે કરવાનો હતો. પણ એક તો પોતે જો પકડાઈ ગયો હોત તો પેલા લોકો એના કેવા હાલ કરત એ વિચારથી પેલા લોકો પરનો ગુસ્સો અને પોતાના ઘરની મમતા એને ઉશ્કેરી રહ્યાં હતાં.

રાતના ત્રણ વાગવા આવ્યા હતા. હવે તેણે ઉતાવળ કરવાની જરૂર હતી એમ તેને લાગ્યું. તે ઝડપથી બખોલ તરફ ગયો અને પેલું સંઘરી રાખેલું હાડપિંજર, સાથે કેરોસીનનું ગેલનિયું અને થોડાં ગોદડીગાભાં લઈ આવ્યો. હાડપિંજરને

પોતાનાં કપડાં પહેરાવ્યાં બાજુમાં ગોદડીનો ગાભો મૂકયો, પછી ઉપર કેરોસીન છાંટી દીવાસળી ચાંપી તે પોતાની બખોલ તરફ દોડયો. જ્યારે ઝૂંપડી બરાબર સળગી અને તેને લાગ્યું કે હવે તેના મર્યા અંગે કોઈનેય શંકા નહીં રહે ત્યારે તેણે બખોલમાં સંતાડી રાખેલા પેલા પચાસ હજારની પોટલી ઉપાડી અને ગાઉ જેટલે દૂર અંધારામાં બાંધી રાખેલા ઘોડા પર પલાણ નાખી, નણાંકોથળી બરાબર કસીને બાંધીને, ઘોડો પલાણી તે ઓતરાદો ઊતરી ગયો. પેલા ચોરટાઓ બીજી તરફ ગયા હતા અને આ કેસરીસિંગને હાલ તુરત એમનો ભેટો કરવાની કોઈ ઈચ્છા ન્હોતી.

મોટાભાગના ગુનેગારોમાં એક ઘેલછા હોય છે, તે લોકો પોતાના ગુનાના સ્થળની ફરીથી મુલાકાત લીધા સિવાય રહી જ શકતા નથી. પણ કેસરીસિંગ એમાંનો ન્હોતો. તેણે તો કયારનુંય નકકી કરી મૂકયું હતું કે એક વખત મુલક છોડ્યો એટલે છોડ્યો જ. પછી પાછું વાળીને જોવાનું પણ નહીં. નવો મુલક ને નવી દુનિયા. ભૂતકાળમાં બળ્યુંય શું છે તે એને સંભારવો પડે! પણ સંભાર્યા સિવાય એનો છૂટકો જ કયાં હતો! પેલો પાંચ કરોડનો ખજાનો તો હજુ ત્યાં જ પડયો હતો ને! કયારેક તો એ લેવા માટે તેણે આ તરફ આવવું જ પડવાનું હતું. આ દલ્લા માટે તેણે હજુ કશું વિચાર્યું ન હતું. અત્યારે તો હાથમાં સો ભાગ્યમાં એમ જ તે માનતો હતો. એ ઘણો બુધ્ધિશાળી હતો. એની બુધ્ધિ આડે રસ્તે ન ફંટાઈ ગઈ હોત તો તે કદાચ સારો વ્યાપારી કે કુશળ અભિનેતા બની શકયો હોત. પણ દરેકને પોતાનું નસીબ હોય છે. તેના નસીબમાં પણ ગુનેગાર થવાનું લખ્યું હશે તે કયાંથી મિથ્યા થાય!

દૂરના એક નાના રેલ્વે સ્ટેશને જઈ તેણે પોટલી સંભારી અને એક વાળંદની દુકાને સવારની બોણી કરાવવા બેસી ગયો. દસ વરસથી સાચવી રાખેલા જીંથળિયા વાળને તેણે લશ્કરી ઢબે કપાવ્યા, ધોવડાવ્યા, શેમ્પુ કરવ્યું. દાઢી કલીન શેવ કરાવી પણ મૂછો એક લશ્કરી અમલદારને શોભે તેવી ભરાવદાર રહેવા દીધી. ને પોતાની રોજિંદી ટેવથી અલગ વાળંદને મજૂરી ઉપરાંત બે રૂપિયાની બક્ષિસ પણ બોણીની ગણીને આપી. આજે હવે તે શહેરી સજ્જન બની ગયો હતો ને! પછી એક દરજીની દુકાનેથી માગી કિંમત આપી જેવાં મળ્યાં તેવાં પણ સભ્ય સમાજમાં ચાલી જાય તેવાં કપડાં ખરીદ્યાં. કપડાં જો કે તેને બહુ ગમ્યાં નહીં પણ આવા વગડાઉ રેલ્વે સ્ટેશને બીજું મળેય શું. જે મળ્યું તે, પણ તેનાં કેસરીસિંગિયાં ચીંથરાં કરતાં તો સારું જ હતું. શહેરમાં જઈને સારાં કપડાં લઈશું ત્યાં સુધી તો આ કપડાંય ખોટાં નથી, વિચારી તેણે મન મનાવ્યું. હવે તેને જરૂર હતી સારાં સોનેરી ફ્રેમવાળાં ચશ્માંની, સાદા સફેદ કાચનાં ચશ્માંની. ગોગલ્સ ના ચાલે, એ તો મવાલીમાં ખપી જાય. પણ એવાં ચશ્માં આ ભૂખડી બારસ ગામમાં કયાંથી મળે, ચાલો, શહેરમાંથી લઈ લઈશું, તેણે વિચાર્યું.

છેક મોડી સાંજે તે મુંબઈ પહોંચ્યો. મુંબઈનું નામ જ તેણે સાંભળ્યું હતું નજરે જોવાનો અવસર આજે પહેલી વાર મળ્યો હતો. મુંબઈનો ભપકો જોઈ તે એકવાર તો અંજાયો. જે શહેરને તેણે માત્ર કલ્પનામાં જ જોયું હતું તેનો વૈભવ તે આંખ દ્વારા અંતરમાં ઉતારી રહ્યો. તે અહીં હારી ખાવા ન્હોતો આવ્યો, તે તો નામ કમાવા અને જીતવા માટે આવ્યો હતો. તે મનના પેલા અંધારા ખૂણામાં સંતાડી રાખેલી વેરની યાદીની પૂર્તિ કરવા માટે આવ્યો હતો. તેને પોતાનાં થયેલાં અપમાનોનું વેર લેવું હતું, ઊંચા સમાજમાં ભળીને માન અને પ્રતિષ્ઠા મેળવવાં હતાં. 'વાંધો નહીં, હવે મુંબઈ છે ને હું છું.' તે મનમાં બબડયો ને સામે જ સારી જણાતી એક હોટેલ 'સંગેમરમર'નાં પગથિયાં ચઢી ગયો. કેપ્ટન કુલદીપસિંહને નામે રૂમ લીધી અને જમવા માટે ઊપડ્યો.

તેની પાછળ ભૂખ્યાં તીડનાં ટોળાં જેવા ભેરવના સાથીદારો પડવાના હતા. પોતે એક જગ્યાએથી બીજી જગ્યાએ ભાગતો, સંતાતો, ગભરાતો દોડ્યા કરવાનો હતો. જો તે પોતાના પ્લાનમાં સફળ થાય તો પોતે સંતાઈને આરામથી રહેતો હશે અને પેલું લૂટાળું ટોળું તેની શોધમાં ભમ્યા કરતું હશે ને પોતે નિરાંતે તમાસો જોતો હશે. હવે જરૂર હતી યોગ્ય સમયે યોગ્ય ચાલ ચાલવાની. પેલા ચોરટાઓ કોણ જાણે કયાંથી આવી લાગ્યા કે એને પોતાના પ્લાન કરતાં બેચાર દિવસ વહેલું ભાગવું પડ્યું. પણ એનો વાંધો નહીં, હવે પડશે એવા દેવાશે, એણે વિચાર્યું.

અનુક્રમ⇒

૨:- અજાણ્યા મલકમાં

હોટેલમાં તેણે કેપ્ટન કુલદીપસિંહ તરીકે નામ નોંધાવ્યું હતું અને તે હતો પણ પ્રભાવશાળી એટલે તેની ખાતરબરદાસ્તમાં કશી કમી ન હતી. હોટેલવાળાને પણ થયું હશે કે કોઈ મહાન હસ્તી તેની હોટેલને પાવન કરી રહી છે, પછી કશી કમી રહે ખરી! હોટેલનો બેલબોય બેચારવાર સલામ ભરી ગયો હતો અને કોઈ અન્ય સેવાની જરૂર હોય તો પૂછી ગયો હતો. ને કેપ્ટન કુલદીપસિંહને પણ પોતાનો મોભ્ભો સચવાતો જોઈ આનંદ થઈ રહ્યો હતો. તે પોતાને હવે ઊચ્ચ સોસાયટીનો સભ્ય માનવા લાગ્યો હતો.

મુંબઈમાં તેણે કરવાનાં કામોમાં બે કામો વહેલી તકે કરવાનાં હતાં, તે હતાં બેંકમાં ખાતું ખોલાવી ચાલીસેક હજાર રૂપિયા જામા કરાવી દેવાનું અને બીજું કામ હતું બેચાર જોડ સારાં કપડાં સિવરાવી લેવાનું. બીજાં કામ હતાં, ઓળખાણો ઊભી કરવાનું, ઈંદોરથી પેલી સ્યુટકેસો લઈ આવવાનું, વિલાયતના ને અમેરિકાના વીઝા મેળવવાનું અને કેપ્ટન તરીકેની પોતાની કાયમી છાપ ઊભી કરવાનું; આ બધાં કામો તેનો સારો એવો સમય લઈ લે તેવાં હતાં. આ બધાં કામો એવી રીતે અને એટલી ચોકસાઈથી થવાં જોઈએ કે જેનો પોતાની ગુંડા ટોળકીમાંથી કોઈને વહેમ સરખો પણ ન જવો જોઈએ. જો કોઈ તેને જોઈ જાય તો પણ તેના ઓળખાઈ જવાના ચાન્સ ઘણા ઓછા હતા એમ તે માનતો હતો. પણ તે કોઈ જોખમ ઉઠાવવા માગતો ન હતો. જેટલાં બને તેટલાં ઝડપથી આ કામ આટોપી લઈ તે પરદેશ ભાગી જવા માગતો હતો.

બીજે દિવસે તેણે મેનેજરને પોતાની રૂમ પર બોલાવ્યો. કેપ્ટન સાહેબની સેવામાં આખો સ્ટાફ હાજર રહેતો હતો તેમાં આ મેનેજર પણ આવી જતો હતો. મેનેજર દોડતો આવી પહોંચ્યો : 'જી, સાહેબ અમારે લાયક કોઈ સેવા!'

'જુઓ, મને આ એરિયા ગમ્યો છે, આટલામાં કોઈ નાનકડું ને સારું મકાન મળશે તો મારે વેચાતું કે ભાડેથી લેવા વિચાર છે, પણ તે મળે ત્યાં સુધી તમારી હોટેલમાં પડ્યો છું, સર્વિસનું ધ્યાન રાખજો. ને હાં, મારે અહીં નજીકમાં કોઈ સારી બેંક હોય તો તેમાં ખાતું ખોલાવવું છે.' કેપ્ટને કહ્યું ને મેનેજર તો જાણે ધન્ય થઈ ગયો.

'અરે, કેપ્ટન સાહેબ, તમારા ખાતા માટે તો મેનેજરને અહીં બોલાવીએ, દોડતો આવશે. સામે જ સીટી કોમર્શિયલ છે. તેનો મેનેજર મારો દોસ્ત છે, સારો માણસ છે.' મેનેજરે કહ્યું અને ઉમેર્યું : 'હમણાં જ ફોન કરીને એને અહીં બોલાવી લઉં છું. આપણી હોટેલનો એકાઉન્ટ ત્રીસ વર્ષથી એ જ બેંકમાં છે.'

'સર્વિસ કેવી છે?' કેપ્ટને મૂળ સવાલ પૂછ્યો. હવે આ કેપ્ટન સાહેબને પોતાના મોભ્ભા મુજબની સર્વિસ પણ જોઈએ જ ને!

'એ વન, સાહેબ, એમાં તમારે કહેવું નહીં પડે. મારી જ વાત કરું હજુ ગયે વર્ષે જ મને એક મકાન સસ્તું મળતું હતું, પાર્ટીને લાખ રૂપિયા રોકડા જોઈતા હતા, ને તમે સાહેબ, માનશો રાતના દસ વાગ્યે બેંક ખોલીને આ મેનેજરે મને લાખ રૂપિયા રોકડા કાઢી આપેલા.' મેનેજરે કહ્યું. ને કેપ્ટન સાહેબને મેનેજરની વાત પર વિશ્વાસ પડ્યો.

'એવું હોય તો બોલાવો. આ તમારા વિશ્વાસે જ, બાકી બેંકવાળાના મને બહુ ખરાબ અનુભવ થઈ ગયા છે. પૈસા મૂકવા જઈએ ત્યારે અડધાઅડધા થઈ જાય, મારા બેટા, પણ જ્યારે ઉપાડવા જઈએ ત્યારે હજાર વચકાં કાઢે.' કેપ્ટન સાહેબે હાંકવા માંડ્યું. જો કે તેમની વાતમાં થોડીઘણી સચ્ચાઈ જરૂર હતી. એક વખત રાતના બે વાગ્યે બોસની સાથે પોતે એક બેંકરને ત્યાં બંદૂકની અણીએ પૈસા માગવા ગયેલા અને પેલા બેંકરે આલાંબાલાં બતાવતાં જાન ગુમાવેલો, આ અનુભવ કાંઈ જેવો તેવો હતો!

'આપ સાહેબ કયાંક બહાર ન જવાના હો તો હામણાં અડધા કલાકમાં જ મનેજરને અહીં બોલાવી લઉં, પછી છે કાંઈ!' કેસરીસિંગે પોતે કયાંય બહાર જવાનો નથી એમ જણાવ્યું એટલે મેનેજર મોંઘેરા કેપ્ટન સાહેબનું મોંઘેરું કામ કરવા રવાના થયો.

ને થોડી જ વારમાં હોટેલનો મેનેજર પેલા બૅંક મેનેજરને લઈને આવી પહોંચ્યો. આજે તો નજીવી રકમ જ ભરું છું પણ બેચાર દિવસમાં મોટી રકમ આવવાની છે, એ આવશે એટલે જમા કરાવીશ. પણ વહેવાર સારો રાખજો. મારે તમારી પાસે કોઈ ખોટું કામ કરાવવું નથી પણ પૈસાનું તો એવું છે ને કે એની કયારે જરૂર પડશે તનું ઠેકાણું નહીં. વધારાના નથી જોઈતા પણ મારા હોય એટલા માગતાં મળી જાય એટલે બસ.' કહેતાં તેણે જુદા રાખેલા ચાળીસ હજારથી ખાતું ખોલાવ્યું. બેય મેનેજરો કેપ્ટન સામે તાકી રહ્યા. એટલા માટે નહીં કે ચાળીસ હજાર મોટી રકમ હતી, પણ આ માણસ ચાળીસ હજારને નજીવી રકમ ગણતો હતો એટલા માટે. જો કેપ્ટન પાંચ કરોડનો અસામી છે એવી તેમને ખબર પડી હોત તો શું થાત!

પછી કેપ્ટને હોટેલના મેનેજરને કોઈ ભરોસાપાત્ર કાર અને ડ્રાયવર મેળવી આપવા જણાવ્યું અને તેના હાથમાં પાંચસો રૂપિયાની નોટો મૂકી. 'આ તમે રાખો, હું કોઈ પણ કામ બતાવું એ થઈ જવું જોઈએ, જે કાંઈ ખર્ચો થાય એ આ પૈસામાંથી કરવો ને હિસાબ રાખવો. પૈસાને કારણે કોઈ કામ અટકવું ના જોઈએ. મારું લશ્કરી મગજ છે, ધ્યાન રાખશો.'

'ગાડી કયારે જોઈશે?' અંજાઈ થઈ ગયેલા મેનેજરે પૂછ્યું.

'જો વ્યવસ્થા થઈ જાય તો આજે સાંજના નીકળવું છે. પરમ દિવસે બપોર પછી પાછા આવી જવાશે. આ માહિતી તમારે માટે કહું છું. કોઈ પૂછે તો કશું કહેવું નહીં, લશ્કરમાં અમારે મિત્રો કરતાં દુશ્મનો વધુ કરવા પડે છે, સમજ્યા ને.'

'હા, કેપ્ટન સાહેબ.' ગભરાઈ ગયેલા મેનેજરથી ફકત એટલું જ બોલાયું.

' તો જાઓ અને વ્યવસ્થા થાય એટલે મને જણાવો. અને ગરમાગરમ બાદશાહી ચ્હા અને પાંચસો ગોટા મોકલી આપો.' કેપ્ટને કહ્યું અને બીજી ખુરશી સામે ખેંચી તેના પર પગ લાંબા કર્યા. પોતે સભ્ય સમાજમાં ભળી જવા માગતો હતો પણ હજુ ગોટાને બદલે સેન્ડવીચ ખાવાની ટેવ કેળવી શકયો ન હતો. મેનેજર ઝડપથી હુકમનો અમલ કરવા ઊપડ્યો. કેપ્ટન પણ આંખો મીંચી તંદ્રામાં સરી પડ્યો. તેણે વિચાર્યું કે આ બધો એકલા પૈસાનો કમાલ નથી, પોતાની પર્સનાલિટી અને નામની આગળ લાગેલા કેપ્ટનના હોદ્દાનો પણ એમાં ભાગ છે.

બધું ધાર્યા મુજબ પાર ઊતરતું હતું એ બરાબર પણ પકડાઈ જવાનો અને પકડાય તો વધેરાઈ જવાનો ભય પણ હતો જ. જેટલી સાવચેતી આજ સુધી રાખી હતી એના કરતાં વધુ સાવચેતીની જરૂર હવે હતી. અત્યાર સુધી બધા ઊંઘતા ઝડપાયા હતા પણ હવે તે ઊંઘતા રહેવાના ન્હોતા. જેમજેમ ખબર પડતી જશે તેમતેમ બધા શકરા બાજની જેમ તેની પાછળ પડતા જશે. જ્યાં સુધી પોતે મરણ પામ્યો છે એમ બધા માનતા રહેશે ત્યાં સુધી પોતે સલામત હતો પણ એક વખત તેમને સાચી વાતની ખબર પડી ગઈ કે બધા તેને સાચે સાચનો મારી નાખવા મેદાનમાં પડશે એ વાતની તેને ખાતરી હતી. હમણાં તે સલામત હતો, તે પણ કોઈક તેને ભેટી ન જાય અને કોઈ ઓળખી ન જાય ત્યાં સુધી જ. તેણે પોતે ઓળખાઈ ન જાય એ માટેની બધી સાવચેતી રાખી હતી છતાં તેની પર બહુ મદાર ન બાંધી શકાય. આટલી સાવચેતી છતાં કોઈ તેને ઓળખી પણ જાય, કાંઈ કહેવાય નહીં.

હજુ તેને એની પણ ખબર ન હતી કે ખજાનો ચોરાયો છે એની ખબર ભેરવસિંહને થઈ છે કે નહીં. એ જાણવા જવું એટલે હાથે કરીને વાઘની બોડમાં ડોકિયું કરવા બરાબર હતું. અને જો ભેરવ અંગે ખબર ન પડે તો એને જાણ થઈ જ ગઈ

છે એમ માનીને જ ચાલવું જોઈએ એ નકકી વાત હતી. કેસરીસિંગ માટે આ બધામાં સારામાં સારો જો કોઈ રસ્તો હોય તો તે પરદેશ ચાલ્યા જવાનો હતો. પણ જતાં પહેલાં નાણાંકોથળી સાવધાન કરવાની હતી, અને એ માટે તો ઈંદોર જવું જ પડવાનું હતું એ પણ એટલી જ ચોકકસ વાત હતી.

પોતે ઈંદોરને બદલે સીધી મુંબઈ જ પેટીઓ મોકલવાનો વિચારેય કરી જોયો હતો પણ એને એમ કરવું સલામત લાગ્યું ન્હોતું. પેટીઓનું પગેરું મુંબઈ તરફ નીકળે એવું તે ઈચ્છતો ન્હોતો. તેણે મુંબઈમાં જ રહેવાનું નકકી કરી રાખ્યું હતું એટલે મુંબઈ તરફ કોઈનું ધ્યાન ન જાય એવી તેની ચાલ હતી. કદાચ બધા તેણે રચેલા પ્લાન મુજબ જ માનતા થાય અને પોતે મરી જ ગયો છે એમ સ્વીકારી લે તો પણ જો પેટીઓનું પગેરું મુંબઈ તરફ નીકળે તો કોઈ બીજાએ ખજાનો ઉઠાવ્યો છે એમ માની ડાકુ ટોળકી મુંબઈ તરફ ધસી આવે તો તેનું સામે ભટકાઈ પડવાનું જોખમ ઊભું થઈ શકે તેમ હતું. ગમે તેમ પણ તેને માથે તો જોખમ વધી જ જતું હતું ને.

ત્રણ વાગ્યે કારની વ્યસ્થા થઈ ગયાના ખબર મળ્યા એટલે તેણે ઈંદોર જવાની તૈયારી કરવા માંડી, ને સાંજના છ વાગ્યે તે ધોતી, ચપ્પલ, માથે કાશ્મીરી ટોપી અને કપાળમાં વૈષ્ણવી તિલક સાથે ઈંદોર જવા ઊપડ્યો. આંખે સોનરી ફ્રેમનાં, આછી આસમાની છાંયવાળાં ચશ્માંમાં તે કોઈ અમદાવાદી શેઠિયા જેવો લાગતો હતો. તેણે બેગો ધીરજલાલ પરીખના નામે બૂક કરાવી હતી એટલે આજે તેણે ગુજરાતી વણિકનો વેશ પરિધાન કર્યો હતો. વેશની બાબતમાં તો કહેવું પડે કે તેની વેશ અંગેની ઝીણવટ દાદ માગી લે તેવી હતી.

તેની ગણતરી મુજબ જો બધું પાર ઊતરે તો વહેલી સવારે ઈંદોર પહોંચીને, બેગોની ડીલિવરી લઈને બપોરના પાછા વળી જવાય, પછી ડ્રાઈવરને આરામ મળે એ માટે ગોધરા કે વડોદરા રાતે રોકાઈને બીજે દિવસે વહેલી સવારે નીકળી બપોરે બેંકના સમયે મુંબઈ પહોંચી જવાય એવી તેની ગણતરી હતી.

તે વહેલી સવારે ઈંદોર પહોંચ્યો. સ્ટેશને જઈ સ્ટેશન માસ્તરને વીસની નોટ ધરી કે અંધારામાંય અજવાળું થઈ ગયું. સ્ટેશન માસ્તરે આંખો ચોળતાં જ સ્ટોરનું લોકર ખોલ્યું અને ધીરજલાલ પરીખને તેમની ચાર સ્યુટ કેસો કાઢી આપી. પાંચ જ મિનિટમાં ડીલિવરી લઈને તે પાછો ફરી ગયો. નજીકની એક હોટેલમાં ચ્હાપાણી કરીને તેમણે હંકારી મૂકયું. વચમાં સાતઆઠ કલાક રોકાયા હતા છતાં તેની કાર મુંબઈ પહોંચી ત્યારે બપોરના બે વાગ્યા હતા. બાર લાખ રૂપિયા બેંકમાં જમા કરાવીને કેપ્ટને નિરાંતનો શ્વાસ લીધો. હવે બેચાર વર્ષ પેલા ખજાના વગર પરદેશમાં કાઢવાં પડે તોય વાંધો આવે તેમ નથી એમ એણે વિચાર્યું.

બીજે દિવસે તેણે એક પાસપોર્ટ અને ટ્રાવેલ એજન્ટને મળવાની ઈચ્છા જણાવી. હોટેલના મેનેજરે તેને પણ બપોરના હોટેલ પર બોલાવી મંગાવ્યો. કેપ્ટનને લાગ્યું કે આ મેનેજર લાયક માણસ હતો અને પોતાનાથી અંજાયો પણ હતો. આ માણસ પર પોતે સારો એવો રૂવાબ જમાવ્યો છે. હવે તે જેને પણ પોતાની વાત કરશે તે પણ આડકતરી રીતે પોતાના ભપકામાં અંજાશે. પોતાની છાપ એક કડક અને ઉડાઉ અમલદાર તરીકેની તેણે પાડવા માંડી હતી. આ છાપ તેને ભવિષ્યમાં ઘણી ઉપયોગી થશે એવી તેણે ગણતરી માંડી હતી.

તેણે પેલા એજન્ટને જણાવ્યું કે તેને ચારછ મહિના માટે વિલાયત અને અમેરિકાની મુસાફરીએ જવાની ઈચ્છા હતી. અને તે માટેની વ્યવસ્થા કરવામાં જે કોઈ ખર્ચ થાય તે આપવાની તેની તૈયારી પણ હતી. જો કે એ માટે શી વિધિ કરવી પડે તેની કશી ખબર તેને ન હતી, કારણ કે દેશની બહાર જવાની આ તેની પહેલી જ સફર હતી.

'આ માટે તમારે પહેલાં તો વીઝા માટે અરજી કરવી પડશે, અને એ માટે તમારો પાસપોર્ટ, તમારા ફોટાની પાંચ કોપી તથા જન્મના દાખલાની બે નકલો જોઈશે. આ વીઝા મેળવવાની બધી દાડાદોડી અને લખાપટ્ટી મારી ઑફિસ કરી

આપશે તો તેની ફીના બધા મળીને તમારે મને બસો રૂપિયા આપવા પડશે. આ ઉપરાંત બન્ને દેશોની વીઝાની ફીના રૂપિયા પંચોતેર જુદા.' પેલા એજન્ટનું વેપારી ગણિત તેની સમજણમાં બહુ ઊતર્યું નહીં પણ તેણે માન્યું કે જે આંકડો તેણે બતાવ્યો હતો તે બીજા આવા ધંધાદારીઓ કરતાં વધુ નહીં જ હોય.

'જો છોકરા, મને આ મેનેજરે તારી ભલામણ કરી છે એટલે કામ તો મારે તને જ આપવું છે, ને જણાવ્યા એ ખર્ચના આંકડા પણ બરાબર જ હશે એમ માનું છું. પણ મારા જન્મનો દાખલો મળી શકે એમ નથી. જ્યાં મારો જન્મ થયો હતો એ ગામ તો ગયું પાકિસ્તાનમાં, એટલે બીજો દાખલો કઢાવી શકાય તેમ નથી. હવે તારી પાસે એનો કોઈ કીમિયો હોય તો બતાવ.' કેપ્ટને કહ્યું.

'એનોય ઉપાય પણ થઈ જશે દોઢસો રૂપિયા બીજા થશે. જન્મનું એફિડેવિટ કરાવવું પડશે.' પેલાએ કહ્યું.

'પાછી પૈસાની વાત! મને લાગે છે કે આ તારી સાથે વાત કરું છું એના પણ મારે તને પૈસા આપવા પડશે.' કેપ્ટને હસતાં કહ્યું અને ઉમેર્યું : 'આ તો ખાલી મજાક કરું છું. ચાલો, તારી એ વાત પણ મંજૂર, પછી આગળ કહે. પરદેશ જવું હોય તો તું કહે એ બધું કરવું મંજૂર, બાવા બન્યા હે તો હિંદી બોલ્યા વના છૂટકા હે.' કેપ્ટને પાછી મજાક કરી.

'હવે મેજર સહેબ, આપના જન્મની એફિડેવિટ કરવા માટે, તમારા જન્મ સમયે હાજર હોય અને ઉંમરમાં તમારાથી પંદરવીસ વર્ષ મોટા હોય એવા માણસની જરૂર પડશે.'

'અલ્યા, સારું છે કે મારી ઉંમર હજુ પાંત્રીસની જ છે, જો મારી ઉંમર એંશીની હોત તો મારે એવો સો વર્ષનો માણસ શોધવા સ્મશાનમાં જ જવું પડત. આ પાકિસ્તાનવાળાં તરકડાંએ બધાને ઘરબાર વગરના કરીને તગેડી મૂકયા, ને એ બધા વેરવિખેર થઈ ગયા. કહે, મારી ઉંમરનો કોઈ માણસ પણ મારે શોધવો કયાંથી? એના કરતાં ચાર ધામની જાત્રા કરીશું, મેલ્ય પડતી આ વિલાયતની વાત.'

'મેજર સહેબ, એમ તો એનોય રસ્તો કાઢી શકાય પણ_'

'પણ પૈસા, એમ જ કહેવું છે ને તારે! જો મારે બીજાં ઘણાં કામ છે. સાંભળી લે, હું આ ખોલીની બહાર નીકળવા માગતો નથી આ તડકામાં. હું મારા ફોટાની પાંચ નકલો અને મારો પાસપોર્ટ તને કાલે મોકલી મોકલી આપું ને તારે મને બેય દેશના વીઝા લાવી આપવાના. બોલ, કેટલા પૈસા થશે ? જો વીઝા લાવી આપીશ તો તને તારી ફીના પૈસા મળશે નહીં તો તેરા તેલ ગયા ને મેરા ખેલ ગયા, સમજ્યો છોકરા!'

પેલાએ મનમાં જ ગણતરી કરી ને કહ્યું : 'હું સમજી ગયો મેજર સાહેબ. તમે તો સરકારના માણસ છો પણ કહેવું પડે છે, આખું તંત્ર લાંચિયું થઈ ગયું છે, સાહેબ બધા મળીને નવસો આપજો. તમને ચારપાંચ દિવસમાં કાગળિયાં મળી જશે.'

'હું કોઈને કામ થયા પહેલાં પૈસા આપતો નથી પણ આ મેનેજરે તારી ભલામણ કરી છે એટલે લે આ નવસો રૂપિયા અને જો એક અઠવાડિયામાં કાગળિયાં લઈને આવીશ તો સો બીજા બક્ષિસના પણ આપીશ વધારાના. ને વીઝા લાવી આપવામાં જો તું નિષ્ફળ જાય તો મારે મારા પૂરે પૂરા નવસો રૂપિયા રોકડા પાછા જોઈશે,' કહી કેપ્ટને તેને પૈસા આપ્યા. એણે પોતાને કેપ્ટનમાંથી મેજર બનાવી દીધો હતો એ કેપ્ટનની જાણ બહાર ન્હોતું. વળી એ કેપ્ટન જેમ બન્યો હતો તેમ મેજર પણ વગર લાયકાતે બની જતો હતો તો એને એમાં વાંધો પણ ન્હોતો. મુખ્ય વાત તો એ હતી કે કેપ્ટનનો હોદ્દો ઊંચો ગણાય કે મેજરનો તેની પણ એને જાણ ન્હોતી. તેને એમ લાગ્યું કે મેજર બોલવામાં વધું ભપકાવાળું લાગતું હતું. ચાલો કેપ્ટન

કે મેજર શો ફરક પડે છે! તે મનમાં જ બબડ્યો. કાઈનો મેજર તો કોઈનો કેપ્ટન, પણ કેસરીસિંગ લંગડ તો નહીં જ. ને પેલી લંગડની યાદથી જ તેનું મન ક્રોધથી ભરાઈ ગયું.

હોટેલનો મેનેજર અન્ય કોઈ સેવા હોય તો તેની પૃછા કરીને ગયો એટલે તે પરદેશ જવાનાં રંગીન સ્વપ્નાંમાં ખોવાઈ ગયો. ઈંગ્લીશ ભાષાનો તેને અક્ષરેય આવડતો ન્હોતો, છતાં તેની તેને ફિકર ન્હોતી. પૈસાની છૂટ હોય તો ભાષાની અગવડ નડતી નથી એ વાત એ હવે સમજી ગયો હતો. પણ તેણે મનથી નકકી કરી લીધું હતું કે વિલાયત જઈને જરૂર પડે તો માસ્તર રાખીને પણ તે ઈંગ્લીશ શીખી જશે. દુનિયા પર રાજ કરવું હોય તો ઈંગ્લીશ વગર ચાલવાનું ન્હોતું. ઈંગ્લીશ તો ઠીક પણ કપડાં, હા તેણે કપડાં પણ પોતાની છાપ ઊભી કરે તેવાં સિવડાવવાં પડશે. ને તેણે કરવાનાં કામોની યાદી મનોમન તૈયાર કરવા માંડી.

સ્હેજ અંધારું ઘેરાયું એટલે તે બહાર નીકળ્યો અને એક દરજીની દુકાનમાં પેઠો. શર્ટ, પાટલૂન, સ્યૂટ અને બે જોધપુરી પણ સિવડાવવા તેણે માપ આપી દીધાં. બૂટ, ચપ્પલ, મોજાં, બંડી, અંડરવેર તથા હાથ રૂમાલ પણ તેણે જરૂરીઆત મુજબ ખરીદી લીધાં. હવે તે ચંબલનો પેલો લંગડો રહ્યો ન્હોતો. હવે એ બની ગયો હતો જેન્ટલમેન કેપ્ટન કુલદીપસિંહ, પછી માણસે પોતાના મોભા મુજબ રહેવું તો પડે ને. પછી ભલે તે મોભો બનાવટથી ઊભો કરાયેલો હોય. તે હવે પેલો રખડુ ને લંગડો કેસરીસિંગ તો ન્હોતો જ.

આખું અઠવાડિયું તેણે પરદેશગમનની તૈયારીમાં જ વિતાવ્યું. જે દૃઢતાથી પેલા એજન્ટે તેને અઠવાડિયાની મુદત આપી હતી તે દૃઢતા તેને અસર કરી ગઈ હતી. તેને ખાતરી થઈ ગઈ હતી કે પેલો ગમે તે ઊંધુંછતું કરીનેય તેને વીઝા તો મેળવી જ આપશે. તેને પોતાને લાગતું હતું કે જો તેણે જાતે વીઝા મેળવવાનો વિચાર કર્યો હોત તો તે નિરાશ થયો હોત અથવા કોઈની સાથે ઝઘડી પડ્યો હોત. જે લોકો ધંધામાં પડેલા હોય તે જ પોતાના ધંધાની આંટીઘૂંટી જાણતા હાય છે અને તેનો ઉકેલ તેમની રીતે કરતા હોય છે. તેણે નકકી કર્યું કે પૈસા ખર્ચતાં જે વસ્તુ થઈ શકતી હોય તે જાતે કરવાનો પ્રયત્ન કરવો નહીં. પોતાની પાસે હવે પૈસા હતા તો તેનો ઉપયોગ કરીને જરૂરી સગવડો મેળવવી એ જ ઉત્તમ માર્ગ હતો.

પરદેશ જવામાં જેટલી અગત્ય સારાં કપડાંની હોય છે એટલી જ અગત્ય સારા લગેજની હોય છે, એટલે તેનું ધ્યાન હવે સારું લગેજ મેળવવામાં લાગ્યું. તેણે મેનેજરને બોલાવ્યો. તેને ખબર જ હતી કે મેનેજર એમ જ કહેશે કે તેનો એક મિત્ર એ જ ધંધામાં છે. પણ મેનેજરે આ વખતે એવું ન કહ્યું. તેણે તેને બદલે એમ કહ્યું કે સેમ્સોનાઈટનો એક શોરૂમ તાજેતરમાં જ ખૂલ્યો છે, અને તેમને લાયક લગેજ ત્યાંથી જ મળી રહેશે. જરૂર હોય તો પોતે સાથે આવવાની તૈયારી પણ તેણે બતાવી. ને તે સાંજે ટેકસી કરીને મેનેજરની સાથે જઈને કેપ્ટને સ્યુટકેસ તથા હેન્ડ બેગ ત્યાંથી જ ખરીદી લીધાં.

બધું પતાવીને કેપ્ટને હાશકારો અનુભવ્યો. કશું રહી જતું નથી ને એવી વરંવારની ચકાસણી તેણે કરી જોઈ. આમાં કોઈ ભૂલ ન રહી જાય એ માટે તેણે સવારમાં ઊઠે ત્યારથી જે જે વસ્તુની જરૂર પડે તેની ક્રમવાર યાદી કરી જોઈ. સીગરેટ, વ્હીસ્કી અને શેમ્પૂ વિદેશમાં જ સારાં મળે છે, એટલે તે અહીંથી લેવાનું હેતુપૂર્વક જ પડતું મૂકયું. કોઈને ભેટ આપવાલાયક ચીજોમાં ભારતની હસ્તકલાની ચીજવસ્તુઓ સારી ગણાય છે એમ મેનેજરે તેને કહ્યું ખરું પણ પોતે કોઈને ત્યાં ઓળખતો જ નથી ત્યાં એવી વસ્તુની શી જરૂર! પણ મેનેજરે જયારે સૂચવ્યું કે ઓળખાણ કરવા માટે પણ આવી ચીજો અગત્યની બની રહે છે ત્યારે તેણે એવી પણ કેટલીક ચીજોનો તેમાં સમાવેશ કર્યો. પોતે જૂની કોઈ ઓળખાણ તાજી કરવા ભલે ન માગતો હોય પણ નવી ઓળખાણ કરવામાં તો વાંધો ન હતો ને. નવી ઓળખાણો, નવો મોભો, નવો ઠાઠ. પોતે એ માટે તો તલસતો હતો આજ સુધી, તો શા માટે હવે તક મળી છે તો તેનો ઉપયોગ ન કરી લેવો!

ને પેલો એજન્ટ કાગળિયાં આપી ગયો અને બક્ષિસના સો રૂપિયા લઈ પણ ગયો. કેપ્ટને તેને પાંચેક દિવસ પછીની ઈંગ્લેન્ડની અને ત્યાંથી આગળ બે મહિના પછીની અમેરિકાની ટિકિટની વ્યવસ્થા કરવાનું પણ કામ સોંપ્યું. ને મેનેજરને

બોલાવ્યો. પાંચેક લાખ રૂપિયાના ડોલર તથા પાઉન્ડ મેળવી આપવાનું કામ કરી શકે એવા માણસને શોધી કાઢવા તેણે તેને જણાવ્યું. મેનેજર પાછો ધન્ય થઈ ગયો. આ વખતે તેણે કહ્યું : 'મારો એક મિત્ર એ ધંધામાં જ છે અને એ આપણને સારો ભાવ આપશે. તમે કહેતા હો તો એને બપોરના અહીં જ બોલાવી લઈએ. ભાવતાલની પણ ચોખવટ થઈ જાય.' કેપ્ટને તેને તેમ કરવાની સૂચના આપી એટલે તે વ્યવસ્થા કરવા માટે ઊપડ્યો.

અહીં મુંબઈમાં પૈસાની જે હેરફેર થાય છે એ જોઈ કેપ્ટન મનોમન વિચારી રહ્યો : અત્યાર સુધી નાની નાની ધાડ પાડી એના કરતાં અહીં જ હાથ માર્યો હોત તો એક જ ફેરામાં ન્યાલ થઈ ગયા હોત. પૈસાની રેલમછેલ તો અહીં જ છે. ને પાછો પોતાના આવા હલકા વિચાર ઉપર પાતે જ શરમાઈ ગયો. ત્યારની વાત જુદી હતી હવે પોતે ઊચ્ચ સોસાયટીનો સભ્ય હતો, પોતાનાથી આવા હલકા વિચાર થાય જ કેમ!

બપોરના પેલો મેનેજરનો મિત્ર આવી ગયો ને પાંચ લાખનો ચેક લઈ ગયો ને બદલામાં થતા ડોલર ને પાઉન્ડ સાંજ પહેલાં આપી જવાનો વાયદો કરી ગયો. જો એ મેનેજરનો મિત્ર ન હોત અને મેનેજરે એની બાંહેધરી ન આપી હોત તો પોતે એને પાંચ લાખનો ચેક આપ્યો નહોત  અને હૂંડિયામણની વ્યવસ્થા પણ ન થઈ શકી હોત. કેપ્ટનને હવે ખ્યાલ આવવા માંડ્યો કે વ્યવહાર શી ચીજ છે. સાંજ પહેલાં પેલો માણસ ડોલર અને પાઉન્ડની કરન્સી આપી ગયો ત્યારે કેપ્ટનને મેનેજરને માટે એક મિત્રના જેવો ભાવ ઉત્પન્ન થયો.

મેનેજરે ઈંગલેન્ડમાં રહેતા પોતાના એક ઓળખીતાનું નામ- સરનામું આપ્યું. કેપ્ટને તે લીધું ખરું પણ મનથી તે કોઈને મળવા માગતો ન હતો. તે એવી કોઈ કડી છુટ્ટી રાખવા માગતો ન હતો કે જેથી કોઈ તેને ભારતના તેના પૂર્વજીવન સાથે સાંકળી શકે.

બીજે દિવસે પેલો ટ્રાવેલ એજન્ટ પણ ટિકીટો આપી ગયો. કેપ્ટને તેને ટિકીટના પૈસા ઉપરાંત સો રૂપિયાની બક્ષિસ પણ આપી. પટીઓ પેક કરીને કેપ્ટને એરપોર્ટ તરફ પ્રયાણ કર્યું ત્યારે હોટેલ મેનેજર, બૅંક મેનેજર તથા પેલો ટ્રાવેલ એજન્ટ ત્રણેય તેને વળાવવા માટે એરપોર્ટ પર સાથે ગયા હતા. કેપ્ટને મેનેજરને પણ બસો રૂપિયા બક્ષિસના આપ્યા. કેપ્ટનને પણ હવે હાય સોસાયટીનો નશો ચઢવા માંડ્યો હતો. જો કે નશા કરતાં વધુ તો તેને તેમને કારણે જે જાણકારી અને સેવા મળ્યાં હતાં તેનું મહત્ત્વ તેને સમજાયું હતું. તો બૅંક મેનેજરે છેવટ સુધી તેને યાદ દેવડાવ્યું હતું કે પરદેશમાંય જો તેની કોઈ રકમ છૂટી થાય તો ચેકથી મોકલી આપશે તો તે જ દિવસે તેમના ખાતામાં જમા આપશે.

કેપ્ટને ભપકો એવો રાખ્યો હતો કે કોઈને એમ ન લાગે કે તે પ્લેનનું પગથિયું પહેલી જ વાર ચઢી રહ્યો છે. ને પ્લેન ઊપડ્યું. કેપ્ટને મનોમન ભગવાનને પ્રાર્થના કરી , હે ભગવાન અત્યાર સુધી લાજ રાખી છે તેમ હવે પછીય રાખજે. વિલાયતમાં ન તો એ કોઈને ઓળખતો હતો કે ન તો એને અંગ્રેજીનો કક્કોય આવડતો હતો, ભગવાનનો જ એને આશરો હતો ને!

બધું બરાબર ગોઠવાતું જતું હતું પણ તેના મનમાં હજુ કશું ખૂટતું હોવાની ભાવના વારંવાર થઈ આવતી હતી. તેને એમ લાગતું હતું કે તે પોતાનો મૂળ આશય વિસરી ગયો હતો. પોતે પૈસાની રેલમછેલમાં પેલી બદલો લેવાની ભાવનાને સાવ વિસરી જતો હતો. પણ સાવ તેવું ન હતું. તે બદલો લેવાનો હતો, જરૂર બદલો લેવાનો હતો પણ પહેલાં એક વખત બધું બરાબર ગોઠવાઈ જાય અને પોતાની સલામતીની વ્યવસ્થા પાકી થઈ જાય પછી બદલો લેવાનો તેનો નિર્ણય પાકો જ હતો.

જેમ પૈસાની વ્યવસ્થા થઈ હતી તેમ પોતાની અને પોતાની પ્રતિષ્ઠાની અને સલામતીની વ્યવસ્થાય એક વખત ગોઠવાઈ જાય પછી તે રાજા હતો.

અનુક્રમ ⇒

૩ઃ- ચોરમાં પડયા મોર

કેસરીસિંગની ઝૂંપડી બળી ગઈ અને તેને પણ કોઈ હરામખોરોએ ઝૂંપડી સાથે જ સળગાવી મૂકયો એ વાત ફરતી ફરતી ભેરવસિંહ સુધી પાંચેક દિવસે પહોંચી. ભેરવસિંહ મારતે ઘોડે ત્યાં આવી પહોંચ્યો. તેને ઝૂંપડી કે કેસરીસિંગની પરવા ન્હોતી પણ પોતે તેને ખજાનો સાચવવા મૂકયો હતો તે ખજાનાનું શું થયું તે જાણવાની તેને ઈંતેજારી વધુ હતી. પોલીસ તો જેમ પહેલાંય ન્હોતી આવતી તેમ ત્યારેય ન્હોતી આવી. આજુબાજુનાં ઝૂંપડાંવાળાં પણ ભેરવસિંહની ધાકે હજુ પેલી ઝૂંપડીના ભંગારને કે પલાં બળી ગયેલાં માનવ અસ્થિને અડ્યાં પણ ન હતાં. ભેરવસિંહ અવ્યો તે જાણી બધીય વસ્તી તેની પાસે દોડી આવી હતી. હવે ભેરવસિંહ શું કહે છે તે જાણવા બધા આતુર હતા. આજ સુધી આ વસ્તીમાં અવો બનાવ કયારેય બન્યો ન હતો.

ભેરવસિંહે કહ્યું ઃ 'તમે બધા જાવ અને મને શાંતિથી વિચારવા દો, જાવ.' ને બધા પોતપોતાની ઝૂંપડીમાં પેસી ગયા. ભેરવસિંહનો કડપ એવો હતો કે તેણે 'જાવ'નો હુકમ છોડ્યા પછી કોઈની મજાલ ન્હોતી કે એક મિનિટ પણ ત્યાં રોકાય. બધા વેરાયા એટલે ભેરવસિંહ પોતાના ખજાના તરફ ઊપડ્યો. બધું આઘુંપાછું કરતો તે અંદર પહોંચ્યો તો ત્યાંનું દૃષ્ય જોઈને જ હબકી ગયો. તેના પાંચ કરોડના ખજાનામાંથી પેલાં કપડાંને બાદ કરતાં એક તણખલા જેટલુંય બચ્યું ન હતું. હા, કપડાંની પેલી ચાર પેટીઓ તેણે ભેરવસિંહ માટે રહેવા દીધી હતી.

એક પળ તો તે સુનમૂન જેવો થઈ ગયો. શું કરવું તેની જ તેને જાણે સૂઝ ન પડી. પેલા કેસરીસિંગને ખજાનો સાચવવાનું સોંપ્યું હતું પણ તેણે તો બાપડે જાન આપી દીધો, કદાચ માર સહન ન થયો હોય ને તેનાથી ખજાનાની ભાળ અપાઈ ગઈ હોય તો પણ ખોટું. અને માહિતી આપી દીધા પછીય તે પોતાનો જાન તો બચાવી શકયો ન હતો એ વાત પણ એટલી જ સાચી હતી, તો પછી તેણે માહિતી આપવી જ શા માટે જોઈએ, એમ વિચારતો તે મનમાં જ ધૂંધવાઈ રહ્યો.

એક તરફ તેને કેસરીસિંગ પર વિશ્વાસ હતો, તો બીજી બાજુ તેણે ગમે તે ભોગે પણ માહિતી આપવી ન જ જોઈએ એમ તેનું બોસિયું મન કહી રહ્યું હતું. કેસરીએ માહિતી આપી પણ હોય તો કયા સંજોગોમાં તે આપી તે જાણવાની જરૂર તેનું અધિકારી માનસ સમજી શકતું ન હતું. જો કોઈ તેને મરણતોલ માર મારીને માહિતી મેળવીને ખજાનો લૂટી ગયું હોત તો ભેરવસિંહે એની દવા કરાવવાને બદલે એને સીધી ગોળી જ મારી દીધી હોત. પણ આજે એ પોતે મરી ગયો હતો એટલે ભેરવસિંહ તેના મોતનો બદલો લેવાને બહાને પોતાના સાથીદારોને ઉશ્કેરશે. અને ખજાનો લૂટનારને જબ્બે કરવા દોડાવશે. અને સાથીદારો પણ આંધળા થઈને દોડશે. એ કદાચ એમ પણ માનતા હશે કે કોઈક દિવસ પોતે મુશ્કેલીમાં મુકાશે ત્યારે પણ બોસ આવી જ કુમક મોકલી પોતાને છોડાવશે.

ભેરવસિંહ થોડી જ વારમાં આઘાતમાંથી બહાર આવી ગયો અને એક પછી એક પગલાં વિચારી રહ્યો. પહેલો તો તેણે વિચાર કર્યો કે કોઈકે તો લૂટારાને જતા કે આવતા જોયા જ હશે. તેણે વારાફરતી બધાને પૂછી  જોવાનું નકકી કર્યું. ને હાંક મારી એક છોકરાને બોલાવ્યો. 'જા જઈને મખનાને બોલાવી લાવ.' તેણે હુકમ કર્યો. ને છોકરો મખનાને બોલાવવા દોડ્યો. મખનો આવે ત્યાં સુધીમાં ભેરવસિંહે અનેક વિચારો કર્યા અને અનેક પ્લાન ગોઠવ્યા અને બદલ્યા કર્યા. જ્યાં સુધી ખજાનો કોણ ચોરી ગયું હશે તે જાણવા ન મળે ત્યાં સુધી તે કોઈ ચોકકસ પ્લાન ગોઠવી શકે તેમ ન હતો.

થોડી વારમાં મખનો હાજર થયો એટલે ભેરવે શરૂ કર્યું ઃ 'બોલ, ઝૂંપડી સળગાવનાર કોણ હતા?' મખનો ગભરાઈ ગયો. તે પોતે કશું જાણતો ન હતો.

'હુકમ, મને કશી ખબર નથી. રતનાને ખબર હશે. તેમણે રતનાનાં બારણાં તોડી પાડ્યાં છે ને તેનો હાથ પણ ભાગી નાખ્યો છે, તેણે એમને જોયા છે, હુકમ.' મખનાએ બીતાંબીતાં કહ્યું.

'જા, રતનાને મોકલ.' 'હુકમ'નો હુકમ છૂટ્યો ને વાઘની બોડમાંથી હરણું છૂટ્યું હોય તેમ તે રતનાને બોલાવવા દોડ્યો. ને થોડી જ વારમાં ઘવાયેલો અને ગભરાટમાં થરથર કાંપતો રતનો હાજર થયો.'બોલ, કેસરીને મારી નાખનારા લૂટારા કોણ હતા?'

'હુકમ, હું તેમને ઓળખતો નથી પણ આપણા જાણીતા કોઈ તો ન્હોતા જ. કુલ ત્રણ જણા હતા. એક લૂલાપગો અને ખૂંધિયો હતો અને બીજો સ્હેજ ઊંચો અને રૂવાબદાર માણસ હતો તેણે જમણી આંખ પર કાળી ઢાંકણી બાંધી હતી. એણે મને બહુ માર્યો હતો ને મારો હાથ પણ એણે જ ભાગી નાખ્યો છે.' રતનાએ કહ્યું.

'તારી બધી નકામી પરોજણ રહેવા દે અને કહે કે એ લૂલા ને કાણિયા સિવાયનો ત્રીજો કોણ હતો?' બોસને પેલાનું દુખ પરોજણ જેવું લાગતું હતું, બોસ ખરો ને.

'હુકમ, ત્રીજો એક જાડીઓ હતો. તે બહુ બોલતો ન હતો, પણ તેણે મને પકડી રાખ્યો હતો ને કાંણિયાએ મારો હાથ ભાગી નાખ્યો હતો.' રતનાએ કહ્યું. હવે બોસને ખબર પડી ગઈ હતી કે તે કોણ હતા. તે બધા કેવલની ટોળીના માણસો હતા બોસને બેત્રણવાર તેમનો ભેટો થઈ ગયો હતો. તેને તેમની સાથે કોઈ અણબનાવ જેવું થયું ન્હોતું, પણ લૂટફાટમાં કોઈ કોઈનો સગો થતો હોતો નથી.

હવે ભેરવસિંહે તેને જવા કહ્યું અને ઉમેર્યું : 'જઈને ગામમાંથી બેચાર જુવાનિયાને મોકલી આપ.' ને થોડી જ વારમાં ચારપાંચ જુવાનિયાઓ હાજર થઈ ગયા. એ લોકો આવ્યા એટલે બોસે કહ્યું : 'તમે બધા ચારે બાજુ ઊપડો અને આપણી ટોળીના જેટલા જણ મળે એમને અહીં મોકલો અને તેમને એમ પણ કહેજો કે તે બાકીના બીજાને પણ શોધીને સાથે લેતા આવે. કહેજો બોસે હમણાં ને હમણાં જ બોલાવ્યા છે.'

પેલા ગયા એટલે ભેરવસિંહે પરિસ્થિતિને ઝીણવટથી તપાસવા માંડી. હજુ તેને એ સમજાતું ન્હોતું કે ત્રણ જ માણસો ખજાનાની ભાળ મેળવે, કેસરીને સળગાવી મૂકે અને બધો ખજાનો અખા ગામની જાણબહાર ઉઠાવી જાય એ કેવી રીતે બને! એટલો ખજાનો જો ઘોડા પર લાદીને લઈ જવો હોય તો ઓછામાંઓછા વીસ તો ઘોડા જ જાઈએ. અને એટલા જ માણસો. જો આટલી વસ્તી ભેગી થાય તો અંધારી રાત હોય તોય ગામ આખુંય જાણી જાય. તો પછી આ બન્યું કેવી રીતે! ન બની શકે એવું બન્યું હતું. કેવી રીતે બન્યું તે ભેરવસિંહની સમજમાં ઊતરતું ન હતું. ભેરવસિંહને લાગતું હતું કે આખી વાતમાં કશુંક ખોટું હતું પણ એ પોતાની સમજણમાં આવતું ન હતું. અને જે ભેરવસિંહની સમજમાં ન આવે તે તેનો ગુસ્સો વધારવાનું જ કામ કરતું હતું.

આચાનક તેની લાઈટ થઈ, માનો કે ખજાનો અહીંથી કાઢીને આટલામાં જ બીજે કયાંક છુપાવ્યો હોય તો. પણ એ પણ શકય ન હતું. એમ કરવું હોય તો પણ એટલી જ વસ્તી ભેગી કરવી પડે અને ગામ આખુંય જાગી જાય. કોઈ કદાચ ભેરવસિંહની બીકે આ તરફ આવે નહીં પણ ઘેર રહીને જાણવા પ્રયત્ન કર્યા સિવાય તો ન જ રહી શકે. તો આ જાદૂ થયું કેવી રીતે!

કેસરીસિંગની વાત સાચી હતી તેની ચાલ પકડી પાડવા જેટલી બુધ્ધિ એના બોસમાં ન્હોતી જ. અને કદાચ હોત તો પણ કેસરીસિંગ મરી ગયો છે એમ સ્વીકારીને જ્યાં સુધી વિચારવામાં આવે ત્યાં સુધી પરિણામ એક સરખું જ આવવાનું હતું. કારણ કે કેસરીસિંગ તેમના કરતાં વધુ બુધ્ધિશાળી હતો. લાંબે ગાળે કદાચ તેમને સાચી વાતની જાણ થાય તો પણ તેઓ જ્યાં સુધી કેસરીસિંગને પકડી ન શકે ત્યાં સુધી ખજાના સુધી પહોંચવું તેમના ગજાની બહારની વાત હતી.

ભૈરવસિંહ ભલે બોસ રહ્યો પણ તેને આજુબાજુનાં ખીણો ને કોતરો વિશે કેસરીસિંગ જેટલી માહિતી ન હતી. જો ભૈરવે કોઈ ચીજ સંતાડી હોત તો તેને શોધી કાઢવામાં કેસરીસિંગને બહુ તકલીફ ન પડત, પણ કેસરસિંગની સંતાડેલી ચીજ શોધવી એ ભૈરવસિંહ માટે અઘરું જ નહીં પણ અશક્ય જ હતું. વળી કેસરીસિંગ માર્યો ગયો છે એમ જ્યાં સુધી તે માનતો હતો ત્યાં સુધી તો આ આખા બનાવમાં કેસરીસિંગ જેટલો નિર્દોષ માણસ બીજો કોઈ ન હતો. વળી ગુનાખોરીમાં ચોર ઉપરથી, તેની ચોરી કરવાની રીત અને ચોરી કરવાની રીત પરથી ચોરી કરનારને શોધી કાઢવાના અનેક રસ્તાઓ શોધાયા છે તે મોડ્ઝ એપરેન્ડી પણ આ કારણે ત્યાં કામ લાગી શકે તેમ ન્હોતી. હાલ તો કેસરીસિંગ માર્યો ગયો છે એમ માનીને જ ભૈરવસિંહ આગળ વધી રહ્યો હતો. એટલે કે કેસરીસિંગને દોરેલે પાટે જ ચાલી રહ્યો હતો.

અત્યારે તો પેલા કાણિયા કેવલસિંગની ટોળીએ જ આ માલ ઉઠાવ્યો છે એમ જ તેને લાગતું હતું, એણે એમને વિશે વિચારવા માંડ્યું : એની ટોળીમાં કેટલા માણસો હશે, બધાનો છૂપો અડ્ડો કયાં હશે તેની માહિતી મેળવવાનું જ કામ પહેલું કરવાનું હતું. એક વખત એ માહિતી હાથમાં આવી જાય એટલે આગળના પગલા વિશે વિચારી શકાય. જો એની ટોળીએ જ આ કામ કર્યું હોય તો તેને ભરીપીવા જેટલું સામર્થ્ય તો તેનામાં હતું અને ચોરેલો માલ કયાં સંતાડ્યો છે એ માહિતી કઢાવવાની હજાર રીતો એની પાસે હતી. બસ, એકવાર એ કાણિયો એના હાથમાં આવી જાય. અને આ માટે તો તેણે બધા સાથીદારોને એકઠા કરવા હુકમ કરવા માંડ્યા હતા. હવે એ કાણિયાના અને એની ટોળીના દિવસો ભરાઈ ગયા હતા એમ તેને લાગતું હતું.

પોતે ખજાનાની સાચી કિંમત આજ સુધી કોઈને જાણવા દીધી ન હતી પણ જો ખજાનો પાછો મળશે તો તે વાત હવે છૂપી રહેશે નહીં એ વાતની તેને ચિંતા થતી હતી. પણ ખજાનો પાછો ન જ મળે તો શું એ વાતનો વિચાર કરવાની તેનામાં હિંમત જ રહી ન હતી. ખજાનો જેમ સ્વપ્નાની જેમ હાથમાં આવ્યો હતો તેમ સ્વપ્નાની જેમ જ હાથમાંથી સરકી ગયો હતો તે વાત સ્વીકારવા હજુ તેનું મન આનાકાની કરતું હતું.

હવે સાચી વાત એમ બનેલી કે એ કેવલસિંગના કોઈ સાથીદારનો ઘોડો કોઈકે ચોર્યો હતો અને કેવલને ઊડતી વાત મળેલી કે કેસરીસિંગે આ કર્યું છે, એટલે તેને પાઠ ભણાવવા માટે કેવલે આ તોડફોડ કરી હતી અને કેસરીસિંગ કયાં હતો એ જાણવા માટે પેલા રતનાને પણ થોડો ઢમઢોળ્યો હતો. ખજાના વિશે તેને વહેમ પણ ન હતો કે તે વિશે તેણે કોઈને કશું પૂછ્યું પણ ન હતું. બાકી આટલા મોટા ખજાનાની વાત સાંભળીને તે તો શું પણ કોઈ પણ ડાકુ લલચાયા સિવાય રહી શકે નહીં, અને તેને મેળવવા માટે શકય તે કરી જ છૂટે. તેમ છતાંય કેવલનું તો આ કામનું ગજું જ નહીં ને એ કામ માટેની તેની હિંમત પણ નહીં.

માનો કે કોઈને બાતમી મળી પણ હોય તો પણ ભૈરવસિંહ જેવા વાઘની બોડમાં હાથ નાખવાની હિંમત કોઈ કરે નહીં. ભૈરવસિંહની છાપ જ એવી હતી કે તેને જાણતા બધા તેનાથી દૂર જ રહેતા હતા. તેના કામમાં માથું મારનારા કેટલાયનાં માથાં ડૂલ થઈ ગયાં હતાં. એટલે આખા અરવલ્લીના એ પંથકમાં કોઈ એને છંછેડતું ન હતું. એટલે જો કોઈએ ખજાનો ચોર્યો જ હોય તો તે આ પંથકનો તો ન જ હોય.

ભૈરવસિંહ પણ મનમાં એ જ વિચારી રહ્યો હતો. કેવલની એ હિંમત જ નહીં કે તે પોતાની સામે પડે. પણ કહેવાય નહીં કોઈએ અવા મોટા ખજાનાની વાત કરી તેને લલચાવ્યો હોય અને સાથ આપવાની ખાતરી આપી હોય તો તે લલચાયો હોય પણ ખરો. પણ તોય તેને આ કામ માટે પૂરતી તૈયારી કરવી પડે અને આવી કોઈ તૈયારી થતી હોય તો તે ભૈરવસિંહની જાણબહાર રહે એ બને જ નહીં.

આજ પહેલાં પણ જ્યારે મોટું કામ કરવાનું હોય ત્યારે કેટલાકે ભૈરવસિંહનો સાથ માગ્યો હતો અને માલ મળે એવો હોય તો ભૈરવસિંહે એમાં સાથ આપ્યો પણ હતો. પણ જ્યારે આવું મોટું કામ થવાનું હોય ત્યારે તેમાં જોડાયેલા અને નહીં

જોડાયેલા તમામ ડાકુ સાવચેત થઈ જતા હતા, કારણ કે આ કામ પછી પોલીસની ભીંસ ચારે બાજુથી વધી જતી હતી અને તેમાં પાપડી ભેગી ઈયળની જેમ ન જોડાયેલા પણ મુશ્કેલીમાં મુકાઈ જતા હતા. એટલે આવું મોટું કામ થવાનું હોય ત્યારે તેમાં જોડાયેલા કરતાં ન જોડાયેલા ડાકુઓ વેળાસર ભૂગર્ભમાં ઊતરી જતા હતા.

બીજે દિવસે બધા સાથીદારો આવી ગયા એટલે ભેરવસિંહે કેસરીસિંગના મોત અંગે અને લૂટ અંગે વાત કરી. તેણે બધી વાત મોઘમ જ કરી. કેટલી રકમનો માલ ચોરાયો છે એની કશી ચોખવટ તેણે ન કરી, કારણ કે આટલો માટો ખજાનો એમને લૂટમાં મળ્યો હતો તે વાત તેણે સાથીદારોથી છાની જ રાખી હતી. તેણે કાયમથી એવી રીત પાડી હતી કે કાઈ પણ લૂટ કે ડાકાયતીનો માલ બોસના કબજામાં બોસના એકાંત કમરામાં મૂકવામાં આવતો રાતે બોસ એ માલને ગણી લેતો પછી બીજે દિવસે તે મળેલા માલનો સાચોખોટો અંદાજ સાથીદારોને જણાવતો ને તેમને, લાયકાત મુજબ રોકડ રકમ આપતો.

અર્ધા ઉપરાંતનો હિસ્સો તે પોતે રાખી લેતો. લૂટમાં જે ઝવેરાત મળતું તે ઘણો વખત સાચવી રાખવું પડતું અને તે ખરીદનાર વેપારી પણ ચોરીનો માલ જાણી સાવ મફતમાં જ પડાવી લેતો હતો એમ તે બધાને સમજાવતો હતો. બધાને ખબર હતી કે તે તેમને છેતરતો હતો પણ કોઈ તેની સામે થવાની હિંમત કરતું ન હતું, વળી જો ભેરવ કોઈને કાઢી મૂકે તો તેને પેટ ભરવાના પણ સાંસા પડે તેમ હતા, કારણ કે તેમની પાસે આ સિવાય કોઈ ધંધો ન હતો.

હવે ભેરવે બધાને કેવલનો એમાં હાથ હોવાની વાત કરી ત્યારે તેમને એ વાત ગળે ઊતરી નહીં. કેટલાક કેવલસિંગને એળખતા હતા તો કેટલાક કયારેક તેની ટોળીમાં કામ પણ કરી ચૂકયા હતા. તેમાંના એકે તો પોતાનો વાંધો દર્શાવ્યો પણ ખરો. બેચાર જણાએ તેમાં સૂર પણ પુરાવ્યો. બધા માનતા હતા કે કેવલ પોતાના ધંધાના ભાઈને ત્યાં ચોરી કરવાનું અધમ કામ કરે જ નહીં. આખા મલકમાં કોઈએ એવું કર્યું નથી ને સામી ટોળીના માણસને આમ ઠંડે કલેજે સળગાવી નાખવા જેવું કામ તો કેવલ જેવો માણસ કયારેય ન જ કરે.

ખૂદ ભેરવને પણ લાગતું હતું કે કેવલ આવું ન કરે પણ બધા જોનારાએ કહેલી વાતોને જો સાચી માનીએ તો છેવટે તો પગેરું કેવલની ટોળકી તરફ જ જતું હતું. તેને કેસરી મર્યાનો જરાય ગમ ન હતો તેને ચિંતા હતી તો ફકત ખજાનાની. તે ટોળીમાંના કોઈ સાથીદારને કહી શકતો ન હતો કે કુલ કેટલી કિંમતનો માલ ચોરાયો હતો એટલે એને માટે તો ચોરની મા કોઠીમાં પેસીને રડે એવો ઘાટ થયો હતો. ન સહેવાય ને ન કહેવાય.

'એ બધું પછી વિચારીશું પહેલાં જયાં હોય ત્યાંથી કેવલ અને તેના સગરિતોને પકડી તો લાવો. સાચુંખોટું તરત જ બહાર આવશે.' તેણે હુકમ છોડ્યો. બધાને તે માથે ચઢાવ્યે જ છૂટકો હતો. બધા પોતપોતાની રીતે કેવલને શોધવા નીકળી પડ્યા. તેની ટોળીમાં કામ કરી ચૂકેલા માણસો જાણતા હતા કે કેવલ કયારેય એક ઠેકાણે બે મહિનાથી વધુ સમય રહેતો ન હતો. એટલે તેના ઠેકાણાની પાકી જાણ કાઈને ન હતી પણ તે માટેભાગે જે વિસ્તારમાં વધુ જોવા મળતો હતો એ વિસ્તારમાં તેની તપાસ કરવાનું તેમણે શરૂ કર્યું.

ને બે દિવસમાં જ તે મળી ગયો. કશાય ખચકાટ વગર તે તેમની સાથે ભેરવસિંહ પાસે આવ્યો. તેને જોઈ ભેરવસિંહ પહેલાં તો રાતોપીળો થઈ ગયો. ચોરીની વાત એક બાજુ રાખી ભેરવસિંહે તેને કેસરીસિંગને જીવતો સળગાવી દેવા બાબતમાં તતડાવવા માંડ્યો : 'તું તારા મનમાં સમજે છે શું? મારા સાથીદારને તેના ઝૂંપડામાં તેં જીવતો જ સળગાવી દીધો અને જે હાથ આવ્યું તે લૂટી ગયો! તને એમ હતું કે હું તને નહીં શોધી કાઢું અને જીવતો જ છોડી દઈશ. જો હું ધારું તો તને અત્યારે જ જીવતો સળગાવી દઈ શકું તેમ છું પણ મારે એમ નથી કરવું. મારે એ જાણવું છે કે તેં એવું શા માટે કર્યું.'

'હુકમ, હુંય લૂટારો જ છું પણ માણસને જીવતો સળગાવી દેવા જેટલો અધમ તો નથી જ. મેં નથી તમારું ઝૂંપડું બાળ્યું કે નથી તમારા આદમીને કનડ્યો કે નથી એને સળગાવી દીધો. હા, હું એને શોધવા માટે જ આવ્યો હતો પણ એ મને

મળ્યો જ નથી. એણે મારા માણસનો ઘોડો ચોર્યો હતો ને મારે એને પાઠ ભણાવવો હતો. પણ મને એ મળ્યો જ નહીં. વળી બીજે જ દિવસે ઘોડો પણ પાછો આવી ગયો એટલે મને થયું કે એને આની અસર થઈ છે. વળી તે તમારો માણસ છે એની મને જાણ ન હતી નહીં તો હું પહેલાં તમારી પાસે ફરિયાદ કરવા જ આવ્યો હોત. આટલાં વરસથી હું આ પંથકમાં રહું છું ને ને આપને ન ઓળખતો હોઉં એવું બને ખરું! ને આપના માણસની ભૂલ થઈ હોય તો પહેલાં આપને જ ફરિયાદ ન કરું!'

'ઘોડાની ચોરી! મારો માણસ ઘોડાની ચોરી શું કરવા કરે? અને એ તો હતો જ લંગડો, ઘોડા પર બેસવા માટેય એને નીસરણી જોઈએ. તારી કાંઈક ભૂલ થતી લાગે છે,' ગૂંચવાતાં ભેરવસિંહ બોલ્યો. પોતાનો કોઈ માણસ કોઈનો ઘોડો ચોરે એ વાતમાં ભેરવસિંહને કોઈ શંકા ન હતી પણ કેસરીસિંગ જેવો લંગડો માણસ ઘોડો ચોરે એ વાતમાં એ કેમ કરીને સંમત થાય?

' મારી નહીં તમારી ભૂલ થતી લાગે છે, હુકમ. મારા માણસે એને ઘોડો ચોરી જતાં જોયો હતો, ત્યારે એ લંગડો ન હતો. હુકમ, એ લંગડોય ન હતો ને લૂલોય ન હતો. એ દોડતો હતો અને એક જ ઠેકડે ઘોડાની પીઠ પર સવાર થઈ ગયો હતો. હુકમ, એણે જ ઝૂંપડી સળગાવી દીધી છે અને કેઈક ગરીબને એમાં જીવતો ભૂંજી નાખ્યો છે. ઝૂંપડી સળગાવ્યા પછી એને ઘોડા પર બેસીને રેલ્વે સ્ટેશન ભણી જતાં તો મારા બે સાથીદારે જાયો પણ છે.'

ભેરવ હવે ખરેખરનો ગૂંચવાયો હતો. કેસરીસિંગ લંગડો ન હોય એ વાત જ એના માન્યામાં આવતી ન હતી. એ ત્રણ વર્ષથી લંગડો હોવાનો ઢોંગ કરે અને પોતાને ખબર ન પડે એ બને જ કેવી રીતે. કે પછી આ કેવલ તેને ઉલ્લુ બનાવતો હતો! ને એણે નજીકનાં બેય સ્ટેશન પર જાતે જ તપાસ કરવા જવાનો નિર્ણય કર્યો. ને બે સાથીદાર અને કેવલને સાથે લઈને તે સ્ટેશન તરફ ઊપડ્યો. જ્યાં સુધી સાચી વાતનો પતો ન મળે ત્યાં સુધી તે હવે કેવલને એકલો છોડે એ વાતમાં માલ નહીં.

ત્યાં રસ્તામાં તેમને ગામનો જ એક માણસ સામો મળ્યો, તેની પાસેથી વાત મળી કે કેસરીસિંહને ઘોડા પર ત્રણચાર પોટલાં લાદીને થોડા દહાડા પહેલાં સ્ટેશન તરફ જતો તેણે જોયો હતો. હવે ભેરવના મનમાં વાતની ઘેડ બેસતી હતી. કેસરીએ જ આખું કાવતરું કર્યું હતું તેની તેને ખાતરી થવા માંડી. ને તેનો ગુસ્સો હદ વટાવી ગયો. જેના પર પૂરો વિશ્વાસ મૂકીને પોતે તેને ખજાનાનો રક્ષક નીમ્યો હતો તેણે જ જ્યારે આવું કર્યું હોય ત્યારે તેનો ગુસ્સો કાબૂમાં રહે ખરો! જો કે તેનો આ ગુસ્સો માત્ર બતાવવા પૂરતો જ હતો, તેનો ખરો ગુસ્સો તો ખજાનો ચોરાયો અને પોતે હાથ ઘસતો રહી ગયો એ માટે જ હતો.

સ્ટેશને જઈ સ્ટેશન માસ્તરને કેસરી લંગડા વિશે પૂછ્યું. તો માસ્તર કહે : 'હા, એક જણ દસેક દહાડા પહેલાં ચાર સ્યૂટકેસો બૂક કરાવી ગયો હતો ખરો. ઊભા રહો હું રજિસ્ટર જોઈને નામ કહું. ને તેણે રજિસ્ટર ફેંદવા માંડ્યું, આ સ્ટેશન માસ્તરને પણ ભેરવની બીક લાગતી હતી. નાના એવા સ્ટેશને જ્યાં મહિને દસપંદર દાગીનાની ચઢઊતર થતી હોય ત્યાં શોધતાં વારેય શી લાગે! થોડી જ વારમાં તેણે નામ કાઢીને રજિસ્ટર જ સામે ધરી દીધું. ભેરવે તે મોટેથી વાંચ્યું અને બધાએ તે સાંભળ્યું : ધીરજલાલ પરીખ. તો હવે ધીરજલાલ પરીખને શોધવાનો હતો. દાગીના ઈંદોરના સ્ટેશને રવાના કરાયા હતા એટલે એ ધીરજલાલ પરીખને પણ હવે ઈંદોરમાં જ શોધવાનો હતો.

બીજે દિવસે બધી ટુકડી ઈંદોરને સ્ટેશને પહોંચી. અહીં સ્ટેશન માસ્તર પર ભેરવસિંહની શેહ પડતી ન હતી એટલે કળથી જ કામ લેવાનું હતું. સ્ટેશન માસ્તરને પૂછવાને બદલે પહેલાં આજુબાજુમાં તપાસ કરવાનું તેમણે વિચાર્યું. બધા આજુબાજુ તપાસ કરવા લાગ્યા. સ્ટેશનમાંથી ચાર સ્યુટકેસો લઈને જનાર માણસને જાયો હોય તો તેની તપાસ તે બધા કરતા હતા તેમાં નજીકની હોટેલમાંથી એક છોકરાએ કહ્યું: ' મેં જ એમને ચ્હા ભરી આપી હતી. તેમની કાર મુંબઈની નંબર પ્લેટવાળી હતી અને ડ્રાઈવર પેલા શેઠને કેપ્ટન કહીને બોલાવતો હતો.'

ભેરવ અને તેના સાથીદારો પાછા ગામમાં આવ્યા અને બોસ હવે આગળ શાં પગલાં લેવાં તેની વિચારણામાં પડ્યો. બે ચીજો તેના મનમાં સમસમાટ પેદા કરી રહી. કેસરી મરી ગયો નથી અને તે જ આ બધી ચાલ ચાલ્યો છે. વળી તેણે પોતાનું પગેરું છુપાવવાનો પેંતરો ભર્યો છે. અને તેને શોધવો હોય તો હવે મુંબઈમાં જ શોધવો પડશે, ને મુંબઈમાં તેને શોધવો એ કેટલું કપરું કામ હતું એ તો ભેરવસિંહને જ ખબર હતી, કારણ કે ભેરવસિંહ મુંબઈમાં ઘણી વખત જતો અને સંતાઈ રહેતો હતો. એટલે કેસરીને મુંબઈમાંથી શોધી કાઢવાનું કામ કેટલું અઘરું હતું તેનો અંદાજ તેને આવી ગયો. પણ એ એમ હિંમત હારે તેવો ન હતો.

હવે તેણે પ્લાન બનાવવા માંડ્યો. પહેલાં પોતે એકલો જ મુંબઈ જાય, પોતાના કોન્ટેકટ પાસેથી કેસરીસિંગ વિશે વાત કઢાવવા શકય તે બધું કરે અને પછી જરૂર પડ્યે જોડીદારોને બોલાવી લે.

તેણે બધાને મુંબઈ આવવા તૈયાર રહેવા જણાવ્યું અને પોતાનો સંદેશો મળતાં જ બધાએ મુંબઈમાં આવી પોતાને કયાં મળવું તે સમજાવી દીધું. ને પોતે તે જ દિવસે મુંબઈની વાટ પકડી. તે જ્યારે સરકારની ભીંસ વધી જાય ત્યારે મુંબઈમાં જ આશરો લેતો હતો એટલે ત્યાં અંધારી આલમમાં તેને સારી એવી ઓળખાણ હતી.

મુંબઈ આવી તેણે એ ઓળખાણનો ઉપયોગ કર્યો પણ કશું ખાસ હાથ લાગ્યું નહીં. હા એટલી ખબર પડી કે હોટેલ સંગેમરમરમાં એક કેપ્ટન રહેવા આવ્યો છે અને ચાર હાથે પૈસા લુટાવી રહ્યો છે. એ કેપ્ટનનું જે વર્ણન એના સાથીદારોએ કર્યું તે કોઈ પણ હિસાબે કેસરીને મળતું આવતું ન હતું પણ પેલા લોકોનું કહેવું હતું કે એને ખંખેરવામાં આવે તો મોટી રકમ હાથ આવે એવી શકયતા હતી, પણ ભેરવસિંહને જ્યાં સુધી કેસરીસિંગનો પતો ન મળે ત્યાં સુધી એવો હાથ મારવામાં રસ ન હતો, અને મુંબઈ એ એને માટે ગુંડાગર્દી માટે અજાણ્યો અને તેથી વધુ જોખમભર્યો મુલક હતો, છતાં એ કેપ્ટનની તપાસ કરવાનું તો તેણે નકકી કર્યું જ. પેલો હોટલવાળો છોકરો પણ કોઈ કેપ્ટનની જ વાત કરતો હતો ને.

સાંજે એ હોટેલ પર પહોંચ્યો ને મેનેજરને મળીને પોતાના મિત્ર કેપ્ટન વિશે પૂછપરછ કરી. પહેલાં તો મેનેજરે તેને કોઠું ન આપ્યું પણ દસની નોટ જોઈને તેની દાઢ ડળકી હોય એવો દેખાવ કરતાં તેણે કહ્યું : 'કેપ્ટન સાહેબ મારી હોટેલમાં જ રહેતા હતા પણ ચાર દિવસ પહેલાં જ વિલાયત જવા ઊપડી ગયા છે. લગભગ છ મહિના માટે તઓ પરદેશમાં જ રહેવાના છે.'

'એવું કેવી રીતે બની શકે, તેમણે હજુ પાંચછ દિવસ પહેલાં ઈંદોરમાં મને કહેલું કે તેઓ હજુ બે અઠવાડિયાં પછી પરદેશ જવાના હતા.' ભેરવસિંહે ચાલતે ઘોડે સવારી કરવા માંડી.

'હા, પણ એમનું અહીંનું કામ પૂરું થઈ ગયું ને વીઝા અને ટિકીટની વ્યવસ્થા થઈ ગઈ એટલે વહેલા ઊપડી ગયા હોય એમ પણ બને. ઈંદોર ગયા ત્યાં સુધી મને પણ ખબર ન હતી કે તેઓ આટલા ઝડપથી પરદેશનો પ્લાન કરશે. પણ મોટા માણસોની વાત જ જુદી.' મેનેજરે કહ્યું. મેનેજરે કેસરીને માટો માણસ કહ્યો તે સાંભળીને ભેરવ સમસમીને રહી ગયો.

'મને લાગે છે કે આપણે બે જુદાજુદા કેપ્ટનની વાત કરી રહ્યા છીએ.' કહેતાં ભેરવે ખીસ્સામાંથી કેસરીસિંગનો દાઢી વગરનો તૈયાર કરાવેલો ફોટો કાઢયો ને મેનેજરને બતાવ્યો. હજુ તેને એમ લાગતું હતું કે મેનેજર જે કેપ્ટનની વાત કરતો હતો એ કેસરીસિંગ ન જ હોઈ શકે. કારણ કે મુંબઈની જાણીતી હોટેલનો મેનેજર પણ જેનાથી અંજાઈ જાય એવો રૂવાબદાર કેસરીસિંગ થઈ જ ન શકે.

'આ જ કેપ્ટન સાહેબની વાત આપણે કરી રહ્યા છીએ. બોલો, હવે તો તમને સંતોષ થયો ને.' મેનેજરે કહ્યું. ને ઉમેર્યું : 'સહેબ, દશ વર્ષથી આ હોટેલમાં મેનેજરી કરું છું, માણસને ઓળખવામાં મારી ભૂલ ન થાય.'

'તમારી ભૂલ ન જ થાય, પણ મને હજુય લાગે છે કે પરદેશ જવાને બહાને તે કોઈ અજાણી જ્ગ્યાએ જતા રહ્યા હશે. એમની પાછળ ગુંડાઓ પડ્યા હોય તો તે ઘણી વખત એમ કરતા હોય છે.' ભેરવે કહેવા કર્યું.

'અરે, સાહેબ, હું જાતે જ એમને એરપોર્ટ પર મૂકી આવ્યો એનું શું?'

'તો તો તમારી વાત સાચી. ચાલો ત્યારે હું ઊઠું, મારે તો ફેરો પડ્યો.' કહેતાં ભેરવ ઊઠ્યો. તેને ખરેખરો ફેરો પડ્યો હતો. તેના પગમાંથી જાણે જોમ જ હણાઈ ગયું હતું. જેમતેમ કરીને તે પેલા સાથીદારો પાસે પહોંચી ગયો.

જેની વાત કરતા હતા એ પંખી હવામાં ઊડી ગયાની વાત કરી. પછી કહે : 'મને સ્હેજ વાર એકલો છોડી દો મારે આગળનું પગલું વિચારવું પડશે. એ મને છેતરી જાય અને હું એ સાંખી લઉં તો પછી મારે ટોળીની સરદારી જ છોડી દેવી પડે. હું એને પાતાળમાંથી પણ શોધીને જબ્બે કરીને જ રહીશ.' કહેતાં તેનું મ્હોં ગુસ્સાથી રાતુંચોળ થઈ ગયું.

બધા સમજ્યા કે ભેરવસિંહનો ગુસ્સો હદ વટાવી ગયો છે એટલે બધા બહાર સરકી ગયા. ને એકલા પડતાં ભેરવસિંહનો ગુસ્સો રુદનમાં ફેરવાઈ ગયો. પાંચ કરોડ કરતાંય વધુનો ખજાનો હાથમાંથી જતો રહે તો ભલભલાનાય હોશ ઊડી જાય તો પછી આ ભેરવનું તો ગજું જ શું! વળી એ આવડા મોટા ખજાનાને લાયક પણ ક્યાં હતો! આ તો અચાનક ખજાનો હાથમાં આવી ગયેલો એટલે ગંગુ તેલી રાજા ભોજના પાઠમાં આવી ગયેલો એટલું જ. બાકી એ તો દસ વીઘુમાં મહિનો ખેંચી કાઢે એમાંનો માણસ. જેમજેમ તે રડતો ગયો તેમતેમ તનો ગુસ્સો માઝા મૂકતો ગયો. ને છેવટે કેસરીને બદલે તેને પોતાના પર ગુસ્સો આવવા માંડ્યો.પોતે આંધળા થઈને તેની પર વિશ્વાસ મૂકી દીધો કારણ કે એ હારામની ઓલાદનો લંગડો બનીને બધાની દયા મેળવતો રહ્યો અને લંગડા હોવાનો ઢોંગ કરીને આખી ટોળીના બધાને ઉલ્લુ બનાવી ગયો.

અનુક્રમ ⇒

૪ :- કેપ્ટન વિલાયતમાં

લંડનના એરપાર્ટ પર ઊતર્યો ત્યારે જ કેસરીસિંગને પોતાના ઈંગ્લીશના અજ્ઞાન બદલ અફસોસ થવા માંડ્યો. કોઈને કશું પૂછવું હોય તો પણ કેવી રીતે પૂછવું તેની મૂંઝવણ તેને સતાવી રહી. કસ્ટમ ઓફિસરે શું પૂછ્યું તેની તેને કશી ગતાગમ પડી નહીં પણ એણે ખાલી નો નો કર્યા કર્યું ને નસીબને સહારે ચાલી ગયું ને કેસરીભાઈ વિલાયતમાં વગર મુશ્કેલીએ દાખલ થઈ ગયા. પ્લેનમાંના એકબે મુસાફરો પણ એમના જેટલું જ ઊંચું ભણેલા હતા પણ બેએક વર્ષથી લંડનમાં રહેતા હતા એટલે 'ધીસ, ધેટ' કરી જાણતા હતા એટલે કેસરીસિંગે એમાંના એકને જ ગુરુ અને ગાઈડ બનાવવાનું નક્કી કરી લીધું. ને તેમને પોતાની મુશ્કેલી જણાવી. એ એક કચ્છી ભાઈ હતા તે અંગ્રેજી, ગુજરાતી અને કચ્છી એમ ત્રણેય ભાષાઓનો શંભુમેળો કરીને બોલતા હતા પણ તેમનું કામ અટકતું ન હતું,

કેસરીસિંગને લાગ્યું કે પોતે પણ એમના જેવું બોલતાં શીખી લેશે તો વાંધો નહીં આવે. થાડો વખત પછી કોઈ માસ્તર રાખીને પણ શીખી લેવાશે. પણ હાલ તુરત તો પેલા કચ્છીભાઈ જ તેના ગુરુ. એણે એ કચ્છીભાઈનું નામ પૂછ્યું. પેલા ભાઈ કહે : 'મેઘજી દામોર. ને તમારું?'

'મારું નામ કેપ્ટન કુલદીપસિંહ મારગિયો.' કોસરીએ વટભેર કહ્યું ને ઉમેર્યું : ' જુવો મોટા, હું અહીં પહેલીવાર આવું છું અને અંગ્રેજીનો અક્ષરેય આવડતો નથી. તમે આછુંપાતળું બોલતો કરી દો તો તમારો ગણ. અને બીજું મારું રહેવાનું

ઠેકાણું નથી તો તમારી નજીક મારું રહેવાનું ગોઠવી આલો તો તમને મલાતું રહે ને મારું અંગ્રેજી ભણવાનું પણ ચાલતું રહે. કોઈ જગા તમારા ધ્યાનમાં હોય તો ગોઠવી આલો.'

'તે એય થઈ જાહે નેળ્યનાં ગાડાં નેળ્યમાં થોડાં જ રીયે છે! અત્તારે તો મારી ભેળો હાલ. મારું ઘર મોટું નથી પણ હુંય એકલે પંડયે છું એટલે વાંધો નહીં આવે બેચાર દા'ડા મારી ભેળા કાઢી નાખ પછે તારો વેંત પાડી દઈશું કોકની હાર્યે.' કહેતાં મેઘજીએ ટેક્સી બોલાવી. ને બેય જણા બેગો ખડકી ચઢી બેઠા.

ઘેર જઈ પેલાએ પોતાનું નાનકડું ઘર કેસરીને ફરીફરીને બતાવ્યું. કેસરી કહે : 'તમે કહેતા હતા કે ઘર નાનકડું છે પણ આ તો ખાસ્સું રાજમહેલ જેવડું તો છે. કેટલું ભાડું ભરો છો?'

'મહિને દહાડે ચેખ્ખા પચાસ પાઉન્ડ ભરવા પડે છે. વળી લાઈટ, પાણી ને ગેસના જુદા. મહિને બધા મળીને સીત્તેર પાઉન્ડ જેટલા થઈ જાય. પણ કમાણી પણ એને હિસાબે થાય એટલે વાંધો ના આવે.' મેઘજીએ કહ્યું.

'કમાણી થતી હોય તો વાંધો નહીં પણ મારા જેવા નવા આવેલાને તો પંદર રૂપિયાનો એક પાઉન્ડ ગણીને આલવાનો થાય તો મોંઘું પડી જાય.'

'તે ગગા તનેય પગાર આવશે ત્યારે પાઉન્ડમાં જ આવશે એટલે તારે પંદર વડે ગુણવા નહીં પડે. પાઉન્ડ લેવાના અને પાઉન્ડ દેવાના. અમેય તારી પેઠે પહેલાં પાઉન્ડના તેર ગણતા હતા, હવે પાઉન્ડના પંદર થયા તોય ગણતા નથી. વખત જતાં તનેય બધું કોઠે પડી જાહે. હમણાં નવો છું તીયાં લગણ ગણ્યા કર.' મેઘજીભાઈએ કેસરીનો ખભો થાબડતાં કહ્યું.

'પાઉન્ડ આવે કે ના આાવે તેની કશી ચિંતા નથી, જુઓ, તમારેય ફેમિલી નથી કે નથી મારે, પછી કામ વગર બેવડું ભાડું ભરવાની જરૂર શી છે! હવેથી દર મહિને હું તમને ચાલીસ પાઉન્ડ આપીશ બાકીના ખૂટતા પૈસા તમારે ઉમેરવાના. હવેથી હું અહીં જ રહીશ, બોલો, મંજૂર છે!' કેસરીએ પાધરું જ પૂછી લીધું.

મેઘજીને ના કહેવાપણું જ કયાં હતું. પણ તેમ છતાં તેણે કહેવા કર્યું : 'ભલા માણસ પહેલાં થોડું કમાવા તો માંડ પછી પૈસા આપવાનું શરૂ કરજે. ત્યાં સુધી તું મારો મહેમાન.'

કેસરી કહેઃ ' ના એવુ ના ચાલે, તમારું પોતાનું ઘર હોય તો હું મફત રહું એ ચાલે પણ તમે જ્યારે ભાડું ભરતા હો ત્યારે મારે મારા ભાગનું ભાડું આપવું જ પડે. ને મારી પાસે પૂરતા પૈસા છે. દેશમાં પણ ઘણા છે. જરૂર પડશે તો મંગાવતાં કેટલી વાર.'

'ઠીક ભાઈ, તારી મરજીમાં આવે તેમ કર. પણ અહીં અવ્યા પછી જો દેશમાંથી પૈસા મંગાવવાના હોય તો અહીં આવવાનો શો અર્થ! આપણે તો અહીંથી પૈસા કમાઈને ઊલટા દેશમાં લઈ જવા જોઈએ ને વાડીવજીફા વસાવવા જોઈએ. જો કામાતા ન હોઈએ તો પછી દેશ જ શું ખોટો!' મેઘજીએ પહેલો ગુરુમંત્ર આપ્યો.

કમાવું પડશે એવું હજુ કેસરીએ વિચાર્યું ન હતું. તેને તો એમ હતું કે પાસે પૈસા છે તે વાપરીશું અને બેચાર વર્ષ કાઢી નાખીશું પછી દેશમાં જઈને પેલાં બધાં અપમાનોનું વેર લઈશું, ખજાનો વટાવીશું ને લ્હેરથી બાકીની જિંદગી પસાર કરીશું. પણ મેઘજી જેવા આધેડ માણસની ખુમારી જોઈને ને તેમની કમાવાની ધગશ અને હિંમત જોઈને તેને કમાવાની ચાનક ચઢી. તેને થયું આ માણસ આ ઉંમરેય જો આટલી હિંમત રાખતો હોય તો પોતાનાથી બેસી રહીને કેમ ખવાય! કામ મળતું હોય તો શા માટે તે કરીને ખુમારીથી ન જીવવું. અને આખી જિંદગી ચોરીચકારી કરી છે તો હવે થોડી મહેનત પણ

શા માટે ન કરી જોવી. ખબર તો પડે કે પૈસા કેમ કમાવાય છે. અને એક વખત ચાનક ચઢી એટલે કેસરીભાઈનું છટકયું. હવે તો કમાઈને જ બતાવવું છે, પૈસા પેદા કરી બતાવવા છે, એવું જાણે બીડું ઝડપ્યું.

'તે કમાઈશ તો ખરો જ ને હું કાંઈ અહીં બેસી ઓછો રહેવાનો છું! પણ જ્યાં સુધી કમાતો ન થાઉં ત્યાં સુધી મારાથી તમારે માથે ના પડી રહેવાય. જો પેટિયું રળવાનીય તાકાત ન હોય તો પછી આ હાથ અને પગ ભગવાને આપ્યા છે એય શા કામના! કમાવા તો આવ્યો છું અને કમાવાનો છું કમાયાનો ઓડકાર આવી જાય એટલું કમાવાનો છું.'

ને આમ કેસરીએ લંડનમાં પહેલો મિત્ર કર્યો. પછી તો એનું ગાડું ચાલતું થઈ ગયું. બેચાર દિવસમાં તો મેઘજીએ એને નોકરી પણ અપાવી દીધી ને થોડા દહાડામાં તો થોડું ભાગ્યુંતૂટ્યું અંગ્રેજી બોલતો પણ કરી દીધો. પહેલે અઠવાડિયે પગારનું પડીકું હાથમાં આવ્યું એટલે કેસરીસિંગે આખો જ પગાર મંદિરમાં ભગવાનને ચરણે ચઢાવી દીધો. કહે : 'હે ભગવાન, પાપ તો ઘણાં કર્યાં છે, હવે પૂણ્યને મારગે ચાલવાની શકિત આપજે.' ભગવાન કદાચ હસ્યા હશે, કે સો ચૂવા મારીને બિલ્લી બાઈ હજ કરવા ચાલ્યાં. કદાચ તેમને આનંદ પણ થયો હોય કે એક માણસ અસત્યને મારગેથી પાછો વળી સત્યને મારગે કદમ માંડી રહ્યો છે.

કેસરીસિંગ ગુજરાતીમાં થાડું ભણેલો એટલે એને અંગ્રેજી ધાર્યા કરતાં વહેલું જીભે ચઢવા માંડ્યું હતું. બે મહિના પૂરા થવા આવ્યા ત્યાં તો તેની પાસે પોતાની કમાણીના બસો પાઉન્ડ જેટલા ભેગા થઈ ગયા હતા. અને તે ભાગ્યુંતૂટ્યું અંગ્રેજી બોલતો પણ થઈ ગયો હતો. તેનો રંગ પણ થોડો ઊઘડ્યો હતો. તેને પોતાનામાં હવે આત્મવિશ્વાસ પણ આવવા લાગ્યો હતો. હવે કાંઈક કરી બતાવવાનો જુસ્સો પણ તેનામાં આવ્યો હતો.

મેઘજી સાથે તેને સારું ગોઠી ગયું હતું. મન તો તેનું લંડનમાં જ ગોઠવાઈ જવા તૈયાર પણ થઈ ગયું હતું, અને લંડનમાં ગમી જવા પાછળ એક બીજું કારણ પણ હતું. તે જ્યાં નોકરી કરતો હતો એ ફેકટરીમાંની સુપરવાઈઝર જાનકી સાથે તેને પહેલા દિવસથી જ દોસ્તી બંધાઈ ગઈ હતી. અને આ બે મહિનાના ટૂંકા ગાળામાં જ એ દોસ્તી અંગત સંબંધમાં પરિણમી હતી. તેની સાથે કેસરી બે વખત ફિલ્મોમાં પણ જઈ આવ્યો હતો, બહાર હોટેલમાં પણ બન્ને ઘણીવાર જમી અવ્યાં હતાં.

જો થોડો વખત વધુ રહેવાનું થયું હોત તો એમનો એ સંબંધ લગ્નમાંય પરિણમ્યો હોત, પણ કેસરીનું અમેરિકા જવાનું વચમાં આવી ગયું એટલે એ વાત અર્ધેથી જ અટકી ગઈ, પણ કેસરી કે જાનકીએ આશા છોડી ન હતી. અરે, કેસરીએ તો ત્યાં સુધી વિચારવા માંડ્યું હતું કે અમેરિકામાં કહેવા પૂરતો આંટો મારીને પાછા ઈંગ્લેન્ડ આવી જવું ને જાનકી સાથે પરણીને સ્થિર થઈ જવું. અને એટલે તો એણે જાનકીને કહ્યું હતું ને : 'હું બેચાર મહિના માટે રજા પર જાઉં છું એમ જ માનજે. હું પાછો આવું તેની રાહ જોજે.'

ને જાનકીએ પણ કહ્યું હતું : 'એટલી રાહ તો હું જાઈશ પણ તું બને તેટલો વહેલો પાછો આવવા પ્રયત્ન કરજે. મને હવે તારા વગર નહીં ગમે. તું જ્યાં જાય ત્યાંથી કાગળ લખજે, ભૂલી તો નહીં જાય ને!'

'એમ તું ભુલાય એવી છે કયાં તે તને ભૂલી જાઉં! મને લાગે છે કે તને યાદ કરતાં કરતાં હું કદાચ ઊંઘવાનું ભૂલી જઈશ.' કેસરી ઈંગ્લેન્ડમાં રહીને કોઈને સારું લાગે એવું બોલવાનુંય શીખી ગયો હતો.

'ઊંઘજે, ઊંઘવાનું ના ભૂલતો, પણ ઊંઘમાં સ્વપ્નાં મારાં જ જોજે, હાં કે.' જાનકી પણ બોલવામાં ઓછી ઊતરે એવી ન હતી.

પછી કેસરીને ઈંગ્લેન્ડ છોડવાનું મન કેવી રીતે થાય, પણ પેલી અમેરિકાની ટિકીટ પાસે પડી હતી અને અમેરિકા વિશે તેણે ઘણું સાંભળ્યું હતું એટલે એક વખત અમેરિકા જોઈ આવવાની ઈચ્છા પણ તેના મનમાં થનગની રહી હતી એટલે તેણે નકકી કર્યું કે એક વખત અમેરિકા જવું તો ખરું પછી જોઈએ. જેવા પડશે તેવા દેવાશે. ને પાછું મન બદલાય તે પહેલાં તેણે મેઘજીને કહી જ દીધું કે તેની ટિકીટ મુજબ જ મંગળવારને દિવસે અમેરિકા જવા ઊપડી જશે. મેઘજીએ તેને ઘણો વાર્યો પણ કેસરીનો નિર્ણય અફર રહ્યો.

તેણે મેઘજીને એક વાતનો દિલાસો જરૂર દીધો કે જો તેને અમેરિકામાં નહીં ગોઠે તો તે પાછો આવશે. તેને મનમાં લાગી રહ્યું હતું કે તેને અમેરિકા બહુ માફક નહીં આવે. અને માફક ન આવે ને પાછા આવવાનું થશે તો તે હવે ફકત પોતાના પરસેવાની કમાણી પર જ જીવશે. તે હવે ચોરીચકારીના ધંધામાં પાછો તો નહીં જ જાય એ વાત સો ટકા સાચી. બે મહિનાની પરસેવાની કમાણીએ ને મેઘજી અને જાનકીની સંગતે તેના વિચારોય જાણે બદલી નાખ્યા હતા, અરે વિચારો જ શું આખા કેસરીસિંગને જ બદલી નાખ્યો હતો ને.

ને મંગળવારને દિવસે કેસરીસિંગ અમેરિકા જવા ઊપડ્યો. એરપાર્ટ પર પણ મેઘજી એને કહેવાનું ન ભૂલ્યો : 'જો ત્યાં સરખાઈ ન આવે તો બેધડક પાછો આવતો રહેજે. અહીંની તો તને ખબર જ છે કે તને અહીં ફાવશે. અને સાચવીને જજે.' કેસરી ગળગળો થઈ ગયો. થોડાક દિવસોમાંય કેવી દોસ્તી બંધાઈ જાય છે! કેસરીસિંગને થયું કે તેણે આજ સુધી ફકત લોકોની હાય અને નિસાસા જ સાંભળ્યા હતા. તેમના દિલનો લાગણીભર્યો રવ તેણે કદી સાંભળ્યો ન હતો. ને જાનકીના જેવું વહાલ પણ તેણે કયાં અનુભવ્યું હતું! આજે તેને એવા વહાલનો મીઠો અવાજ સંભળાયો પણ ત્યાંથી પણ તેને દૂર જવું પડ્યું. એ કરમની કઠણાઈ કે પોતાનાં કર્મોનો બદલો! પણ હવે એને પરસેવામાં ગંધને બદલે મહેંક વરતાવા માંડી હતી.

'ત્યાં આપણી વસ્તી ઓછી છે એટલે ખાવાપીવામાં અગવડ પડશે, પણ કશું આચરકુચર ખાઈને તબિયત ન બગાડતો. ને કશું જોઈતું કરતું હોય તો કાગળ લખજો કોઈનો સંગાથ હશે તો મોકલી આપીશ.' જાનકીએ કહ્યું હતું.

'ને કોઈનો સંગાથ ન હોય તો તું જ જાતે આવીને આપી જજે ને.' આંખ દબાવતાં કેસરીએ મમરો મૂકયો હતો.

વિમાનમાં તે બીજીવાર બેઠો હતો પણ પહેલીવારમાં અને બીજીવારમાં આભજમીનનું અંતર હતું. પહેલી વાર તેને આખો માહોલ અજાણ્યો લાગતો હતો, આજે બધું પરિચિત લાગતું હતું.

તેણે મોજથી વ્હીસ્કી પીધી ચીકનનું લંચ લીધું ને કશું ખરીદવાનું ન હતું તો પણ એરલાઈનના પેલા રૂપકડા મેગેઝીનનાં પાનાં ફેરવવા માંડયાં. અંદરના સારાસારા ફોટા જોયા અને થાડુંઘણું અંગ્રેજી વાંચવા પણ પ્રયત્ન કરી રહ્યો. અને કશું નથી લેવું એમ કહેતો હતો છતાં પ્લેનમાંથી ઉતરતાં તેણે બે બોટલ વ્હીસ્કી અને એક કાર્ટૂન સીગરેટ તો ડ્યૂટી ફ્રી હતાં એટલે ખરીદ્યાં જ . હવે તે પૈસાની ગણતરી કરતો થઈ ગયો હતો. જો પોતાના પરસેવાની જ કમાણી પર જ જીવવું હોય તો કરકસર તો કરવી જ પડે એ તેને હવે સમજાવા માંડ્યું હતું. પેલી કહેવત ત્રેવડ ત્રીજો ભાઈ એ હવે તે સાચા અર્થમાં સમજ્યો હતો.

અમેરિકામાં શી મુશ્કેલી પડશે તેની ચિંતા તેને થતી ન હતી. ઈંગ્લેન્ડના બે મહિનાના વસવાટે તેનામાં નવી જ આત્મશ્રધ્ધા જાગાવી હતી. હવે તેને, પોતાને અંગ્રેજી નથી આવડતું તેવી લઘુતાગ્રંથિથી તે પીડાતો પણ ન હતો. ગમે તેવી વિકટ પરિસ્થિતિમાંથી પણ પોતે માર્ગ કાઢી શકશે એવો આત્મવિશ્વાસ તેનામાં આવી ગયો હતો. જો તેને અંગ્રેજી બોલવાની થોડીય ફાવટ આવી જાય તો તે ચોકકસ કાંઈક કરી બતાવશે એવો તેનામાં આત્મવિશ્વાસ આવી ગયો હતો.

હજુય તેને પેલા ખજાના વિશે વિચારો આવ્યા કરતા હતા. ક્યારેક ભૈરવસિંહ ઉપર તેને દયા આવતી હતી તો ક્યારેક તેને વેર લેવાના વિચારો પણ આવી જતા હતા. પણ હામણાં બેચાર વર્ષ સુધી તો પરદેશને જ સ્વદેશ માનીને જીવી લેવાના વિચારો તેના મનમાં દૃઢ થવા લાગ્યા હતા. એક વખત પરસેવાની કમાણીથી પગભર થયા પછી બીજા વિચારો કરવા એવું કહી તે પોતાના મનને વારંવાર વારતો હતો.

પોતે સંતાડેલા ખજાના અંગે તેને કશી ચિંતા થતી ન હતી. કારણ કે તેને ખાતરી હતી કે કોઈ તે ચોરી શકવાનું ન્હોતું. અને હવે તે પોતે પણ તેનો ઉપભોગ કરવા માગતો ન હતો એ વાત પણ એટલી જ ચોકકસ હતી. પણ પેલા ચોરટાઓને પાઠ ભણાવવાનો તેનો નિર્ણય અફર જ હતો. કોઈ પણ હિસાબે તે પોતાનું વેર તો લેવાનો જ હતો.

આખે રસ્તે તે એક જ વિચાર કર્યા કરતો હતો : જેમ ઈંગ્લેન્ડમાં તેને એક જોડીદાર મળી ગયો હતો તેમ અમેરિકામાં પણ કોઈ સાથીદાર મળી જાય તો રહેવાખાવાનું ઠેકણું પડી જાય અને પોતાનું ઈંગ્લીશ પણ પાકું થઈ જાય. જો તેમ ન થાય તો પણ પોતે પોતાનો રસ્તો કાઢી લેવાનો હતો તેની તેને શ્રધ્ધા હતી. ને એમ કરતાં ન્યૂયોર્કનું એરપોર્ટ આવ્યું. પ્લેનમાંથી ઊતરીને બધા પેસેન્જરની સાથે તે પણ બેગેજ લઈ કસ્ટમમાંથી બહાર આવ્યો. ટેકસી માટે આમતેમ નજર દોડાવતો હતો ત્યાં જ એક સરદારજીએ તેની પાસે જ ટેકસી ઊભી રાખી પૂછ્યું : 'કહાં જાના હે, ભાઈ.' ને કેસરીસિંગને તો જાણે સગો ભાઈ મળ્યો હોય એટલો આનંદ થઈ ગયો.

'ઠીક હૈ કી આપ મીલ ગયે સરદારજી. મૈ પહેલી બાર અમેરિકા આયા હું, મુજે કોઈ ઐસી હોટેલમે લે જાઈએ જહાં રહેનેખાને કા મીલ સકે.' કહેતાં તેણે સરદારજીની ટેકસીમાં તેની સ્યૂટકેસો મૂકી દીધી. ટેકસી ઊપડી એટલે સરદારજીની જીભ પણ ઊપડી.

'કહાં કે રહને વાલે હો, ઈંડિયામેં?' તેણે પૂછ્યું.

'એસે તો મેં ગુજરાત કા રહનેવાલા હું મગર પૂરા ઈંડિયા મેં ઘૂમા હું. દો મહિને સે વિલાયત મેં થા, અબ આપ કે અમેરિકા મેં આયા હું.'

'આજ તક તો અમેરિકા હમારા થા, અબ તુમારા ભી હો ગયા હૈ. ખાઓ પીઓ ઓર મોજ કરો.' સરદારજીએ કેસરીને પણ અમેરિકાનો થોડો હિસ્સો આપી દીધો. કેસરીને આખું અમેરિકા જાઈતું હોત તોય સરદારજી પાછા પડે તેવા ન હતા.

ટેકસી ન્યૂયોર્કને હિસાબે ઝડપથી દોડી રહી હતી છતાં પોતાની હોટેલ આવતી ન હતી એટલે કેસરીસિંગને ચિંતા થવા લાગી હતી. તેણે પૂછ્યું : 'બહોત દૂર જાના હૈ?'

'દૂર તો હૈ મગર તુમારે ગુજરાત દેશ કા આદમી કી હૈ ઈસ લીયે વહાં લેજા રહા હું. તુમ કો રહને-ખાને કે લીયે ઉધર ઠીક રહેગા. ઠીક હૈ ના. કયા નામ હૈ તુમારા? મેરા નામ હરનામસિંહ હૈ.' હરનામસિંહે પોતાની ઓળખ આપી ને સામે ઓળખ માગી પણ લીધી.

'મેં કેપ્ટન કુલદીપસિંગ હું.' કેસરીએ પોતાની નવી જ ઓળખાણ આપી.

ને કેસરીસિંગને નિરાંત થઈ આવોયે જો કોઈ ગુજરાતીને ત્યાં લઈ જતો હોય તો તો ઠીક. બિલકુલ અજાણ્યાને ત્યાં રહેવા કરતાં ગમે તેમ પોતાનો ગુજરાતી તો ખરો. ત્યાં ટેક્સી વીસેક ખોલીઓવાળી એક મોટેલ પાસે ઊભી રહી. એક વૃધ્ધ માણસ મોટેલની ઓફિસમાં બઠો હતો તેણે કેસરીસિંગને જોયો ને બોલી ઊઠ્યો : 'આવો ભાઈ, કયાંઠી આયવા?'

'બાપા, રહેવું તો ઠેઠ કચ્છને કનારે પણ હાલ તો આવું છું ઈગ્લેન્ડથી. ચારછો મહિના તમારા અમેકિામાં રહેવું છે. પેટી મૂકવાનો આશરો જાઈએ છે. એક ખોલી કાઢી આપો એટલે અઠે દ્વારકા કરું.' કેસરીસિંગે પોતાની કચ્છી-કાઠિયાવાડીમાં હંકાર્યું.

તો સામેથી સુરતી ગાળ સાથેનો આવકાર મળ્યો. 'તી આવની ટારે માટે ટો બારનાં ખૂલ્લાં લાયખાં છ. ટારે જેટલું રેવું હોય એટલું રહે ની.'

ને પેલા સુરતીએ તેને ચારને બદલે ત્રણ ડોલરમાં રૂમ ખોલી આપી. કેસરીસિંગને આ ડાસો મીઠો મધ જેવો લાગ્યો. અમેરિકામાં પોતાના દેશભાઈની પાસે રહેવાનો અવસર મળ્યો એને સારા નસીબની નિશાની ગણીને રૂમમાં જઈ પહેલાં તો તે શાંતિથી નહાયો. પછી કપડાં બદલી બહાર અવ્યો. તેને એમ કે પેલા ડોસા સાથે બે ઘડી ગપ્પાં મરાશે. ને ડોસાને પણ કેટલાય વખતથી કાઈ દેશવાસી વાત કરનારો મળ્યો ન્હોતો એટલે તે પણ જાણે તેની રાહ જ જોતો હતો. તેને ઓફિસમાં આવેલો જોઈ ડોસાએ તેને બારણું ખોલી અંદર બોલાવ્યો.

'કહે પોઈરા, હવે કેમ લાગે છે! બરાબર નહાયો કે. પાણી બરાબર ગરમ ઉતું કે ની!'

'અરે હહડતું જ હતું આખી મુસાફરીનો થાક ઊતરી ગયો.'

'થાક તો હવે લાગશે, આ શહેર જ એવું છે કે એમાં આવે બધાંને થકવી લાખે છે. ટુંય થાકી જાહે.' પેલા ડોસાએ મરમ વાણી ઉચ્ચારી.

'થાકી જાશું તો થૈ જાશું દેહ ભેળા. ખેતીથી થકીને અહીં આવ્યો છું ને અહીંથી થાકીશ તો વળી પાછી ખેતી છે જ ને. એ ડંડો ને એ મોઈ. પણ મારા જોગું કોઈ કામ મળી જાય તો બે પૈસા જોવા મળે. બાકી ગજવામાં હોય એય પગ કરી જાય અહીં તો.' કેસરીસિંગે દાણો ચાંપી જોયો.

'કામની તો અહીં ખોટ ની મળે. કોઈ કરામત જાણતો હોય તો ઊંચો પગારેય મલે.'

'કરામત તો બંદુકની જાણું છું, ઊડતાં પંખી પાડું. પણ એવું કામ મળે ખરું!'

'એવું કામ બી મલે. અહીં બધા લૂટારા જ ભેગા થીયા છ જો ધાડ પાડવાની હિંમત હોય તો એવું કામ મલી જાહે.' ડોસાએ હસતાં કહ્યું, 'બોલ, હિંમત છે?'

'એવું કામ આપણાથી તો નો થાય. એવાં કાંટિયા વરણનાં કામ કરવાં હોત તો આપણો દેશ જ શું ખોટો હતો!'

'એ તો ઠીક પણ પોયરા તારું નામ શું? મેં ચોપડીમાં તો લયખું છે પણ હવે બહુ યાદ રહેતું ની મલે.'

'મારું નામ કુલદીપ, ને બાપા તમારું?'

'મારું નામ દલપત મોદી. દલાકાકા કહો તો આખું હુરટ ઓળખે પણ દહ વરહથી અહીં ન્યૂયોર્કમાં રહું છું પણ આ બાજુવાળો પાડોશીય મને ના ઓળખે. શહેર જ જાણે ભૂતિયું હોય એવું લાગે છે.' દલપતકાકાએ મનનો ઉભરો કાઢ્યો. 'એક ટો આપણા દેહવાહીઓની વહતી ઓછી ને પાછા દૂરદૂર રહેટા હોય, મળવું હોય તોય કેમ કરીને મળી હકાય!'

ને તેમની વાત સાચી પણ હતી. જે સમયની આ વાત છે તે સમય હતો આજથી ત્રીસ વર્ષ પહેલાંનો. જેણે પચીસત્રીસ વર્ષ પહેલાંનો એ સમય અમેરિકામાં ગાળ્યો છે, તે તેમના એ સમયની વાત કરતાં કયારેક ગળગળા થઈ જાય છે. રસ્તે ચાલતાં કોઈ દેશી સામે મળે તો જાણે સગો ભાઈ મળ્યો હોય એટલો આનંદ થઈ જાય એવો એ સમય હતો. સામે મળે ને એ ઓળખાણમાં ઘેર બોલાવીને ચ્હાપાણી પાય, તેમાંથી વહેવાર વધે ને ઘરોબો કેળવાય અને તેમાંથી બંધાય સગા ભાઈ જેવો નાતો. કયાં તે વખતનો સમય અને કયાં આજનો ! અત્યારે તો બે દેશી સામા મળી જાય તો બેઉ એકબીજાથી મ્હોં ફેરવીને ચાલ્યા જાય છે પોતાને રસ્તે. હવે તો હાય-હેલો કરવામાંય તેમને જોર પડે છે.

સ્હેજ વાર પછી કેસરીએ ઊઠવા કર્યું પણ દલપત ડોસાએ તેને પાછો રોકી પાડ્યો. તો કેસરી કહે : 'બાપા હું હવે ઊઠું, કાલે આખી રાતનો ઉજાગરો છે અને આખા દિવસની મુસાફરીથી થાકયો પણ છું. આટલામાં કોઈ સારી હોટલ હોય તો થોડું ખાઈ લઉં પછી પડું પથારીમાં કે થાય સવાર વહેલું.'

'લે બેહ હવે, મારું બયરું બજારમાં હાક લેવા ગયલું છે તે આવહે એટલે કશુંક રાંધી લાખહે તે આપણે નિરાંતે ખાહું. આ બાજુ હોટલ બોટલ ની મળે. ટારે ખાવું હોય ટો જાટે રાંઢી લેવું પડવાનું.' દલપત ડોસાએ કહ્યું. કેસરીને આ ડોસો મીઠો મધ જેવો લાગ્યો. તેને માથેથી જાણે મણનો બોજો ઊતરી ગયો હોય તેમ તે હળવોફૂલ થઈ ગયો. તેને લાગ્યું કે આજને માટે તો ઠીક છે પણ કાલથી પોતાના ખાવા પીવાની વ્યવસ્થા તેણે પોતાની રીતે કરી લેવી જોઈએ.

બેઉ જણા વાતો કરતા હતા ત્યાં જ દલપતભાઈનાં પત્ની રેવાબેન હાથમાં શાકની થેલી ઝુલાવતાં આવી પહોંચ્યાં ઘરમાં દેશી મહેમાનને જોઈ તેમના હરખનો પાર ન રહ્યો. આવતાંની સાથે જ તેમણે કેસરને વહાલના વહેણમાં તળબોળ કરી નાખ્યો : 'કેમ ભાઈ કયાંથી આવો છો, કેટલા ડા'રા રોકાવાના છો, પંડે એકલા છો કે બૈરી છોકરાંને લઈને આયવા છો?' વગેરે સવાલો તેમણે એક સામટા પૂછી નાખ્યા. ને એમના કયા સવાલનો જવાબ કેમનો આપવો ને કયા સવાલનો જવાબ પહેલો આપવો એની મથામણમાં કેસરીસિંગ પડી ગયો.

કેસરીસિંગને આવાં ભોળાં માણસોને ખોટા જવાબો આપવાનું ગમ્યું તો નહીં પણ સાચા જવાબ આપવા જેટલી નૈતિક હિંમત હજુ તે કેળવી શકયો ન્હોતો એટલે લાચાર હતો. છતાં સાચા તો નહીં પણ બહુ ખોટા પણ નહીં એવા મોઘમ જવાબ આપીને તેણે મન મનાવ્યું. તેને લાગ્યું કે આવાં ભોળાં માણસોને આવી ખોટી વાતો કરી છેતરવાં ન જોઈએ પણ બીજી બાજુ એણે એમ પણ વિચાર્યું કે તેમને સાચી વાત કરી દઈ તેમના આ હર્ષને શોક કે ગમગીનીમાં પણ ફેરવી ન નાખવો જોઈએ. પછી વખત આવ્યે સાચી વાત કરવાની જરૂર જણાશે તો તેમ કરવામાં પોતે પાછો નહીં જ પડે. પણ તે પહેલાં એવું વાતાવરણ ઊભું કરી દેવું જાઈએ કે વાત જાણ્યા પછીય તેમને પોતાને માટે જરાય અણગમો ઉત્પન ન થાય.

રેવામાએ તે સાંજે તેને શીરો પૂરી ને દાળભાત જમાડ્યાં. કેસરીસિંગને તો જાણે વર્ષો પછી માના હાથનું ખાવાનું મળ્યું હોય એવું લાગ્યું. રેવામાએ પણ તેને આગ્રહ કરીને જમાડ્યો. ને પછી ઊંઘવાનું એક બાજુ પર રહ્યું ને ત્રણેય જણ અલકમલકની વાતે એવાં વળગ્યાં કે રાતના બે વાગ્યા સુધી કાઈને જાણે યાદ જ ન આવ્યું કે કુલદીપ થાકેલો છે અને ઊંઘ આવતી હશે. અરે, ખૂદ કેસરીસિંગને પોતાનેય કયાં ખબર રહી હતી સમયની કે ઊંઘની! એ તો દલપતભાઈએ જ્યારે ઘડિયાળમાં જોયું ત્યારે એ બોલી ઊઠ્યા : 'લો હવે ઉઠો, પોયરો થાયકો ઓહે. બીજી વાતો કાલે કરહું.' ને બધાં ક્મને સૂવા ચાલ્યાં.

કેસરી થાકેલો હતો છતાં રાતે સૂતા પછીય તેને આ મમતાળું વડીલોના જ વિચારો આવ્યા કર્યા. તેને થયું કે પોતે કેટલો નસીબદાર છે કે તેને ઈંગ્લેન્ડમાં મેઘજી જેવો સાથીદાર મળ્યો હતો અને આ અજાણ્યા મલકમાં સગાં માબાપ જેવાં વહાલસોયાં વડીલની છાંય ભગવાને પૂરી પાડી હતી. બાકી તેના જેવા નપાવટને તો કોઈ બારણે પણ ઊભો ન રહેવા દે. તેને લાગ્યું કે તેના આગલા જનમનાં કોઈ પૂણ્ય તેની મદદે આવ્યાં હશે.

ગમે તેમ પણ ઘેરથી નીકળ્યો ત્યારે જે કેસરીસિંગ તે હતો તે હવે રહ્યો ન હતો એ હકીકત હતી. થોડો તે મેઘજીની સંગતે બદલાયો હતો તો થોડો જાનકીની મોહભરી મૈત્રીમાં રંગાઈને બદલાયો હતો તો થોડોક આ ભોળાં વડીલોને મળીને બદલાયો હતો. હવે તે પાછો ચોરીચકારીમાં તો ન જ પડે. તેના મનમાં ગાંઠ બંધાઈ ગઈ હતી કે ભૂખે મરવું પડે તો તેય મંજૂર પણ એ ગુંડાગર્દીનો ધંધો તો તે નહીં જ કરે. હા, તેનું મન પેલી વેર લેવાની વાત હજુ મૂકતું ન હતું. છતાં જ્યારે એને વેર લેવાના વિચારો આવતા હતા ત્યારે છેલ્લે પૂર્ણવિરામ મૂકતી વખતે તેને એવો વિચાર પણ આવી જતો હતો ખરો કે પેલા ખજાનાનું બધું ધન પોતાનું તો ન્હોતું જ, પછી વેર લેવાની ચાનકમાં એને વાપરી નાખવું એના કરતાં એ ધન સરકારને જ સોંપી દઈને શા માટે ઋણમૂક્ત ન થઈ જવું! ને પછીય વેર લેવું હોય તો અને પોતાનાં બાવડાંમાં બળ હોય તો પોતાની રીતે ક્યાં નથી લઈ શકાતું!

તે રાતે મોડેમોડેય તેની આંખ મીંચાઈ ત્યારે તેનું મન હળવુંફૂલ થઈ ગયું હતું. વેર લેવાની તેની ઈચ્છા પણ થોડે અંશે મોળી પડી હતી. અને તેનામાં પડેલી માનવતાની ભાવના પણ થોડેવત્તે અંશે જાગૃત થઈ ગઈ હતી. આ વહાલસોયાં વડીલોના સ્નેહે તેના વિચારોમાં ઘણું પરિવર્તન આણ્યું હતું. એણે સ્વપ્નામાંય જેની કલ્પના નહોતી કરી એવો સાથ એને ઉપરવાળો આપી રહ્યો હતો.

અનુક્રમ ⇒

૫ ઃ-કાકાની ડાયમંડ મોટેલ

બીજી સવારે તેની આંખ ઊઘડી ત્યારે સવારના દશ વાગી ગયા હતા. તે જાગ્યો તે પહેલાં પેલાં બેય વડીલો તેની રૂમ પાસે બેબે આંટા મારી ગયાં હતાં ને થાકયો છે તો છો ઊંઘતો વિચારીને તેને જગાડ્યા સિવાય જ પાછાં વળી ગયાં હતાં.

તે જાગ્યો ત્યારે તેને લાગ્યું કે બન્ને જણ તેની જ રાહ જોતાં હતાં. ને જાગતાંની સાથે તેને પણ શું તેમનો જ વિચાર ન્હોતો આવ્યો! જાણે આગલા જનમની લેણાદેણી. તેણે હજુ બારણું ખોલ્યુંય ન્હોતું ત્યાં તો રેવામાનો વહાલભર્યો અવાજ તેના કાનમાં ગૂંજી ઊઠ્યો ઃ 'કેમ કુલદીપ ઊંયઘો નીં બરાબર! હવે ઝટપટ દાટનપાણી પટાવીને આવી પહોંચ ટો અમેય ફરીવારનાં ચ્હાપાણી પામીએ, ટારી ભેગાં.'

પેલાં વડીલોને ત્યાં જતાં તે પેલી બે બોટલો અને સીગારેટનું કાર્ટૂન સાથે લેતો ગયો. ને દલાકાકાએ રેવામાની નજરે પડે એ પહેલાં બધું ઠેકાણે મૂકી દીધું. બેય જણાએ વગર બોલ્યે સંતલસમાં ઘણું સમજી લીધું.

પછી ચ્હાનાસ્તો કરતાં બધાં વાતે વળગ્યાં. કાકાએ વહેલી સવારે જ કુલદીપની નોકરી માટે તપાસ કરી લીધી હતી. બાજુમાંની રબરની ફેકટરીમાં અઠવાડિયાના પચાસ ડોલરની નોકરી તેને માટે નકકી કરી રાખી હતી. બે દિવસ પછી નોકરી ચાલુ કરવાની હતી. આ નોકરી વિશે વાતો કરતાં બધાંએ ચ્હાનાસ્તો પતાવ્યો. આવાં કુટુંબીજન જેવાં વડીલોની સંગાથે રહેવાનું અને પાડોશમાં જ નોકરી. કેસરીને તો બીજું જોઈએ જ શું!

બધું એવી સહજ રીતે ગોઠવાતું જતું હતું કે કદીક કેસરીસિંગના મનમાં શંકા થવા લાગતી હતી કે પોતે સ્વપ્નામાં તો નથી ને! આ જમાનામાં જ્યાં પાણીના પણ પૈસા બેસતા હોય ત્યાં આવી રહેવાખાવાની જગ્યા, આવાં વડીલોની છત્રછાયા, આવો સ્નેહ આ બધું સ્વપ્નમાં જ હોય. વાસ્તવમાં આવું બને એ હજુ તેના માન્યામાં આવતું ન હતું. તેને મનમાં ઊંડેઊંડેય એમ થતું હતું કે ક્યારેક એની આંખ ખૂલી જશે ને તે પોતાને વગડામાં નિરાધાર પડેલો જોશે. અને પોતાની અત્યાર સુધીની કરણી જોતાં એમ બનવું અશક્ય પણ ન હતું.

તેણે ભગવાનને મનોમન પ્રાર્થના કરી કે હે ભગવાન આ બધું કદાચ સ્વપ્નું હોય તોય તે લાંબું ચાલે એવું કરજે. મારી પહેલાંની કરણીને માફ કરી દેજે ને હવે પછી એવે રસ્તે ન જવા જેટલી હિંમત અને સદ્‌બુધ્ધિ આપજે. આવાંયે બે વડીલોએ મારામાં જે વિશ્વાસ મૂકયો છે તે કાયમ ટકી રહે એવું વર્તવાની મને શિક્ષા આપજે. ને હવે અનુતનો પૈસોય ખાવાની વૃત્તિ મારામાં ના જાગવા દઈશ.

'પાછો ફરી ઊંઘી ન જટો. કલાકેકમાં પાછો આવી જજે, અમારે તીયાં ખાવાનું વહેલું હોય છે. આજે વેઢમી બનાયવી છે. ટને ભાવે છ કે બીજું કાંઈ બનાવું?' તે બહાર નીકળવા જતો હતો ત્યાં રેવામાનો વેઢમી કરતાંય મીઠો અવાજ સંભળાયો અને બહાર જતા કેસરીસિંગના પગ જાણે ત્યાં જ ખોડાઈ ગયા.

'માડી શું કીધું વેઢમી! અરે, વેઢમી ખાવાની હોય તો બાર ગાઉ ચાલીનેય વેળા પહેલાં પહોંચી જાઉં. તમે કહો એટલા વાગ્યે હાજર થઈ જાઉં. બોલો, કેટલા વાગ્યે આવી પહોંચું! કે પછી અત્યારથી જ ધામા નાખી દઉં.' કુલદીપ બોલી ઊઠ્યો ને પેલાં બેય વડીલો એકબીજા સામે જાતાં હસી રહ્યાં.

'અબી હાલ ટો નાસ્તો કયરો છે તે હમણાં ટો ટું હું ખાવાનો, ટારે કશું કામ ના હોય ટો ટું ને તારા કાકા આંટો મારટા આવો ને આવતાં બજારમાંથી લૂગડાં ધોવાનો સોડાય લેતા આવજો. ટારા કાકા ટને અહીંનું બજાર પણ બટાવટા આવહે. ટું ઠોડો ભોમિયો ઠાય ટો ટારે માટેય હારું ને! કાલે હવારે કોઈ કામ પરે ટો ટું એકલો જઈ હકે.' રેવામાએ કહ્યું.

ને બેઉ જણા નીકળી પડ્યા ન્યૂયોર્કની સફરે. કાકાએ રસ્તે ચાલતાં એને ન્યૂયોર્કની ભૂગોળ સમજાવવા માંડી : 'જો કુલદીપ, આપણે જે ગામમાં રહીએ છીએ એ ફલશીંગ ગામ છે. દહ વરહ પહેલાં હું જ્યારે પહેલવહેલો અંઈ આયલો ટારે ટો અહીં કાગળા ઊળટા ઉટા. અટ્યારે ટને ડેખાય છે એ મોટાં મકાનો ટે વેળા નીં મળે. જ્યાં જુઓ ટ્યાં બસ ખેટરાં જ ખેટરાં ઉટાં. આ બદું ટો મારા આવીયા કેળ્યે ઠયું. ઠોરાં મકાનો ઉટાં પન છેટાંછેટાં, આ બદું દહ પંદર વરહમાં ઠીયું આપરી મોટલ ટે વેળા જંગલમાં ઉટી. આ ચાર રસ્ટા દેખાય છે, ટે એ વેળા નાનલા ને ધૂડિયા ઉટા, મેં મારી સગ્ગી આંખે ટે જોયલું છે.'

કેપ્ટનને કાકાની સૂરતી બોલી સમજવામાં પહેલાં તો થોડી તકલીફ પડતી હતી ને વચમાં કોઈ ગાળ આવી જાય ત્યારે એ ગાળ પોતાને દીધી હોય તેમ તેને લાગતું હતું, પણ ધીમેધીમે તે એનાથી ટેવાતો જતો હતો. હવે તેને બોલીય સમજાતી હતી અને ગાળેય કોઠે પડવા માંડી હતી. હવે એને ગાળ, ગાળ જેવી લાગવાને બદલે વાકયના અલ્પવિરામ જેવી લાગવા માંડી હતી. (તેણે પણ બે મહિના પછી જ્યારે સૂરતી લઢણમાં બોલવા અખતરો કર્યો ત્યારે તેને સમજાયું કે ગાળ વિના સૂરતી બોલી શોભતી જ ન હતી, ને શક્ય પણ ન હતી.)

અલ્પવિરામ જેવી ગાળો, બોલીમાં તોતડાશ, ગામઠી વહેવાર છતાં હૈયામાં પ્યાર. આખે રસ્તે તે આ પ્યારની મજા માણતો રહ્યો. આજુબાજુના વિસ્તારથી થોડો પરિચિત પણ થતો ગયો. તેને લાગ્યું કે તેને અમેરિકા લંડન કરતાંય વધુ ગમવા માંડ્યું કે શું!

રેવામાનું સેંપેલું કામ પતાવીને બન્ને પાછા આવ્યા ત્યારે બાર વાગવા અવ્યા હતા. રેવામા તેમની રાહ જ જોતાં હતાં. 'બહુ ફયરા કંઈ.' તેમને જોયા એટલે તે બોલ્યાં. ને હાથમ્હોં ધોઈ બધા ખાવા બેઠા. રોજ અનઘડ હાથે પકાવેલું કાચુપાકું ખાઈને ઉબાઈ ગયેલા કેસરીને માટે તો આ વેઢમી અમૃતના કોળિયા બરાબર હતી.

બટકે બટકે તેને માના હાથની મીઠાશનો અહેસાસ થઈ રહ્યો હતો. હવે એને ફરી અવું ખાવાનું મળશે કે કેમ એવી શંકા ન્હોતી છતાં વાતોમાં ને વાતોમાં તેનાથી વધું પડતું ખવાઈ ગયું, છતાં પેલા માતહ્રદયને તો આ ઓછું જ લાગ્યું : 'ટું ઢરાઈને ખા ટો ખરો હજુ કામ પર ટો બે ડારા પછી જવાનું છે.' તે બોલ્યાં. ને હાથ ધોવા જતા કુલદીપના ભાણામાં પાછી એક વેઢમી મૂકી દીધી. ને ના ના કરતાં કેસરીએ તે ઝાપટી પણ લીધી.

બપારે ખાઈને બેઠા ત્યારે કાકા કહે : 'જો બે દિવસ પછી ટું નોકરીએ જશે એટલે બપોરનું ખાવાનું ટો ટારું ટારે બહાર જ ખાવું પરવાનું પણ સાંજનું ખાવાનું ટો ટારે અમારી ભેગું જ ખાવાનું. ટું આવહે પછી બઢાં હાર્યે બેહીને ખાઈ હું. ને બનહે ટો હું ટને બપોરે આવીને ખાવાનું આપી જાવા. મારે અહીં મોટલમાં કામ બહુ પહોંચટું ની મલે, ટે હું ફરટો આવા ને ટારું ખાવાનું આલટો આવા.'

કુલદીપ શું બોલે! તેને તો આ વાત મીઠી મધ જેવી લાગી હતી. પણ એમ કાંઈ મીઠા ઝાડનાં મૂળ થોડાં જ કઢાય! તે કહે : 'એ મંજૂર પણ ખાવા પીવાની ચીજવસ્તુઓ, ગ્રોસરી હું લાવીશ. હવે હું કમાઈશ એટલે પૈસાનો તો વાંધો નહીં આવે. બોલો મંજૂર છે.'

કાકાકાકી તેની સામે તાકી રહ્યાં. 'જો કુલદીપ, ખાવાપીવાની ચીજવસ્તુનાં અહીં બહુ દોઢિયાં બેહટાં ની મલે. આપણે ટન જણને જોઈએ પણ કેટલું! એની ટું ચિંતા ન કરીશ. ટું ટારે કામ કર અને બે પૈહા ભેગા કર. કાલે હવારે તું પરણીને ઘર માંડશે ટીયારે ટારે પૈહાની જરૂર પડહે જ નીં.' કાકાએ તેની વાતનો રદિયો આપી દીધો.

'પણ હું જુવાનજોધ કમાતો હોઉં ને તમારે પૈસે લહેર કરું એ કાંઈ ચાલે!' કુલદીપે બોલવા કર્યું.

પણ કાકાએ તેનું બોલવાનું પૂરું થતાં જ કહી દીધું : 'તારે એમ ન કરવું હોય ટો ટું નોકરી પરઠી આવે ટીયારે મને મોટલના કામમાં મદદ કરજે. ટારું ખાવાનું એમાં આવી ગીયું, બસ.' હવે બોલવાનું કુલદીપને કાંઈ રહ્યું નહીં, છતાં એણે મનમાં જ વિચારી લીધું કે સ્હેજ ભોમિયા થઈ ગયા પછી પોતે જાતે રેશનની ચીજવસ્તુઓ લેતો આવશે તો તે થોડાં ના પાડવાનાં છે. બાકી વીસ રૂમની આ મોટેલમાં જે કામ હોય તે તો સવારની વેળામાં જ હોય, બપોરે પોતે પાછો આવે પછી કામમાં મદદ કરવાની વાત તો એક બહાનું જ હતું. ને કુલદીપે પોતાના હંમેશના નિયમ મુજબ; પડશે એવા દેવાશે, કહી મન મનાવી લીધું.

ને થોડી જ વાર પછી હાથમાં ઊભો સાવરણો લઈ પાર્કિંગ લોટ વાળવા માંડ્યો. પેલાં બેઉ આ જોઈને દોડી આવ્યાં : 'અલા, રહેવા દે, આ શું કરવા માંયડું છે ટેં!'

'આ પાર્કિંગ લોટ વાળી નાખું બહુ ગંદો દેખાય છે.' તેણે કહ્યું ને પોતાનું કામ ચાલુ રાખ્યું.

'ટે ઈયાં કાં રાજારાણી આવવાનાં ઉટાં કે ટેમના પગમાં કાંકરા વાગવાના ઉટા. ઈયાં ઘરાક હહરીના આાવે છ ટે બી મારા તારા જેવા ગમાર જ હોય છ. એમની ચામડી ધોળી એટલું જ બાકી હમજણ બમજણ કાંઈ ની મળે. બારનું અડધું કરવું હોય તો કાગળને પેન્સિલ લઈને બેહી મરે. લે હવે એ હાવયણું ગહવાનું બંધ કર, મારે મારી મોટલ ચમકાવવી નઠી.' કાકાએ કહ્યું. પણ કુલદીપ આજે માને તેમ ન હતો. તેને તો પોતાના ખાધાખોરાકીનું શકય એટલું ઋણ અદા કરવું હતું.

'એમને માટે નહીં તો આપણા પગમાં કાંકરા ના વાગે એટલા માટેય ચોખ્ખું તો રાખવું જાઈએ ને!' એણે વળતો જવાબ આપ્યો ને વાળવાનું ચાલુ રાખ્યું.

'ટો કર ટને ફાવટું, જ્યારે ઠાકે તીયારે બંઢ કરજે.' કહેતાં કાકા પોતાના કામમાં પરોવાયા. ને કુલદીપે પણ પોતાનું કામ ચાલુ રાખ્યું. કામ કરતાંય તેનું મગજ મોટેલનો જ વિચાર કરી રહ્યું હતું. ત્રણ જ દિવસના અવલોકને તેને સમજાઈ ગયું હતું કે મોટેલ ખખડી ગઈ હતી. ઉંમરે પહોંચેલા કાકા એની ઠાઠો પૂરતી કરી શકતા ન હતા, પણ જો થોડી મહેનત કરી તેને મઠારવામાં આવે ને થોડો શણગારનો ઠઠેરો કરવામાં આવે તો મોટેલ શોભી ઊઠે એવી હતી અને આમ થાય તો ધંધો પણ વધી શકે એમ હતો.

કામ પૂરું કરીને તે જ્યારે તે હાથ ધોતો હતો ત્યારે કાકાએ ટોણો માર્યો : 'કેમ ઠાયકો ને ડીકરા.' તેમના અવાજમાં ઉમળકો હતો તો કુલદીપના મનમાં સંતોષ.

ગમે તેમ પણ એ ત્રણેયને એકબીજા સાથે ગોઠી ગયું હતું એ વાત નક્કી. અને વાત પણ સાચી હતી, એ બેઉ જણાં આવા મોટા શહેરમાં એકલાપણું મહેસૂસ કરતાં હતાં. તેમણે આ એકાન્ત જ્યાએ મોટેલ લીધી હતી ત્યારે તેમના મનમાં ફાંકો હતો કે એકલાં રહેવામાં જે મજા છે તે ભીડમાં રહેવામાં નથી. એટલે તેમને કોઈ વસ્તાર ન હતો તેનું દુખ પણ તેમને બહુ લાગતું ન હતું પણ હવે ઉંમર થતી આવતી હતી ત્યારે તેમને એકલતા લાગવા માંડી હતી. કદીક બધું વેચીસાટીને દેશમાં જતા રહેવાના વિચારો પણ તેમને આવી જતા હતા. પણ દેશમાંય તેમનું નિકટનું કોઈ એવું સગું ન હતું કે તેની સાથે રહીને બાકીનું આયખું ખેચી કાઢે. ને વળી આટલાં વરસ અમેરિકામાં કાઢ્યા પછી એમને દેશમાં બહુ માફક પણ ન આવે એ પણ દેખીતું હતું.

અને આ એકલતાનો સહારો એમને કુલદીપના રૂપમાં મળી ગયો હતો. ફક્ત એક મહિનાના સહવાસમાં જ તેઓ તેને પોતાના દીકરા જેવો ગણતાં થઈ ગયાં હતાં. તમને આશા બંધાવા લાગી હતી કે હવે પાછલી ઉંમરે ભગવાને તેમને ઘડપણનો સહારો મોકલી આપ્યો હતો. એ મોટલ સંભાળશે, તેમનેય સાચવશે અને તેમના ઘડપણનો સહારોય બનશે. તો બીજી બાજુ કુલદીપ પણ એવું વિચારવા લાગ્યો હતો કે સમજણો થયો ત્યારથી તે કદી માબાપનો પ્યાર પામ્યો નથી ને જીવતર આખું ચોરીચકારીમાં રગદોરી નાખ્યું છે. હવે ભગવાને આ નવાં માબાપ મને મેળવ્યાં છે તો તેમને લાયક બનવા શક્ય એ બધું કરી છૂટીશ પણ તેમણે મારામાં જે વિશ્વાસ મૂક્યો છે તેને હું એળે નહીં જ જવા દઉં.

કુલદીપની નોકરી સારી ચાલતી હતી. તેને લંડનમાં નોકરીનો જે અનુભવ થયો હતો તે અહીં સારો કામમાં આવતો હતો.

નોકરી પરથી આવી એ માટેલનું કામ સંભારી લેતો હતો. કાકા ઘણુંય ના કહે પણ તે જાણે થાકતો જ ન હોય તેમ માટેલને સારી કરવામાં મચી પડતો હતો. ભાડું તો તેણે પહેલે દિવસે આપ્યું એ આપ્યું, પછી ન તો કાકાએ માગ્યું હતું કે ન તો તેણે આપ્યું હતું. ને હવે તો કાકાને ભાડું આપવા જવું એ સંબંધ બગાડવા બરાબર હતું. વળી કાકાની સંગત થયા પછી તેણે નક્કી કર્યું હતું કે પોતાની પાસેના દેશમાંથી લાવેલા પૈસા પણ હવે વાપરવા નથી. જે થાય તે પોતાની કમાણીથી જ કરવું. ને હવે ભાડું ભરવા જેટલા પૈસા પોતાની પાસે થયા હતા પણ ખરા એટલે તેણે નક્કી કર્યું કે કાકાને ખોટું ન લાગે એ રીતે તેમને ભાડા જોગા પૈસા આપી દેવા જોઈએ.

ને એવી તક આવી પણ મળી. મોટેલનો ટેક્સ ભરવાનો હતો ને કેસરી એ તરફ જવાનો પણ હતો, તો કાકાએ તેને ટેક્સ ભરતા આવવાનું કામ સોંપ્યું. ટેક્સના પૈસા આપતા હતા તો કેસરી કહે : 'હમણાં જાઉં ત્યારે લેતો જઈશ.' પણ જતી વખતે જાણી જોઈને તે પૈસા લીધા વગર જ સરકી ગયો ને પોતાના પૈસાથી જ ટેક્સ ભરીને સાંજે ઘેર આવ્યો.

કાકાના હાથમાં ટેક્સનાં કાગળિયાં મૂક્યાં એટલે કાકાએ પૂછ્યું : 'પૈહા લીધા વગર ગીયો ઉટો પછી ટેક્સ કેમનો ભયરો?'

'કેમ મારા પૈસાથી. મારે તમને ભાડાના પૈસા આપવાના હતા ને. ને હવે તો હું કમાઉં છું એટલે મારી પાસે એટલા પૈસા હતા તે ભરી દીધો ટેક્સ.' કેસરીએ જાણે સામાન્ય વાત કરતો હોય તેમ કહી દીધું.

તે સાંભળતાં જ રેવામા બોલી ઊઠ્યાં : 'ટે અમે ટારી પાંહે ભાડાના પૈહાય લયહું એમ. ને ટું આખા મહિનાથી રાટદાડો મોટલનું કામ કરે છ ટેનું શું?'

'એના બદલામાં તો હું તમારે ત્યાં ખાઈપીને જાડો થતો જાઉં છું તેનું શું? માટેલનો તો હું ભભકો જ બદલી નાખીશ. આવતે મહિને રંગી પણ કાઢીશ, તમે જોજો ને.' તેણે કહ્યું.

'મારી વાટ પન સાંભળ, ટને ટો ખબર છે કે મોટલ હારી ચાલતી છે. તારુ ભાડું નહીં આવે ટોય ચાલવાની છે. પણ તારે કાલે હવારે લગન કરવાં પરહે તી વેળા પૈહાની જરૂર પડવાની. અટયારઠી જ થોડા બચાવટો જા. અમારે ભાડું લેવાનું ની મળે. ટારે મોટલ જેમ ચલાવવી હોય એમ ચલાવ, નોકરી કર, પૈહા બચાવ ને પછી એક વહુ લઈ આવ.'

ને આ વહુ લાવી આપવાની વાતે તેને જાનકી પાછી સાંભરી આવી. તેણે અહીં આવ્યા પછીને અઠવાડિયે તેને એક કાગળ લખ્યો હતો અને તે મજામાં હતો એવું જણાવ્યું હતું. હજુ કાગળનો જવાબ આવ્યો ન હતો. આ વહુ લાવી આપવાની વાત થઈ એટલે તેને લાગ્યું કે હવેના કાગળમાં તેને વિગતે બધું લખી જણાવવું જોઈએ અને તેને જો અમેરિકા આવવામાં વાંધો ન હોય તો અહીં બોલાવી લેવી જોઈએ. હવે તે પરસેવાની કમાણી ખાતો હતો અને માથે માબાપ જેવાં બે વડીલોના હાથ હતા એટલે ઘર વસાવવામાં હવે કોઈ અંતરાય ન હતો. હા જાનકીનો જવાબ ન આવે ત્યાં સુધી આ વડીલોને કશું જણાવવું ન જોઈએ.

કેસરી આ બેય જણાં સામે તાકી જ રહ્યો. એમને શો જવાબ આપે! 'ભલે તમે કહો છો એમ કરીશ, પણ મોટેલ હું મારી રીતે ચલાવીશ. મહિનામાં મોટેલનો ઠાઠ જ બદલી નાખીશ. અત્યારે જે ધંધો છે એના કરતાં દોઢો તો થઈ જ જવો જોઈએ. બોલો બરાબર છે!'

આમ હસતાં ખેલતાં છ મહિના નીકળી ગયા. કેસરીએ નોકરીની સાથે મોટેલ પણ સંભાળી લીધી હતી. એક ઉત્સાહી જુવાનની માવજત મળતાં મોટેલનો ઠાઠ બદલાઈ ગયો હતો અને ધંધો પણ વધતો જતો હતો. ગઈકાલે જ જાનકીનો જવાબ આવી ગયો હતો ને મહિનામાસમાં આવી જશે એમ તેણે જણાવ્યું હતું.

એક દિવસ કેસરીસિંગ કહે : 'જોયું ને હવે રાજારાણી આવે તો એમનેય ગમી જાય એવી મોટેલ થઈ ગઈ ને.'

'ટે જઈને કાંકઠી રજારાણીને લઈ આવ નીં. અમેય ટારાં રજારાણી જોઈએ ટો ખરાં'

પેલાં બેય આ ઉત્સાહી જુવાન સામે તાકી જ રહ્યાં. રેવામા કહે : 'મોટેલનું ટો જાણે સમજ્યાં પણ ટારું  પૈણવાનું શું? અમારે તો વહુએ જોઇએ ને છોકરાંય જોઈએ, એનું શું?'

'અત્યાર સુધી મેં તમને કશું કહ્યું નથી પણ એક જણી મને ઈંગ્લેન્ડમાં મળી હતી અને વાત લગભગ અડધેથી અટકી હતી એટલે મેં તમને કહેલું નહીં પણ હવે તેનો જવાબ આવી ગયો છે અને તે મહિનામાસમાં અહીં આવી પણ જશે. તમને પસંદ આવે તો તેની સાથે લગન કરવાનું મન છે.'

'લે, ટને પસંદ હોય ટો અમે ના કાં કહેવાનાં! શું નામ છે એનું?' રેવામાએ પૂછ્યું. ને કુલદીપ શરમાઈ ગયો.

'જાનકી. કાઠિયાવાડના જ નાના ગામની છે. તમે જોશો તો તમનેય ગમી જશે.' શરમાતાં જ કેસરીએ કહી નાખ્યું. પણ રેવામાને તો સાતેય કોઠે અજવાળાં થઈ ગયાં. કાલે સાંજ સુધી આ ગાંડિયા છોકરા માટે કન્યા શોધવાની ચિંતામાં પડેલાં રેવામા હવે લગન વહેલામાં વહેલાં કેમ ઉકેલવાં તેની વેતરણમાં જાણે પરોવાઈ ગયાં. દલાકાકાય એમનો આ રઘવાટ જોઈ આનંદમાં આવી ગયા.

ને તે દિવસે તો આ વાત એટલેથી જ અટકી. પણ બધાં આ નવી પરિસ્થિતિનો અર્થ પોતાની રીતે કરવા માંડ્યાં હતાં. કેસરીસિંગને લાગતું હતું કે આ વડીલો તેના પર જે વહાલ વરસાવે છે તેને લાયક થવાનું કપરું કામ તેને માથે આવ્યું છે. ગમે તે ભોગેય તે એમાં પાર ઊતરશે જ. પછી પરણવાની ને ઘર વસાવવાની વાત. તેમાંય તે પોતાનાથી બનતું કરી છૂટશે.

કાકા પણ મનમાં ગગાને પરણાવવાના જ વિચારો કરતા હતા. મોટલ તો ત્યારેય વર્ષે પાંચસાત હજારનો નફો કરતી હતી. પોતાનાથી હમણાંની બહુ જાતમહેનત થતી ન હતી એટલે થોડી ઘસાયેલી અને ખખડી ગયેલી લાગતી હતી, પણ આવોયે પાછળ પડયો છે તો વરસે દસબાર હજારનો નફો કરતી તો કરી જ દેશે. ને પરણીને ઘર વસાવશે તો અમેય પાછલી જિંદગમાં છોકરાંથી ગાજતું ઘર જોઈને જઈશું. આમેય અમારી વાસ નાખનાર તો કોઈ છે નહીં તેને બદલે જો બધું પાર ઊતરે તો પોતાંને રમાડીને સુખે સ્વર્ગમાં જઈએ.

તો વળી રેવામા તો ભગવાન પાસે માગતાં હતાં કે હે ભગવાન, મરા કુલદીપને ત્યાં પારણું બંધાય અને એના પોયરાને રમાડીને જઉં એટલી દયા કરજે. એમની એ માગણી ભગવાને સાંભળી હોય એમ લાગતું હતું. બાજુની ઓરડીમાં સૂતેલો કુલદીપ પણ એને મળતું જ કાંઈ વિચારી રહ્યો હતો. તેની અને જાનકીની ઓળખાણ કાંઈ બહુ વખતની જૂની ન હતી પણ જાણે દિલે દિલને ઓળખી લીધાં હતાં. ને થોડા જ દિવસોના પરિચયમાં બન્ને જાણે એકમય થઈ ગયાં હતાં. નોકરી તો બન્નેની એક સાથે હતી છતાં આખા દિવસનો એ સંગ ઓછો પડતો હોય તેમ, નોકરીએથી છૂટ્યા પછીય એકબીજાને મળ્યા સિવાય તેમને ચેન પડતું ન્હોતું. કદીક બાગમાં તો કદીક હાટેલમાં તો કદીક સીનેમામાં. ભાગ્યે જ કોઈ દિવસ ખાલી જતો હશે તેમનો મળ્યા સિવાયનો. જાનકીને પોતાના મલકનો ને પૂરી ગામઠી પણ માયાળુ રહેણી કરણીવાળો આ કુલદીપ ગમી ગયો હતો ને કુલદીપને જાનકી ગમી ગઈ હતી.

હા, હજુ સુધી પરણવા જેવી વાત તેમણે વિચારી ન હતી. એવું ન હતું કે તે શરમનાં માર્યાં એકબીજાને કહી શકતાં ન હતાં. અરે! અહીં ઈંગ્લેન્ડમાં તો એવી શરમનું નામનિશાન ન હતું. અહીં તો લોકો રસ્તે જતી છોકરીને ઊભી રાખીનેય પૂછી લેતા હતા કે પરણવાનો વિચાર હોય તો બંદા તૈયાર છે. વાગ્યું તો તીર નહીં તો તુકકો. ત્યાં શરમનાં માર્યાં આ બે જાણાં પૂછવાનું ટાળતાં હોય એવું બને જ કેમ! પણ સંબંધ પાકશે તો સાખ એની મેળે જ પડશે એવી આશામાં કદાચ બન્ને ખામોશ બેસી રહ્યાં હોય એમ પણ બને.

ગમે તેમ હોય પણ હજુ એમના આંબાની સાખ હજુ પડી ન હતી એ હકીકત હતી. હવે રેવામાએ થડિયું જ હલાવવા માંડ્યું હતું તે સાખ તો પડવાની જ હતી ને. કેસરી કે જાનકી બેયમાંથી કોઈના હૈયામાં શંકા ન હતી કે સામું પાત્ર ના પાડશે. છતાં હજુ કશુંક ખૂટતું હતું એ હકીકત હતી. અને તે હતી બેઉની સંમતિ અને તેની જાહેરાત.

તે સાંજે રેવામાએ તેને પાસે બેસાડીને બધી વાત પૂછી : 'તે પોરી એકલી જ છે કે એનાં માબાપ ભેળાં છે!'

'તેનાં માબાપ હયાત નથી. તેના કાકા દેશમાં છે પણ તેમની સાથે બહુ બનત નથી. આપણે તો જે ગણો તે આ જાનકી એકલી જ છે. એ પરણવા તૈયાર થાય તો કોઈને પૂછવાપણું નથી.' કેસરીએ મોઘમ જવાબ આપ્યો.

'તૈયાર થાય ટો કેમ! તે કાંઈ રાજાની કુંવરી છે કે મારા કુલદીપને ના કહેવાની ઉટી! એને અહીં આવવા ટો દે, હું જ એને પૂછી લઈશ.' રેવામાને પોતાના કુલદીપથી ચઢિયાતો કોઈ દેખાતો જ ન્હોતો.

'રાજ કુંવરી હોય કે બીજી કોઈ હોય પણ એનું મન માનતું ન હોય તો હા ના જ પાડે ને. અને આમાં આપણાથી કોઈ દબાણ ન કરાય.'

'લે, હવે એમ ઢીલો ન થા. ટારા જેવા મુરટિયા માટે તો એક કરટાં અગિયાર જણીઓ વાટ જોટી બેઠી હોય. ટારા મનમાં કે આ ડોહીને ડરાવીએ, પણ આ ડોહી એમ હારી ખાય એવી પોચકણ નથી ટો.'

'આ તો ખાલી વાત કરતો હતો, બાકી એ અહીં આવવા તૈયાર થઈ એટલે એનો વિચાર છે એટલે સ્તો. પણ આપણે પહેલું એનું મન જાણીને પછી જ વાત આગળ ચલાવીએ તો સારું એમ મારું મન કહે છે.'

'ટે એમ કરહું, ટારી રાજકુંવરીને પહેલાં પૂછી લયહું કે મારો આ કેલૈયો કુંવર તને પસંદ છે કે નહીં. ને એને પસંદ નહીં હોય તો હું એનાઠી હારી પોરી હાર્યે ટને ના પૈણાવું ટો મારુ નામ રેવા નહીં, પછે છે કંઈ!' કહેતાં રેવામા વટમાં આવી ગયાં.

‘ટે એ કીયારે આવવાની છે?’ દલા ડોસાએ મૂળ વાત પૂછી.

‘એની તો કશી ચોખવટ હજુ થઈ નથી. બે ચાર દિવસમાં એનો કાગળ આવવો જોઈએ.’ કેસરીએ કહ્યું.

‘ટે ટું એના કાગળની વાટ જોયા વના એને ચોખવટઠી એક કાગળ લખી લાખ નીં. ટારે બીજી ચોખવટ ના કરવી હોય ટો એમ ટો લખ કે વહેલી ટકે અમેરિકા જોવાય આવી જા.’ રેવામા લીધી વાતનો તાગ લીધા વગર મૂકે એમ કયાં હતાં!

અનુક્રમ ⇒

## ૬:- ભેરવસિંહ ફિલ્મી ચકકરમાં

બેનમ મુખરજી એક બહુ ચર્ચિત અને બંડખોર ફિલ્મ પ્રોડ્યુસર હતો. તેની ફિલ્મો યુવાન વર્ગમાં બહુ ઊપડતી હતી. વિવેચકો કાયમ તેનાં છોતરાં કાઢી નાખવાની વેતરણમાં જ રહેતા પણ તેની ફિલ્મો બોક્ષ ઓફિસ પર એવા આંકડા ચમકાવતી કે તેમના હાથ હેઠા પડતા. તેની ફિલ્મોમાં કાયમ નવિનતા રજૂ થતી અને યુવાવર્ગ તેને નવા વિચારનું લેબલ લગાવી દેતો.

વિવેચકો થોડી કાગારોળ મચાવીને ચૂપ થઈ જતા. અને બેનમ પોતાનું સ્લોગન વરંવાર દોહરાવતો : 'મારી ફિલ્મો વિવેચકો અને બબૂચકોને ગમે એવા સ્તરની નથી હોતી.' આમ કહી એ આડકતરી રીતે વિવેચકોને બબૂચકો કહી લેતો. ને વિવેચકો પાછા એની ખૂંચો કાઢવા તેની પાછળ પડી જતા.

આ બેનમ હાલ એક નવા જ વિચારની ડાકુકથા લઈને ફિલ્મ બનાવી રહ્યો હતો. આ માટે તેણે બહારી દશ્યો માટે અરવલ્લીની પહાડી, ખીણો ને વનરાઈ પર પસંદગી ઉતારી હતી. પહેલાં બેચાર વખત તે અને તેના દિગ્દર્શક ભૂસાવાલા આ વિસ્તારની ઊડતી મુલાકાત લઈ ગયા હતા. તેમણે કેટલાંક લોકેશનો પસંદ પણ કર્યાં હતાં. બાકીનાં લોકેશનો તો ફિલ્મ જ્યારે શૂટ કરાતી હોય ત્યારે જરૂર પડશે તેમ પસંદ થતાં જશે ને શૂટીંગ થતું રહેશે એમ તેમની ગણતરી હતી. તેમના અનુભવમાં તેમણે કાયમ આ રીતે બનતું જોયું હતું અને તેમને એમાં કશું વાંધા પડતું લાગતું ન હતું.

તેમણે પહેલા શૂટીંગ માટે જે સ્થળની પસંદગી કરી હતી તે હતાં ગોમતીગઢ ગામ અને તેનો નદીકિનારો. તેમણે મૂહુર્તનો પહેલો શોટ જાન્યુઆરીના પહેલા આઠવાડિયામાં લેવાનું નકકી કર્યું હતું કારણ કે તે વખતે વનરાઈ પણ તેમની કલ્પના મુજબની હોય અને નદીમાં પાણી પણ તેમની જરૂર મુજબનું હોય. ખાસ કરીને પેલા નાનકડા ધોધનો પ્રવાહ માફકસરનો હોય તે ખાસ જરૂરી હતું.

ડીસેમ્બરની અધવચથી ગામમાં અજાણ્યાં માણસો, અજાણ્યાં સાધનો ને અજાણ્યાં વાહનોની આવરજવર વધવા માંડી હતી. ગામનાં લોકો પણ આ બધું ભય અને કુતૂહલથી તાકી રહેતાં હતાં. તેમને બીક લાગવા માંડી હતી કે આ લોકો અવાં જાતજાતનાં સાધનોથી કયાંક મારફાડ કે ગેળીબાર કરીને ગામને ઉડાડી તો નહીં દે ને. તેમાંના કેટલાકે શહેરમાં ચાલતી ફિલ્મ જોઈ હતી તે જાણકારની જેમ ફિલ્મની વાતો કરી બધાના મનમાં કુતૂહલની સાથે બીકમાં વધારો કરતા હતા.

ગમે તેમ પણ આ અઢારમી સદીમાં ઊંઘી ગયેલું ગોમતીગઢ ગામ આ શોરબકોરથી જાગી ઊઠ્યું હતું. જાતજાતનાં કાપડાં પહેરેલા માણસો જાણે કોઈ બીજી જ દુનિયામાંથી આવેલા હોય તેમ પહેલાં તો ગામલોકો તેમનાથી અળગા અને ભયભીત રહેતા હતા. પણ કેટલાકને તેમનાં નાનાંમોટાં કામ કરતાં મ્હોં માગ્યા કરતાં પણ વધુ પૈસા મળવા માંડ્યા એટલે બધા તેમની ચારે બાજુ ફરવા માંડ્યા હતા. તો કેટલાક આ વિસ્તારના જાણકાર હોવાનો દાવો કરતા માણસો તેમની જરૂર મુજબની જ્ગ્યા શોધી આપવાની કામગીરીમાં પડી ગયા હતા.

કેટલાકને હજુ એ ન્હોતું સમજાતું કે આ જંગલ ને પહાડોના પાણામાં આ લોકોને કેવી ફિલમ ઉતારવી હશે! એના કરતાં તો છૂટી ને હરિયાળી જ્યાએ જાય તો મજાની સગવડ તો મળે. આ પહાણકામાં તો બચારા આ સુંવાળા લોકો રાનરાન ને પાનપાન થઈ જશે. વળી જ્યારે એક દિવસે પેલી કચકડાની ઢીંગલી જેવી બાઈ કાળાં ચશ્માં, મરદ જેવાં કપડાં ને માથે તાછાંની હેટ પહેરીને વગડો ખૂંદવા આવી પહોંચી ત્યારે તો તેની ચારે તરફ ગામ આખાની વસ્તી એકઠી થઈ ગઈ હતી ને.

એ તો સારું હતું કે પોલીસના જમાદાર જેવા બે જણા તેની બેય બાજુએ ભરી બંદૂકે પહેરો ભરતા હતા નહીં તો ગામની સ્ત્રીઓએ તેના હાથને પંપારીને ખાતરી કરી લીધી હોત કે એ હાચે હાચી માણહ જાત છે કે પછી હરગની અપસરા છે. તો વળી કેટલીક આધેડ બૈરીઓ પોતાનાં છોકરાંને એનાથી દૂર ઢસડી જતી હતી. એમના મનમાં એમ કે આ બાઈ કાંઈ કામણ ટુમણ કરી નાખે તો છોકરાં ખોઈ બેસીએ.

વાત ફરતી ફરતી ભેરવસિંહને કાને આવી. તેને કશી સમજણ ન પડી કે શું કરવું. ને તેને જેમાં સમજણ ન પડે તે તેને ગુસ્સે કરવાનું કામ કરતાં હતાં એ મુજબ ગુસ્સે ભરાઈને તે ધસી આવ્યો. પેલા આટલા બધા માણસોને જોઈને તે એક

વખત તો ગમ ખાઈ ગયો. તેમને પૂછવા કરતાં પોતાનાં માણસોને પૂછવું તેને વધુ સારું લાગ્યું. તેણે ગામમાં જઈને એક ઘેર બેસીને ગામના દસેક માણસોને ભેગા કર્યા.

'શું છે આ બધું, કોણ છે આ લોકો?' તેણે એક જણને પૂછ્યું. ને એકને બદલે એક સામટા પાંચ જણા જવાબ આપવા માંડ્યા. થોડેથોડે કરીને ભેરવસિંહને આખી વાત સમજમાં આવી. આ સારું હતું કે ખોટું તે સમજવા કરતાં એમાં પોતાને શું મળશે તે સવાલ તેને મન મોટો હતો. તેને થયું કે આ ગામલોકોએ પોતાને વેળાસર ખબર ન આપી તેને કારણે ફિલમવાળા મફતમાં પેસી ગયા. તેણે ગામના બેચાર જણાને થોડા ખખડાવી નાખ્યા. પછી પોતે ફિલમવાળાને મળવા માટે ઊપડ્યો.

એક છોકરાએ આગળ જઈને વધાઈ ખાઈ દીધી હતી એટલે ફિલ્મવાળા ઉપર તેને ગુસ્સો કરવાની જરૂર જ ન પડી. એક જણાએ ભેરવસિંહ માટે ખુરશી લાવી મૂકી તો બીજાએ હાંક મારી : 'અલ્યા ભેરવસિંહ બાપુ માટે કોકાકોલા લાવ.' ને બાપુ કોકાકોલા પીતા હતા તેનો ફોટો પણ એક જણાએ પાડી લીધો. બાપુ પાણીપાણી થઈ ગયા. તેમનો ગુસ્સો હવામાં ઊડી ગયો. 'બાપુ, કાલે ફિલ્મનું મૂરત કરવાનું છે તે આપને જો સમય હોય તો સવારના દસેક વાગ્યે પધારશો.' પેલાએ આમંત્રણ આપીને બાપુને વધુ ખુશ કરી દીધા.

'મારા ગામમાં તમે ફિલમ ઉતારતા હો તો મારે આવવું જ પડે. હું આવીશ ને આખું ગામેય આવશે. અને તમારું નાનુંમોટું કામ હશે તો તે પણ કરશે. આ છોકરાં તમને પજવતાં તો નથી ને. પજવે તો મને કહેજો, બધાંને પાંસરાંદોર કરી દઈશ.' બાપુ ખુશ થાય તો છોકરાંને પાંસરાંદોર જ કરી દે ને.

'ના બાપુ છોકરાં સારાં છે, પજવતાં નથી ઊલટાનાં કામ કરવા લાગે છે. દસ વાગ્યાનું મૂરત રાખ્યું છે, વેળાસર આવશો તો બધા એકટરો સાથે આપની ઓળખાણ પણ થશે. ને આપની હાજરી હોય તો ફેર પડે.' પેલાને મસ્કો મારવાનું શિખવાડવું પડે એમ ન હતું.

ને આ બાપુને પણ આવું માન જિંદગીમાં પહેલી વાર મળતું હતું એટલે સમયસર આવી જવાનું યાદ દેવડાવવું પડે એમ ન હતું. હજુ બાપુને એનીય ખબર ન હતી કે આ લોકો શેની ફિલમ બનાવતા હતા અને તેનું મૂરત કેવી રીતે કરવાના હતા. તેમને તો એટલું યાદ હતું કે તેમણે સવારના દસ વાગ્યે ત્યાં પહોંચી જવાનું હતું. હા, તેમને એની ખબર હતી કે આવતી કાલે તેમની આગતાસ્વાગતા આજના કરતાં પણ વધુ સારી રીતે થવાની હતી. તેમને એક વાતની ખાતરી થઈ કે આ ફિલમવાળા માણસને ઓળખવામાં કાબેલ છે. એમણે પોતાને ફટ કરતોકને ઓળખી કાઢ્યો ને બાપુ કહીને કેવાં આદર દીધાં! એમનેય આશા હોય કે આવા મોટા માણસની ઓથ આ અજાણી જગ્યાએ હોય તો કામમાં કશી અડચણ ના પડે.

હવે પોતાને સામે ચાલીને બોલાવ્યો છે એટલે તેમને જરા સરખીય અગવડ ના પડે એ જોવાની મારી ફરજ: તેમણે વિચાર્યું. ને તેના મનનો પેલો ખૂણો ચણચણી ઊઠ્યો. પેલા કેસરીસિંગ લંગડે જો ચૂનો ના ચોપડ્યો હોત તો આ ફિલમવાળાનેય બતાવી આપત કે બાપુશાહી કેવી હોય છે. સારી રીતે રાખત, બોલાવત, પીવડાવત ને સારી રીતે જમાડત.

એ રાતે ભેરવસિંહને આ ફિલમવાળાના વિચારમાં ઊંઘ ન આવી. હજુ દસ વાગ્યે મૂરત હતું ને તે આઠ વાગ્યાનો તૈયાર થઈ ગયો હતો. તેની સામાન્ય બુધ્ધિ તેને આ વેળા કામ લાગી. આટલા વહેલા ત્યાં પહોંચી જવાથી પોતાનું મહત્ત્વ ઘટશે એવું કોણ જાણે કયાંથી તેના મનમાં ઊગી નીકળ્યું ને તે તૈયાર થઈ ગયેલો હોવા છતાં નવ વાગ્યા સુધી ઘેર જ રોકાઈ ગયો. તેના મનમાં તો હતું જ કે તે વહેલો ત્યાં પહોંચી જાય અને ગામના લોકો અને ફિલમ કંપનીવાળા પર વટ પાડે પણ તે સમજ પૂર્વક રોકાઈ ગયો.

તોય મૂરતના સમય કરતાં તો તે ખસ્સો કલાક વહેલો પહોંચ્યો જ. ફિલ્મનો હીરો લતીફ ખાન, હીરોઈન પરવીના તથા બીજાં દસપંદર જણાં કામની ધમાલમાં અને મેક અપની મથામણમાં પડેલાં હતાં. છતાં તેના આવવાની નોંધ તરત લેવાઈ. બાપુને માટે કેમેરાની બાજુમાં જ ખુરશી મૂકવામાં આવી. મૂરતમાં નારિયેળ વધેરાયું તેની શેશ પણ સૌ પહેલાં બાપુને અપાઈ. પછી બાપુને કોકાકોલાની બોટલ પકડાવીને સૌ કોઈ પોતપોતાનાં કામમાં વળગી ગયાં.

મુહૂર્તનો શોટ હીરો બગીમાથી ઊતરી નદીકિનારે પાણીમાં છબછબિયાં કરતી હીરોઈનની પાછળ જઈને ઊભો રહે છે, એવો હતો. પહેલો ટેઈક હતો ત્યાં જ ભેરવસિંહથી બોલાઈ ગયું : 'તારી પાછળ જો, પાછળ જો.' ને બધા હસી પડ્યા ને શોટ કટ કરાયો. ભેરવસિંહને પણ કાચું કપાયાની જાણ થઈ ગઈ ને ફરીથી એવી ભૂલ ન કરવાની તેણે મનોમન ગાંઠ વાળી.

હીરો રાજકુમાર હતો પણ તેનાં કપડાં ભેરવસિંહને ધાગા જેવાં લાગ્યાં. અને તેને પોતાની પાસે પડેલાં પેલાં અસલ રજવાડી કપડાં યાદ આવ્યાં. તેણે નિર્માતાનું ધ્યાન દોર્યું. આવાં મામુલી કપડાંમાં રાજકુમાર શોભતો નથી. પોતાની પાસે એને શોભે એવાં કપડાંનો ભંડાર ભરેલો પડ્યો છે. જો તેમની ઈચ્છા હોય તો બીજે દિવસે તે કપડાં મોકલી આપવાની તેણે તૈયારી બતાવી. નિર્માતાએ ભેરવસિંહના અત્યારના દિદાર જોતાં એ કપડાં માટે બહુ રસ ન બતાવ્યો, પણ બાપુ પાણીમાં આવી ગયા હતા તે એમ માને ખરા. બીજે દિવસે બધાં કપડાં મોકલી આપવાનું કહીને ભેરવસિંહ બાપુ વિદાય થયા.

બીજે દિવસે હજુ ફિલ્મવાળા ઊઠ્યાય ન હતા ત્યાં ભેરવસિંહ ગાડામાં મોટીમોટી ચાર પેટીઓ લઈને આવી પહોંચ્યા. બધા કલાકારો ને કારીગર વર્ગ ભેગો થઈ ગયો ને બધાની વચમાં પેટીઓ ખોલવામાં આવી ને પેલા શંકરભાઈ ડ્રેસવાળાના મ્હોમાંથી સીસકારો નીકળી ગયો. પોતાની જિંદગીમાં તેમણે આવાં મોઘાં કપડાં આટલાં સામટાં જોયાં ન હતાં. રંગ, જરીકામ, કસબ અને સીલાઈ બધું જાણે એના સિધ્ધહસ્ત કારીગરોને હાથે જ થયું હતું એ પહેલી જ નજરે પરખાઈ આવતું હતું. મનોમન તેમનાથી તેની કીંમતનો અંદાજ મૂકાઈ ગયો, બેઅઢી લાખથી ઓછામાં તો ન જ થાય.

'બાપુ, આ તો અસલ રજવાડી ખજાનો કહેવાય. આની બરોબરીનાં કપડાં ફિલ્મોમાં ના પોસાય. અમારે તો રંગ અને ચળકાટ હોય એટલે ચાલી જાય. અમે લાઈટની ગોઠવણી એવી કરીએ કે બધાને એ સાચાં રજવાડી હોય એવાં લાગે. તમારા જેવા કોક રાણીજાયાને જ સાચા ખોટાની ખબર પડે. આવાં મોઘાં કપડાંમાં એક ડાઘો પડે તોય અમારે તો જીવ નીકળી ગયા જેવું લાગે.' તેણે બાપુને રાણીજાયા કહી મસ્કો મારી લીધો.

'ડાઘો પડે કે ખૂંચ પડે. કપડું હોય તો ફાટેય ખરું. એમ જીવ બાળ્યે કાંઈ ચાલે. લો તમે વાપરો આખી ફિલમમાં ચૂંથાશે કે ડાઘો પડશે તો કશો વાંધો નહીં, બસ!' ભેરવસિંહ વટમાં બોલી પડ્યો. નિર્માતા તો ખુશ થઈ ગયા. વગર ભાડે સાચા રજવાડી પોશાક. તેનું તો પચીસ હજારનું બજેટ બચી જતું હતું. પણ પેલા શંકરભાઈ ડ્રેસવાળાના મનમાં તો જુદા જ પ્લાન આકાર લઈ રહ્યા હતા. તેને થતું હતું કે આવા પોશાક આ જમાનામાં તે હવે કયારે પહેરવાના! તેને બદલે જો આપી દેતા હોય તો સીત્તેર એંશી હજાર આપી દઈએ તોય ખોટા નહીં.

'બાપુ એમ બરોબાર ન વપરાય. જો તમે ખરેખરા આપવા જ બેઠા હો તો મને આ બધા ડ્રેસ આપી દો. હું તમને એના પચાસ હજાર રૂપિયા આપીશ.'

ભેરવસિંહને થયું કે એની કયાંક સાંભળવામાં તો ભૂલ નથી થઈ ને. એ કપડાં કિમતી હતાં એની એને જાણ હતી પણ એના અહીં જંગલમાં બેઠે આટલા બધા પૈસા ઉપજે એવી તો એને સ્વપ્નેય આશા ન હતી. ને એનાથી ચીસ પડાઈ ગઈ : 'પચાસ હજાર!'

'બાપુ અત્યારે હવે જમાનો બદલાયો છે, ને આવા અસલ પોશાક પહેરવા જેવા દરબાર પણ હવે કયાં ભરાવાના છે. મહીં કોક જગ્યાએ તો આંતરીએ ડંખ પણ માર્યા છે. મને એમ કે જો બાપુ ખુશ થઈને આપી દેતા હોય તો ફિલમમાં પહેરનારેય બાપુને યાદ કરે. મારું વેણ રાખો બાપુ, પચાસને બદલે સાઠ હજાર આપીશ, બસ.'

ભેરવસિંહ બહારવટિયો જરૂર હતો પણ ચોરીનો માલ વેચવા જતો ત્યારે કડદા કરતા વાણિયાનો તેને પાકો અનુભવ થયેલો હતો એટલે શંકરભાઈની વાતોમાંથી તેને તેમની ગરજ વર્તાયા સિવાય ન રહી. વળી તેના હાથમાં આજે વણિયાને બદલે પટેલિયો ઝડપાયો હતો. તેણે કહ્યું : 'પટેલ, અમારે રજવાડાંમાં વસ્તુ સડી જાય ને ઉકરડે નાંખવી પડે તો ગનીમત પણ આમ વેચી દેવાની ના ગમે. છતાં તમને પોશાકો ગમ્યા છે ને મારે કશા ઉપયોગના છે નહીં. જે દિથી રાજપાટ ગયાં ને સરકારે સાલિયાણાંય બંધ કરી દીધાં તે દિથી મેં તો આવા રજવાડી ઠાઠ બંધ કરી દીધા છે. એટલે તમને આપી પણ દઉં જો તમે બરાબરની કિંમત આંકો તો. મારું માનશો આમાંના બેચાર પોશાકો તો પચાસપચાસ હજારથીય વધુ કિંમતે તૈયાર થયેલા છે. લાખ આપો ને લઈ જાવ.'

'ભલે બાપુ તમારું મન એમ માનતું હોય તો એમ, પછી છે કાંઈ! કાલે પૈસા મંગાવી લઈશ.' શંકરભાઈ મોકો હાથમાંથી જવા દેવા માગતા ન હતા. ને શંકરભાઈએ લાખની કિંમત મંજૂર કરી એટલે તો બાપુ મનમાં રાજીના રેડ થઈ ગયા, એમને તો આ કાળ વરસમાં હેલી થયા જેવું લાગ્યું હતું, એમણે મ્હોં પર એવું કાંઈ જણાઈ જાય નહીં એ માટે ઘણો પ્રયત્ન કરવો પડ્યો.

'પણ એક વાત છે. તમારે કોઈને કહેવું નહીં કે તમે મારા પોશાકો ખરીદ્યા છે. આમાં મારી આબરૂનો સવાલ છે.' ભેરવસિંહે પાણી પહેલાં પાળ બાંધી. તેનો કોક સાથીદાર જાણી જાય તો આટલી મોટી રકમની વાત સાંભળી તેના પેટમાં પાપ જાગે. પણ ભેરવસિંહે તો એમને બધા પોશાકો હજારમાં આપી દેવાની વાત કયાં ન હતી કરી!

શંકરભાઈનેય એવું જ જોઈતું હતું. તેમનેય આ વાત જાહેર કરવામાં નુકશાન જ હતું. તેમને એમ હતું કે એક લીલું થડિયું હાથમાં આવી ગયું છે. વાત જાહેર થાય તો બીજા હરીફો પણ આવી લાગે ને હવે પછી કશો કસવાળો ધંધો રહે નહીં. છતાં તેમણે મમરો મૂકી જોયો : 'આની સાથે શોભે એવા કોઈ દાગીના હોય તોય બાપુ મને રસ ખરો. વાત મારી અને તમારી વચ્ચે જ રહેશે એની ખાતરી રાખજો.'

ભેરવસિંહને થયું કે આ ફિલમવાળા એને લ્હેણે ઊતર્યા લાગે છે. તેની પાસે છેલ્લી બેત્રણ ધાડના દાગીનાની પોટલીઓ હજુ અકબંધ પડી હતી, ને આવોયે પટેલિયો જો રજવાડી માલ ગણીને પેલા વાણિયા કરતાં દોઢા પૈસા આપતો હોય તો તેને બતાવી જોવામાં શો વાંધો છે. તેણે શંકરભાઈને બાજુ પર બોલાવીને કહ્યું : 'છે તો ખરા અને આપીય દઉં, પણ તમે જો કડદા ના કરવાના હો અને વાત ખાનગી રાખવાનું વચન આપતા હો તો જ.'

'અરે એ શું બોલ્યા, વાત બહાર જતી હશે. બાપુ અમેય રજવાડાંનાં ઘણાં કામ કરેલાં છે. કોઈકે ભીડમાં હોયને વટાવ્યા હોય કે કોઈકે વધારાના પડ્યા હોય ને વટાવ્યા હોય, પણ અમારા પેટમાંથી વાત બહાર જાય જ નહીં. આ તો ઉતાવળ એટલા માટે કરું છું કે કાલે ભેગેભેગી થોડી વધુ રકમ મંગાવી લેવાય.' શંકરભાઈએ પટલાઈના પેચ ઊકેલ્યા.

'એવું હોય તો હું સાંજનો આ બાજુ નીકળીશ તો એમાંથી મારે કાઢી નાખવા જેવા જે દાગીના હશે તે તમને બતાવતો જઈશ. જો કિંમતમાં માફક આવશે તો ઠીક નહીં તો પડ્યા રહેશે વળી વધારે પાંચસાત વરસ.' ભેરવસિંહે પણ પેલા વાણિયાની નિશાળની બારાખડી ઘૂંટવા માંડી. તેને પોતાની ગરજ વર્તાવા દેવી ન હતી પણ તેને ખબર ન હતી કે શંકરભાઈ તેના કરતાં ઘણી નિશાળો વધારે ભણ્યો હતો.

ને તે દિવસે તો બેસવાનું બહુ મન હતું તોય ભેરવસિંહ ઊઠ્યો. તેને દાગીનાની પોટલીઓ છોડીને દાગીનાને સેટમાં સરખા ગોઠવવાના હતા. આ બાજુ શંકરભાઈને પણ પૈસા મંગાવવાની ગોઠવણ કરવાની હતી ને. બન્ને પોતાની રમત રમવામાં વ્યસ્ત હતા પણ લાગતું હતું કે ભેરવસિંહનું નસીબ તેજ હતું. અહીં જંગલમાં બેઠાં રોકડી થઈ જતી હતી ને તેય ચીંથરાં માનીને પેલા કેસરીએ પડતાં મૂકેલાં કપડાંના માગ્યા દામ ઊપજતા હતા.

સાંજના લગભગ ચારેક વાગ્યે ભેરવસિંહ દાગીના લઈને આવ્યો ને તેનોય સોદો થઈ ગયો. બધી મળીને ભેરવસિંહને સવા લાખની રોકડી થઈ ગઈ. શંકરભાઈએ પૈસા મંગાવવા માટે નજીકના શહેરમાં જઈને એમના માણસને મુંબઈ ફોન કરી દીધો ને બીજે જ દિવસે પૈસા લઈને માણસ આવી પણ ગયો.

ભેરવસિંહ બાપુને કારણે ફિલ્મ યુનિટને ગામમાંથી પણ સારો સહકાર મળતો હતો અને ફિલ્મનું કામ ધાર્યા કરતાં પણ વધુ ઝડપથી આગળ વધી રહ્યું હતું. જો આ આઉટડોર શૂટિંગ એક અઠવાડિયું વહેલું પૂરું થાય તો નિર્માતાના બે લાખ રૂપિયા બચવાના હતા. પછી ભેરવસિંહ બાપુની આગતાસ્વાગતામાં કશી મણા રહે ખરી!

તે દિવસે શૂટિંગ પત્યું એટલે બધા વળગી પડ્યાઃ 'પાર્ટી, પાર્ટી, પાર્ટી.' ને રાતે પાર્ટીની વ્યવસ્થા થઈ ગઈ. બાપુ તો એમાં જાણે મુખ્ય મહેમાન. પાર્ટી બરાબરની જામી, બાપુય બે ઘૂંટા વધારે પડ્યા પછી ખીલી ઊઠ્યા. કોઈકે મમરો મૂક્યો : 'બાપુ, આવી પાર્ટીમાં તમને રંગત નહીં આવતી હોય. બાપુ, તમારી કોઈ પાર્ટીની વાત કરો ને.'

ને બાપુ ખીલી ઊઠ્યા. સાચી તો નહીં પણ આ બધા તેમની શેહમાં આવી ગયેલા લોકોને ઓહો હો થઈ જાય એવી એક એમની પાર્ટીની વાત ભેરવસિંહ બાપુએ કહેવા માંડી : 'આ વાત છે આઝાદી પહેલાનાં બે વર્ષ અગાઉની. અમારું રજવાડું કરાંચી ને લહોરની વચ્ચે આવે. મારી ઉંમર તે વખતે માંડ પંદર વરહની. મહારાજ પાછા થયા ને મને કાચી ઉંમરે ગાદી મળેલી એટલે પાછી છોકરમત. પેલી કહેવત છે ને રાજા, વાજા ને વાંદરાં. તે ભાઈ એવું જ થયેલું.'

'બાપુ તમારી પાર્ટીની વાત.' પેલાએ પાછી ટકોર કરી તેને થયું હશે કે વાત આડે પાટે ચઢી જાય છે.

'તે ભઈલા એ પાર્ટીની જ વાત કરું છું. એક વખત એ પાર્ટીની વાત સાંભળશો પછી તમને બધી પાર્ટીઓ ફીકી લાગશે. એક વખત ધોળિયા ગવર્નરનો સંદેશો આવ્યો કે એક દિવસ માટે એ મારો મહેમાન થવાનો હતો, ને પાછો કહેવડાવે કે પરોણાગતમાં કસૂર ના થવી જોઈએ. મને થયું તારી માનો ધોળિયો મારું તું મને સમજ છ શું કે સામે ચાલીને પરાણોગત માગ છ. આજે તારી તો તારી પણ મારી આખી રૈયતની પરોણાગત કરી બતાવું. એક ધોળિયાની ચાકરી કરું તો મારી રૈયતે બાપડી એ શો ગુનો કર્યો છે.'

'રંગ છે બાપુ તમારી દિલેરીને.' કોઈકે પાછળથી ટહુકો કર્યો ને બાપુ ઓર ખીલી ઊઠ્યા. પ્યાલીઓ તો ભરાતી હતી ને ખાલી થતી રહેતી હતી, પછી બાપુને બોલવામાં મણા રહે ખરી!

'મેં ચારેય બાજુ માણસો દોડાવ્યા. જ્યાં મળે ત્યાંથી જેટલી મલે એટલી વિલાયતી વ્હીસ્કીની બોટલો લઈ આવો. પાવો તો અસલ વિલાયતી જ. ગામ આખામાં કહેવરાવી દીધું જમવાનું ને પીવાનું દરબાર ગઢમાં પેલા ધોળિયાની સંગાથે. નાતજાતનો કશો ભેદ નહીં. ચિકન ને બીરિયાનીનું જમણ. વાંણિયા બાંમણ માટે સાદુંય ખરું. મારે મારી રૈયતને પરાંણે વટલાવવી ન હતી.'

'તે બાપુ બધાય આવેલા ખરા!' બાપુ સ્હેજ પ્યાલી બદલે કે કોક મમરો મૂકે જ.

'આવે જ ને. દરબારગઢનું નોતરું હોય પછી ના કેમ આવે! બધા આવેલા. ને મેં પણ પેલા ધોળિયાને બતાવી આપવા જ ચોકની વચ્ચે ફુવારાનો હોજ હતો તે સાફ કરાવીને તેમાં પેલી વિલાયતી વ્હીસ્કીની બોટલો ઠાલવી દેવરાવી હતી. તમે માનશો મારા માણસો બધી મળીને બેતાળીસસો બોટલો લઈ આવેલા તે બધી એમાં ઠાલવ્યા પછીય હોજ ચાર આંગળ ઊણો રહી ગયેલો તેનો તો મને આજ સુધી વસવસો રહી ગયો છે.'

'તે બાપુ બેંતાળીસસો બોટલ! ચાર હજાર ને ઉપર બસો!' બોલનારનાં મ્હોં આશ્ચર્યથી પહોળાં થઈ ગયાં.

'હા, ચાર હજારને ઉપર બસો.એમાં એક ઓછી નહીં. દરબાર ગઢની સામેના આખા ચોકમાં જાજમો પથરાવેલી. જ્યાં જુઓ ત્યાં સેવગાંઠિયાનાં તગારાં બૂકડા મારવા માટે મૂકેલાં. પીવાની તો કોઈને બંધી નહીં, હોજમાંથી પ્યાલી ભરે ને પીવે. કશી રોકટોક નહીં. પેલો ધોળિયોય મોઢામાં આંગળાં નાખી ગયેલો. આખી રાત એ પાર્ટી ચાલેલી. પેલા ધાળિયાને પરોણાગત ચાખવી હતી તે બરાબરની ચખાડેલી. મારા સમ ને તમારા સમ કરીને એને એટલું પીવડાવેલું કે એવાયે ખુરસી સાથે ડેલીના ચોતરા પરથી પાછળ ઊથલી પડેલો.

'ને સવારમાં જુઓ તો ચોકમાં પાંચસો જણા પડેલા હાથમાં પ્યાલી સાથે. ને તમે માનશો એમાં પેલા વાણિયા ને બાંમણેય થોડા ખરા.' કહેતાં બાપુએ વાત પૂરી કરી. સાંભળનારા બધા આ રજવાડી ઠાઠ સામે વિચારમાં પડી માથાં ધૂણાવી રહ્યા.

આ બાપુ કયારેય કચ્છનો સીમાડો ઓળંગીને ઉપર ગયેલા જ નહીં પણ કોઈને શંકા ન પડે ને પોતાની જાગીરની ભૂગોળ ઉખેડે એવું તેમને થવા દેવું ન હતું એટલે તેમની જાગીર પાકિસ્તાનમાં ગઈ હોવાનું કહેલું. કોઈને ત્યાં સુધી જવાની કે જૂના પોપડા ઉખેડવાની વૃત્તિ જ ન થાય. બાકી જે સમયની એમણે વાત કરી એ સમયે તો એમની ઉંમર પૂરાં સાત વરસની પણ ન હતી. પણ અહીં કોને જનમનો દાખલો બતાવવાનો હતો!

ને પેલો કેસરીસિંગ ચૂનો ચોપડી ગયો તે પછી પહેલી વખત ભેરવસિંહના હાથમાં આવી મોટી રકમ આવી હતી. અને પેલો નવાબનો ખજાનો લૂંટ્યો તેની રકમ તો હાથમાં આવી હતી એમ કહેવું એય વધુ પડતું હતું. આ રકમ તો તેના હાથમાં આવી ન આવી ને કેસરીસિંગ હાથ મારી ગયો હતો ને ભેરવસિંહ રહી ગયો હતો હાથ ઘસતો. અને આજે આ ફિલમવાળાને કારણે વળી તેને બે પૈસા જોવાના મળ્યા હતા તેય પેલા નવાબના ખજાનામાથી બચેલાં ચીંથરાંના.

ભેરવસિંહને થયું કે જો આ કપડાંના આટલા બધા પૈસા ઊપજતા હોય તો એ આખા ખજાનાના તો તેણે મૂકેલી ગણતરી કરતાં પણ વધુ ઊપજે એ વાતમાં શક નહીં. અત્યારે તો તેના નસીબમાં આ સવા લાખ આવ્યા તે પણ નસીબની બલિહારી જ સમજવી જોઈએ. તેણે ભગવાનનો આભાર માન્યો કે તેણે શંકરભાઈ જેવો પારખુ માણસ અહીં વગડામાં મોકલી આપ્યો કે જિંદગીમાં પહેલી વખત આવી રકમ તેને જોવા મળી.

હમણાં સરકારી ભીંસ આ તરફ વધુ હતી એટલે એમની ટોળી આખી વિખરાઈ ગઈ હતી ને ભેરવસિંહનો હાથ પણ ભીડમાં હતો. જે થોડા એની પાસે બચેલા હતા એ બધા તો કેસરીસિંગની શોધમાં એણે વાપરી નાખ્યા હતા. અને એ ભીડને કારણે જ એણે કેસરીસિંગની શોધ કરવાનું હમણાં બંધ રાખ્યું હતું ને ટોળીના બધાને વિખેરી નાખ્યા હતા.

અનુક્રમ ⇒

## ૭ :-દેશની હવામાં

છેલ્લા છ મહિનામાં ભેરવસિંહ કેસરીસિંગે આપેલા આંચકામાંથી બહાર આવી ગયો હતો. તેણે પોતાની ટોળીને પાછી જમાવી દીધી હતી, ને નાની મોટી ચોરીચકારી કરી થોડી રકમ એકઠી પણ કરી લીધી હતી. ને ભલું થજો પેલી ફિલમ

કંપનીવાળાનું કે એમણે એને પાછો પગભર કરી દીધો હતો. પણ સ્હેજ નવરાશ મળે કે તેનું મન પાછું કેસરીસિંગની પાછળ દોડી જતું હતું. તેને હવે ખજાનો ચોરાયો એ કરતાંય વધુ કેસરીએ કરેલા વિશ્વાસઘાત પર ગુસ્સો આવતો હતો. તેને કોઈ પણ રીતે વેર લેવું હતું પણ કેવી રીતે તે એની સમજણમાં ઊતરતું ન હતું. તેણે તપાસ કરી તે જો સાચી હોય તો કેસરીસિંગ વિલાયત કે અમેરિકામાં હોવો જોઈએ. અને ત્યાં જઈને વેર લેવાનું ભૈરવની શકિતની બહારનું કામ હતું.

જેમ પોતાની પહોંચની બહારનું તે કામ હતું તેમ કેસરીસિંગની પણ પહોંચ બહારનું જ હતું છતાં તે છટકી ગયો હતો ને પોતે હાથ ઘસતો રહી ગયો હતો. અને આ વાતનું એને મોટું દુખ હતું. પોતાના હાથ નીચેનો એક માણસ પેતાને બુધ્ધુ બનાવી જાય એથી શરમજનક બીજું શું હોઈ શકે! કેટલી રકમ તે તફડાવી ગયો છે તેનો ચોકકસ આંકડો કોઈ સાથીદારને તે કહી શકે તેમ ન હતો, છતાં બધા એટલું તો જાણી જ ગયા હતા કે ઘણી મોટી રકમ તે ઉઠાવી ગયો હશે. તેના ગયા પછી બોસ જાણે ભાંગી પડ્યા હોય એવા જ લાગતા હતા. વારંવાર મુંબઈના ફેરા કરતા હતા ને કેસરીની ભાળ મેળવવા હવાતિયાં મારતા હતા.

તેનાં મુંબઈનાં વર્તૂળોએ વિલાયતમાં જઈને તેને પતાવી દેવાની સલાહ આપેલી પણ ભૈરવસિંહનામાં એટલી હિંમત ન હતી. મૂળ સવાલ ભાષાનો હતો. પોતે લગભગ અંગૂઠાછાપ હતો, કાઠિયાવાડની ગામઠી નિશાળમાં ચાર ચોપડી ભણ્યો હતો તેય આ જાકૂબીના ધંધામાં એ ભૂલી ગયો હતો. ને હવે તે ઈંગ્લીશ ભાષા શીખી શકે એ અશકય હતું.

તેને મનમાં વરંવાર એક સવાલ ઊઠતો હતો કે જે પોતાને માટે અશકય હતું તે કેસરીસિંગ માટે પણ અશકય જ હતું, તો પછી તે કેવી રીતે ત્યાં ભાગી ગયો અને આજે છ મહિના કરતાં પણ વધુ સમયથી ત્યાં ટકી શ્કયો! કે પછી બધાની આંખોમાં ધૂળ નાખી એ હરામની ઓલાદનો દેશમાં જ કયાંક સંતાઈને બેઠો હશે ! કેસરીસિંગના પ્લાનની કડી ભૈરવસિંહ મેળવી શકે એ વાતમાં માલ જ ન હતો. એ તો જે કેસરીસિંગ જાણવા દે એટલું જ જાણવાનો હતો.

પણ કેસરીસિંગ દેશમાં જ કયાંક સંતાયો હોવાની શંકા થતાં જ ભૈરવસિંહના ખાલી મગજને જાણે કામ મળી ગયું. તેને પહેલાં તો થયું કે પોતે આટલી બધી તપાસ કરાવી છે અને તેમાં એક જ વાત બહાર આવી છે કે કેસરીસિંગ બીજા મુલકમાં જ ભાગી ગયો છે તો પછી તે આ જ દેશમાં હોવાની વાતમાં તથ્ય જ શું હોય! પણ તેમ છતાં દેશમાં તપાસ તો કરવી જ જાઈએ.

એટલે તેણે કેસરીસિંગ દેશમાં જ કયાંક છુપાયો હશે એમ માની દેશમાં ચારે તરફ તપાસ કરાવવા માંડી. તેણે તેના સાથીદારોને જ્યારે જ્યારે નવરાશ મળે ત્યારે જુદાંજુદાં શહેરોમાં તપાસ માટે મોકલવા માંડ્યા. તેના પેલા ભેદીઆ પણ તપાસમાં મંડી પડ્યા હતા. પણ કેસરીસિંગ દેશમાં હોય તો મળે ને. તે તો અમેરિકામાં લ્હેર કરતો હતો. રોજ બાતમીદારો વીલે મ્હોંએ પાછા આવતા હતા ને ભૈરવસિંહ વધુ ને વધુ નાસીપાસ થતો જતો હતો. ને હવે તો તેને ખાતરી થઈ ગઈ હતી કે કેસરીસિંગ વિલાયત કે અમેરિકામાં જ કયાંક છુપાયો હતો.

વધારે ગુસ્સો તો તેને પોતાની જાત પર આવતો હતો કે કેસરીસિંગ જો વિલાયત કે અમેરિકા જઈ શકે તો પોતે કેમ ન જઈ શકે! એને જો અંગ્રેજી વગર ચાલ્યું તો પોતાને પણ શા માટે ન ચાલી શકે? તેણે આવા વિચારો કેટલીયવાર કર્યા હતા ને પોતે એવું ન કરી શકે, એ વાત એણે વારંવાર સ્વીકારી લીધી પણ હતી. છતાં જેટલીવાર તે સ્વીકારી લેતો હતો, તેટલીવાર તે બીજા બીજા પ્લાન પણ બનાવતો હતો.

તે ઘણીવાર પેલી સંગેમરમર હોટેલના મેનેજરને પણ મળી આવતો હતો અને કેપ્ટનના સમાચાર પૂછી આવતો હતો. આજે પણ તે મંબઈ આવ્યો. ને હોટેલના મેનેજરને મળવા પણ ગયો ઃ 'કોઈ ખબર છે કેપ્ટન કુલદીપસિંહના ?' તેણે મેનેજરને પૂછ્યું.

'ના સાહેબ, તે તમને ને અમને બેઉને ભૂલી ગયા લાગે છે. મોટા માણસ છે, કામની ધમાલમાં ભૂલી પણ જાય. પણ મને ચોકકસ લાગે છે કે એ કોઈ વખતે અચાનક જ આવીને ઊભા રહેશે અને કહેશે : 'મારા રૂમની ચાવી લાવ, હવે છ મહિના સુધી બહાર જ નથી નીકળવું. તેમને સાહેબ, બહાર નીકળવાનો બહુ કંટાળો. ઘણી વખત તો બેચાર દિવસ રૂમમાંથી બહાર જ ન નીકળે ને.' મેનેજરે કહ્યું.

ને ભેરવ મનોમન વિચારી રહ્યો : 'એ બેટમજી કયાંથી બહાર નીકળે, આવો મોટો હાથ મારીને ભાગ્યો હોય તો સંતાઈને જ પડ્યો રહે ને.'

પણ બોલ્યો ત્યારે બીજું જ : 'એ આવશે એ તો મનેય ખબર છે પણ કાગળબાગળ લખે તો મળવા આવવાની સમજણ પડે ને. આ વખતે મારે એમના સ્વાગતમાં કશી મણા રહેવા દેવી નથી. એમનેય લાગવું જોઈએ કે કોઈ ભાઈબંધ સંબંધ જાળવી શકે એવો છે.'

મેનેજરને પણ કેપ્ટન પાછા આવી જાય એમાં રસ હતો. તેમનું કામ કરતાં મેનેજરનુંય મહત્ત્વ વધી ગયું હતું. બૅંકર, પેલો એજન્ટ, પેલો નાણાં બદલનારો આડતિયો, અરે! પેલો ટેકસીવાળો એ બધાય જ્યારે મળતા ત્યારે કેપ્ટન વિશે પૂછતા જ હતા ને. એ બધાને એમ હતું કે હોટેલ મેનેજરે પોતાની વગ વાપરીને તેમને કામ અપાવ્યું હતું. ને એટલે એ બધા મેનેજરનો અહેસાન માનતા હતા.

પોતાના મુંબઈના સાથીદારો પાસે આવીને ભેરવે બધી વાત કરી. પાછી ચર્ચા અને પાછી એ જ સલાહ. વળી એક સાથીદારે તો ત્યાં સુધી કહ્યું કે જો એને ટિકીટ કઢાવી આપે તો તે જઈને ચોકકસ ભાળ મેળવી લાવશે, એટલું જ નહીં પણ તાલ પડે તો એનું કાસર પણ કાઢી નાખશે. અને જો ભેરવસિંહે પોતે જ જવું હોય તો તેને માટે અંગ્રેજી શીખવાનું બહુ અઘરું નથી. આજે તો ટયૂશન રાખીને બે મહિનામાં તો સામાન્ય અંગ્રેજી શીખી શકાય છે. જો તેની ઈચ્છા હોય તો એવી ગોઠવણ થઈ શકે એમ છે. ને ભેરવસિંહને વિચારવાની એક નવી બારી જાણે ખૂલી.

અચાનક તેને એક વિચાર આવ્યો. તેનો દૂરનો સગો અમેરિકામાં વર્ષોથી રહેતો હતો તેને પત્ર લખી કેસરીનો પતો મેળવવાનો. ને તેણે એ ધરમનું કામ તરત જ કરી નાખ્યું. તેણે એના એ મિત્રને તરત જ પત્ર લખી નાખ્યો. એમાં એણે બધી વિગત જો કે ન લખી પણ તેને અંગે કેસરીસિંગને ખબર ન પડવી જોઈએ કે કોઈ તેને વિશે પૂછપરછ કરી રહ્યું છે, આ વાતની ખાસ કાળજી રાખવાની ખાસ સૂચના તેણે એ મિત્રને જરૂર આપી હતી.

તેના એ મિત્રનું નામ હતું અનિલ ઠાકોર. અમેરિકા જતા પહેલાં તે પણ ભેરવની સાથે જાકૂબીના ધંધામાં સામેલ થયેલો એટલે ભેરવને એની પર વિશ્વાસ હતો. અને જાકૂબીના ધંધાથી પરિચિત એવા એ મિત્રને પણ ભેરવને મદદ કરવા કરતાં એની પાસેથી ખિસ્સાખર્ચી પડાવવામાં વધુ રસ હતો.

ભેરવને એ ખબર ન હતી કે અમેરિકામાં કોઈને શાધવો હોય તો પૂરતા પૈસા ને પૂરતું આયુષ્ય હોય તો જ પડી શકાય. અને તેના આ અજ્ઞાનનો લાભ લેવાની તક સામે ચાલીને આવી હતી અને તેનો લાભ લેવાનું ચૂકી જાય એવો અબુધ તો આ ઠાકોર ન્હોતો જ. ભેરવની સાથે કામ કરતાં તેને ભેરવનો જે અનુભવ થયો હતો એ કાંઈ એવો સુખદ ન્હોતો કે આટલે દૂર સુધી આવ્યા પછી પણ એને માટેની વફાદારીની ભાવના જાગૃત રહી શકે.

ભારત કરતાં ત્રણઘણો માટો દેશ અને એના કરતાં પાંચમા ભાગની વસ્તી. કયાંથી કોઈને શોધી શકાય. વળી કાળા, ધોળા અને પીળા બદમાસોની વચ્ચેથી કોઈ એક માણસને શોધવો એટલે ઘાસની ગંજીમાંથી સોય શોધવા બરાબર હતું. પણ એની ભેરવને કયાં ખબર હતી! એને તો જે કહો તે જ તે સાચું માનવાનો હતો.

ફોન મળતાંની સાથે જ તેના મનમાં જાતજાતના પ્લાન આકાર લેવા લાગ્યા. એક પ્લાન તેણે મનમાં ફાઈનલ પણ કરી દીધો, છતાં તેણે તેને અમલમાં મૂકતા પહેલાં દસેક દિવસની  વાટ જોવી યોગ્ય ગણી. એટલે અનિલ ઠાકોર ભેરવનું કરી નાખવાના મનસુબા ઘડવા માંડ્યો હતો. ને એકબે અઠવાડિયાંની મુદત જવા દેવાનું નકકી કરી તે પોતાનું મહત્ત્વ વધારવા માગતો હતો.

પણ આ દરમિયાન તે કાંઈ નવરો બેસી ન્હોતો રહ્યો. તેણે ફોન કરી ભારતમાંના તેના કોન્ટેકટ મારફતે ભેરવસિંહ અને કેસરીસિંગ વિશે શકય એટલી માહિતી એકઠી કરી લીધી હતી. અને ભેરવસિંહને કેસરીસિંગ માટે આટલો બધો ભાવ કેમ ઉભરાઈ આવ્યો છે, એ પણ એણે જાણી લીધું હતું.

હવે તેણે યોગ્ય સમયે યોગ્ય સોગઠી ખેલવાનું વિચારી લીધું હતું. એણે કેસરી અને ભેરવ બન્નેની લાચારીનો લાભ ઉઠાવવાનું નકકી કર્યું હતું. આ માટે તેણે પહેલાં કેસરીસિંગનો પતો મેળવવા માટેની વિધિ શરૂ કરી દીધી હતી. એક વખત કેસરીની ભાળ મળી જાય પછી તો તેની પાંચેય આંગળીઓ ઘીમાં. એને કેસરીસિંગના નવા નામ કેપ્ટન કુલદીપસિંહનીય ખબર હતી.

કેસરીસિંગ મોટો હાથ માળીને ભાગી છૂટયો છે, એટલે તેની પાસે પૈસા ઘણા હશે અને તેને માથે જોખમ પણ એટલું જ વધારે હશે. જેમ માથે જોખમ વધારે તેમ તેની પાસેથી પૈસા કઢાવવાની આસાની પણ વધુ. અનિલ ઠાકોર અમેરિકામાં પણ સીધા ધંધામાં સ્થિર થયો ન હતો. કોઈપણ સીધા ધંધામાં ઝડપથી પૈસા ન મળે તે વાત તેણે ગુરુમંત્ર તરીકે સ્વીકારી લીધેલી હતી. ને જાકુબીના ધંધાની તો અહીં અનેક શાખાઓ હતી. દરેકને પોતાની આવડત મુજબનું કામ અને મહેનતાણું ને ઘણી વખત સજા પણ મળી રહેતાં હતાં. એટલે ઠાકોર કયારેય નવરો રહેતો ન હતો. કયારેક કામ તો કયારેક સરકારી મહેમાનગતિમાં તે વ્યસ્ત રહેતો હતો.

કેસરીસિંગ મોટી એટલે કે ઘણી મોટી ધાપ મારીને નાઠો છે, એટલી જ વાત બધા જાણતા હતા એમ ભેરવસિંહ માનતો હતો પણ એ સાચું ન્હોતું કોઈક જાણભેદુએ પેલા નવાબી ખજાના અને ભેરવસિંહની કડી મેળવી લીધી હતી. અંધારી આલમમાં એ ખજાનાએ ભારે ચકચાર જગાવી દીધી હતી. વાત ફરતી ફરતી ભેરવસિંહ પાસે પણ આવી હતી ને પોતે ગમે તેટલો છુપાવવા માગે તો પણ હવે વાત છાની રહેવાની ન હતી. હવે તો ભેરવસિંહને બહાર નીકળવામાં પણ શરમ લાગવા માંડી હતી. અંધારી આલમમાં બધા તેની સામે આંગળી ચીંધતા હતા. કેટલાક એની દયા ખાતા હોય એમ તો કેટલાક એની મૂર્ખાઈ સામે. કેટલાકે તો તેની સામે કેસરીસિંગની હિંમતને પણ દાદ દીધી હતી, ત્યારે ભેરવને તો ધરતીમાં સમાઈ જવાનું મન થઈ આવ્યું હતું.

હવે તો પોતે નહીં તો કોઈ બીજાને મોકલીનેય એ કેસરીને પાઠ ભણાવવો એવું ભેરવે મનોમન નકકી કર્યું. અને કોઈ સાથીદાર સાથે હોય તો પોતાને પણ ત્યાં જવામાં શી મુશ્કેલી! પોતાને બદલે કોઈ બીજાને મોકલવાની વાતમાંથી જ તેનું પોતાનું જવાનું સરળ થઈ ગયું એટલે ભેરવનામાં નવી સ્ફૂર્તિ આવી ગઈ હોય એમ વરતાયું. તેણે પરદેશ જવાની તૈયારી કરવા માંડી. એના ખજાના વિશે જાણ્યા પછી તેના મિત્રોની સંખ્યામાં અણધાર્યો વધારો થઈ ગયો હતો. કેટલાક એ ખજાનાની લાલચને વશ તેની સાથે ભળ્યા હતા, તો કેટલાક કૂતુહલવશ તો કેટલાક અંધારી આલમના વણલખ્યા સિધ્ધાંત મુજબ મુશ્કેલીમાં પડેલા વ્યવસાયબંધુને મદદરૂપ થવાના શુભ આશયથી જ તેની સાથે જોડાયા હતા. ગમે તેમ પણ બધાનો એક જ મકસદ હતો, કેસરીને ઝબ્બે કરી ખજાનો પાછો મેળવી આપવાનો.

કેટલાકને બદલામાં ભાગની પણ આશા ખરી પણ અત્યારે બધા જ્યારે મદદ કરવાની જ વાત આગળ કરી રહ્યા હતા ત્યારે બીજું બોલવું હોય તોય બોલાય તેમ ન હતું. એવા તકસાધુઓ માનતા હતા કે પડશે તેવા દેવાશે. ઈંગ્લેન્ડ અને અમેરિકાવાળા જેમ મદદ આપવાના હોબાળા હેઠળ ઊંચા વ્યાજની લોનો જ પધરાવતા હોય છે તેમ અંધારી આલમના આ સાગરિતો પણ મદદના ઓઠા હેઠળ લાભની અપેક્ષા રાખતા જ હતા.

લાગતું હતું કે કેસરી એ બેપાંખિયા વ્યૂહમાં ફસાઈ જશે.જો કે કેસરીના પક્ષે અગત્યની વાત એ હતી કે પેલો મોડ્સએપરન્ડીનો નિયમ ત્યાં કામ આવી શકે તેમ ન હતો. કોઈ માણસ સંતાવા પ્રયત્ન કરતો હોય તો તેને શાધી કાઢવાના રસ્તા હોય છે. પણ કોઈ માણસ સંતાવા પ્રયત્ન જ ન કરતો હોય અને સામાન્ય રીતે રહેતો હોય તો તેને શોધવો એ અઘરું કામ બની રહે છે.

અનિલ ઠાકોરના અંડરવર્લ્ડ સાથેના સંબંધો ઘણા હતા અને તે સમયે અમેરિકામાં ઈંડિયનની વસ્તી ઘણી ઓછી હતી એટલે વહેલોમાંડોય કેસરીસિંગ પકડાયા સિવાય તો રહેવાનો ન્હોતો જ . આ તરફ કેસરી સજાગ રહેતો હતો પણ એટલો સજાગ નહીં કે પોતાના પડછાયાથી પણ ડરતો રહે. એને તો હજુ એમ જ હતું કે ભેરવસિંહનું તેને શોધી શકવાનું ગજું ન હતું પણ આ બધા તેની સાથે ભળી ગયા હશે એ વાતની તેને હજુ ખબર ન હતી. ને ભેરવસિંહ અમેરિકા આવે એ તો એની કલ્પનામાંય ન્હોતું.

જાનકી આવતે અઠવાડિયે અમેરિકા આવતી હતી, પરણવા આવતી હતી કે મળીને પાછી જવાની હતી એની તો ખૂદ કેસરીને પણ ખબર ન્હોતી. તે આવશે ને તેને બધું માફક આવશે તો શક્ય છે કે તે કેસરી સાથે લગ્ન કરવા માટે તૈયાર થઈ જાય. જો કે રેવામાને એવો કશો વસવસો ન હતો. તે તો માનતાં હતાં કે એમના કુલદીપથી સારો છોકરો આખા અમેરિકામાં શાધ્યોય જડે તેમ નથી.

ને એમ જાનકીના અમેરિકા આવવાનો દિવસ આવી પહોંચ્યો.

પણ સામાન્ય ગણિતમાં જે વાતને લાખોમાં એક કહેવાય એવી વાત બની જાય ત્યારે માણસ માત્ર ઈશ્વરને યાદ કરીને જ રહી જાય છે. ઘણી વખત આપણે તેને કાગનું બેસવું ને તાડનું પડવું એવું ગણી કાઢીએ છીએ. અને જે ગણો તે પણ એવું થયું જ. કેસરી ને કાકા જાનકીને લેવા એરપોર્ટ પર ગયા હતા ત્યારે. જે પ્લેનમાંથી જાનકી ઊતરી એ જ પ્લેનમાંથી ભેરવ તેના એક સાથીદાર સાથે ઊતર્યો.

કેસરીએ તેમને ઊતરતાં જોયા ને તેનું મન આંચકો ખાઈ ગયું. એક તો બન્ને પહેલી વખત પરદેશમાં આવેલા એટલે બધા અવનવા અને અપટુડેટ માણસો વચ્ચેથી રસ્તો કાઢવામાં તે એવા ગૂંથાયેલા હતા કે કેસરી તેમની સામે જઈને ઊભો રહે ને વાત કરે તોય તેઓ આજે તો તેને ઓળખી શકે તેમ ન હતા. અને સામે પક્ષે કેસરી પણ એટલી હદે બદલાઈ ગયો હતો કે બે દિવસ પછીય જો તે સામો મળે તોય તેઓ તેને ઓળખી શકવાના ન હતા. પણ એક વાતથી કેસરી અજાણ હતો. તે બેયને તેના કુલદીપસિંગના નામની જાણ થઈ ગઈ હતી. જો કેસરીએ આ જાણ્યું હોત તો તેના અખા શરીરમાં વીજળીનો ઝાટકો લાગ્યો હોત.

ભેરવસિંહ પાસે કેસરીસિંગનો, દાઢી ન હોય તો તે કેવો લાગે એવો સ્કેચ કરાવેલો ફોટો હતો, અને કેસરીસિંગ મનતો પણ હતો કે એમ હશે. છતાં એ ફોટા પરથી અત્યારના કેસરીને ઓળખી કાઢવાનું પણ સહેલું ન હતું. કેસરી ઘણો બદલાઈ ગયો હતો. તેનો રંગ પણ થોડો ઊઘડ્યો હતો. ને તેણે વાળને રંગીને આછા સોનેરી કરી નાખ્યા હતા એટલે કોઈ

એને પહેલી નજરે તો ઓળખી શકે એ શકય ન હતું. છતાં ભૈરવે કેસરીને જોયો ન હતો અને કેસરીએ ભૈરવને જોયો હતો. કેસરીને થયું કે ભગવાન એને પક્ષે હતો, કેસરી જાગૃત થઈ ગયો. દુશ્મનો આવી ગયા હતા.

અવા ચિંતાજનક વાતાવરણમાંય કેસરીના દિલમાં આનંદ ઊભરાઈ રહ્યો હતો. જાનકી આવી હતી ને. જાનકીને જોઈને રેવામા હરખનાં માર્યાં, પાણીપાણી થઈ ગયાં : ' આવી રૂપાળી વહુ આણે કેવારની હંતાડી રાખેલી. હવે તો ટું હા કહે કે ના કહે પણ એક મહિનામાં લગન કરી જ લાખવાનાં છે.'

જાનકી કે કેસરીને બોલવાનો માકો આપે તે તો પછી એ રેવામા જ શાનાં! પેલાં બેઉએ લગભગ નકકી કરી જ દીધું હતું છતાં રેવામાના ઉત્સાહે તેમનો નિર્ણય જાહેર કરવાની ઉતાવળ કરવાની ફરજ પાડી. ને રેવામાએ એમની ગજવીમાંથી કાગળની ચબરખી કાઢી અને આખા ન્યૂયોર્કના એકમાત્ર ગોર માનશંકર ભટ્ટે કાઢી આપેલા મૂરતની તારીખ જાહેર કરી. હવે એમાં મીનમેખ થાય નહીં એક તો માનશંકર ભટ્ટે કાઢી આપેલું અને ઉપર રેવામાએ એમના સંકલ્પનો શિકકો માર્યો, પછી એમાં બાકી શું રહે!

ને કુલદીપને તો બાપડાને હસવું ને હાણ બેઉ ભેગાં થઈ ગયા જેવો ઘાટ થઈ ગયો હતો પણ કહે કોને, અને કહે તેય કેવી રીતે! એણે હજુ કોઈને સાચી ઓળખાણ આપી હોય તો ને! ને તેણે પોતાના હંમેશના નિયમ મુજબ મન મનાવી લીધું, પડશે એવા દેવાશે. તેને જે પણીએ મગ ચઢે એ પાણીએ મગ ચઢવા દીધા સિવાય છૂટકો જ કયાં હતો. એને એક વાતે સંતોષ હતો કે એણે ભૈરવસિંહને જોઈ લીધો હતો પણ એણે પોતાને હજુ જોયો ન હતો.

પણ તે દિવસે જયારે બેઉ એકલાં પડ્યાં ત્યારે કેસરીસિંગે જાનકીને પોતાની પૂરી કથની કહી દેવાનું નકકી કર્યું : ' જો જાનકી, તું મને જેવો જાણે છે એવો હું નથી. મારો ભૂતકાળ આખો ચોરી-ડકાયતીમાં વીત્યો છે. મારી પાસે પૈસા ઘણા છે પણ તે મારા નથી અને હું તેમાંની એક પાઈ પણ આપણે માટે વાપરવા ઈચ્છતો નથી. મારી પાસે જે છે તે બે હાથ ને બે પગ છે. હું હવે તેમને જ સહારે બાકીનું આયખું પૂરું કરવા માગું છું. તું જો મારી સાથે પરણશે તો તને દુખી નહીં થવા દઉં એ વાત નકકી.'

'પૈસા વધારે હોય કે ઓછા તું જો મારી સાથે હોય તો મને આખી દુનિયા સ્વર્ગ જેવી લાગશે. કામ કરીને પરસેવાની કમાણી પર જીવવું, એનાથી રૂડું શું! કે પછી તારો વિચાર બદલાયો છે!' જાનકીએ મીઠી ટકોર કરી લીધી.

'ના મારો વિચાર બદલાયો નથી કે બદલાવાનો નથી પણ મને મનમાં થાય છે કે તને મારી પહેલાંની જિંદગી વિશે મારે બધું કહી દેવું જોઈએ. પછી તને મારી સાથે પરણવું કે નહીં એ વિશે નવેસરથી વિચારવાનો મોકો મળે. હું ચોર હતો, ચોર જ નહીં પણ ડાકુ અને લૂટારો પણ હતો. નસીબ જોગે મારે હાથે કોઈનું ખૂન થયું નથી એટલો ભગવાનનો પા'ડ.' કેસરીસિંગે કહેવા માંડ્યું.

'એ રાત ગઈ રાતની વાત ગઈ. હવે તેનું શું છે! અત્યારે તું કેવો છે તેની સાથે મારે નિસ્બત છે. હવે તો તું પાછો એ ધંધામાં જવા માગતો નથી ને.'

'કાંઈ કહેવાય નહીં મન તો મારું કહે છે કે એ રસ્તે જવાનું તો શું પણ એની સામું પણ ન જોઈશ, પણ મનમાં બીજો પણ વિચાર આવે છે કે એક વખત વેર લઈ લઉં પછી એ બાજુ નજર પણ નહીં નાખું.'

'વેર શાનું, ભૂંડા વેર તો કાયરો લેતા હોય છે. મરદને તો તરત ઘા ને તરત ફેંસલો. ચોપડે લખીને વાણિયાની પેઠે વેરનો હિસાબ માંડવાનો ન હોય. જે વીતી ગયું તેને ભૂલી જવામાં જ મોટાઈ છે. તારે વેર લેવું હોય તો હું આડે નહીં આવું,

પણ મારું માને તો વેરની વાત જ મનમાંથી કાઢી નાખ. આપણે સુખી તો જગ સુખી એમ માનીને શાંતિથી જીવવું એ જ સાચી રીત, બાકી તો તને ગમે તે કર, મને કશો વાંધો નથી.' જાનકીએ એના મનની વાત કહી.

'તારી વાત સાચી છે પણ તું અમારો કાયદો જાણતી નથી. અમારો તો જંગલનો કાયદો છે. મારો નહીં તો મરી જાવ. જો હું એ લોકોને દબાવી ન દઉં તો એ લોકો વખત આવ્યે મારો જ ખત્મો બોલાવી દેશે. એટલે મારે ના છૂટકે પણ તેમની સામે હથિયાર ઉઠાવવાં પડે એવી પરિસ્થિતિ ઊભી થયેલી છે. એટલે એક વખત તો તારે મને છૂટ આપવી જ પડશે. પછી હું તને વચન આપું છું કે હું એ બાજુ નજર પણ નહીં કરું.'

'મે તને વચને બાંધ્યો નથી કે મારે તને છૂટ આપવાની હોય. આપણા લગ્નજીવનને આંચ ન આવે એટલું હું તારી પાસે માગું છું. કારણ કે આવાં કામનાં પરિણામો માઠાં જ આવતાં હોય છે. પણ એક વાતની તું ખાતરી રાખજે કે સારા કે ખરાબ સમયમાં પણ હું તારે પડખે જ હોઈશ.'

'જો તું મારી સાથે હોય તો જગતની કોઈ મુશ્કેલી મને નડશે નહીં એનો મને પૂરો ભરોંસો છે. હા એક વાતનું ધ્યાન રાખજે, મારા વિશે રેવામા કે દલાબાપાને કશું જણાવ્યું નથી ને જણાવવાનું પણ નથી. એમના મનમાં આપણે માટે જરાય ચિંતા થાય એવું આપણે થવા દેવું નથી.' કેસરીસિંગે જાનકીને ખાસ ટકોર કરી.

'મનેય એવું લાગે છે. એ લોકો આપણાં સાચાં મબાપ હોય એમ આપણને ચાહે છે, તો આપણેય એમનાં સાચાં સંતાનો બની રહેવું જોઈએ. એમણે તારામાં એમના દીકરાની છબી જોઈ છે તો આપણે એમના એ વિશ્વાસને ઠેસ પહોંચે એવું કશું ન કરવું જોઈએ.'

'તારા આવા વિચારો જાણી મને કેટલો આનંદ થયો છે એ હું તને કેવી રીતે સમજાવું. મારા તો મનમાં જ વસી ગયું છે કે જેટલાં આપણે તેમને સુખી કરીશું એટલાં જ આપણે પણ સુખી થઈશું.' કેસરીએ જાનકીનો હાથ પોતાના હાથમાં લઈ સજળ નેત્રે કહ્યું.

ને સાંજ નમવા આવી હતી છતાં બન્ને કયાંય સુધી પેલાં બે વડીલોની જ વાતો કરતાં રહ્યાં. જ્યાં સુધી લગન ન થાય ત્યાં સુધી જાનકી રેવામાની સાથે સૂવાની હતી એટલે એ એમને ઘેર ગઈ. પણ બીજી તરફ પેલાં બે પણ એમની જ વાતો ન્હોતાં કરતાં શું!

ને રેવામાની ઉતાવળ, ચારે બાજુનાં કામની ધમાલ અને કુલદીપના આગ્રહને કારણે લગ્ન સાદાઈથી કરવાનું નકકી થયું. ને વીસ પચીસ માણસોની હાજરીમાં માનશંકર ભટ્ટે એમને પરણાવી આપ્યાં. રેવામાને તો આ લગન થયાં એ જ મોટા આનંદની વાત હતી એટલે એમણે પણ એમાં ભપકો કરવાનો ખાસ આગ્રહ રાખ્યો ન હતો. ને કુલદીપના મનમાં બીજી યોજના આકાર લઈ રહી હતી એટલે એને લગ્ન જેટલાં વહેલાં ને સાદાઈથી પતી શકે એટલાં વહેલાં અને સાદાઈથી પતાવવાં હતાં જ.

અનુક્રમ ⇒

## ૮ :-કેસરીસિંગનું કોઠાયુધ્ધ

એક બાજુ લગ્નની ધમાલમાંથી હજુ હમણાં જ નવરાશ મળી હતી, બીજી બાજુ  મોટેલનું કામ પણ વધી ગયું હતું. અને હમણાં જ શરૂ થયો હતો ત્રીજો મોરચો. કેસરીસિંગે એ નવા મોરચા અંગે નવી જ રીતે વિચારવા માંડ્યું હતું. એણે

પેલી ફેકટરીમાં કામ કરતાં થયેલા એક ખાસ મિત્રની મદદ એ કામમાં લેવાનો પ્લાન વિચાર્યો હતો. એ મિત્ર હતો સ્કૉટ વિલિયમ્સ. લગ્ન પતાવી હનીમૂન પર જતા પહેલાં તેના આ પ્લાનનો અમલ થવા માંડે એવો તેનો વિચાર હતો.

તેણે જો ભયમૂકત રહેવું હોય તો તેણે આ ગુંડા ટોળીનું ધ્યાન બીજી દૂરની જગ્યાએ વાળવું જોઈએ. જો કે હજુ સુધી તેને એ પણ ખબર ન્હોતી કે દેશમાંથી આવેલા એ બે જાણાને અમરિકામાં કોણ ભેદીઓ છે. કોઈ તો હશે જ કારણ કે ભૈરવસિંહ કે તેના સથીદારની અમેરિકામાં એકલા ફરવાની કે કોઈની તપાસ કરવાની આવડત ન હતી.

કેસરીસિંગને પૂરો વિશ્વાસ હતો કે પોતાની ચાલનો ભેદ પકડી શકે એવો કાબેલ કોઈ માણસ એની સાથે જોડાયો હશે નહીં જ. છતાં શકય હોય તો બધું પહેલેથી જાણી લીધેલું સારું. જરૂર પડે તો એ ભેદીઆને ભૈરવસિંહ સામે ભીડાવીને હોળી ઉજવી શકાય. કેસરીને આવા કામમાં વધુ રસ હતો. તે બંદુકબાજ ન હતો, પણ આવા અનેકવિધ નુસ્ખા મારફતે ધાર્યું કામ કઢાવી લેવાની કળામાં તે ઘણો કાબેલ હતો. અને આ તો હતું તેની વેરની વસૂલાતનું પહેલું પગથિયું. કેસરીસિંગ એમાં કશી કચાશ રહેવા દે ખરો! પેલા લોકોની તપાસનું કેન્દ્રબિંદુ પોતાને બદલે કોઈ અજાણી જગ્યાએ કોઈ કલ્પિત વ્યકિત તરફ સ્થિર થાય એવો ત્રાગડો રચવા તેણે કમર કસી.

સૌ પહેલાં તો તેણે સ્કૉટ સાથે તેમને ઓળખાણ થાય એવો ત્રાગડો વિચારવાનો હતો. એ માટે તેણે સ્કૉટને બધી સમજણ પાડી દીધી. ને બીજે દિવસે જ્યારે ભૈરવસિંહ, ફતો ને અનિલ ઠાકોર એક મોટેલમાંથી બહાર નીકળ્યા ત્યારે સ્કૉટે તેમને આંતર્યા : 'You, Indian. You my friend. Do you have tobacco? I like Indian people, I like Indian tobacco.'

લઘરવઘર કપડાં, ભાંગ્યું તૂટ્યું અંગ્રેજી ને ગળા સુધી પીધેલો હોય એવા આ અમરિકનને જોઈને ભૈરવ અને ફતાને આશ્ચર્ય થયું. અનિલ ઠાકોરે જાણ્યું કે દોસ્તી કરવાની તક સામે ચાલીને આવી છે તો વધાવી લેવી જોઈએ. એને લાગ્યું કે આ માણસને આવી રીતે તંબાકુ માગતાં ઘણા દેશીઓ સાથે પનારો પડયો હશે, કદાચ એ કેસરીસિંગ સુધી તેમને દોરીય જાય. ને કદાચ એવું ન થાય તોય મૂઠી તંબાકુનું જ મોત હતું ને.

તેમણે તેને તંબાકુ અને ચૂનો આપ્યાં. ને તેમણે પણ ચૂનો ને તંબાકુ ઘૂટીને મસાલો તૈયાર કર્યો. મસાલો કેમ બનાવવો એ એને શિખવવું પડે એમ ન હતું. બધા મસાલાની ફાકી ગલોફાંમાં દબાવીને બેઠા એટલે ઠાકારે શરૂ કર્યું : 'મને લાગે છે કે તમારે ઘણા ઈંડિયનો સાથે દોસ્તી હશે. તમે કયારેય આ માણસને જોયો છે ? એ મારો દોસ્ત છે.' કહેતાં તેને કેસરીનો પેલો ફોટો બતાવ્યો.

સ્કૉટે એ જોયો, ઓળખ્યો ને કહ્યું : 'હા મેં એને જોયો છે. બહુ મજાનો માણસ છે. કેલીફોર્નિયાનો કેપ્ટન દીપ. એને તો ગ્ર ાન્ડ કેન્યનમાંય ઘણું મોટું એસ્ટેટ છે. હજુ તો બે અઠવાડિયાં પહેલાં જ એ અહીં હતો. તમે એને બે અઠવાડિયાંથી જ ચૂકી ગયા.' સ્કૉટે કહ્યું ને પેલા લોકોની આંખોમાં જાણે રોશની આવી. તેમને થયું કે કોઈ સારા શુકનમાં તેમને સ્કૉટનો ભેટો થયો હતો.

'હા, કેપ્ટન કુલદીપસિંહ, તમારી પાસે એનો ફોન નંબર હશે! આમારું તેમને મળવું બહુ જરૂરી છે.' ને દીપને બદલે કુલદીપ બોલાયું એટલે સ્કૉટને જે જાણવું હતું તે જાણવા મળી ગયું. તેને ખબર પડી ગઈ કે તેમને કેપ્ટનના નામની ખબર હતી. એટલે કે કેસરી મનતો હતો તેનાથી વિપરીત, આગંતુકો તેના કેપ્ટનના કવરથી પરિચિત હતા. હવેનું દરેક પગલું તેણે જોઈ વિચારીને ભરવું પડશે એ તેને સમજાઈ જશે. એવો વિચાર સ્કૉટને આવી ગયો.

'મારી બહુ મોટી ભૂલ થઈ ગઈ, એણે મને સરનામું અને ફોન નંબર લખી આપ્યાં હતાં પણ મારાથી ક્યાંક આડે હાથે મુકાઈ ગયાં છે. આજે હું ફરીથી શોધવા પ્રયત્ન કરી જોઈશ. જો તમે મને કાલે મળો તો કદાચ હું તમને તે આપી શકું.'

'મહેરબાની દોસ્ત જો તમે એટલું કરી આપો તો. નહીં તો અમારે તેને શોધવામાં ઘણી મહેનત પડશે. એમ કરો કાલે આપણે સાથે લંચ લઈશું.' અનિલ ઠાકોરે કહ્યું. અને બધા છૂટા પડ્યા.

પણ બીજે દિવસે સ્કૉટને નંબર મળ્યો ન હતો, બધા લંચ લેતાં વાતે વળગ્યા તેમાંથી અનિલ ઠાકોરે એક વાત તારવી લીધી કે સ્કૉટ કુલદીપનો ઘણો નિકટનો દોસ્ત બની ગયો છે. ઊઠતાં તેણે સ્કૉટને ફરીથી ટકોર કરી જોઈ : 'એને શોધવાનો બીજો કોઈ રસ્તો ખરો ?'

સ્કૉટે ડોકી ધૂણાવી ના કહી પછી ઉમેર્યું : 'જો તમારે એને ખરેખર શોધવો જ હોય તો તમે અહીંથી સીધા સાન હોઝે જાવ. એને સાન હોઝેમાંય ઘર છે. વળી ત્યાં ઈંડિયનોની વસ્તી પણ ઓછી છે, પણ એ ત્યાં જાણીતો માણસ છે એવું મારું માનવું છે. અને ત્યાં તે કદાચ તે તમને નહીં મળે તો તેનું ગ્ર ાન્ડ કેન્યનનું સરનામું તો તમને ત્યાંથી મળી જ રહેશે.'

પેલી ટોળકીને થયું કે ચાલો પહેલા જ પગલે સારા શુકન થયા. સાન હોઝે કાંઈ નજીક ન હતું પણ આટલી સારી લીડ મળી છે તો વહેલામાં વહેલી તકે સાન હોઝે જવા ઊપડી જવું જોઈએ. તેમને થયું કે તેમનું નસીબ જોર કરતું હતું, નહીં તો તેઓ આખું વર્ષ ન્યૂયોર્ક કે ન્યૂ જર્સીમાં કેસરીની શોધ કર્યા કરત ને કેસરી ગ્ર ાન્ડ કેન્યનમાં લ્હેર કરતો હોત. હવે બેટમજીઓ તમે ગ્ર ાન્ડ કેન્યનમાં લ્હેર કરજો ને હું અહીં શાંતિથી તમારો તમાસો જોતો હોઈશ, કેસરી સ્કૉટ પાસેથી બધી વાત જાણ્યા પછી મનમાં જ બબડ્યો.

જેમ એ લોકો પોતાને નસીબદાર માનતા હતા તેમ આ તરફ કેસરી અને સ્કૉટ પણ પોતાને એટલા જ નસીબદાર માનતા હતા. તેઓ જે વાત પેલા લોકોના મનમાં ઠસાવવા માગતા હતા તે સાવ સ્હેલી રીતે તેમના મનમાં ઊતરી ગઈ હતી. હવે તે લોકો કેસરીને ગ્ર ાન્ડ કેન્યનમાં શોધ્યા કરશે અને કેસરી ફ્લશીંગમાં આરામથી રહેતો હશે. આ વિશે તેના અને સ્કૉટ સિવાય બીજા કોઈને તેમણે કશો અણસારો આવવા દીધો ન હતો.

હવે કેસરીને બીજો પણ એક વિચાર આવ્યો. તેને થયું કે ભેરવસિંહ અમેરિકામાં છે ત્યાં સુધી જો પોતે ઈંડિયા જઈ આવે તો ત્યાંનો મામલો જાણી ત્યાંની બાજી આસાનીથી ગોઠવી શકાય તેમ છે. ને તેણે હનીમૂન માટે ઈંડિયા જવાનો વિચાર જાહેર કર્યો. કાકા કે રેવામાને તો કશો વાંધો હતો જ ક્યાં, તેમણે તો તેને થોડો વધુ વખત રહીને જાત્રા પણ કરતા આવવાની સલાહ આપી. કેસરીએ સ્કૉટને બધો પ્લાન વિગતે સમજાવી દીધો ને બીજે જ અઠવાડિયે વરઘોડિયું ભારતને રસ્તે ઊપડ્યું.

આ વખતે કેસરીસિંગે મુંબઈને બદલે દિલ્હી પર પસંદગી ઉતારી હતી. હવે તે એટલો બધો બદલાઈ ગયો હતો કે કોઈ ઓળખી જાય એ બીક તેને ન હતી પણ વખત છે ને ભેરવે થોડીઘણી વાત જાણી હોય અને થોડીઘણી કલ્પના દોડાવી હોય તો કોઈકને મુંબઈની સંગેમરમર હોટેલ પર નજર રાખવાનું સોંપ્યું પણ હોય. જો આમ બન્યું હોય તો એ હોટેલમાં જવું જોખમ વહોરી લેવા બરાબર હતું. તેના કરતાં દિલ્હી સારું હતું. ભેરવસિંહની પહોંચ કદી ત્યાં સુધી ન હતી તેની કેસરીને બરાબર જાણ હતી.

દિલ્હીથી તેણે મુંબઈની સંગેમરમર હોટેલ પર ફોન કર્યો. મેનેજરે તરત આવાજ ઓળખી કાઢયો : 'ઓહો, કેપ્ટન સાહેબ, ક્યાંથી બોલો છો?'

'જુઓ હું સરકારી કામે આવ્યો છું, હું આવ્યો હતો અને મેં તમને ફોન કર્યો હતો એ વાત કોઈને કહેવાની નથી. આ તો તમને મિત્ર ગણ્યા છે એટલે ફોન કર્યો.' કેસરીએ મેનેજરને ખુશ કર્યો.

ને મેનેજર કેપ્ટને પોતાને મિત્ર ગણ્યો એ વાતથી ફુલાઈને ફાળકો થઈ ગયો. 'આપ મારા જેવા સામાન્ય માણસને મિત્ર જેવો ગણો છો એ આપની ઉદારતા અને મારું સદ્‌ભાગ્ય છે. મારે લાયક કોઈ કામ હોય તો ફરમાવો, સાહેબ.' તેણે કહ્યું.

'એવું ખાસ કામ તો નથી પણ દેશમાં આવવાનું થયું છે તો થયું મેનેજરને પૂછી લઉં કશી નવાજૂની હોય તો.'

'નવાજૂની તો સાહેબ કશી નથી પણ આપના ભાઈબંધ રાઘવદાસ વારંવાર તમારે વિશે પૂછપૂછ કર્યા કરતા હોય છે. તમે ઈંદોરમાં તેમને મળેલા ને પછી તરત પરદેશ ચાલ્યા ગયા એટલે તે અવારનવાર આવીને તમારે વિશે પૂછતા હોય છે.'

'રાઘવદાસ! જુઓ હું કોઈ રાઘવદાસને જાણતો હોવાનું મને યાદ આવતું નથી કે હું એવા કોઈ માણસને ઈંદોરમાં મળ્યો પણ નથી. તમે એને મારે વિશે શું કહ્યું છે?' કેપ્ટને પૂછ્યું. જો કે એને ખ્યાલ તો આવી જ ગયો કે આ રાઘવદાસ ભેરવસિંહ જ હોવો જોઈએ.

'મારો તો કાયમ એક જ જવાબ હોય છે, કેપ્ટન સાહેબના કોઈ ખબર નથી. પણ સાહેબ, મને એવી ઊડતી વાત મળી છે કે એ તમને મળવા માટે પંદરેક દિવસ પહેલાં અમેરિકા જવા ઊપડી ગયા છે.'

હવે કેસરીસિંગને ખબર પડી ગઈ કે આ રાઘવદાસ કોણ હશે. તેણે કહ્યું : 'જુઓ રાઘવદાસ નામનો મારો કોઈ મિત્ર નથી પણ એ કોણ હશે એની મને ખબર પડી ગઈ છે, એ કોઈ દોસ્ત તો નથી જ. પણ આપણે પણ હવે એને એની રીતે જ જવાબ આપવો પડશે. હું અહીં આવ્યો છું એ વાત કોઈને કરશો નહીં, તેમનો બીજો કોઈ સાથીદાર આવીને પૂછે તો કહેવું કે મારા તરફથી કશા સમાચાર નથી. હું તમને પાંચસાત દિવસમાં ફરીથી ફોન કરીશ.'

હવે કેસરીએ ભેરવને બરાબરનો પાઠ ભણાવવાનો પાકો નિશ્ચય કરી લીધો. તેણે મનમાંને મનમાં પ્લાન બનાવ્યા ને બદલ્યા કર્યા, જ્યાં સુધી એ કોઈ ચોકક્સ પ્લાન પર સ્થિર ન થયો ત્યાં સુધી. ને છેવટે તેને મન ભાવતો પ્લાન એણે ઘડી કાઢયો. તેણે ખજાનાની મૂળ જગ્યાની બાજુમાંની જ એક ગૂફાની જગ્યાની પસંદગી કરી અને એક જૂના કાગળ પર વાંકાચૂંકા અક્ષરે એક નકશો બનાવ્યો. ગૂફાની ઘણે અંદર જ્યાં સીધા ઊભા રહેવાય  એવું પણ ન હતું ત્યાં ચોકડી મારીને ખજાનાની નિશાની દોરી. વળી જ્યાં સીધા ઊભા રહેવાય એવું પણ ન હતું ત્યાં આઠ બાય દસની જાગ્યામાં લગભગ દસ ફૂટ ઊંડે ખજાનો પ્લાસ્ટીકમાં લપેટીને દાટયો હોવાનું પણ લખ્યું. મનમાં એવું પણ વિચાર્યું કે ખજાનો લેવા નીકળ્યા છે તો છો ને વધુ ઊંડે સુધી ખોદતા. જેમ વધુ  ઊંડે ખોદશે તેમ વધુ મોટો ખજાનો મળશે.

વળી આ નકશા સાથે એક કાગળ પણ લખી ને મૂકયો. આ કાગળ તેણે ડાકુ માનસિંહ ઉપર લખ્યો હતો. તેમાં તેણે એક વાતનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો હતો કે આ નકશામાં બતાવેલો ખજાનો તેણે ડાકુ ભેરવસિંહની પાસેથી લૂટેલો છે, અને તેની સંપૂર્ણ માલિકી ફકત તેની પોતાની એકલાની જ છે. માનસિંહ આ ખજાનો કાઢીને નીચે જણાવેલા સરનામે પહોંચાડશે તો તેને ખજાનાનો ત્રીજો ભાગ મળશે, અને તેમાં કશો દગો કરવાની કોશીશ કરશે તો તેણે જાનથી હાથ ધોઈ નાખવા પડશે.

આમાં ખજાનો લઈને જે જગ્યાએ પહોંચાડવાનો હતો તે જગ્યા પણ તેણે કાળજીપૂર્વક પસંદ કરી હતી. તે જગ્યા હતી કાનપુરની ખાટકીવાડ. અને જેને માલ પહોંચાડવાનો હતો તેનું નામ હતું, રમઝાનુદ્દીન મલેક. જો કે તે જાણતો જ હતો કે ત્યાંથી કોઈ ખજાનો મળવાનો ન હતો કે તેને પહોચાડવાનો હતો પણ હતો નહીં પણ આવું લખવાથી તેમને નકશાના

સાચાપણા અંગે વધુ શ્રધ્ધા બેસશે અને ખજાના માટે કહ્યા કરતાંય બે ફૂટ વધુ ઊંડું ખોદશે. ચાલો એ બહાને એમને થોડી કસરત તો થશે.

ને ખજાનો હાથ નહીં લાગે તો એ ટોળકી પેલા રમઝાનુદ્દીને શોધશે. ભગવાનની મહેર હશે તો કોઈ રમઝાન તેમને મળી પણ જશે. કોઈ માથાભારે રમઝાન મળે તો મજા આવે. તેણે જણાવેલો મહોલ્લો ખટકીવાડનો હતો એટલે જો કોઈ રમઝાન મલેક મળશે તો માથાભારે જ મળશે અને જામશે પણ સારી. આવું થાય ત્યારે હાજર રહેવાનું તેનું ઘણુંય મન હતું પણ કામ વગરનું જોખમ લેવાની તેની હાલ તો તૈયારી ન હતી.

પણ તે ઈંડિયા ફકત આ કામ માટે આવ્યો ન હતો. તે તો આવ્યો હતો હનીમૂન માટે. એટલે તેણે બધું પડતું મૂકીને હવે તે પરત્વે ધ્યાન આપવાનું નકકી કર્યું. જાનકીની ઈચ્છા હતી દિલ્હી, આગ્રા જવાની ને રેવામાએ જાત્રા કરતા આવવાનું પણ ફરમાવ્યું હતું એટલે એ જ રસ્તે ગોકુળ, મથુરાં ને વૃંદાવનની જાત્રા પણ કરી આવવાનું તેમણે નકકી કર્યું. બીજાં બધાં કામ ત્યાં સુધી વાટ જોશે.

દિલ્હીથી એક કાર ભાડે કરી તે બન્ને ઊપડ્યાં જાત્રાએ. રેવામા માટે જાત્રાનો પરસાદ પણ લીધો. પોતાની શ્રધ્ધા કરતાં રેવામાની આજ્ઞાની શ્રધ્ધા તેમને મન ઘણી હતી. પાછા ફરતાં આગ્રાનો તાજમહાલ પણ તેમણે જોયો. એકલા કરતાં બે જણ સાથે હતાં એટલે તેમને તાજમહાલ વધુ નયનરમ્ય લાગ્યો. સમયની પાબંધી ન હોત તો તેમને દસ દિવસેય ઓછા પડ્યા હોત એમ તેમને લાગ્યું. હવે તો જ્યારે આવવું હોય ત્યારે આવી શકાશે એમ વિચારતાં બન્ને પાછાં ફર્યાં.

દિલ્હી આવી કેસરીએ સૌથી પહેલો ફોન હોટેલ સંગેમરમરના મેનેજરને કર્યો. તેમાં તેણે મેનેજરને જણાવ્યું કે પોતે મુંબઈ આવતો હતો અને હોટેલ રાજધાનીમાં ઊતરવાનો હતો. તણે મેનેજરને રાજધાનીમાં મળવા આવવાનું સૂચવ્યું હતું. ને તે જ રાતે બન્ને પ્લેનમાં મુંબઈ પહોંચી ગયાં.

તે મુંબઈ પહોંચ્યાં તેના એક જ કલાકમાં મેનેજર તેમને મળવા માટે આવી પહોંચ્યો. કેસરીસિંગને પરણી ગયેલો જોઈ તે ખૂબ ખુશ થયો. કેસરીસિંગે તેને અમેરિકાથી લાવેલી ભેટ આપી. પછી બન્ને કામની વાતોમાં પરોવાયા. કેસરીએ તેને જણાવ્યું કે પોતે તેને એક બંધ પરબિડિયું આપે છે તે તેણે પેલા રાઘવદાસને આપવાનું હતું અને તેને એમ કહેવાનું હતું કે કેપ્ટને તેને આ પરબિડિયું આપ્યું હતું અને તે કોઈ માનસિંહ નામના માણસને આપવાનું હતું પણ તે લેવા કોઈ આવ્યું ન હતું એટલે તે પરબિડિયું તે કેપ્ટનના મિત્ર હોવાથી તેને આપતો હતો, કારણ કે કેપ્ટનના મિત્ર હોવાથી તે માનસિંહને જાણતો હોય તો તે માનસિંહને પહોંચાડી શકે. તે આવી તક ઝડપી લેશે પણ જો તે અચકાય તો તમે તમારા વતી તે પહોંચાડવાની જવાબદારી તેને સોંપતા હો એવી રીતે તેને આ કવર વળગાડી દેવાનું છે.

પછી તેણે બૅંક મેનેજર, પેલા આડતિયા તથા ટ્રાવેલ એજન્ટને માટેની ભેટો તેને આપી ને પોતાના વતી આપી આવવા જણાવ્યું. 'અને તેમને કહેજો કે આ વખતે સમય ઓછો છે એટલે મળવાનું શકય બન્યું નથી પણ ફરી વખત આવીશ ત્યારે ચોકકસ મળીશ.'

બીજે દિવસે કેસરીસિંગે એક ખાનગી ડીટેકટીવ એજન્સીની મુલાકાત લઈને તેમને કેટલીક માહિતી મેળવવાનું કામ સોંપવાનું વિચાર્યું. આ માટે તેણે મોટેલના મેનેજરની સલાહ લીધી. મેનેજર તો એક જ વાત કહેવાનું શીખ્યો હતો : 'મારો એક દોસ્ત એ ધંધામાં છે. તમે કહેતા હો તો તેને અહીં જ બોલાવી લઈએ.'

ને બીજે દિવસે તે ડીટેકટીવને બોલાવીને લઈ આવ્યો. 'આ છે મહેશ નામેચા. તેમની ખાનગી ડીટેકટીવ એજન્સી છે. હવે તમે વાતો કરો ત્યાં સુધીમાં જાનકીબેનને બજારમાં ખરીદી કરવા જવું છે તો તેમને બજાર બતાવી આવું.' કહી

મેનેજર વિદાય થયો. કેસરીસિંગે નોંધ્યું કે તે પોતાની સીમા જાણતો હતો અને કયા સમયે પોતે હાજર ન રહેવું જોઈએ તે પણ સમજતો પણ હતો.

'પાછા તેમને એકલાં મૂકીને ન આવતા રહેતા. તે ઈંડિયા બીજી જ વાર આવે છે, તે ધ્યાન રાખજો. અને ખરીદીમાં પણ કોઈ છેતરી ન જાય તે જોજો.' કેસરીસિંગે મેનેજરને યોગ્ય કામ ભેરવી દીધું. ખરી વાત તો એ હતી કે કેસરીસિંગ મેનેજરને તેની સાથે ભેળવીને જોખમમાં ઉતારવા માગતો ન હતો.

બન્ને ગયાં એટલે કેસરીએ વાત શરૂ કરી : 'મારે કેટલીક તપાસ કરાવવાની છે. જે તપાસ કરવાની છે તે ખાનગી રાખવાની છે. અને મારે તમને કહી દેવું જોઈએ કે કામ જોખમવાળું છે.'

'એની તમે ચિંતા ના કરો અમે જોખમવાળાં કામ કરવા ટેવાયેલા છીએ. અને તમારું કામ ખાનગી જ રહેશે એની પણ ખાતરી રાખજો.' મહેશ નામેચાએ ખાતરી આપી.

'મારા કહેવાનો અર્થ એ હતો કે આ કામમાં આ હોટેલ મેનેજરને પણ કશું જણાવવાનું નથી. મારે તેને કામ વગર જોખમમાં નખવો નથી. હવે જુઓ મારે ગોમતીગઢના ડાકુ ભેરવસિંહ તથા તેની ટોળકી વિશે તથા તેમની હાલની અને આજ પછીની પ્રવૃત્તિ વિશે વિગતે માહિતી જોઈએ છે.'

'આ માટે મારે બેથી ત્રણ ઓપરેટીવની મદદ લેવી પડશે એટલે બધો મળીને મહિને બે હજારથી પચીસસોનો ખર્ચો થશે. બે મહિના પછી જો તમારે તેમના પર નજર રાખવી હશે તો મહિને પંદરસોનો ખર્ચ થશે. તમે જણાવશો ત્યાં તમને દર અઠવાડિયે એક વખત રીપોર્ટ મળી જશે. કાંઈ અગત્યની વાત બનતી હશે તો તરત જ ફોનથી રીપોર્ટ કરવામાં આવશે. પણ ફોનના પૈસા તમારે વધારામાં આપવા પડશે.'

'ખર્ચની બાબતમાં કશી ફીકર નથી પણ કામ પરફેકટ થવું જોઈએ. એક તકલીફ છે, તમે રીપોર્ટ કયાં મોકલશો તેની. પણ તેની હાલ તુરત તો કશી ચિંતા નથી કારણ કે ભેરવસિંહ હાલ તો અમેરિકા ગયો છે. અને હું હાલ અહીં છું એટલે તમે તેની ટોળી વિશે જે કાંઈ શોધી કાઢો તેની માહિતી તો તમે મને આવતે અઠવાડિયે રૂબરૂમાં આપી શકશો. પછી હું તમને અમેરિકાનો કોઈ પોષ્ટબોક્ષ નંબર અને એક ફોન નંબર આપીશ ત્યાં તમે મને અવારનવાર માહિતી મોકલતા રહેજો.' સ્હેજ વિચારતાં કેસરીએ કહ્યું.

'તે બાબતમાં તમે બેફિકર રહેજો. તમને સમયસર અહેવાલ મળતો રહેશે.' મહેશે કહ્યું અને પોતાની ફીનો ચેક લઈને વિદાય થયો. જાનકી તથા મેનેજર હજુ હમણાં પાછાં આવવાની શકયતા ન હતી એટલે કેસરીસિંગે પોતે પણ થોડું ફરી આવવાનો વિચાર કર્યો. કપડાં બદલી તે બહાર નીકળ્યો. થોડે જ દૂર પેલા દરજીની દુકાન હતી. તેને થયું, ચાલો બેચાર જોડી કાપડાં પણ સિવડાવી લઈએ. ને તે દરજીની દુકાનમાં પેઠો. એને એ દરજીની સિલાઈ પસંદ પડી ગઈ હતી ને હવે એની પાસે પરસેવાની કમાણીના પૈસાય હતા, શોખ કરવા માટે.

તેને જોઈતાં બેચાર જોડી કાપડાં માટે તેણે માપ આપ્યું. સ્કૉટ માટે પણ એક જોધપુરી સુટનું, અંદાજી માપ લખાવ્યું. પછી સામેની દુકાનમાંથી કાપડ પણ ખરીદીને તેને આપી આવ્યો. અમેરિકામાં સ્કૉટને તો તૈયાર કપડાં જ પહેરવાં પડતાં હતાં તેને બદલે અહીં કસ્ટમ મેઈડ જોધપુરીનો શોખ કરવો પોસાય તેમ હતો.

મોડેથી મેનેજર ને જાનકી બજારમાંથી ખરીદી કરીને પાછાં આવ્યાં એટલે કેસરીસિંગે મેનેજરને પણ સાથે જમવામાં લીધો. મેનેજર તો ઘણીય હાના કરતો રહ્યો પણ કેસરીસિંગે તેને સાથે લીધો જ. તેને મેનેજરમાં સાચા મિત્રનાં દર્શન થતાં

હતાં તો મેનેજરને તેનામાં એક ખાનદાની રાજવીની ઉદારતાનાં દર્શન થતાં હતાં. કેપ્ટનની સાથે જમતાં મેનેજર ધન્યતા અનુભવી રહ્યો હતો.

બીજે દિવસે મુંબઈનું કામ પતાવીને બન્ને દિલ્હી પાછાં આવી ગયાં. રાતે સ્કૉટનો ફોન આવ્યો, ભેરવ એન્ડ પાર્ટી હજુ કેલીફોર્નિયામાં જ કેપ્ટનને શોધતી હતી. કેસરીએ તે લોકો પાછા ઈંડિયા આવવા નીકળે તો તેમની ફ્લાઇટના નંબર અને સમય સાથેની વિગતો ફોનથી તરત જ જણાવવા તેને સૂચના આપી. તેના મનમાં બીજી એક યોજના આકાર લેવા લાગી હતી. તેણે ભેરવને વધુ ગૂંચવવાનું વિચાર્યું હતું.

પછી મહેશ પાસેથી પેલો રીપાર્ટ આવી જાય એટલે તરત જ ઈંગ્લેન્ડ ઊપડી જવાનું તેણે નકકી કરી નાખ્યું. મહેશના રીપાર્ટમાં ખાસ કાંઈ નવું ન હતું. ભેરવનો એક માણસ હોટેલ સંગેમરમર પર કાયમ નજર રાખતો હતો એ વાત એમાં જણાવી હતી, પણ એની શંકા તો કેસરીને પહેલેથી જ હતી એટલે તેને એમાં કાંઈ ખાસ લાગ્યું નહીં.

ઈંગ્લેન્ડ જતા પહેલાં તેણે મેઘજીભાઈ માટે ખાદીનાં લેંઘો-જભ્ભો અને ટોપી લીધાં ને સ્કૉટ માટે આરસનો એક તાજમહાલ તો તેણે લીધો જ હતો, વળી તેને માટે એક જોધપુરીય તેણે તૈયાર કરાવી જ દીધું હતું. રેવામા માટે તો જાનકીએ સાડીથી માંડીને ચપ્પલ સુધીની કેટલીય ચીજવસ્તુઓ લીધી હતી તો દલાકાકા માટેય બંડી, મફલર, બુઢિયા ટોપી ને જરમન સીલ્વરનો એક હોકોય લીધાં હતાં ને.

ને એક વહેલી સવારે કેસરી અને જાનકી મેઘજીભાઈની ડેલીએ આવીને ઊભાં રહી ગયાં. ઊંઘમાંથી ઊઠેલા મેઘજીભાઈ એ વરઘોડિયાને ઓળખે તે પહેલાં તો બેય જણાં તેમને પગે પડી ગયાં. હવે મેઘજીભાઈને ઓળખાણ પડી. ને એ બોલી ઊઠ્યા : 'લે ઊઠ મારા કુળદીપક, કહો કઈ બાજુથી આવો છો! અમેરિકાથી કે પછી દેશથી?'

'દેશમાં ગયા હતા તે પાછા ફરતાં થયું મોટાને મળતા જઈએ. એકાદ અઠવાડિયું અહીં રહીને જૂનાં ઓળખાણો તાજાં કરી લઈએ. ને તમને અમેરિકા આવવાનું નોતરુંય દેતા આવીએ. મોટા હવે રજા પાડો ત્યારે અમેરિકા ચોકકસ આવો, જવા-આવવાની ટિકીટ અમે મોકલીશું, ના ન પાડશો.' કેસરીને બદલે જાનકીએ જ કહી દીધું.

મેઘજીભાઈનેય અમેરિકા જોવાનો મોહ તો હતો પણ આમ છોકરાંને ખર્ચે જતાં તેમનો પગ પાછો પડતો હતો. ત્યાં કેસરી બોલી ઊઠ્યો : 'મોટા, તમે એકલા કમાવ છો ને અમે બે જણાં કમાઈએ છીએ અને તેય પાછું અમેરિકામાં. અને અમે ટિકીટ મોકલીએ એમાં કશું ખોટું નથી. એક વખત તમે અમને સાચવી લીધાં હતાં આજે અમારો એ ઋણ ઉતારવાનો વારો છે. ના ન પાડશો. તમે જણાવો તે તારીખની ટિકીટ મોકલી આપીશું.'

મેઘજીભાઈએ જવાબ ન આપ્યો પણ એવું લાગ્યું કે એમની ના બહુ ચાલવાની નથી. બધા નાહીધોઈ ને આરામથી બેઠા. આજે રવિવારનો દિવસ હતો એટલે મેઘજીભાઈને નોકરીએ જવાનું ન હતું. કોઈને ઉતાવળ ન હતી એટલે વાતોનો દોર ઘણો લાંબો ચાલ્યો. પણ ત્યાં જાનકીને અચાનક ખાવાનો ખ્યાલ આવ્યો ને બધાં બહાર ખાવા માટે ઊપડ્યાં.

અનુક્રમ ⇒

## ૯ :-ભેરવની અવદશા

સાન હોઝે કેટલું દૂર છે એની ભેરવ કે તેના સાથીદારને ખબર ન હતી. તેમને તો ગમે તે હિસાબે કેસરીને શોધી કાઢવો હતો અને તેની પાસેથી ખજાનો પાછો મેળવવો હતો. ખજાનો ન મળે તો તેના જાનથી તેનો બદલો લેવો હતો. જ્યાં સુધી ખિસ્સામાં પૈસા પહોંચતા હતા ત્યાં સુધી તો વાંધો ન હતો, પણ એક વખત પૈસા ખલાસ થવા માડશે પછી ભેરવ રઘવાયો થઈ જવાનો હતો. આ બધી દોડધામનું પરિણામ તો કશું આવવાનું ન હતું, તેની ખબર તેને ન હતી, પણ કેસરીને,

સ્કૉટને અને ખૂદ અનિલ ઠાકોરને સુધ્ધાં એની ખબર હતી. પણ અનિલ ઠાકોરને તો પાંચેય આંગળાં ઘીમાં હતાં પછી એ તો બોલે જ શું કરવા!

સાન હોઝેમાં આવી એણે પોતાની ગણતરી મુજબની રીતે જ પગલાં ભરવા માંડ્યાં હતાં. ખર્ચની બાબતમાં તેણે ચિંતા કરવાની ન હતી પણ આ ખર્ચમાંથી પોતાનો હિસ્સો કેમ કાઢી લેવો તેની જ વેતરણમાં તે રહેતો હતો. બધા એક સાથે તપાસ કરે તો વખત વધુ લાગશે અને કેસરીને ખબર પડશે તો કદાચ છટકી જશે, એમ સમજાવી પોતે એકલો અલગ જાય અને પેલા બે અલગ જાય એવો પ્લાન તેણે એ માટે જ રજૂ કર્યો હતો. પેલા બેને અલગ ફરવાની જ જ્યાં તેવડ ન હતી ત્યાં એકલા નીકળીને તપાસ કરવાની તો વાત જ શી! ના છૂટકે તેણે એ પ્લાન પડતો મૂકવો પડ્યો. પછી અનિલ ઠાકોર એક ભાડાની ગાડી લઈ આવ્યો અને બધા તપાસમાં નીકળી પડ્યા.

તે સમયે સાન હોઝેમાં ઈંડિયનોની વસ્તી ખાસ હતી નહીં એટલે પહેલાં તો કોઈ ઈંડિયનને શોધવાનું કામ કરવાનું હતું. આખી વેળાની રઝળપાટ પછી એક પંજાબીભાઈ મળ્યા. તેમને કેસરીનો ફોટો બતાવી પૂછ્યું તો કહે : 'આવો કોઈ માણસ અહીં સાનહોઝેમાં આજ સુધીમાં જોયો હોય એમ લાગતું નથી.'

'આ માણસનું નામ કેપ્ટન કુલદીપસિંહ છે અને તેનું અહીં મકાન પણ છે. જો કે તે કાયમ અહીં રહેતો નથી.' અનિલે સમજાવવા પ્રયત્ન કર્યો.

'હમણાંના ઘણા ઈંડિયનોએ મકાનો લેવા માંડ્યાં છે ખરાં પણ આને પહેલાં ક્યારેય જોયો હોય એમ લાગતું નથી.' પેલા પંજાબી લાલાએ માથું ધુણાવ્યું.

'એમ સાંભળ્યું છે કે એની ગ્ર ાન્ડ કેન્યનમાં મોટી જાગીર છે. મોટેભાગે તે ત્યાં જ રહેતો હોય છે. અહીંના મકાનમાં પણ કોઈકોઈ વખત આવતો હોય છે. કદાચ કોઈ બીજાએ એને જોયો હોય કે પરિચય પણ કદાચ થયો હોય.'

'એમ બની શકે તમે બીજાને પૂછી જુઓ.' કહેતાં પેલાએ ચાલવા કર્યું.

તો અનિલે તેને હાથ પકડી રોકી પાડતાં કહ્યું : 'પણ મુશ્કેલી એ છે કે અમે અહીંના બિલકુલ અજાણ્યા છીએ, આપણા બીજા દેશી ભાઈઓ ક્યાં મળશે તે જણાવો તો તેમને મળીને પૂછી શકાય.'

'બધા એક ઠેકાણે તો રહેતા નથી, પણ સીટીહોલ પાસેના સબ ડીવીઝનમાં આપણા થોડા દેશીઓ રહે છે. તેમાંના કોઈકને પૂછશો તો કદાચ માહિતી મળશે ને નહીં તો બીજા દેશવાસીઓની માહિતી તો મળશે જ.' પેલા ભાઈએ કહ્યું ને ચાલતી પકડી.

પછી પાછી રખડપટ્ટી, ગમે તેમ પણ તેમણે સીટીહોલ તો શોધી કાઢ્યો પછી પેલું સબડીવીઝન પણ મળી ગયું. બેચાર બારણાં ઠોકયા પછી એક જ્ગ્યાએથી કાંઈક આશાસ્પદ જવાબ મળ્યો પણ ખરો. એક જણાએ માહિતી આપી કે એક લશ્કરી અમલદાર છએક મહિનાથી બાજુના સબ ડીવીઝનમાં રહેવા આવ્યો છે ખરો પણ એ એટલો અતડો છે કે કોઈની સાથે ભળતો નથી.

ને બધું ટોળું ઊપડ્યું એ તરફ. મહામહેનતે પેલાએ બતાવેલું ઘર શોધી કાઢ્યું. બારણે જઈ બેલ માર્યો પણ કશો જવાબ મળ્યો નહીં. ભૈરવસિંહનો પારો ઊંચે ચઢતો જતો હતો. એક તો ત્રણચાર દિવસની રઝળપાટ અને કેસરી પરનો ગુસ્સો તેના મન પર સ્વાર હતાં. અનિલે તેને શાંત રહેવા ઈશારો કર્યો અને ફરીથી બેલ માર્યો. છતાં કશો અણસાર

અંદરથી સંભળાયો નહીં. હવે ભૈરવસિંહનો ગુસ્સો હદ વટાવી ગયો. 'એ સાલો આપણને આવતા જોઈને અંદર સંતાઈ ગયો હશે, પણ આજે હું એને છોડવાનો નથી.' તે બોલ્યો.

ને અનિલ તેને વારે તે પહેલાં તેણે હતી એટલી તાકાતથી બારણા પર રજવાડી લાત ઠોકી દીધી. બારણું બાર સાખ સાથે છૂટું પડી ને અંદર તૂટી પડ્યું. અવાજ સાંભળીને બે વાનાં એક સાથે બન્યાં. એક તો આ કોલાહલથી ગભરાયેલા કોઈ પાડોશીએ પોલીસને ફોન કરી દીધો અને ઘરની અંદર શરાબના ઘેનમાં ચકચૂર પડેલા કર્નલ ડીપી ઝબકીને જાગી ઊઠ્યા ને હાથમાં રાયફલ લઈને ધસી આવ્યા. તેમણે તૂટેલું બારણું જોયું ને અજાણ્યા માણસોને સામે ઊભેલા જોયા એટલે તેમનો ગુસ્સો હદ વટાવી ગયો. 'યુ બ્લડી ઈંડિયન' કહેતાં તેમણે રાયફલ તાકી. ભૈરવસિંહને પરસેવો છૂટી ગયો.

'વી આર સોરી, વી વેર લૂકીંગ ફોર એ ફ્રેન્ડ.' અનિલે વાતને વાળી લેવાનો પ્રયત્ન કરતાં કહેવા કર્યું .

'ઈઝ ધીસ એ વે ટુ લૂક ફોર એ ફ્રેન્ડ?' તૂટેલા બારણા સામે જોતાં કર્નલ તડુકયા.

ત્યાં તો પોલીસની બે ગાડીઓ ટીંટીં કરતી આવી પહોંચી. ને કોઈ કશું સમજે કે સમજાવવા પ્રયત્ન કરે તે પહેલાં તેમને ઘેરી લઈ હાથકડીમાં જકડી લીધા. હવે ભૈરવસિંહને ખબર પડી કે પોતે અરવલ્લીનાં કોતરોમાં નહીં પણ સાન હોઝેની શેરીઓમાં દાદાગીરી કરવા ગયો હતો. પોલીસવાળા પૂછે તેનો જવાબ આપવા જેટલું અંગ્રેજી એને આવડતું ન હતું અને પેલા પોલીસવાળા અનિલને વચમાં બોલવા દેતા ન હતા. ભૈરવને તો શું કરવું તેની વિમાસણ થઈ પડી.

જ્યારે અનિલનો વારો આવ્યો ત્યારે તેણે બને એટલી ચોખવટ કરવા પ્રયત્ન કર્યો, પણ તોડી પાડેલું બારણું અને કાર્નલની ફરિયાદની સામે તેનો ખુલાસો પાયા વગરનો જણાઈ આવ્યો. પોલીસે ત્રણેયને પોલીસવાનમાં બેસાડીને પોલીસ સ્ટેશને લઈ જઈને પૂરી દીધા. તેમને કહેવામાં આવ્યું કે બીજે દિવસે કાર્ટના સમયે તેમને કોર્ટમાં રજૂ કરવામાં આવશે, અને તે દરમિયાન તેમને દરેકને ફોન કરવાની અને વકીલ બોલાવવો હોય તો તેમ કરવાની છૂટ આપી.

ભૈરવ જ્યારે નાનો હતો ને મારામારીના ગુનામાં સંડોવાઈને જેલમાં ગયેલો ને પોલીસવાળાએ જે થર્ડ ડીગ્રી અજમાવેલી તેની બીક હજુય તેના દિલમાંથી ગઈ ન હતી. અહીં એવી પરોણાગત કયારે શરૂ થશે એની જ તે ધડકતે દિલે રાહ જોઈ રહ્યો હતો. અનિલને પણ તેની આ ફડકની ખબર પડી ગઈ હતી એટલે તે પણ તેની આ ફડકનો કેમ લાભ ઉઠાવવો તેની જ વેતરણમાં હતો. થોડી વારમાં તેના મનમાં આખો પ્લાન ઘડાઈ ગયો એટલે તેણે કહ્યું : 'મને લાગે છે કે એ લોકો આજે આપણાં હાડકાં પાંસળાં ભાંગી નાખશે. જો થોડા પૈસા ખર્ચ કરવાથી એમાંથી બચી જવાતું હોય તો પ્રયત્ન કરવામાં કશું ખોટું નથી. તમારો શો વિચાર છે? તમે કહેતા હો તો હું જેલરને દાણો ચાંપી જોઉં.'

'મૂવા જે પૈસા થતા હોય તે પણ એમાંથી બચાવ. આપણે અહીં પારકા દેશમાં પડ્યા છીએ એટલે બીજું થાય પણ શું!' કહેતાં ભૈરવની આંખમાં આંસું આવી ગયાં. જો કે પોતાના દેશમાં હોત તોય તે શું કરી શકવાનો હતો તે તો તેને કયાં સમજાતું હતું.

'તો લાવો કેટલા પૈસા બચ્યા છે તમારી પાસે, મારી પાસે તો સમ ખાવા પૂરતો પૈસોય બચ્યો નથી.' તેણે કહ્યું. ને ભૈરવસિંહ અને તેના સાથીદારે પોતાનાં ખિસ્સાં ખાલી કરીને જે કાંઈ બચ્યું હતું એ બધું અનિલને આપી દીધું. તે બન્નેને મોત કરતાંય વધુ ડર મારનો લાગતો હતો. જે મારવામાં બહાદુર હોય છે તે માર ખાવામાં બીકણ હોય છે તે અનિલ જાણતો હતો.

હવે અનિલ જેલરને પોતે એક ફોન કરવા માગે છે એમ જણાવી પેલા લોકોથી થોડે દૂરના બૂથ તરફ ગયો. થોડીવારમાં હસતે ચ્હેરે પાછો પણ આવી ગયો ને કહે : 'પતી ગયું. કોઈ આપણને હાથ પણ નહીં લગાડે. પહેલાં તો તે વધુ પૈસા માગતો હતો પણ મેં સમજાવ્યું કે આટલાથી વધુ અમારી પાસે છે જ નહીં તો છેવટે તે માની ગયો. બધાય એને જોંસી દીધા.

બીજે દિવસે તેમને કૉર્ટમાં હાજર કરવામાં આવ્યા. તેમનો ગુનો જોતાં જજે તેમને દરેકને પચાસ ડોલરનો દંડ અને બે દિવસની સજા ફરમાવી. જો દંડ ન ભરી શકે તો બીજા પાંચ દિવસની સજા વધુ ભોગવવાની પણ જોગવાઈ તેમાં ફરમાવી. દંડની રકમ તો તેમની પાસે હતી જ કયાં, તે ભરે. પણ કોર્ટના વકીલને મળીને અનિલ ઠાકોરે એવો ત્રાગડો ગોઠવ્યો કે બધા વતી તેને એકલાને એ શરતે છોડવામાં આવ્યો કે તે જઈને બધા માટે દંડના પૈસાની જોગવાઈ કરી લાવે. પેલા બેને તો જે અનિલ કહે તે જ માનવું પડવાનું હતું.

જો કે આ બધી વાત અનિલ ઠાકોરે તેમને સમજાવી હતી અને તેમણે સાચી માની હતી. બાકી તેણે કાઢેલા કમીશનમાંથી જ તેણે પોતાનો દંડ ભરી દીધો હતો અને વહેલા છૂટી ન્યૂ યોર્કને રસ્તે વહેતો થયો હતો. પેલા બેના મનમાં તો એમ હતું કે અનિલ હમણાં દંડના પૈસા લઈને આવશે ને તેમને છોડાવી જશે. પણ એવું કશું બન્યું નહીં અને તેમને વધારાની સજા કાપવાની નોબત આવી.

હવે તેમને લાગ્યું કે અનિલે તેમને છેતર્યા હતા. છેલ્લે મારમાંથી બચવા માટે તેમણે જે પૈસા તેને આપ્યા હતા તે પણ તેના ખિસ્સામાં જ ગયા હતા, એ હજુય તેમને સમજાયું ન હતું. તે તો દેશના પોલીસ તંત્રથી દાઝેલા હતા તેવું જ તંત્ર અહીં પણ હશે એમ માનતા હતા.

વધારાની સજાને પહેલે દિવસે તેમને જેલમાં સફસુફીનું કામ સોંપવામાં આવશે એમ કહેવામાં આવ્યું હતું. તેમને જાજરૂ સાફ કરવાનું કામ સોંપવામાં આવ્યું. પહેલાં તો ભેરવસિંહને ખબર જ ન પડી કે તેમણે શું કરવાનું છે, પણ જ્યારે તેમને સાફ કરવાનાં સાધનો આપવામાં આવ્યાં અને જાજરૂ બતાવવામાં આવ્યાં ત્યારે તેને ખબર પડી જ ગઈ કે તેમને કયું કામ સોંપવામાં આવ્યું છે. તે સમસમીને રહી ગયો.

છૂટકો ન હતો એટલે બન્ને જણા જાજરૂ સાફ કરવાના કામમાં પરોવાયા. ભેરવસિંહ કહે : 'જો ફતા દેશમાં જઈને કોઈનેય કહ્યું છે કે આપણે જેલમાં ગયા હતા અને જેલમાં આપણે માથે શી વીતી છે તો મારા જેવો ભૂંડો બીજો કોઈ નથી. અને એ અનિલિયાનીય ખેર નથી. એક વખત હું અહીંથી બહાર નીકળું એટલી જ વાર છે. પણ એ તો અકળામણનો ગુસ્સો, બહાર નીકળીનેય પોતે શું કરી શકવાનો હતો તેની તેને ખુદનેય ખબર ન હતી.

જાજરૂ સાફ કરતાં ભેરવસિંહ મનમાં જાણે વેરના પ્લાન ઘડતો જતો હતો, જો એક વખત પોતે દેશમાં પહોંચી જાય પછી કોઈ ધોળિયો સામો મળશે તો પહેલાં ગોળી મારીને પછી જ એની સાથે વાત કરીશ. એમણે મારી પાસે જાજરૂ ધોવડાવ્યાં છે. જેના નામથી આખું અરવલ્લી કાંપે છે એ અરવલ્લીના સિંહનું વેર કેવું હોય છે એ હવે તેમને ખબર પડશે.

પણ તેને કયાં ખબર હતી કે તેનું બદનસીબ હજુ  બે ડગલાં આગળનું આગળ જ હતું. જેલનાં જાજરૂ ધોઈને બહાર નીકળ્યા ત્યારે જ ખબર પડી કે ખિસ્સામાં કાવડિયાં વિના બે પગલાં આગળ જવાનુંય અહીં અમેરિકામાં શકય ન હતું. દેશમાં હોય તો કોઈની પાસેથી ઉછીના માગીનેય ગાડું ગબડાવી શકાય પણ અહીં પરદેશમાં એ બની શકે તેમ ન હતું. અરે દેશમાં હોય તો કોઈકનું ગજવું હળવું કરીનેય ભાડાનાડા જેટલો વેંત કરી શકાય પણ અહીં તે પણ શકય ન હતું. અને અહીંની પોલીસનો અને જેલનો જે અનુભવ તેમને થયો હતો તે જોતાં તો એવા જાકૂબીના ધંધા માટે આ દેશ લાયક જ ન હતો.

એટલે બહાર નીકળી સૌથી પહેલી ચિંતા તેમને થઈ હોય તો તે ખાવાની, પછી પાછા જવાની અને પાછા ન જવાય ત્યાં સુધી રહેવાની. બહાર નીકળી બેય જણા ઘડીભર તો જેલના દરવાજામાં જ ઊભા રહી ગયા. કયાં જવું એ મોટો સવાલ હતો, પણ જ્યાં કઈ તરફ જવું એ જ નકકી ન હતું ત્યાં શું! રસ્તા તો ચારેય બાજુ જતા હતા. છેવટે ગમે તે એક રસ્તે ચાલવા માંડ્યું. રસ્તામાં કોઈ દેશી ભાઈ મળી જાય તો બને તો તેની પાસેથી મદદ માગી શકાય અથવા હવે શું કરવું તે અંગે સલાહ તો માગી શકાય.

તેમના સદનસીબે તેમને એક દેશવાસી મળ્યો અને તે પણ ગુજરાતી જ. તે બન્નેને પોતાને ઘેર લઈ ગયો, જમાડ્યા રાતે પોતાને ત્યાં રાખ્યા પણ ખરા. બીજે દિવસે તેમને માટે એક જ્યાએ કામની પણ ભલામણ કરી. કામની સાથે રહેવાની પણ જોગવાઈ હતી એ જાણી બેયને આનંદ થયો. સમજણા થયા પછી ભેરવસિંહે ચોરી લૂટફાટ સિવાયનું કોઈ કામ કયારેય કર્યું હોવાનું તેને યાદ ન્હોતું. પણ આજે કમબખ્તી બેઠી હતી એટલે કર્યા સિવાય છૂટકો ન હતો. આ માટે એક તો કેસરીસિંગ જવાબદાર હતો અને બીજો જવાબદાર હતો પેલો અનિલ ઠાકોર. ભેરવસિંહ મનમાં જ એમની સાથેના વેરના સરવાળા અને કદીક તો ગુણાકાર કર્યા કરતો હતો.

બીજે દિવસે પેલો ભલો માણસ તેમને પેલા કામ પર મૂકી ગયો. ભેરવસિંહે કામ જોયું ને તેનાં મોતિયાં મરી ગયાં. એક મોટું મકાન બનતું હતું તેના બેઈઝમેન્ટના કોંક્રિટનું કામ ચાલતું હતું. આ માટે જે કોંક્રિટ, મિક્ષ્ચરમાંથી ઠલવાય તેને શોવેલથી સરખું કરવાનું કામ તેમને બેયને ફાળે આવ્યું હતું. કોઈ દિવસ આવું કામ કરેલું નહીં અને આવા કામની અટકળ પણ નહીં એટલે પહેલાં તો બેય જણા ઝનૂનથી વળગી પડ્યા પણ પંદર મિનિટમાં જ થાકીને ઠૂસ થઈ ગયા. જેમ તેમ કરીને વેળા તો પૂરી કરી પણ પછીની વેળાનું કામ ચાલુ કરવાનું જાણે તેમનામાં જોમ જ રહ્યું ન હતું. છતાં કામ ચાલુ કર્યા સિવાય છૂટકો પણ ન હતો. તેમણે કેસરીસિંગને અને અનિલ ઠાકોરને મનમાં મણમણની ચોપડાવતાં આખા દિવસનું કામ પૂરું કર્યું. તેમને મનમાં તો થયું કે તે જો કામ પૂરું કરવા રોકાશે તો કામ તેમને જ પૂરા કરી નાખશે.

કામની જ્યા પર મજૂરોને રહેવા માટે એક શેડ બનાવ્યો હતો તેમાં બધા મજૂરોની સાથે સૂઈ રહ્યા. બીજે દિવસે થાકનાં માર્યાં પથારીમાંથી બેઠા થવાની પણ તેમનામાં શકિત ન હતી છતાં બન્ને કામ પર ચઢી ગયા. વેરની પેલી ભાવના જાણે તેમનામાં જોમ પૂરતી હતી. ને ચારપાંચ દિવસો પછી તો કામ જાણે એમને કોઠે પડી ગયું હતું. હવે તેમને કામ બોજારૂપ લાગવાને બદલે જાણે જિંદગીના એક ભાગરૂપ લાગવા માંડ્યું હતું. હા, સાંજે સૂતાં ને જાગતાં તેઓ કેસરીસિંગ અને અનિલને સંભારવાનું ચૂકતા ન હતા.

ખાસ્સા દસ દિવસ કામ કર્યા પછી, જેને ત્યાં કામ કરતા હતા તે કોન્ટ્રાકટરની એક ટ્રક મકાન માટેનો જરૂરી માલસામાન ભરીને ન્યૂ યોર્કથી આવી હતી તેમાં ન્યૂ યોર્ક જવા બેસી ગયા. ટ્રકમાં બેઠા પછી બેઉ પોતાના હાથમાં પડેલાં છાલાં જોવા માંડ્યા. જિંદગીમાં પહેલીવાર તેમણે આવું મહેનતનું કામ કર્યું હતું. હવે ન્યૂ યોર્ક પહોંચી પહેલું કામ સ્કૉટને શોધી ઈંડિયા જવાનું રીઝર્વેશન કરાવવાનું હતું. ટિકીટ તો તેમની પાસે રીટર્ન હતી. એટલું સારું હતું કે અનિલ ઠાકોર તેમની ટિકીટો લઈને ભાગી ગયો ન હતો.

ને ન્યૂ યોર્ક પહોંચી તેમને સ્કૉટને શોધવામાં કશી તકલીફ ન પડી. જે મોટેલમાં તે પહેલાં રહ્યા હતા તે મોટેલ પાસે જ સ્કૉટ તેમને મળી ગયો. તેમને કયાં ખબર હતી કે સ્કૉટ તેમના પાછા આવવાની રાહ જોતો અઠવાડિયાથી ત્યાં ચકકર કાપતો હતો. તેણે એરપોર્ટ પર તેમની સાથે જઈને રીઝર્વેશનની વિધિ પતાવી આપી. બે દિવસ પછીનું બૂકિંગ મળ્યું હતું તેનાં કાગળિયાંની બે નકલો કરી તેમાંની એક નકલ પોતાની પાસે રાખી અને બીજી નકલ તેણે ભેરવને આપી અને તેમને સધીયારો આપ્યો કે બે દિવસ પછી પોતે તેમને એરપોર્ટ પર મૂકવા માટે પણ આવશે અને તેમને કોઈ અગવડ ન પડે તેની કાળજી રાખશે.

તેમનાથી છૂટા પડ્યા પછી તેણે ઈંગ્લેન્ડ કેસરીસિંગને બધી વાત વિગતે ફોન મારફત જણાવી દીધી. ત્રણ દિવસ પહેલાં જ કુલદીપ અને જાનકી ઈંગ્લેન્ડ આવી ગયાં હતાં. હવે તેની ફરજ પૂરી થતી હતી. પણ બીજી તરફ તેને ભેરવ અને તેના સાથીની દયા પણ આવતી હતી. વળી પેલો ઠાકોર તેમને છેતરી ગયો ને તેમને જેલમાં રહેવું પડ્યું એ સાંભળીને એને લાગી આવ્યું હતું. તેણે તેમને શકય એટલી મદદ કરવાનો નિશ્ચય કર્યો. તેને પેલા ઠાકોરનો જે થોડો પરિચય થયો હતો તેમાં તેનું રહેઠાણ તેના જાણવામાં આવ્યું હતું. તેને થયું કે જો એ મળી જાય તો તેની પાસેથી આ લોકોને થોડાઘણા પૈસા પાછા અપાવી શકે.

ને નસીબનું  કરવું કે એ મળી પણ ગયો. સ્કૉટે તેને ભેરવસિંહ અને તેના સાથીદાર અંગે પૂછ્યું તો તે કહેઃ 'એ તો અઠવાડિયા પહેલાં જ ઈંડિયા પાછા જતા રહ્યા. તે અહીં આવ્યા હતા તે કામ પૂરું થઈ ગયું એટલે જતા રહ્યા.' સ્કૉટ આ માણસની ધૂર્તતા પર અકળાઈ ગયો પણ તેણે ત્યારે કશું જાણવા દીધું નહીં.

બીજે દિવસે ભેરવસિંહ અને તેના સાથી સાથે તે અનિલ ઠાકોરને ત્યાં પહોંચી ગયો. બધાને એક સામટા જોતાં તે ગભરાઈ ગયો. તેણે બચાવ કરવા ઘણા પ્રયત્ન કર્યા પણ સ્કૉટે તેને પોલીસને સોંપવાની ધમકી આપી ત્યારે તે ગભરાઈ ગયો. ન્યૂ યોર્કની પોલીસને ચોપડે એનું નામ ચઢી ગયેલું હતું. છેવટે તેણે ધૂતી લીધેલા ચારસો ડોલર તેણે ભેરવસિંહને પાછા આપી દીધા.

ભેરવને લાગ્યું કે આટલી મુસીબતો વચ્ચેય આનંદ પમાય એવું એક કામ થયું, અને તે એ કે સ્કૉટ જેવા માણસની મૈત્રી થઈ. જો સ્કૉટ તેમને ન મળ્યો હોત તો તેઓ પેલા ઠાકોરને વશમાં કરી શકયા ન હોત અને મનમાં વસવસો રહી જાત કે એક વખત કેસરીસિંગથી છેતરાયા છતાંય પાછો અનિલ ઠાકોર તેમને છેતરી ગયો.

જે બે દિવસ બાકી રહ્યા હતા તે ત્રણેય જણાએ સાથે જ પસાર કર્યા. સ્કૉટનું પોતાનું ઘર હતું છતાં પેલા બે જણાએ તેને જવા જ ન દીધો. બધા સાથે જ ફર્યા, સાથે જ જમ્યા અને સાથે જ રહ્યા. ને નકકી દિવસે સ્કૉટ તેમને એરપોર્ટ પર મૂકી આવ્યો ને ત્યાંથી આવીને તેણે કેસરીસિંગને ફોન જોડ્યો.

બીજે દિવસે સવારમાં હીથ્રો એરપોર્ટ પર ભેરવવાળું પ્લેન પહોંચ્યું ત્યારે તેનું સ્વાગત કરવા માટે કેસરી હાજર જ હતો. ત્યાં પ્લેન ચાર કલાક રોકાતું હતું એટલે બધા મુસાફરો નીચે ઊતરીને આમતેમ આંટા મારતા હતા તેમાં તેણે ભેરવ અને તેના સાથીદાર ફતાને જોયા. કેસરીસિંગે કેન્ડી સ્ટોર ચલાવતા એક દેશીને પકડયો અને તેના હાથમાં એક બંધ કવર આપતાં કહ્યું : 'જો આ કવર પેલા ચામડાના જેકેટવાળા દેશીને આપી આવ. તે પૂછે તો કહેજે કે આપનાર તો કવર આપીને તરત જ બહાર ચાલ્યો ગયો છે. આ કામ પત્યે એક પાઉન્ડ તારો.'

એક પાઉન્ડ મળતો હોય તો પેલો છોકરો એક ઘડીનોય વિલંબ કરે ખરો! તેણે ભેરવસિંહને કાગળ આપ્યો ને પાછો વળી ગયો. ભેરવસિંહ વિચારમાં પડી ગયો. કવર ઉપર ચોખ્ખા અક્ષરે તેનું નામ લખેલું હતું એટલે કવર તો તેને માટે જ હતું એ વાત ચેકકસ હતી. પોતાનો કોણ ઓળખીતો હશે કે અહીં અજાણ્યા મુલકમાં પોતાને હાથોહાથ કાગળ પહોંચાડવા માણસ મોકલ્યો હશે. તેણે કવરમાંથી કાગળ કાઢી વાંચવા માંડયો ને તેની આંખો ગુસ્સાથી ફાટી ગઈ. કાગળમાં લખ્યું હતું :

મારા માનવંતા બોસ ભેરવસિંહ સાહેબ,

તમે મને મળવા માટે ઈંગ્લેન્ડને બદલે અમેરિકાનો ખોટો ફેરો ખાધો. ને હું તમારી અહીં ઈંગ્લેન્ડમાં વાટ જોતો હતો. મને યાદ છે કે આપણે ઘણા હિસાબ પતાવવાના છે. અત્યારે તમે ઉતાવળમાં હશો એટલે રોકાઈ નહીં શકો પણ હવે પછી જ્યારે આવો ત્યારે સમય મેળવીને આવશો તો હિસાબ પતાવવામાં ઉતાવળ કરવી નહીં પડે.

તમે મારી શોધ સાન હોઝેના કેદખાનામાંય કરી, અને ત્યાંનાં જાજરૂ પણ તમે સાફ કર્યાં એ માટે અમેરિકાની સરકારે તમને કશો સરપાવ જરૂર આપ્યો હશે, તો તે તમારા સાથીદારોને બતાવશો તો તેમને પણ ઘણું જાણવાનું અને શિખવાનું મળશે.

મારા આમંત્રણને માન આપીને ઈંગ્લેન્ડ આવો તો જાજરૂ સાફ કરવાનું બરાબર શીખીને આવજો કારણ કે અમેરિકા કરતાં અહીં અમે વધારે સારા કામની આશા રાખીએ છીએ.

અને હાં, પેલા બધા પૈસા હજુ જેમના તેમ જ અકબંધ છે. કારણ કે મને એવી અણહકની મિલકત પચાવી લેવાની ટેવ નથી. એ મિલકત જેની છે તેને પાછી મળી જાય તો સારું એમ હવે હું માનતો થયો છું.

તમનેય મારી જેમ મહેનતની કમાણીથી જીવવાની ચાનક ચઢી અને તમે સાન હોઝેમાં હાથમાં છાલાં પડે ત્યાં સુધી મહેનત કરી કમાણી કરી એ ઘણું સારું કર્યું. મહેનતથી તબિયત પણ સુધરશે.

લિ.
તમારો એક વખતનો સાથી કેસરી (લંગડ નહીં)

કાગળ વાંચી ભેરવસિંહે આમ તેમ નજર ફેરવી એક સ્ટોરના કાચ પાછળથી ન્યૂઝ પેપરની આડશ સ્હેજ હઠાવી કેસરીએ તેને જોયો ને સ્મિત ફરકાવ્યું. જો કે તેને જોઈ શકે કે ઓળખી શકે એટલો નજીક ભેરવસિંહ ન હતો.

અનુક્રમ ⇒

## ૧૦ :- મોજીલો મનુભા

ભેરવસિંહ અમેરિકા જઈને શું મોથ મારી આવ્યા તેની બધાને હજુ ખબર પડી ન હતી પણ જેમ ચોરની દાઢીમાં તણખલું તેમ ભેરવના મનમાં કાયમ ફફડાટ રહેતો હતો કે પેલો લંગડ કેસરી બધી વાત જાણી ગયો છે તે પોતાનો ભાંડો ફોડ્યા સિવાય રહેશે નહીં. અરે, અત્યાર સુધીમાં તેણે ભલું હશે તો કોઈકને કહી દીધું હશે પણ ખરું. ભેરવને હજુ એ સમજાતું ન હતું કે એ હરામીને બધી વાતની ખબર પડી કેવી રીતે! ઈંગ્લેન્ડમાં બેઠાંબેઠાં તેની અમેરિકાની કમબખ્તીની વિગતો તેને મળી કેવી રીતે! પછી જાતે જ તેનો જવાબ પણ શોધી કાઢ્યોઃ 'પૈસા દબાવીને બેઠો છે, એટલે પૈસા ખર્ચીને જે ધારે તે ઘેરબેઠાં મેળવી શકતો હશે એ હરામી.'

તેને પાછું ધંધામાં ધ્યાન આપવું પડે એવી નોબત વાગી રહી હતી. અહીં સાથીદારો પૈસા વગરના લૂખા થઈ ગયા હતા, અને પોતે પણ અમેરિકા જઈને, બચાવેલું બધું તળિયાઝાટક કરી આવ્યો હતો. જો કેસરીની પાછળ પડવું હોય તો પહેલાં નાણાંકોથળી સવધાન કરવી પડે તેમ હતી. વળી પોતે ધંધાની જ્ગ્યાએથી ઝાઝો વખત બહાર રહે તો કોઈ બીજો સરદારી પચાવી પાડે એવો પણ ભય ઊભો જ હતો. પોતે જો ધંધામાં ટકી રહેવું હોય તો જગ્યા પર પોતાની હાજરી અને સતત જાગૃતિ જરૂરી હતાં.

સૌથી પહેલાં તો તેણે એક મોટો હાથ મારવાની ગોઠવણ કરવી પડશે જેથી પોતાની અને સાથીઓની પાસે સધ્ધરતા આવે. તેણે એવા કોઈ મોટા કામ માટે ચારે તરફ નજર દોડાવી જોઈ. તેને લાગ્યું કે મુંબઈ જેવી કોઈ જગ્યાએ હાથ માર્યો હોય તો પોતાને જોઈતી રકમ મળી શકે પણ મુંબઈ તેને માટે અજાણ્યું ક્ષેત્ર હતું. પણ તેના મુંબઈના કોન્ટેકટોએ તેને એક વખત સલાહ આપી હતી તે યાદ આવી. તેને થયું કે થોડું જોખમ લઈને પણ તેમ જ કરવું જોઈએ. તેણે તેના સાથીદારો ને ભેગા કરીને તેનો નિર્ણય જણાવ્યો. કેટલાકે તેમાં રહેલા જોખમનો વાંધો બતાવ્યો. પણ થોડી દલીલબાજી પછી બધા એ કામ માટે સંમત થઈ ગયા. હવે કયાં અને કેવી રીતે હાથ મારવો તે અંગે પૂરતી તપાસ કરીને આગળ પગલું ભરવું એમ બધાનો મત થયો.

ભૈરવસિંહે પોતાના મુંબઈના કાન્ટેકટોને પણ સાથે રાખવાની વાત મૂકી જોઈ, પણ એમ કોરે બરડે તેમનો ભાગ રાખવાની બધાએ તૈયારી ન બતાવી એટલે તે વાત અધ્ધર રહી. પહેલાં ભૈરવસિંહ અને ફતાએ મુંબઈ જઈને તપાસ કરવી પછી પાકો પ્લાન ઘડવો એવું બધાએ નકકી કર્યું.

ને એ મુજબ તેઓ તપાસ કરવા માટે ઊપડ્યા. ફતાને લાગ્યું કે અમેરિકાના ફીયાસ્કા પછી ભૈરવસિંહ જરા નરમ પડ્યો હતો. તેણે આજ પહેલાં કયારેય સાથીઓને પૂછીને કોઈ પ્લાન કર્યો ન હતો. તે ફકત એટલું જ કહેતો જેટલું તેને કહેવું હોય. બધા તેના કહ્યા પ્રમાણે અમલ કરતા ને નસીબ યોગે આજ સુધી તેમને કશી તકલીફમાં મુકાવું પડ્યું ન હતું. પણ આજે જ્યારે ભૈરવે બધાને પૂછીને પગલું ભરવાનું કર્યું ત્યારે બધાને આશ્ચર્ય સાથે આનંદ પણ થયો. તેમને કદાચ એમ પણ લાગ્યું હોય કે ભૈરવસિંહ હવે તેમના અભિપ્રાયને મહત્ત્વ આપવા યોગ્ય ગણતો થયો છે.

પણ બધાના મત લેતાં ભૈરવસિંહના પોતાના મતનું મહત્ત્વ રહ્યું ન હતું તે તો ભૈરવસિંહને તરત જ સમજાઈ ગયું હતું. મુંબઈના સાગરીતોને સાથે રાખવાના તેના વિચારનો છેદ ઊડી ગયો હતો. તેને લાગ્યું કે બધાને વિશ્વાસમાં લેવાના તેના વિચારને કારણે મુંબઈના તેના સાથીઓને તેણે પડતા મૂકવા પડ્યા હતા તે બરાબર થયું ન હતું. પણ હવે જો સાથીઓને ખુશ રાખવા હોય તો બધાના મત મુજબ જ વર્તવું પડશે. હા, ભવિષ્યમાં તે આવી ભૂલ ફરી નહીં કરે તેવું તેણે મનમાં જ નકકી કરી લીધું.

પોતે મુંબઈમાં કોઈ મોટું કામ કરવા માગે છે, એ વાત તેના મુંબઈના સાથીઓથી જો છુપાવવી હોય તો તેમને મળવા જ ન જવું એ જ ઉત્તમ માર્ગ હતો એમ તેણે વિચાર્યું. પેલા હોટેલ મેનેજરને મળવાનો વિચાર તેને આવ્યો. જો કે તેની પાસેથી આવી કોઈ માહિતી મળવા સંભવ ન હતો, પણ મળવામાં શું જાય છે! કેસરીસિંગની કશી માહિતી મળે તોય શું ખોટું ?

ને તે મુંબઈ પહોંચી સીધો જ હોટેલના મેનેજરને મળવા માટે ગયો. થોડી આડીતેડી વાતો કર્યા પછી તેણે કેપ્ટન કુલદીપસિંહ અંગે પૂછયું. મેનેજર કહેઃ 'મેં સાંભળ્યું હતું કે તમે તેમને મળવા માટે ઈંગ્લેન્ડ ગયા હતા. તમને તે નથી મળ્યા કે શું!'

'ના હું તેમને મળવા માટે ગયો ન હતો. હું તો મારા અંગત કામ માટે અમેરિકા ગયો હતો. તેમનો કોઈ સંદેશો આવ્યો કે નહીં!' ભૈરવે વાતને ફેરવી તોળતાં કહ્યું.

'ના તેમનો કશો સંદેશો આવ્યો નથી. અને તેમના મિત્ર માનસિંહનો પણ કોઈ સંદેશો આવ્યો નથી, એટલે હું ચિંતામાં પડી ગયો છું.' મેનેજરે ચિંતીત સ્વરે કહ્યું.

' માનસિંહ તેમનો મિત્ર!' જાણે આશ્ચર્ય પામ્યો હોય તેમ ભૈરવ બોલ્યો. મનમાં તો તે વિચારતો હતો કે આ માનસિંહ વળી કયાંથી ફૂટી નીકળ્યો!

'હા, કેપ્ટન સાહેબે જતી વખતે મને એક બંધ પરબિડિયું આપ્યું હતું અને જણાવ્યું હતું કે કોઈ માનસિંહ એ લેવા આવશે, તો મારે તે તેમને આપી દેવું. ઘણો સમય થયો છતાં તે લેવા આવ્યા નથી એટલે મને ચિંતા થતી હતી. તમે એ માનસિંહને જાણતા જ હશો.' મેનેજરે સામાન્ય રીતે પૂછતો હોય તેમ કહી દીધું.

ભૈરવસિંહને લાગ્યું કે આ તો સામે ચાલીને નસીબ આવ્યું છે, તે કહે : 'અરે, જેમ કેપ્ટન સાહેબ મારા દોસ્ત તેમ માનસિંહ પણ મારો દોસ્ત. અમે ત્રણેય સાથે જ ભણેલા. તમને વાંધો ન હોય તો મને આપો હું માનસિંહને પહોંચાડી દઈશ, જો તમને વાંધો ન હોય તો જ , હાં. એ બિચારો બહુ મુસીબતમાં છે, કેપ્ટન સાહેબે તેને કોઈ નોકરી મટે ભલામણચિટ્ઠી લખી આપી હશે.'

મેનેજર કહેઃ 'મને શો વાંધો હોય! તમેય માનસિંહના દોસ્ત છો, અને માનસિંહ બાપડો તકલીફમાં હોય તો તેને આ કાગળ જેટલો વહેલો પહોંચે એટલો સારો. મને રજા મળે તેમ નથી નહીં તો હું જાતે જ તમારી સાથે આવીને તેમને હાથોહાથ આપત પણ તમેય ઘરના જ માણસ છો એટલે વાંધો નથી.'

ભૈરવ મનમાં જ બબડ્યોઃ સાથે આવ્યો હોત તો મારે તને કામ વગરનો મારી નાખવો પડ્યો હોત, દીકરા તને રજા નથી મળતી એમાં તારા નસીબનો પા'ડ માન.

મેનેજરે તેને પેલું કેપ્ટનવાળું પરબિડિયું કાઢી આપ્યું એટલે ભૈરવસિંહ ઊઠ્યો. ચાલો ત્યારે, હું આજે જ દેશમાં જવાનો છું એટલે કાલે કે બહુ તો પરમ દિવસે તો માનસિંહને તે પહોંચી જશે.'

'મને જો પહેલેથી આવો વિચાર આવ્યો હોત તો અત્યાર સુધીમાં તો બાપડો નોકરીમાં સ્થિર થઈ ગયો હોત.' મેનેજરે દિલગીરી વ્યકત કરી.

જો તને પહેલેથી આવો વિચાર આવ્યો હોત તો મારે અમેરિકા સુધીનો ધરમધક્કો ખાવો ન પડ્યો હોત. ભૈરવસિંહ મનમાં જ બબડ્યો. પરબિડિયાના વજન ને કદ પરથી તેને લાગ્યું કે અંદર ખજાના વિશેની જ કશી માહિતી હોવી જોઈએ. પરબિડિયું હાથમાં આવતાં તે ખૂશ થઈ ગયો. હોટેલ પર પહોંચી તેણે પરબિડિયું ખોલીને અંદરનો કાગળ વાંચવા માંડ્યોઃ

ભાઈ માનસિંહ,

આ સાથેના નકશામાં જે જગ્યા બતાવી છે, તે જગ્યાએ તને કલ્પના પણ ન આવે એટલો મોટો ખજાનો છુપાવેલો છે. આ ખજાનો કાઠિયાવાડના એક નવાબ પાસેથી અમે ભૈરવની ટોળીએ લૂટેલો હતો. ને ભૈરવ પાસેથી મેં હડપ કરેલો છે. અત્યારે મારાથી દેશમાં અવાય તેમ નથી એટલે તને આ કામ સોંપું છું. અને તું મારું આ કામ મફત કરી આપે એમ પણ ઈચ્છતો નથી. એટલે જો તું આ ખજાનો ત્યાંથી કાઢીને નીચે જણાવેલી જગ્યાએ પહોંચાડશે તો તને તેમાંથી ચોથો ભાગ મળશે, પણ જો તું કશી ચાલાકી કરવા જશે તો તારે જાનથી હાથ ધોઈ નાખવા પડશે.

પહેલાં એક વખત તેં મને કોઈ મોટું કામ હોય તો તેમાં તને સામેલ કરવા કહેલું એટલે આ કામ તને સોંપ્યું છે. ને મારું માનજે આ કામ તું માગતો હતો તેનાથી પણ ઘણું મોટું છે. જે જગ્યાએ માલ પહોંચાડવાનો છે તે જગ્યાનું સરનામું નીચે મુજબ છેઃ

રમઝાનુદ્દીન મલેક, હલાલ સ્ટ્રીટ, મકાન નંબર ૧૧૨૪૫, પૂરબ ચોથ, કાનપુર.

યાદ રહે બુરા કામ કા બુરા બદલા. કામ પત્યે ફરી મળીશું.

લિ.
કેસરીસિંગ

ભેરવસિંહે કાગળ એક નહીં પણ બે વખત વાંચ્યો. એક વખત ખજાનો કાઢી લીધા પછી એની વાત છે. તે મનમાં જ બબડ્યો. બેટાએ સરનામું આપ્યું છે એટલે ખજાનો લેવા આવશે તો ખરો જ ને. એ તો જેવા પડશે તેવા દેવાશે, પણ અત્યારે તો ખજાનો કાઢીને ઠેકાણે કરી દેવો એ જ અગત્યનું કામ હતું. વખત છે ને પેલા હરામીએ ઘણો વખત રાહ જોઈ હોય અને કંટાળીને બીજાને આ કામમાં સંડોવવાની પેરવી કરતો હોય તો તે કાંઈ કરે તે પહેલાં પોતે ખજાનો પોતાને હસ્તક કરી લેવો જોઈએ.

તેણે ફતાને ખજાના અંગે જણાવવા જેટલી વાત જણાવી અને મુંબઈનું કામ પડતું મૂકીને બન્ને જણા પાછા પોતાના અડ્ડા પર આવી ગયા. બધા સાથીદારોને એકઠા કરીને તેણે પોતાના ચોરાયેલા ખજાના અંગે અને તે કેસરીસિંગે કયાં સંતાડ્યો છે તે અંગે તેણે બધાને જણાવ્યું. 'આ બધો ખજાનો મારી પાસે વરસોથી હતો અને તેમાં મારા ભાગમાં આવતી લૂંટની રકમનો ઉમેરો થયા કર્યો હતો એટલે તે ઘણો મોટો લાગે તેવો થયો હતો એટલે કેસરીની નજર બગડી હશે પણ તે વેચવા જવાની તેની હિંમત નહીં એટલે તેણે તે સંતાડી દીધો હશે. હવે તેની માહિતી મહામહેનતે મેં મેળવી છે. જો તમે બધા આ ખજાનો મેળવવામાં મદદ કરશો તો તમને દરેકને પાંચ હજાર રૂપિયા રોકડા આપવાની હું બાંહેધરી આપું છું.'

પાંચ હજારનો આંકડો સાંભળી બધાનાં મ્હોં પર આનંદ છવાઈ ગયો. છતાં એમાંના એકે તો પૂછ્યું જ : 'તે બધો મળીને કેટલોક માલ હશે એ ખજાનામાં!'

તેનું બોલવું સાંભળી બધાંના મ્હોં પર લાલચ તરી આવતી ભેરવે જોઈ ને તેનું મોંઢું ગુસ્સામાં સ્હેજ વંકાયું : 'જુઓ તેમાં કેટલો માલ હશે તેની તો ખૂદ મનેય ખબર નથી. મારી પાસે કેટલો માલ હતો અને તેમાં કેસરીએ કેટલો માલ ઉમેર્યો કે મહીંથી કેટલો માલ વેડફી દીધો તેની ખબર અત્યારથી શી રીતે પડે! એટલે તો હું તમને બધાને અગાઉથી જ નકકી રકમની બાંહેધરી આપું છું. મને વધુ મળે કે ઓછું પણ તમને દરેકને પાંચ હજાર રોકડા મળી રહેશે એની હું તમને ખાતરી આપું છું.'

પછી બધા એક વાતે તો સંમત થયા કે ખજાનો નાનો હોય કે મોટો છતાં દરેકને પાંચ હજાર તો રોકડા મળવાના હતા, ને તે નાની રકમ તો ન્હોતી જ. બોસના નસીબમાં હશે ને પેલાએ એમાં કશો ઉમરો કર્યો હશે તો તેમનું નસીબ અને વાપરીને અડધો કરી નાખ્યો હશે તોય તેમનું નસીબ, આપણને તો આપણો ભાગ મળી જાય એટલે બસ.

ને બધાએ કામ કરવાની તૈયારી બતાવી. તે જ રાતે અંધારું ઘેરાય એટલે બધાએ જઈને એક વખત જગ્યા જોઈ લેવી અને ખોદવા માટે અને માલની પેટીઓ ત્યાંથી લઈ જવા માટે કયાં સાધનો જાઈશે તેની યાદી કરી પહેલેથી જ સાધનો તૈયાર રાખીને જેમ બને તેમ ઝડપથી માલ ઠેકાણે કરી દેવો જાઈએ, એવું ભેરવે સૂચવ્યું તે બધાને ગળે પણ ઊતરી ગયું.

ને સ્હેજ અંધારું થતાં બધા પેલી જગ્યા જોવા ઊપડ્યા. ત્યાં જઈને જોયું તો કોઈકે નદીમાંથી પાણી ખેંચવાની એક ડંકી ત્યાં ગોઠવી હતી અને ત્યાંથી લાંબી પાઈપ લાઈન મારફતે એક જાગીરમાં પાણી પહોંચાડવાની વ્યવસ્થા કરી હતી. એ કોણ હશે એ વિચાર ભેરવને આવ્યો પણ એ વિશે હાલ ચિંતા કરવાની જરૂર ન હતી તેમ તેને લાગ્યું. પહેલાં તો ખજાનો

જ્યાં સંતાડયો છે એ જગ્યા જોઈ લઈ, સાધનો સાથે લઈને જ્યારે કામ શરૂ કરવું હશે ત્યારે જોયું જશે. એ મોટો નવાબ હશે તોય ત્યારે તેને ભરી પીવાશે.

લાઠી, રાયફલ, બેટરી, પાવડો વગેરે હાથવગાં હથિયારો લઈને બધા ગુફામાં પેઠા. જેમજેમ આગળ જતા ગયા તેમતેમ ગુફા વધુ સાંકડી થતી ગઈ. છેલ્લે તો વળી કેડમાંથી વળીને ચાલતા હોય તોય ઢીંચણમાંથી પગ વાળીને ચાલવું પડે એટલી નીચી છત આવી ગઈ હતી. પછી ગુફા થોડી પહોળી થઈ પણ સીધા ઊભા રહેવાય એટલી ઊંચી તો ન જ થઈ. ભાગ્યે ચાર ફીટ ઊંચાઈ હશે વધુમાં વધુ. નીચા નમીને આટલે સુધી આવતાં બધા થકીને લોથ થઈ ગયા હતા. તે મોકળાશ મળતાં બધા હાશ કરીને બેઠા. એક જણ કહેઃ 'આપણે આટલું આવ્યા પણ આ ગુફા કયારેય વપરાઈ હોય એમ લાગ્યું નહીં. અને એ લંગડાને એટલાં ભારે પેટીપટાળાં અહીં સુધી લાવવામાં કોઈની મદદ ન હોય તો એનાથી આ બને જ નહીં.

'એ લંગડો ન હતો, ને તેને કોઈની મદદ ન હતી એવું પણ આપણે જાણતા નથી. એ દેખાતો હતો એટલો મૂર્ખો ન હતો એટલું તો ચોકકસ જ. નહીં તો આપણા બોસને આમ ઊંઘતા રાખીને બધો ખજાનો ઉઠાવીને અહીં સંતાડી જાય, એ બને ખરું!' બીજાએ કહ્યું.

'લો હવે એની ભાટાઈ કરવાની બંધ કરો. જે કામ માટે આવ્યા છીએ એ કામની વાત કરો. આપણે કયાં કયાં સાધનો જોઈશે તેની યાદી તૈયાર કરો. પાવડા, ત્રિકમ, તગારાં, નરાશ, ઘણ, છીણી, હથોડી,......'તેણે ગણાવવા માંડ્યું.

ત્યાં તો વખતો બોલી ઊઠ્યોઃ 'સ્ટવ, તપેલી, ચ્હાની ભૂકી ને-' પણ તેને આગળ બોલતો અટકાવીને ભેરવ વચમાં બોલી ઊઠ્યો : 'પહેલાં આ બધી યાદી પતી જાય પછી તારી યાદી જુદી કરીશું. અહીં જંગલમાં ઓછી હોટેલમાંથી ચ્હા આવવાની હતી! ચ્હાની સાથે ભજિયાંની પણ વ્યવસ્થા કરવી પડશે, આ કામ કાંઈ એકબે દિવસમાં થોડું પૂરું થવાનું છે!'

'તે તમે તાજા જ અમેરિકા ફરી આવ્યા છો તે તમે જ લખી નાખો જે સાધનો જાઈએ તે. અને વખત છે ને ખૂટશે તો એક ફેરો વધારે, શહેરમાં જઈને લઈ આવીશું.' એક સાથીદારે કહ્યું ને ભેરવસિંહને ફાળ પડી, આણે કેમ અમેરિકા સંભાર્યું ! કોઈકે તેને પેલી વાત કરી તો નહીં હોય ને. ફતો તો કાઈને આ વાત ન કરે, તો પછી કેસરીસિંગની સોબતમાં તો આમાંનો કોઈ ચઢેલો નહીં હોય ને. ભેરવના શંકાશીલ મનને પડછાયો પણ ભૂત જેવો લાગવા માંડ્યો હતો.

બધા બહાર નીકળ્યા ત્યાં પાણીની ડંકી પર એક માણસ કશુંક રીપેરીંગ જેવું કરી રહ્યો હતો. ભેરવસિંહે સાથીદારોને રવાના કર્યા અને પેલાને પૂછ્યું : 'એલા, આ કોની ડંકી છે!'

'મનુભાની, કેમ પૂછવું પડ્યું ભાઈ!' પેલાએ જવાબ આપતાં સામો સવાલ પૂછયો.

ભેરવને થયું કે જેમ તેનો શેઠ મનુભા આ મુલકનો અજાણ્યો લાગે છે તેમ તેનો આ નોકર પણ મારાથી અજાણ્યો લાગે છે.: 'મારું નામ ભેરવસિંહ, આટલા ગાળામાં નાના છોકરાને પૂછો તોય મારું નામ બતાવે.' તેણે વટથી કહ્યું.

'મારા શેઠ મનુભાને તમારી જેમ નાનાં છોકરાં સાથે બહુ પરિચય નહીં એટલે એ મોટાંને જ પૂછે છે. તમને મળશે તો તમનેય પૂછશે.' પેલાએ ઉધ્ધત લાગે તેવો ઉડાઉ જવાબ આપ્યો. ભેરવસિંહને આ ગમ્યું નહીં પણ તેને પેલાના શેઠ મનુભાને મળવાનું ને તેને માપી જોવાનું મન થયું. પોતાના પંથકમાં હજુ સુધી કોઈએ તેને આ રીતે જવાબ આપ્યો ન હતો. આ નોકર જેવો માણસ આવો જવાબ આપે છે તે કયા ખીલાને જોરે આવો જવાબ આપે છે એ જાણવાનું તેને મન થયું.

'ક્યાં રહે છે તારા મનુભા? મારે તેમને મળવું છે. આટલામાં રહેતા હોય તો આજે જ મળતો જાઉં. કે પછી તારા એ શેઠ સસલાં, બતકાંનો શિકાર કરવા ગયા છે!'

'મારા શેઠ તમારી જેમ એવાં નાનાં જનાવરના શિકાર નથી ખેલતા. વાઘ કે સિંહના શિકારનો તેમને શોખ છે. તેમને મળવું હોય તો તે અડધો ગાઉ ઉપર હવેલીમાં રહે છે. એમના દર્શને ઘણા માણસો આવે છે. તમારે જવું હોય તો અહીંથી સીધી જ કેડી એ તરફ જાય છે.આ ટેકરી ચઢશો કે તરત એમની હવેલી દેખાશે.'

એક તો પેલા નોકર જેવા દેખાતા માણસનો મગરુબીભર્યો જવાબ અને આ મનુભા ક્યાંથી ફૂટી નીકળ્યો એ જાણવાની અને બને તો મનુભાને માપી લેવાની તમન્ના પણ ખરી. તેના મનમાં થયું ચાલને મળી લઈએ એ મનુભા કે જે હોય તેને તે એનેય ખબર પડી જાય કે કોના પંથકમાં તેને રહેવાનું છે. પેલા બે ટકાના માણસે જે રીતે વાત કરી એ જોતાં એને ખાતરી થઈ ગઈ કે મનુભા કોઈ મોટી હસ્તી હોવી જોઈએ. એટલે તો પેલા માણસની આવી તોછડાઈ એણે ચલાવી લીધી ને. એક વખત એવું પણ વિચાર્યું કે અત્યારે જે કામ મુખ્ય છે તેના સિવાય બીજામાં માથું મારવાનો કશો અર્થ નથી, ઊલટું તેમ કરવાથી મૂળ કામમાં અડચણ ઊભી થવાનો સંભવ છે.

પણ એનો પેલો અહંકારી જીવડો એમ ઝાલ્યો રહે એમ ક્યાં હતો! તેને એમ હતું કે અરવલ્લીનું પાંદડુંય તેની જાણ બહાર ન હાલે તો પછી આ મનુભા ક્યાંથી ફૂટી નીકળ્યો! અને એ એવો તે કયો મોટો મીર છે કે એનો માણસ પણ મથામાં આટલી ખુમારી રાખીને ફરે છે. ગમે તેવું અગત્યનું કામ હોય તોય ખોટી કરીનેય આનો તાગ તો લેવો પડે. પોતે અરવલ્લીનો સિંહ ને પેલો બે ટકાનો માણસ પોતાની સામે તોછડાઈ કરી જાય, તે કોના જોરે?

ને તેણે ઘોડો ટેકરીના મથાળા તરફ ફેરવ્યો. પેલા માણસે જાણે ઉપાલંભ આપતો હોય એવું હસીને ટકોર કરી : 'ઠાકોર, બાપુ ઊંઘતા હોય તો જગાડશો નહીં બે ઘડી વાટ જોજો. મોટા માણસોનો ગુસ્સો પણ ભારે હોય છે. આ તો તમને જાણવા માટે કહ્યું.'

ને ભેરવસિંહને પગથી માંડીને માથા સુધી ચાટી ગઈ. હવે તારા બાપુની ઐસી કી તૈસી. તે મનમાં જ બબડ્યો અને ઘોડાને એડી મારી. તેને મનુભાની જાગીર શોધતાં વાર ન લાગી. હજુ ગઈ કાલ સુધી જે સરફરાજ નવાબના મહેલ તરીકે ઓળખાતો હતો તેને પેલો માણસ મનુભાની જાગીર તરીકે ઓળખાવતો હતો. કશુંક તેની ગેરહાજરીમાં રંધાઈ ગયું હતું અને તેની તેને હજુ આજે જ ખબર પડતી હતી. પણ એમાં એની કશી ભૂલ ન હતી. જ્યારથી એ કેસરીની પાછળ પડ્યો હતો ત્યારથી તેનું આ તરફ ધ્યાન જ ન હતું ને! વળી સરફરાજ નવાબ સાથે એને એવો ખાસ સંબંધ પણ ક્યાં હતો!

સરફરાજ નવાબ સાથે તેને ખપ પૂરતો મેળ હતો. એટલે કે નવાબ એના કામમાં માથું મારતો ન હતો ને ભેરવસિંહ નવાબના કામમાં માથું મારતો ન હતો. હા, કોઈ મોટું કામ હોય તો ખાલી સરકારી બાજુની સાચવણી માટે તે નવાબને વિનંતિ કરતો અને નજીવા બદલા સામે નવાબ તેને સહાય પૂરી પાડતો. ન તો તેને કદી નવાબ પાર્ટીમાં બોલાવતો હતો કે ન તો તેને કદી કોઈ કામ સોંપતો હતો. તે જાણે ભેરવસિંહથી અભડાતો હોય એમ દૂર જ રહેતો હતો. ભેરવસિંહને તેનું આવું વર્તન ગમતું ન હતું પણ તે ગરજનો માર્યો ચલાવી લેતો હતો. તેને એટલે આ મનુભામાં ખાસ રસ પડ્યો. જો તે પેલા નવાબ કરતાં જુદા પ્રકારનો માણસ હોય અને પોતાની સાથે સરખા માથાનો સંબંધ રાખે તેવો હોય તો તેની સાથે બોલી બગાડવું નહીં એવું તેણે મનથી નક્કી કર્યું.

તે હજુ મહેલના કંપાઉન્ડમાં પેઠો જ હશે ત્યાં ન જાણે ક્યાંથી બે ચોકીદારો દોડી આવ્યા અને તેના ઘોડાની લગામ પકડી લીધી. ને એક જણે જાણે કાનમાં કહેતો હોય તેમ દબાતે સ્વરે કહ્યું : 'બાપુની તહેનાતમાં આ જાગીરમાં ઘોડે ચઢીને ફરીથી ન આવતા, આ તો પહેલી વખત છે અને બાપુએ જોયું નથી એટલે બચી ગયા.' કહેતાં તેને બાવડેથી પકડીને જાણે

ઘસડી જ પાડ્યો. ભેરવને આ સામે બળવો કરવાનું મન થઈ ગયું પણ એક તો તેને હજુ મનુભાનો પરિચય મેળવવાનો હતો અને બીજું તેને નવાબના જેવી મોટી ઓથની જરૂર પણ હતી. તે ગમ ખાઈને શાંત રહ્યો.

ત્યાં ડેલીનું બારણું ખૂલ્યું ને હાથમાં રાયફલ સાથે મનુભા વિશાળ વરંડામાં દાખલ થયા. વરંડો વિશાળ લાગતો હતો તેને બદલે હવે નાનો લાગવા માંડ્યો. મનુભાનું વ્યક્તિત્ત્વ જ એવું કે આખો વરંડો તેનાથી જાણે ભરાઈ ગયો. ભેરવસિંહ પણ તેમના પ્રભાવથી અંજાઈ ગયો.

મનુભા વરંડામાંના રજવાડી હીંચકા પર બેઠા, એક પસાયતાએ આવીને તેમની સામે તાજો ભરેલો હોકો મૂકયો ને તેની નેહ તેમના હાથમાં પકડાવી. હોકાના બે કસ લીધા પછી જાણે મનુભાની નજર ભેરવ પર પડી. 'આવો ભાઈ, કયાંથી આવવું થયું ?' તેમણે પૂછયું.

હવે ભેરવસિંહ વરંડાનાં પગથિયાં ચઢ્યો. તે જાણ્યે અજાણ્યેય મનુભાના આ ભભકામાં અંજાતો જતો હતો. તે પગથિયાં ચઢ્યો એટલે એક ચાકર આવીને વધારાની ખુરસી મૂકી ગયો. ભેરવસિંહ તે પર બેઠો ત્યાં બીજો એક માણસ ચાંદીની ટ્રેમાં પાણીનો ગ્લાસ લઈને પાણી આપી ગયો.

'મારું નામ ભેરવસિંહ. હું આ તરફ નાનાંમોટાં કામો કરું છું. આપ જેવા મોટા માણસની રહેમ નજર હોય તો જ બધું ચાલતું રહે.'

તેણે કહેવા કર્યું પણ મનુભાએ તેને પૂરું બોલવા દીધા સિવાય જ કહી દીધું : 'એવાં આડાંતેડાં કામમાં મારી મદદ માગવા ફરી આ ડે'લીએ ના આવવું. બાકી સારા કામમાં મદદ જોઈતી હોય તો આ ડેલીનાં બારણાં સદાય ઊઘાડાં છે. હા, શરાબની વાત હોય તો હું સરકારના કોઈ કાયદાને માનતો નથી. સારી શરાબ બનાવવાનો ને પીવાનો બધાને હક છે. મારી દરેક પાર્ટીમાં બે પગ ઉપર ઊભા રહી શકાય ત્યાં સુધી શરાબ પીવાની સૌ કોઈને છૂટ હોય છે. કયારેક આવજે મારી પાર્ટીમાં. રામજી, આપણી હવે પછીની પાર્ટીમાં આ ભેરવને પણ બોલાવવાનું ભુલાય નહીં.'

મનુભાએ ભેરવસિંહમાંથી સિંહને તગેડી મૂકયો પણ તેમની જાહોજલાલીથી અંજાયેલા ભેરવસિંહને એમાં કશું અજુગતું લાગ્યું નહીં. ઉલટાનો તે મળવાના આમંત્રણથી મનમાં જ પોરસાઈ રહ્યો. વળી તેના મનમાં બીજી પણ એક ગણતરી તે માંડી રહ્યો. આ દરબાર જો શરાબ માટે છૂટ મૂકતો હોય તો થોડા પરિચય પછી ખબર પડશે કે તે બીજા શામાં છૂટ મૂકે છે. અને મનુભાનો આ ઠાઠ જોતાં તેને લાગ્યું હતું કે એકલા સીધા રસ્તાની કમાણીથી આ ઠાઠ નિભાવી શકાય નહીં. હવે આજે નહીં તો કાલે ખબર પડશે કે મનુભા બે નંબરમાં બીજું કયું કામ કરે છે.

એક વખત તો તેને થયું કે પોતાના ખજાના વિશે તેમને બધું કહી દે ને તેને ખોદી કાઢવા અંગે તેમની મદદ માગી લે. પણ તેને થયું કે મોટા માણસનું મ્હોં પણ મોટું હોય તો કામ વગર મોટો ભાગ આપી દેવાનું બરાબર ન હતું. ને તે બોલતાં અચકાઈ ગયો. વળી પોતાના ખજાનામાંથી હજુ સુધી કેટલો ભાગ સલામત રહ્યો છે, તેની પણ હજુ તેને કયાં જાણ હતી? ને કદાચ જરૂર પડશે તો કયાં મનુભા દૂર છે!

મનુભાની મહેમાનગત માણીને તે જ્યારે પોતાને રસ્તે પડ્યો ત્યારે તે આનંદમાં હતો. એક સારો સંબંધ થયાનો તેને અહેસાસ થયો હતો. ને પેલું પાર્ટીનું આમંત્રણ જે હજુ મળ્યુંય ન હતું તેનો કેફ તેના મગજમાં ઘુમરાઈ રહ્યો.

અનુક્રમ ⇒

૧૧ :- ખજાનો મળ્યો

બધા પાંચ હજાર મળવાની વાતે ઉત્સાહમાં આવી ગયા હતા અને કામ શરૂ કરતી વખતનો થાક વગરનો મલકાટ બધાના મ્હોં પર છવાયેલો હતો. કેવાં અને કેટલાં સાધનો જોઈશે કે કેટલી માનવશકિત ઉપયોગમાં લેવી પડશે તેનો કોઈને હજુ અંદાજ ન હતો. છતાં બધા જુસ્સાથી વળગી પડ્યા હતા. થોડું ખોદ્યું ને નીચે જાણે સળંગ પથ્થરનું તળિયું કોઈએ બનાવ્યું હોય એમ લાગ્યું. ત્રિકમના ઘા પાછા પડવા લાગ્યા એટલે નરાશ અને નરાશ પાછી પડી એટલે છીણી ને હથોડીથી જમીન તોડવા માંડી. આખો દિવસ કામ કર્યા પછી સાંજે જોયું તો માંડ વેંત ઊંડું ખોદાયું હતું. બધા હતાશ થઈ ગયા. હજુ ઉપરથી આવી દશા છે તો વધુ ઊંડે જતાં કેવી મુશ્કેલી પડશે તેની ચિંતા તેમને અત્યારથી થવા લાગી.

'જુઓ ભાઈઓ, એણે એકલાએ જો અહીં ખજાનો સંતાડ્યો હોય તો આપણે તો પંદર જણા છીએ, આપણે તે ખોદી કાઢ્યા સિવાય રહેવાના નથી. અને કેમ માન્યું કે આ પથ્થર નીચે ફકત માટી જ નહીં હોય. આપણે જ્યારે કોઈ વસ્તુ સંતાડવી હોય ત્યારે આપણે ઉપરનું ઢાંકણું મજબુત બંધ કરીએ છીએ તેમ તેણે પણ કર્યું હશે.' ભેરવસિંહે બધાનો ઉત્સાહ ટકાવી રાખવા માટે કહ્યું.

'તેની કોણ ના પાડે છે! આ તો કોઈ દિવસ આવું કામ કરેલું નહીં એટલે જરા થાક લાગે. બાકી કામ તો પૂરું કરવાનું જ છે, એ અદકપાંસળી લંગડથી થયું તો આપણે પંદર જણ મળીને તે ના કરી શકીએ તો લ્યાનત છે, આપણા જીવતરને.' બીજા એકે કહ્યું. ને બધા પછા ઉત્સાહમાં આવવા લાગ્યા.

'અરે, ધાર્યા કરતાં બેચાર દા'ડા વધારે લાગશે એટલું જ ને. પણ એ દલ્લો હાથ કર્યા સિવાય અહીંથી જાય એ બીજા. આપણે તો ત્યાં સુધી અહીં જ ધામા.' બીજા એકે તેમાં સૂર પુરાવ્યો ને બધાએ તેની સાથે સંમત થતા હોય તેમ હકારમાં માથાં હલાવ્યાં.

'તો થઈ જાય એ વાત પર ગોટા ને ચ્હાની પાર્ટી.' ફતાએ મમરો મૂકયો ને ચારે બાજુથી તેને વધાવી લેતા અવાજ આવ્યા.

'જુઓ આજે રાતે ગોટા ખાઈને કામે વળગી પડીએ ને બીજું વેંત જેટલું ખોદી નાખીએ તો એક અઠવાડિયામાં તો ખજાનો બહાર કાઢીને આપણે સહુ પેતપોતાને રસ્તે પડ્યા હોઈશું.' બીજાએ પણ હવે ઉત્સાહ બતાવવા માંડ્યો.

ને ચ્હાગોટાનો નાસ્તો પતાવી બધા કામે વળગી પડ્યા. કલાકેક ખોદ્યા પછી કોઈકે માપી જોવા માંડ્યું કે કેટલું ખોદાયું છે, તો બધા તેના પર તૂટી પડ્યા. 'માપવાનું બંધ કર ઓ ઈજનેરના બેટા. હવે તો માપવાનું જ્યારે ખજાનાની પેટીને કોદાળી અથડાય ત્યારે, સમજ્યો.' ને પેલો માપનાર છોભીલો પડી ગયો. કોઈક બીજો મનમાં માપવાનું વિચારતો હશે એય હવે માપવાની હિંમત નહીં કરે એમ જાણી ભેરવને આનંદ થયો.

ને કામ ચાલતું રહ્યું. અઢી મણ બેસનનું બાચકું, ડબ્બો તેલ ને બે મણ કાંદાનો ભૂકો બોલી ગયો પણ ખોદાયું કેટલું? બધાએ નકકી કર્યું હતું એ મુજબ કોઈ માપતું ન હતું પણ કોઈ જોતું ન હોય ત્યારે અંદાજ બધા મનોમન કાઢી જોતા હતા ખરા. કોઈ કોઈને કહેતું ન હતું પણ મનથી બધા થાકતા જતા હતા એ હકીકત હતી. બધાના મનમાં હવે એક જ વિચાર હતો કે કયારે કોઈ ઢીલું બોલે ને પોતે ચાલતે ગાડે ચઢી બેસે. પણ કાયર ગણાવાની બીકે કોઈ પહેલ કરવા તૈયાર થતું ન હતું, એટલે કામ ચાલતું રહેતું હતું.

પણ ધીરજની પણ કોઈ હદ તો હોય ને, એક દિવસ મકનો થાકયો નેઃ 'જ્હાનમમાં ગયો એ ખજાનો ને જ્હાનમમાંગયા પાંચ હજાર રૂપિયા. આવું વૈતરું કરવું હોત તો ચોરીચકારીમાં પડ્યો જ શું કરવા હોત!' કહેતાં તેણે

હાથમાંની નરાશ છૂટ્ટી ફેંકી. જ્યાં નરાશ ગુફાની એક ભીંતે અથડાઈ ત્યાં તડ પડી હોય એમ લાગ્યું. એક જણે ત્યાં હથોડીના બેચાર ફટકા મારી જોયા તો પેલી તડ વધીને ચોરસ બારી જેવો આકાર દેખાવા લાગ્યો. હવે બધાને રસ પડવા લાગ્યો. બધા હાથ લાગ્યું તે હથિયાર લઈને વળગી પડ્યા ખોતરવા. થોડી વારમાં તો ત્યાં માણસ નમીને પેસી શકે એવું એક બાકોરું થઈ ગયું.

બાકોરું ભલે સાંકડું હતું પણ એ સાંકડે બાકોરેથી અંદર ગયા પછી જાણે કોઈ મોટા મકાનના બેઠકખંડમાં આવી ગયા હોય એમ બધાને લાગવા માંડ્યું. ચારેય બાજુ પડેલી જાતજાતની ચીજવસ્તુઓ પરથી ધૂળ ઝાપટી પછી તેમને સાચી ખબર પડી. તેમની સામે અણમોલ ખજાનો પડ્યો હતો. ભેરવસિંહે પહેલી જ નજરે પારખી લીધું કે તે પોતાનો ખજાનો ન હતો પણ તેને તેની ચોખવટ કરવાની જરૂર ન જણાઈ. બધા આને પોતાનો ખજાનો માનતા હોય તો ભલે તેમ માને, તેમને જણાવેલા પૈસા આપવા તો પડવાના જ છે ને. પછી તે આમાંથી અપાય કે પોતાના ખજાનામાંથી પોતાને શો ફેર પડે છે!

જ્યારે એક પછી એક પેટીઓ ખોલવા માંડી ત્યારે બધાની આંખો આશ્ચર્યથી ફાટી ગઈ. લગભગ બધી જ પેટીઓમાં નોટોની થપ્પીઓ બરાબર ગોઠવીને ભરેલી હતી. એ નોટો કુલ કેટલા રૂપિયાની હતી એ ગણી શકે એટલું એમાંનું કોઈ ભણ્યું ન હતું. જો કે હવે આટલી બધી નોટો જોયા પછી કોઈને પાંચ હજારથી સંતોષ થાય એમ ન હતો.

છેલ્લી પેટી ખોલી તો તેમાંથી પરચૂરણના શિકકા નીકળ્યા. આટલી બધી નોટોની સામે પેલા હજાર રૂપિયા જેટલી કિંમતના શિકકાની શી વિસાત! પણ ત્યાં ફતો કહે : 'કોઈએ બહુ ખુશ થવા જેવું નથી. તમને બધાને ખબર હશે કે સરકારે બનાવટી નોટોને બજારામાં ફરતી અટકાવવા માટે પાંચ વર્ષ પહેલાં આખી કરન્સી બદલી નખી હતી, ને તેમાં નોટોની સાઈઝ, ડીઝાઈન અને રંગ ત્રણેય એટલાં બદલી નાખ્યાં છે કે નાનું છોકરુંય આ નોટને સાચી ગણીને લે નહીં. એક થોકડી ખોલીને જરા અજવાળામાં જઈને જોઈ આવો તો ખરા.'

ને બધા જાણે હિમાલયની ટોચેથી તળેટીમાં પટકાઈ પડ્યા. કોઈનામાં બહાર જઈને નોટોની ચકાસણી કરવાની હિંમત રહી ન હતી. ભેરવસિંહ પણ સૂનમૂન થઈ ગયો હતો. તેને તો મફતનો ખજાનો હાથમાં આવેલો જાણે છટકી ગયો હતો. એણે ફતા સામે આંખ કાઢી અને જાતે જ એક થોકડી લઈ મશાલના અજવાળામાં ધરી જોવા લાગ્યો. ને ફતાની વાત સાચી હોવાની ખાતરી થતાં નિરાશ થઈ બધાની પાસે આવી બેસી પડ્યો.

બધા તરત જ સમજી ગયા કે ફતાની વાત સાવ સાચી હતી. હવે બધાની નજર પેલા પરચૂરણ પર બગડી. ભેરવ તે સમજી ગયો. તેણે પ્લાન વીંખાઈ જતો જોયો. તેને થયું કે જો એ બધા હતાશ થઈ જશે તો તેમને પાછા લાઈન પર લાવવાનું અઘરું પડશે. તેણે બધાનું ધ્યાન ખજાના પર પાછું કેન્દ્રિત કરવા કહ્યું : 'આ ખજાનો આપણો ન હતો આપણે જે ખજાના પાછળ છીએ તે માટે હજુ આપણે ઊંડું ખોદવાનું છે. અત્યારથી એમ હારી જઈશું તો કેમ ચાલશે. આટલી મહેનત કર્યા પછી થોડું જ અડધેથી છોડી દેવાશે! આપણે જો પડતું મૂકીશું તો કોઈ બીજો હાથ મારી જશે.'

પણ તેના બોલવાની કશી અસર થઈ હોય એમ જણાયું નહીં. બધાની નજરોમાં નિરાશા ડોકિયાં કરી રહી હતી. તેણે ફતા સામે જોયું. ફતો પણ સમજી ગયો હતો કે બધા તેની વાત સાંભળવાના મૂડમાં ન હતા. હવે જે કાંઈ કરવું હોય તે તેમને બાજુ પર રાખીને જ કરવું પડવાનું હતું. એટલે ભેરવસિંહે જ શરૂ કર્યું : 'જો તમને બધાને આ કામ અઘરું લાગતું હોય તો હું તમારે બદલે કોઈ બીજાને સાથે ભેળવીશ તો તમે તમારો ભાગ ખોશો. પછી કહેતા નહીં કે અમને પહેલેથી કહ્યું ન હતું. બોલો, શો જવાબ છે તમારો?'

બધા એકબીજા સામે તાકી રહ્યા. તેમને મોહ છૂટતો ન હતો ને કામ પૂરું કરવાની હિંમત પણ થતી ન હતી. એકે વચલો રસ્તો કાઢવા સૂચન કર્યું: 'એમ કરો, જરૂર જેટલી જ મદદ બહારની લો, અમે બાકીનું કામ કરીશું.'

'તો પછી તમને પાંચ હજાર નહીં મળે. બીજાને રોકીશું તે તેનેય આપવા તો પડશે ને. તમે જ કહો તમને કેટલા આપવા પડે?' ભેરવસિંહે પાછો હિસાબ માંડ્યો.

'અમને તો તમે જે નકકી કર્યો છે એ જ આંકડો પાંચ હજાર. બહારની જે મદદ લેવી પડે તેને માટે તમારે તમારા ખિસ્સામાંથી આપવા પડશે. તમે કહેતા હતા એના કરતાં કામ અઘરું છે.' એક જણે સામાન્ય વાત કરતો હોય એમ કહી દીધું.

ભેરવસિંહ એક વખત તો ઘા ખાઈ ગયો. તેને લાગ્યું કે હવે એના સાથીદારો જ્યારે તેની સાથે સોદાબાજી કરવા માંડ્યા છે તો લાગે છે કે તેની સરદારી ખતમ થઈ ગઈ છે. પણ અત્યારે તો દબાયેલો પગ કાઢી લેવાની વેળા હતી. અત્યારે તે સાથીઓને નારાજ કરવા માગતો ન હતો. તેણે કહ્યું : 'ભલે, એમ રાખો. પણ હજુ મનેય ખબર નથી કે મારા દલ્લામાંથી કેટલો બચ્યો છે.'

બધાને કહી તો દીધું કે બીજા કાઈની મદદ લેવી પડશે પણ કોઈ એવો તેની ધ્યાનમાં ન હતો. હા એક જાણ મદદ કરી શકે ખરો પણ તે મદદ કરવા તૈયાર થશે કે કેમ તેની તેને ખબર ન હતી. અને તે હતા મનુભા. આજે રાતે જ મનુભાને ત્યાં પાર્ટી હતી. ભેરવસિંહને પણ તેમાં જવાનું આમંત્રણ મળી ગયેલું હતું. જો લાગ મળે તો આજે જ તેમની સાથે આ ખજાનાના ખોદી કાઢવા માટેની મશીનરી અંગે વાતચીત કરી લેવાની તેની ગણતરી હતી. તણે બધાને અગાઉથી એ વાત કરવાની જરૂર ન જોઈ. એક વખત મનુભા હા પાડે પછી એમને વાત કરવી વધુ ઠીક હતી એમ માની એણે એ દિવસનું કામ બંધ કરાવી દીધું.

તે પહેલી વખત જ્યારે મનુભાને મળ્યો ત્યારે તેમણે ચોખવટ કરી જ હતી કે કોઈ ખોટું કામ તે કરતો નથી. પણ ભેરવસિંહની વિચક્ષણ બુધ્ધિએ તરત પકડી પાડ્યું હતું કે કશી બે નંબરની કમાણી વગર મનુભાનો રજવાડી દમામ નભી શકે તેમ ન હતો. એટલે તેને ગળા સુધી ખાતરી હતી કે તેને જોઈતી મદદ તેમના તરફથી મળી જ રહેશે.

તે રાતે મનુભાને ત્યાં પાર્ટીમાં ભેરવસિંહે મનુભાને દાણો ચાંપી જોયો, તો મનુભા કહે : 'પાર્ટી પત્યા પછી આપણે શાંતિથી વાત કરીએ.'

ભેરવસિંહને તો મનમાં એમ હતું કે દરબાર વાત કરવા પણ તૈયાર નહીં થાય તેને બદલે મોડી રાતે પાર્ટી પત્યા પછી મળવાનું તેમણે પોતે જ સૂચવ્યું એટલે ભેરવસિંહને થયું કે કામ થઈ જશે. તેણે કયી વાત કરવી અને કયી વાત ન કરવી તે મનમાં વિચારવા માંડ્યું. જો બધી વાત કરી દે અને વખત છે ને મનુભા અને પેલો ખજાનાવાળો મૂળ નવાબ બે દોસ્ત નીકળે તો થોડી તકલીફ ઊભી થાય ખરી. પણ માલ પોતાનો જ હતો, તે નાની મોટી અનેક ચોરી-ડાકાયતીથી ભેગો થયેલો એમ જ જણાવવું શું ખોટું! જા બિલાડી મોભામોભ, મનુભાને જે સમજવું હોય તે સમજે.

તે રાતે પાછી પ્યાલીઓ ભરાઈ, ટકરાઈ ને ખાલીય થઈ. ભેરવસિંહની બધી વાત સાંભળી લીધા પછી મનુભાએ કહ્યું : 'જો ભેરવ, આ મારી લાઈન નથી પણ તારું કામ થતું હોય તો મારે તને મદદ કરવી જોઈએ એમ હું માનું છું, એટલે પહેલાં તો આપણે એ જગ્યા બરાબર જોઈને નકકી કરીએ કે શુંશું કરવું પડશે. પછી કેટલા માણસોની જરૂર પડશે તે નકકી થાય, પછી કદાચ કોઈ જાણકાર માણસને લાવવો પડે તો તેનું કેમ કરવું તે પણ વિચારી લેવું પડે. તું કહે છે તે નકશો પણ આપણે ચકાસી જોવો જોઈએ કે એમાં કશી બનાવટ તો નથી ને. એમ કર તું કાલે સવારની વેળામાં અહીં આવી જા. નકશો સાથે લેતો આવજે, પછી આપણે ગુફા તરફ જઈશું.'

બીજે દિવસે ભેરવસિંહ મનુભાને ત્યાં પહોંચ્યો ત્યારે મનુભા તૈયાર જ હતા. ભેરવસિંહે તેમના હાથમાં નકશો મૂકયો એટલે તેમણે, નકશાની વિગતો કરતાં તેનો કાગળ, તેની લખાવટ, તેની સ્યાહી વગેરે બાબતોની ઝીણવટથી તપાસ કરી લીધી પછી નકશો તેને પાછો આપ્યો. 'આ નકશો બહુ જૂનો લગતો નથી, તારી માહિતી મુજબ એ કેટલો વખત પહેલાં લખાયેલો હોવો જાઈએ?'

'ચોકકસ તારીખ તો ન કહી શકું પણ વધુમાં વધુ દસ મહિના. એણે મારો ગલ્લો સાફ કર્યો તે પછી તરત જ.' ભેરવે આંગળીના વેઢા પર અંગૂઠો મૂકી ગણતાં કહ્યું.

'તો તો બરાબર છે. મને એમ કે તું પચીસ કે પચાસ વર્ષ પહેલાંનો નકશો માનતો હોઉં તો તે શકય નથી. આ જે કાંઈ છે તે તાજો જ બનાવેલો છે.'

પછી બન્ને ઘોડા પર બેસીને પેલી ગુફા તરફ ઊપડ્યા. મનુભાનો માણસ સાથે જવા તૈયાર થયો પણ મનુભાએ તેને કહ્યું : 'સાથે આવવાની જરૂર નથી. ભેરવ ઘરનો જ માણસ છે.' ને પોતાને ઘરનો માણસ ગણ્યો એટલે ભેરવસિંહને શેર લોહી ચઢ્યું. મનુભાએ રસ બતાવ્યો એટલે તેને ખાતરી થઈ ગઈ કે એનો ખજાનો ચોકકસ હાથમાં આવશે.

ગુફાની છેક અંદર પડેલી જૂની રદ કરેલી નોટો પણ તેણે મનુભાને બતાવી. મનુભા કહે : 'એનું કશું થઈ શકે એમ છે કે નહીં તે માટે તપાસ કરી જોવી પડશે. બનતાં સુધી તેનું કશું ઊપજે એમ લાગતું નથી. છતાં જોઈશું.'

મનુભાએ સાથ આપવાની તૈયારી તો બતાવી પણ ખજાનામાંથી તેમને કેટલો ભાગ આપવો પડશે તેની કશી ચોખવટ હજુ થઈ ન હતી એટલે ભેરવસિંહ ગૂંચવાતો હતો. મનુભાને આ વાતની શંકા આવી એટલે તેમણે જાતે જ ચોખવટ કરી : 'જો તને મદદ કરવા માટે થઈને જ આ કામમાં સાથ આપવાની તૈયારી બતાવી છે એટલે મારે તારા ખજાનામાંથી કોઈ ભાગ જોઈતો નથી પણ જે કોઈ ખર્ચ થાય તેની સામે તારે મને કુલ્લે રૂપિયા દસ હજાર આપવાના. અને તે આપો નહીં ત્યાં સુધી અત્યારે જે દલ્લો મળ્યો છે, તે મારા મહેલમાં રહેશે. મારે તે દલ્લો જાઈતો નથી પણ કાલે સવારે તારા સાથીઓમાંથી કોઈની દાનત બગડે અને તેનો વિચાર ફરી જાય તો મારે ધરમ કરવા જતાં ધાડ પડ્યા જેવું ન થાય.'

મનુભાની વાત સાચી હતી અને ભેરવસિંહને ગમી જાય તેવી પણ હતી. એક તો જે દલ્લો મળ્યો છે, તેનું કશું ઉપજે તેમ લાગતું નથી તેની સામે જો મનુભા નકશામાં બતાવ્યા મુજબ ખોદીને પોતાનો ખજાનો કાઢી આપે તો ખોટું નહીં. ને એક વખત ખજાનો મળી જાય અને મનુભાને દસ હજાર આપવા પડે તો પણ પોસાય તેવું હતું. ભેરવસિંહ કહે : 'કબૂલ, તમે કહો છો તે મને મંજૂર છે. પણ વાત જાણે એમ છે કે અત્યારે મારો હાથ પણ ભીડમાં છે અને મારા સાથીઓ પણ સંકડામણમાં છે એટલે જેમ બને તેમ આ કામ જલ્દી થાય તો તેમના ને મારા હાથમાં વાપરવા જેવા પૈસા આવે.'

'તું કહે છે એમ ઉતાવળ કરીશું, કાલે તારા માણસો આવે એટલે આ પેટીઓ મારા મહેલમાં પહોંચી જાય એમ કરજે. પછી બાકીનું હું સંભાળી લઈશ. મારા ધ્યાનમાં એક માણસ છે, અને તેની પાસે સાધનો પણ છે એટલે વાંધો નહીં આવે.' મનુભાએ જે હળવાશથી કહ્યું એ સાંભળતાં જ ભેરવસિંહના મનમાં હાશ થઈ ગઈ. તેને લાગ્યું કે ખજાનો જાણે હાથમાં આવી જ ગયો. એક વખત ખજાનો હાથમાં આવી જાય પછી તો પોતે રાજા હતો. પોતાના પૈસા પચાવી પાડવાનું શું પરિણામ આવે છે એ હવે કેસરીસિંગને ખબર પડશે. એ વિલાયતમાં સંતાયો હશે તોય હવે એ આ ભેરવસિંહથી બચી શકશે નહીં. તેણે મનમાં જ કલ્પનાના ઘોડા દોડાવવા માંડ્યા.

બીજે દિવસે જ્યારે પેલી પેટીઓ મનુભાના મહેલમાં ફેરવવાની વાત આવી ત્યારે સથીઓમાં થોડો ચડભડાટ થયો. કેટલાકનું કહેવું હતું કે પેલી હજારેકના પરચૂરણવાળી પેટી ના મોકલવી. આમેય રોજ ચ્હા નાસ્તાના પૈસા તો જોઈશે જ. તે

ઓછા દરબાર પાસે માગવા જવાય! ભેરવને પણ આ વાત યોગ્ય લાગી. જેટલાનું પરચૂરણ થશે એટલા પછીથી કયાં નથી આપી દેવાતા! ને આ તો ખાલી બાંહેધરી પેટે છે, મૂળ રકમ દસ હજાર આપી ને આ પેટીઓ પાછી લઈ લેવાની જ છે ને!

તેણે આ વાત દરબારને કરી, દરબારને આ બહું પસંદ ન પડ્યું પણ તેમણે મોટું દિલ રાખ્યું. 'ઠીક તમારી પાસે એટલીય સગવડ ન હોય તો તેમ રાખો. પણ મારો માણસ તમને દસ ફીટ ઊંડું ખોદી આપે પછી મને મારા દસ હજાર પૂરા રોકડા મળી જવા જોઈએ. તમારી આ રદ કરેલી નોટો પાછી લઈ જઈને તમારે જે કરવું હોય તે કરજો. જો તે દરમિયાન તેનું કાંઈ ઊપજશે તો વાંધો નથી. આપણે તેનો હિસાબ કરી લઈશું. મને મારા દસ હજારથી વધુ જોઈતા નથી, વધારે ઊપજે તો તે તમારા.'

ભેરવસિંહને તો આ બધું માફક આવે તેવું જ હતું. તે નોટોનું કશું ઊપજાવી શકે તો એ મનુભા જ હતા. ભેરવનું એ ગજુ ન હતું. તેણે મનમાં જ ગણતરી મૂકી જોઈ જો એ નોટોના રૂપિયાના દસ પૈસા લેખે પણ ઊપજે તો તે બધા સાથીદારોને ચૂકવતાંય તેની પાસે સારી એવી રકમ વધે તેમ તેને લાગ્યું. તેણે ભગવાનને મનોમન પ્રાર્થના કરી કે હે ભગવાન એ નોટોના જેટલા બને તેટલા વધુ પૈસા ઊપજે તેમ કરજો. પણ ભગવાનને તેની વિનંતિ સાંભળવા સિવાય બીજાં ઘણાં કામ હતાં એની તેને કયાં ખબર હતી.

ગમે તેમ પણ તેનું કામ મનુભાએ માથે લીધું એટલે તેને માથેથી મોટા ભાગનો બોજો જાણે હઠી ગયો હતો. હવે ખજાનો પાછો હાથમાં આવી જાય અને પેલો કેસરીસિંગ હાથ ઘસતો રહી જાય એટલે પોતે રાજા.

ને બે જ દિવસમાં ખોદકામ શરૂ થઈ ગયું. મનુભાનો એક દોસ્ત સૈયદ સરકારી નહેરોનાં ખોદકામનાં કામ કરતો હતો, તેણે સુરંગો ફોડી જરૂર જેટલું ખોદી આપવાનું માથે લીધું હતું. જો કે ખોદાયેલા પથરા ને માટી ખાડામાંથી બહાર કાઢવાની જવાબદારી ભેરવના સાથીદારોને ભાગે આવી હતી. ને પોતાનું કામ આસાન થઈ ગયેલું હતું એટલે તેમણે તે હસતે મ્હોંએ સ્વીકારી લીધી હતી.

બે જ દિવસમાં તળિયું દસ ફીટ કરતાંય થોડું વધું ઊંડું ખોદાઈ ગયું પણ ખજાનાની કશી એંધાણી હજુ જણાતી ન હતી. સૈયદ પણ પોતે કબૂલેલું તેનાથી પણ વધું ઊંડું ખોદ્યા છતાં કશું ન મળવાથી કામ બંધ કરીને ચાલ્યો ગયો. મનુભા પણ ભેરવને પૂછયા કરતા હતા કે ખજાનાની વાત સાચી હતી કે પછી બધી બનાવટ જ હતી. ને ભેરવસિંહને પણ હવે વહેમ પડવા માંડ્યો હતો કે કેસરીસિંગ પાછો તેને બુધ્ધુ તો બનાવી નથી ગયો ને! ને એ હરામની ઓલાદનો હતો પણ એવો ચાલાક કે એની ચાલ પકડાતી જ ન હતી.

કે પછી તણે છુપાવેલો ખજાનો કાઈએ કાઢીને પેલા રમઝાનુદ્દીન મલેકને પહોંચાડી દીધો હતો. જો કે તેમ બનવું શકય ન હતું કારણ કે તેમણે જે ખોદકામ કર્યું તે જગ્યા કોઈએ તાજેતરમાં ખોદી હોય એમ લાગતું ન હતું. એમ તો પેલા કેસરીસિંગે ખજાનો દાટવા માટે ખોદી હોય એમ પણ કયાં લાગતી હતી? એ કૂતરીનો બચ્ચો છે બડો ચાલાક. તેનાથી મનોમન કેસરીસિંગને શાબાશી અપાઈ ગઈ.

પણ બધાની ધીરજનો અંત આવી ગયો. જયારે ફતાએ પાવડો ફગાવી દઈ બંડ પોકાર્યું. 'મને મારા પાંચ હજાર રૂપિયા આપી દે. તારો નકશો ખોટો હોય એમાં મારો શો વાંક, મેં તો મારા ભાગનું કામ કર્યું છે. તારી સાથે અમેરિકા આવીનેય શું કાંદા કાઢ્યા! જેલમાં ગયા, જાજરાં ધોયાં ને મજૂરીય કરી. મને શું મળ્યું! મારે મારા પાંચ હજાર રૂપિયા જાઈએ. જેને ના જોઈતા હોય એની વાત એ જાણે, મારા પૈસા મને આપી દે એટલે હું છૂટ્ટો.' તેણે બધાની વચમાં જ ભેરવસિંહને હડફેટમાં લઈ લીધો.

તેની વાત સાંભળી બધા તેને પડખે થઈ ગયા. બધાને શો જવાબ આપવો તેની ચિંતામાં ભેરવસિંહ પડી ગયો. ત્યાં કોઈકે ફતાને પૂછ્યું : 'તે તમારે જાજરાંય ધોવાં પડ્યાં હતાં?'

તો વળી બીજાએ પૂછ્યું : 'જેલમાંય જવું પડેલું, તારે એકલાને કે બેયને!' ફતાએ શો જવાબ આપવો એની ખૂદ ફતાનેય ચિંતા થઈ પડી. એક વખત ગુસ્સામાં કહેવાઈ ગયું એટલે પોતે ફસાઈ ગયો હતો ને ભેરવના ભેગો પોતેય ઉઘાડો થઈ જવાનો હતો આજે. ને ઉઘાડા થવામાં હવે બાકીય શું રહ્યું છે! પાંચ હજારની આશામાં છેલ્લા અઠવાડિયાથી જેમતેમ ખેંચતા હતા તે આશાય હવે ઠગારી નીવડી એટલે શું કરવું તેય સૂજે નહીં એવું થઈ ગયું હતું.

અને ભેરવને તો એકલા ફતાને જ નહીં પણ બીજા ચૌદ સાથીઓને જવાબ આપવાનો હતો. અરે, સાથીઓને જ શું પેલા મનુભાને પણ જવાબ આપવાનો હતો ને. ને પેલા શાહુકારોની દુનિયામાં હોય છે એવી નાદારી નોંધાવવાની જોગવાઈ પણ આ અંધારી આલમમાં ન હતી. હવેની કોઈ પણ પળે ભડાકાવાળી થઈ જાય તો પણ નવાઈ નહીં. ને ભેરવસિંહ પણ સમજી ગયો હતો કે હવે ભગવાનને સંભારવાનો કશો અર્થ ન હતો. તેને ખાતરી હતી કે ભગવાન પણ કદાચ આવશે તો કશુંક માગતું કાઢીને જ આવશે.

પણ તેણે આજ સુધી સરદારી કાંઈ અમસ્થી ન્હોતી કરી. સરદારીના દાવપેચમાં તેને આંબી શકે એવો આ ટોળામાં કોઈ ન હતો. તેણે મનમાંના ગભરાટને દબાવીને સિંહની જેમ જવાબ આપ્યો : 'મારો ખજાનો મળ્યો હોય કે નહીં પણ તમને બધાને નકકી કરેલા પાંચ હજાર રોકડા દૂધે ધોઈને કાલે સવારે મળી જશે. પેલી નોટોના ચાર લાખ રૂપિયા ઊપજ્યા છે, કાલે સવારે દરબાર સાહેબ ઊઠે એટલે દસ વાગ્યે બધા તેમના મહેલમાં આવજો, બધાને રાજગઢમાં પીવાનું અને જમવાનું નોતરું. તેમણે જાતે જ કહેવરાવ્યું છે.'

'તું સાચું જ કહે છે એની શી ખાતરી?' એક જણાએ શંકા કરી.

'જો ભાઈઓ તમને આજ સુધી મારી સાથે રાખીને મેં સાચવ્યા છે. તમને જો મારી પર વિશ્વાસ ન આવતો હોય તો મારી સાથે ચાલો, હું તેમની રૂબરૂ વાત કરાવી દઉં પછી છે કંઈ! જો બાપુ ઊંઘતા હોય તો બેત્રણ કલાક બેસવું પડશે એટલું જ ને! ને ત્યાં ના બેસવું હોય તો સાંજના ચાર વાગ્યે આવો. બાપુ જાગશે તો હું ત્યાં હાજર જ હોઈશ. તમને આજે બાપુને મોઢે કરાવી દઉં. બાપુનેય ખબર પડે કે તેમના વચનમાંય તમને લોકોને વિશ્વાસ નથી એટલે તેમનેય તમારી ઓળખાણ તો પડે.'

'બાપુનો તો અમને ગળા સુધી વિશ્વાસ છે.'

'તો પછી આજની રાત ધરપત રાખશો તો શું બગડી જવાનું છે! કાલે સવારે દસ વાગ્યે બાપુ ઊઠે એટલે બધા કહુંબોપાણી કરીએ ત્યાં સુધીમાં તાલુકાની બેંકમાંથી લાવેલી કડકડતી નોટો બધાંનાં ખિસ્સાંમાં. મારે તો આજે સાંજની પાર્ટી ને જમણ બાપુને ત્યાં જ છે. બોલો, શો વિચાર છે! કાલે સવાર સુધી રાહ જોવી છે કે બાપુ ઊઠે એટલે મોઢે થવું છે ? જ્યારે આવશો ત્યારે હું તો ત્યાં જ મળીશ.'

'હજુ કશું નકકી નથી પણ કદાચ અમારામાંથી કોઈ ત્યાં આવી જાય તો બાપુને એમ તો નહીં લાગે ને કે અમને તેમના પર અવિશ્વાસ છે!' અચકાતાં એક જણે પૂછ્યુ.

'કશું કહેવાય નહીં. લાગેય ખરું ને નાય લાગે. ને વખત છે ને તેમને ખોટું લાગે તોય શું ? કદીક પોલીસનું કે કોર્ટકચેરીનું લફરું થાય તો આપણે પડખે ના ઊભા રહે એટલું જ ને! આજ સુધી કયાં એમની ઓથ હતી. આટલા

દિવસની દોસ્તી પછી મને જે જાણવા મળ્યું છે તે એ કે એમને સરકારમાં ઘણી વગ છે પણ માણસ આબરૂદાર છે એટલે વખત છે ને તેને ખોટું લાગ્યું હોય તોય તે આપણી વિરુધ્ધ સરકારમાં ભંભેરણી તો ના જ કરે.' ભેરવસિંહની જાળમાં બધી માછલીઓ ફસાઇ ગઈ. બાપુને ખોટું ન લાગે એ માટે બધાએ એક રાત માટે રાહ જોવાની તૈયારી બતાવી. ને ભેરવસિંહને તો એટલું જ જાઈતું હતું. વચમાં આડી રાત તેની શી વાત.

ભેરવસિંહે રાતે દસ ગાઉની ઘોડેસ્વારી કરીને રેલ્વે સ્ટેશનેથી મુંબઈની ટિકીટ કપાવી.

બીજે દિવસે બધા જ્યારે મનુભાને મહેલે પહોંચ્યા ત્યારે તેમને જેટલું આશ્ચર્ય થયું તેનાથી વધુ આશ્ચર્ય તો મનુભાને થયું. પાર્ટીની લાલચ આપીને તેણે બધાને છેતર્યા હતા તેનાથી મનુભાને ઘણું દુખ થયું. તેમણે બધાને કહ્યું : 'તમે બધાએ તેના પર મારી આબરૂને કારણે વિશ્વાસ મૂકયો છે અને મારું ઓઠું ધરી એણે તમને બધાને છેતર્યા છે એટલે તે હવે મારો પણ ગુનેગાર છે. હવે એ છે ને હું છું, હું એને નહીં છોડું. પણ તમે બધા રાજગઢની પાર્ટી માણવા આવ્યા છો તે તો એળે નહીં જ જાય.'

'પણ બાપુ એ તો એણે ગપ હાંકેલી.' એક જણે કહેવા કર્યું.

'તોય તમે આવ્યા તો પાર્ટી માણવા ને. જુઓ ભાઈઓ, સુખદુખ તો માણસના નસીબમાં આવે ને જાય. એમ શોક કર્યે ના ચાલે. રામસિંહ, જો આ મહેમાનો માટે પહેલાં તો પીવાની ને સાથે વાગોલવાની વ્યવસ્થા કર ને પછી બધાને માટે ચીકન ને બીરિયાની બનાવવાનું કહી દે. ખાવાની ઉતાવળ નથી જ્યારે પીને થાકીશું ત્યારે ખાવાનું જોઈશે.' મનુભાએ રામસિંહને એકી સાથે બધી સૂચનાઓ આપી દીધી, ને તેમાં ભેરવના એક વખતના સાથીઓ અને હવેથી દુશ્મનોને અણસાર પણ મળી ગયો કે રાજગઢની મહેમાનગતિ કેવી થવાની હતી.

ને પીવામાં અને ખાવાની યાદમાં બધા ઘડીભર ભેરવસિંહને જાણે ભૂલી ગયા. બીજી તરફ ભેરવસિંહ પણ તેના મુંબઈના દોસ્તો સાથે હવે પછીના પગલા અંગે ચર્ચા કરી રહ્યો હતો. તેને પોતાના મલકના ઉતાર જેવા સાથીઓનો જેટલો ડર ન હતો એટલો બલ્કે એનાથીય વધુ ડર મનુભાનો હતો. તેને ખાતરી હતી કે વખત છે ને પોતે પરદેશમાં જઈને સંતાઈ જાય તો પણ મનુભા તેને શોધ્યા વિના રહેશે નહીં.

પોતાનાં મુંબઈનાં ઠેકાણાંની માહિતી તો એના સાથીઓને પાછલા છ મહિનામાં થઈ ગયેલી હતી એટલે પોતે કોઈ અજાણી જગ્યાએ સંતાઈને આગળના પગલા વિશે વિચારવું પડશે એમ તેને લાગ્યું.

(નવલકથાના હવે પછીના ભાગ માટે વાંચો ગોમતીગઢનો ખજાનો- ઉત્તરાર્ધ.)

અનુક્રમ ⇒

## ૧૨ :- પાછા ભૂલા પડ્યા

ભેરવસિંહ બધાથી ભાગી તો આવ્યો પણ પછી શું કરવું તેનો કશો ચોકકસ પ્લાન તેના મનમાં ન હતો. આ તો ભાગવું પડે એવી નોબત આવી એટલે ભાગ્યા સિવાય છૂટકો ન હતો તે ભાગી આવ્યો. હવે પ્લાન ઘડવાનો હતો કે તેમનાથી બચવા માટે શું કરવું. અધૂરામાં પૂરું તેની પાસે સમય પણ ટાંચો હતો. પેલા લોકો ગમે તે પળે મુંબઈ આવી પહોંચે તેવી વકી હતી અને પાછી ફતાને તો પોતાના મુંબઈના દોસ્તોના રહેઠાણની પણ ખબર હતી, એટલે તેણે બને તો એક કે બે દિવસમાં જ મુંબઈમાંથી ભાગી જવું પડે એમ હતું.

મુંબઈના બધા સાથીઓનો મત એવો થતો હતો કે ભેરવસિંહે ઈંગ્લેન્ડ ભાગી જવું જોઈએ. ત્યાં કેસરીસિંગ પણ હતો એટલે કયારેક ભેટો થઈ જાય તો આ બધાનો બદલો પણ લઈ શકાય. પણ ખાટલે મોટી ખોડ કે ચોથો પાયો જ નહીં. ભેરવસિંહને જ્યાં અંગ્રેજીનો જ મૂળ વાંધો હતો ત્યાં એ ઈંગ્લેન્ડમાં રહી કેમ શકે અને ત્યાં જીવવા માટે કરે પણ શું! પાસે પૈસા તો પેલા હરામીએ મુદ્દલેય રહેવા દીધા ન હતા. અરે, જવાનું ભાડુંય આ દોસ્તો પાસેથી ઉછીનું લેવાનું હતું. ને ત્યાં જઈને તરત કમાવાનું શરૂ કરવાનું હતું, આ દોસ્તોના પૈસા પાછા આપવા માટે અને પોતાને જીવવા માટેય ખરું સ્તો.

તેણે બધી બાજુથી વિચાર કર્યો હતો પણ કેસરીસિંગે પોતાની પાછળ ડીટેકટીવ કામે લગાડ્યો હશે એની તો એને કલ્પના પણ ન હતી. આ ડીટેકટીવ દર મહિને કેસરીસિંગને રીપોર્ટ મોકલ્યા કરતો હતો. તેના છેલ્લા રીપોર્ટ પરથી કેસરીસિંગને ખ્યાલ આવી ગયો હતો કે ભેરવસિંહનું ડીંડવાણું હવે ઝાઝું ચાલે તેમ ન હતું. બધી ગણતરી કરીને તેણે ડીટેકટીવને સૂચના આપી રાખી હતી કે ભેરવસિંહ ત્યાંથી છટકે એટલે તરત જ તે જ્યાં છૂપાયો હોય તેની વિગતો મનુભાને આપી દેવી. વચમાં કયાંય પોતાનું(કેસરીસિંગનું) નામ ન આવે તેની કાળજી રાખવી. ને તે મુજબ ભેરવસિંહના મુંબઈ પહોંચ્યાની અને તે કયાં સંતાયો છે તેની માહિતી મનુભાને બીજે જ દિવસે પહોંચી ગઈ હતી.

ભેરવસિંહ નસીબદાર એટલો કે મનુભાએ જાતે આવવાને બદલે ભેરવના બે સાથીદારોને પહેલા મોકલ્યા. ભેરવસિંહ તેમને જોઈ ગયો અને રાતે જ દિલ્હી રવાના થઈ ગયો. ઈંગ્લેન્ડની ટિકીટની વ્યવસ્થા તેણે મુંબઈના દોસ્તોની આગમચેતી મુજબ દિલ્હીથી કરાવી હતી એટલે પેલા લોકો તેને શોધતા દિલ્હી આવી પહોચે ત્યાં સુધીમાં તો પોતે ઈંગ્લેન્ડ પહોચી ગયો હશે. હા ત્યાં જઈને તે શું કરશે તેની આછીપાતળી રૂપરેખાય તેના મનમાં હજુ ઘડી શકયો ન હતો. હવે તો જે થાય તે ખરું પણ દેશમાં રહીને માથું ડૂલ થવા દેવા કરતાં તો સારું જ હતું. જો કે અમેરિકાના ફેરા પછી તેનામાંથી પરદેશની બીક થોડી ઓછી જરૂર થઈ હતી. એટલે આ વખતે એને અંગ્રેજીનો એટલો ફફડાટ થતો ન હતો.

તેના દિલ્હી ભાગી ગયાની અને ત્યાંથી ઈંગ્લેન્ડ જતા રહેવાના પ્લાનની વિગતવાર માહિતી પેલી ડીટેકટીવ એજન્સીવાળાએ મનુભાને પહોચાડી હતી ખરી. મનુભાએ વિચાર્યું કે ભેરવનું ગાડું ત્યાં વિલાયતમાં નભવાનું ન હતું, ને પોતે બે મહિના પછી વિલાયત જવાનું વિચારતા હતા એટલે એ બે મહિના એ ત્યાં ભલે લ્હેર કરતો. પછી તેને ત્યાંય રપેટમાં લઈ શકાય તેવી જાણપહેચાણ પોતાની હતી. એટલે ખોટી દોડધામનો કશો અર્થ ન હતો.ને મનુભાની એ રહેમ નજરને કારણે ભેરવસિંહ લંડનના એરપોર્ટ પર સુખરૂપ ઊતરી ગયો. પણ કમબખ્તી ત્યાં પણ જાણે તેની રાહ જોતી જ ઊભી હતી. તેણે અમેરિકામાં જેલ ભોગવી હતી એની માહિતી તેના પાસપોર્ટમાં દાખલ કરી દેવાઈ હતી એટલે લંડનની પોલીસે તેની આગતાસ્વાગતામાં કશી મણા રાખી ન હતી.

તેનાં બધાં કપડાં કઢાવીને તેની જડતી લેવામાં આવી, ને તેને તરેહતરેહના સવાલો પૂછીને તેને પરેશાન કરી નાખ્યો. એક તો ભેરવસિંહને અંગ્રેજીમાં કશી સમજણ પડે નહીં અને પેલો દુભાષિયો જે સમજાવે તેના સાચા જવાબો આપવા જેવી ભાઈની કારકીર્દી નહીં એટલે પોતે એક સારો નાગરિક છે અને ફકત ફરવા અને દેશ જોવા માટે જ ત્યાં આવ્યો છે એમ સાબિત કરતાં તેને નવનેજાં થયાં. છતાં તેણે જે ગુનો કર્યો હોય એ અમેરિકાની ધરતી પર કર્યો હતો એટલે તેને બહુ લક્ષમાં ન લેતાં તેને ત્યાં છ મહિના માટે રહેવાના વીઝા મળી ગયા.

વીઝા તો મળ્યા પણ તે અહીં કોઈને જાણતો ન હતો ને ખિસ્સામાં પૂરા પચીસ પાઉન્ડની સિલક પણ ન હતી એટલે માથા પર છાપરું ઢાંકવાનીય તેને ચિંતા હતી. તેને થયું કે આના કરતાં પહેલાં જો અમેરિકા ગયો હોત તો ત્યાં સ્કૉટ જેવો દોસ્ત હતો એટલે રહેવાની અને કામ શોધવાની તકલીફ તો ન પડત. પણ પોતે કોઈ પ્રવાસટૂર પર નહીં પણ ભાગીને આવ્યો હતો.

ને ઈંગ્લેન્ડની ટિકીટના પૈસા પણ દોસ્તો પાસેથી ઉછીઉધારના લઈને આવ્યો હતો. પછી અમેરિકાની લાંબી સફરના ભાડાના બેવડા દામ પોતે કયાંથી કાઢી શકવાનો હતો! આ તો દોસ્તો એટલા સારા કે આટલીય વ્યવસ્થા કરી આપી કે જાન બચાવીને ભાગી જવાયું. બાકી ભડાકાવાળી થઈ હોત તો પોતે કદાચ એકાદને પાડી દેત પણ બાકીના ચૌદ જણા તેના ટુકડેટુકડા કરી નાખત. અને મનુભા શું કરત તેના તો વિચાર માત્રથી જ તેને કમકમિયાં આવતાં હતાં.

પણ બૂરામાં બૂરા માણસ માટેય ભગવાનને ઘેર એકાદો ખૂણો ખાલી હોય છે. તેને માટેય ભગવાને લાયક સાથી ને લાયક કામ તૈયાર કરી જ મૂકયાં હતાં. તે આમતેમ રઘવાયો થઈને ભટકતો હતો ત્યાં કોઈકે તેને નામ દઈને બૂમ પાડી હોય એમ લાગ્યું. જુએ છે તો પોતાનો એક વખતનો જોડીદાર કનક જાડેજો. ને ભેરવને તો જાણે પિયરિયાં મળ્યાં હોય એવો આનંદ થઈ ગયો ઃ 'ભેરવસિંહ તું અહીં કયાંથી!' પેલાએ આશ્ચર્ય વ્યકત કર્યું.

'એ બધી લાંબી વાત છે. અત્યારે તો હું તારા જેવા દોસ્તદારને જ શોધતો હતો એમ જ માની લે. ભગવાન હજુ દયા રાખે છે, કે તું મળી ગયો. છ મહિના પહેલાં અમેરિકા ગયો હતો ત્યારે પણ તારા જેવો દોસ્ત થઈ ગયેલો એટલે અગવડમાંથી બચી ગયેલો. એક તો આપણને સાલું અંગ્રેજી આવડે નહીં ને આ ધોળિયા તો જાણે આપણે એમને લૂંટી લેવા જ આવ્યા હોઈએ એમ જાતજાતના સવાલો પૂછીને આપણને કાયર કરી નાખે છે. લે હવે તું અહીં શું કરે છે એ કહે ને મારે રહેવા ને ખાવાની વ્યવસ્થા ગોઠવી દે એટલે નિરાંત.'

'એ તો તું મને મળ્યો ત્યારનું ગોઠવાઈ ગયું એમ જ માન. અહીં અજાણ્યા મુલકમાં કાંઈ તને એમ અથડાતો નહીં મૂકી દઈએ. અને કામનું પૂછતો હોય તો હું કાંઈ અહીં મોટી ઓફિસ ખોલીને બેસી ગયો નથી. આપણા તો ભાઈ પહેલેથી જ જાકુબીના ધંધા તે આપણને બીજું સૂજે જ નહીં. ચાલ્યા કરે છે મારા ભૈ. તું તો ફરવા આવ્યો હોઈશ. કે કશું મોટું કામ કરવા આવ્યો છું! મોટું કામ હોય તો મને પણ અંદર ગણી લેજે.' કનકે હાંકયે રાખ્યું. તેને તો મનમાં એમ જ હતું કે ભેરવસિંહને મોટો તડાકો પડ્યો છે ને હવે તે ફકત મોટાં કામ જ કરે છે.

પોતે કેવો ફસાયો છે એ કહેતાં ભેરવને શરમ આવતી હતી છતાં તેણે બાંધ્યાભારે પોતાની વીતક કહી સંભળાવી ને પોતે એ કેસરીસિંગની પાછળ જ અમેરિકા ગયો હતો અને વિલાયત પણ એ જ કામ માટે આવ્યો છે એમ પણ ચોખવટ કરી. તેની વાત સાંભળી કનકને તેના પર દયા આવી ને તેને મદદ કરવાની ચાનક ચઢી. આવાં બે નંબરનાં કામોમાં મદદમાં મહેનતાણું નામનો શબ્દ છૂપાયેલો હોય છે. કોઈ મદદ કરે તો આપોઆપ મહેનતાણાનો હકદાર બની જતો હોય છે. બધા તે વાત જાણે છે અને તેને માન પણ આપે છે.

તે સાંજે કનકે તેના મિત્ર લખુભાની ઓળખાણ પણ કરાવી. બન્ને ભેગા મળીને નાનાંમોટાં કામ કરતા હતા. બેમાંથી કાઈને કુટુંબનું વળગણ ન હતું એટલે બન્ને ભેગા જ રહેતા હતા ને હાથે રોટલો બાળી ખાતા હતા. તેમણે ભેરવસિંહને પણ પોતાની સાથે જોડાઈ જવા આમંત્રણ આપી દીધું. ભેરવસિંહને તો બીજું જોઈતું પણ શું હતું! તે તો આવા કોઈ સધિયારાની જ રાહ જોતો હતો. બધા એક જ લાઈનના હતા એટલે તેમને એકબીજા સાથે તરત જ ગોઠી ગયું.

આ બે જણાની લઈન નાનીમોટી હાથચાલાકી કરી પેટિયું રળી ખાવાની હતી. એક જણ કોઈ એકલદોકલ સ્ત્રીને કોઈનો પતો પૂછવા ઊભી રાખે અને બીજો પેલીની પર્સ ઝૂંટવીને રફૂચકકર થઈ જાય. પછી પેલો પહેલો માણસ પણ તેને પકડવા માટે પાછળ દોડે. પેલી સ્ત્રી દિગ્મૂઢ બનીને તાકી રહે ને બઉ ગઠિયા કોઈ ગલીમાં વળી જાય. ભેરવને હિસાબે તેઓ પોતાને નાના ગણતા હતા પણ તેમને કયાં ખબર હતી કે ભેરવ અત્યારે તેમના કરતાં પણ નાનો તે બની ગયો હતો.

બેચાર દિવસ તેને સાથે ફેરવી લંડન બતાવવું અને પછી નકકી કરવું કે કોઈ મોટું કામ અહીં થઈ શકે એમ છે કે કેમ, એવું બધાએ સૂતાં પહેલાં નકકી કર્યું.

ને બીજે દિવસે બધા લંડનની સફરે નીકળી પડ્યા. ભેરવસિંહ તેમની સાથે ફરતો જરૂર હતો પણ મન તો તેનું કેસરીસિંગની પાછળ ભમતું હતું. તેણે જ્યારથી જાણ્યું કે કેસરીસિંગ ઈંગ્લેન્ડમાં છે ત્યારથી તેને ઈંગ્લેન્ડમાં આવવાનું મન થઈ આવ્યું હતું પણ પાતે ઈંગ્લીશને કારણે પાછો પડતો હતો. હવે જ્યારે અહીં આવી જ ગયો છે અને આવા બે દોસ્તો થયા છે ત્યારે પોતાનું કામ ઘણું આસાન થઈ ગયેલું તેને લાગ્યું હતું. હવે કેસરીસિંગનો પતો મળે એટલે પત્યું. પછી એને ભરીપીતાં તેને આવડતું હતું. 'એ કેસરીસિંગનો પતો લગાવવાનું કામ તમારું, પછી એને ભરીપીવાનું કામ મારું. આપણે લંડન પછી જોઈશું, પહેલાં એક વખત કેસરીનો પતો લગાવો એટલે થયું.' તેણે પેલા લોકોનું ધ્યાન પોતાના મુખ્ય સ્વાર્થ તરફ દોરવા પ્રયત્ન કર્યો.

'તે પણ થશે, એક વખત પાછળ પડીશું તો તેના શા ભાર છે! લંડનમાં આપણા દેશીઓ ઘણા છે, એટલે કોઈક તો એને જાણતો મળી જ આવશે. બેચાર દિવસમાં જ તેનો પતો મળી જશે. તે કોઈ ને કોઈ દેશીના સંપર્કમાં રહેતો તો હશે જ. આજનો દિવસ મને વિચારી લેવા દે, પછી કાલે એની વાત છે.' કનકે કહ્યું.

પછીના દિવસો તે બધાને માટે બહુ વ્યસ્ત ગયા. કેટલાયને મળ્યા, કેસરીસિંગનો ફોટો બતાવ્યો, કેટલીય નિશાનીઓ આપી પણ બધું વ્યર્થ. કયાંયથી કશી માહિતી ન મળી. છેલ્લે મેઘજીભાઈને મળ્યા ત્યારે તેમને કાંઈક આશા બંધાઈ. તેમણે જણાવ્યું કે તે લગભગ એક વર્ષ પહેલાં જ્યારે લંડનમાં નવોનવો આવ્યો હતો ત્યારે તેમણે તેને ઘણી મદદ કરી હતી અને થોડો સમય પોતાની સાથે પણ રાખ્યો હતો, પણ માણસ બહુ લાયક નહીં. અત્યારે લંડનમાં જ કયાંક રહે છે પણ કોઈ દિવસ ખબર પૂછવા પણ આવ્યો નથી.

કયાં રહે છે એની ખબર તેમને ન હતી એટલે એનો ચોકકસ પતો તો ન મળ્યો પણ અશા બંધાઈ કે એ હજુ લંડનમાં જ હતો. ને તેમણે મેઘજીભાઈને વારંવાર મળવાનું નકકી કર્યું. તેમણે તેમને ભલામણ કરી કે જો તેને અંગે કશી માહિતી મળે તો તેમને જણાવે. માહિતી જણાવવાની હોત તો મેઘજીભાઈની જીભને ટેળવે જ હતી પણ તેમને આ માણસો ભરોસાપાત્ર ન લાગ્યા એટલે તેમને કશું જણાવ્યું નહીં. વળી કેપ્ટન કુલદીપ સાથેની વાતમાં તેમને એવો અણસાર આવી ગયો હતો કે કેટલાક ગુંડાઓ તેની પાછળ લાગેલા હતા. તેમને લાગ્યું કે આ માણસો તેમાંના જ હોવા જોઈએ.

છતાં તેમણે અમેરિકા કાગળ લખીને પુછાવી જોવાનું વિચાર્યું. પછી જો જણાવવા જેવું હશે તો કયાં નથી જણાવાતું! ને તેમણે તે જ દિવસે કુલદીપને એક કાગળ લખીને બધી વિગત જણાવી.

આ તરફ ભેરવસિંહે પણ પેલા લોકોની જેમ કહેવા પૂરતી નોકરી લઈ લીધી. ને શકય હોય તો હમણાં જ્યાં સુધી કેસરીસિંગની તપાસ કરતા હોય ત્યાં સુધી નાનાં કામ હાથ ઉપર લઈ કામ વગરનું જોખમ વહોરવાનું બંધ રાખ્યું. આની પાછળ તેને અમેરિકામાં જેલના થયેલા અનુભવનો ફાળો વિશેષ હતો. અને કેસરીએ પેલા કાગળમાં જે ધમકી આપી હતી કે અમેરિકાની જેલ કરતાંય અહીંની જેલો વધુ કડક હતી તે પણ આને માટે જવાબદાર હતી. વળી ફતાએ દેશમાં પણ તેનું પોલ ઉઘાડું પાડી દીધું હતું એટલે તેને શરમાવા જેવું થયું હતું. જો કે હવે દેશમાં જવાનું થશે કે કેમ તે જ તેને માટે ચિંતાનો વિષય હતો એટલે તેની તો તેને બહુ ફિકર ન હતી.

પણ રંકનું નસીબ કાયમ રંક નથી રહેતું. એક વખત નોકરી પર ભેરવસિંહને એક દેશી બૈરી મંગુ સાથે ઓળખાણ થઈ. તેની સાથેની વાતમાં તેણે તેને કેસરીસિંગનો ફોટો બતાવીને પૂછ્યું તો તેના આશ્ચર્ય વચ્ચે તેને જાણવા મળ્યું કે એવીએ તેને ઓળખતી હતી. તે તેની જ એક બેનપણી સાથે પરણ્યો છે ને અમેરિકામાં જઈ વસ્યો છે. હજુ બેએક મહિના પહેલાં જ બન્ને જણાં ઈંડિયાથી પાછાં ફરતાં લંડનમાં આવેલાં ત્યારે તેની બેનપણી જાનકી તેને મળવા પણ આવી હતી.

'તેણે અમેરિકાનું તેનું સરનામું આપ્યું હશે ને. તેનો હસબંડ કેપ્ટન મારો દોસ્ત થાય છે. તે આવ્યો ત્યારે હું દેશમાં ન હતો એટલે મને મળી શકયો નથી.' ભેરવસિંહે પણ ચાલતે ઘોડે સવાર થઈ જવામાં ડહાપણ જોયું. જો મંગુ કહે છે એમ પેલા માણસને ત્યાં કેસરીસિંગ આવ્યો હોય તો એનું ચોકકસ સરનામું તો મળી જાય, પછીની વાત પછી.

'તે મને સરનામું આપવાનું કહેતી હતી પણ ઉતાવળમાં રહી ગયું. પણ તે બહુ જરૂરી હોય તો એ લોકો જેને ત્યાં રહેલાં તેને પૂછીએ તો ત્યાંથી મળી શકશે. હું ઓળખું છું એ કાકાને એક વખત જાનકી સાથે એમને ત્યાં ગઈ પણ છું.' પેલીએ કહ્યું. ભેરવસિંહને તો જાણે ભગવાન મળ્યા હોય એમ લાગ્યું.

'જો શકય હોય તો તમે કાલે તેમને મળીને તેનું અમેરિકાનું સરનામું મને મેળવી આપો તો મોટી મહેરબાની.' ભેરવસિંહે અવાજમાં બને એટલી મીઠાશ ભેળવીને પેલીને વિનંતિ કરી.

'કાલે તો નહીં બને પણ આ રવિવારે હું તેમને મળી આવીશ અને સોમવારે તમને સરનામું મળી જશે. પેલીએ હૈયાધારણ આપી. જો કેસરી અમેરિકામાં હોય તો તેના સરનામાની ભેરવસિંહને ઉતાવળ ન હતી. એક તો એ અમેરિકાથી દાઝેલો હતો ને હાલ તેની પાસે એટલા પૈસા પણ ન હતા કે તે અમેરિકા જઈ શકે. જે થાય તે ખરું. પણ તેણે હાલ તો આ વાત કનક અને તેના દોસ્તને ન કહેવાનું નકકી કર્યું. વળી જો અમેરિકા જવાનું થાય તો પોતે એકલો ત્યાં જાય એનો તો કશો અર્થ નહીં, ને બે માણસનો ખર્ચો વેઠી શકે એટલા પૈસા ભેગા કરતાં તો તેને હજુ આખું વર્ષ કેડ બાંધીને કમાવું પડે.

રવિવારે બપારને વખતે મંગુ મેઘજીભાઈને મળવા માટે ગઈ. મેઘજીભાઈ તેને ઓળખી ગયા. તેણે જે વાત કરી તે પરથી તેમને ખ્યાલ આવી ગયો કે આ પેલા લોકો જ છે. તેમણે એ લોકોને જે વાત કહી હતી તે જ વાત મંગુને પણ કહી. તેમને ખાતરી હતી કે તે લોકોને વાત સાચી જ લાગવાની હતી. મંગુને જાનકી અમેરિકામાં હોવાની વાતની ખબર હતી પણ તેની પાસે તેમનું અમેરિકાનું સરનામું ન હતું એટલું સારું હતું.

ને બીજે જ અઠવાડિયે મેઘજીભાઈની નોકરી પર કેસરીસિંગનો ફોન આવી ગયો હતો. તેણે જણાવ્યું હતું કે તે લોકો બદમાસો જ હતા. તે ફરી મળવા માટે આવે તો તેમને સાચું સરનામું આપવાને બદલે ગ્ર ાન્ડ કેન્યનનું બનાવટી સરનામું આપવું અને કહેવું કે તેનો કેટલોક સામાન રહી ગયો હતો તે લેવા માટે તેનો કોઈ ધોળિયો દોસ્ત સ્કૉટ ચિઠ્ઠી લઈને આવ્યો હતો તે તેની પાસેથી આ સરનામું મળ્યું હતું.

ને જ્યારે થોડા દિવસ પછી પેલો તેમને મળવા માટે આવ્યો ત્યારે મેઘજીભાઈએ તેને એ સરનામું પધરાવી દીધું. તેને આ સરનામાથી સંતોષ થયો. સ્કૉટ આવ્યો હતો જાણી ભેરવસિંહને વાતમાં સચ્ચાઈનો સૂર સંભળાયો. સ્કૉટ આવ્યો છે એ જાણ્યું હોત તો પોતે તેને મળવા ચોકકસ આવ્યો હોત. હા, પોતાની હાલની પરિસ્થિતિ જોતાં તેને થયું કે કેસરીને શોધવાની વાત તેની પહોંચની બહાર નીકળતી જાય છે.

ગયે વખતે જ્યારે અમેરિકા ગયેલા ત્યારે તેમની પાસે પાકું સરનામું ન હતું એટલે પૈસાની બરબાદી થયેલી અને કશું પરિણામ હાંસલ કરી શકેલા નહીં. આજે જ્યારે તેનું પાકું સરનામું પોતાની પાસે છે ત્યારે પોતાની એવી સ્થિતિ નથી કે તેની પાછળ જઈ શકે. પણ હવે કોઈ પણ રીતે પૈસા ભેગા કરીને પાતે અમેરિકા જશે અને તેનો જવાબ માગશે. જો સીધી રીતે પૈસા આપી નહીં દે તો પોતે તેને પતાવી દેશે, પછી ભલે તેણે જેલમાં જવું પડે. તે મનમાં જ હિસાબ માંડવા લાગ્યો.

તે જે કેસરીસિંગનું રટણ કરતો હતો તે કેસરીસિંગ એ વખતે બે વડીલોની વચ્ચે બેસી સુખના ઓડકાર ખાઈ રહ્યો હતો. રેવામા કહે : 'મારે કેદા'ડાનું જાત્રાએ જવું છે તે હવે વહુ આવી છે એટલે મોડું થયા કરે છે.'

'મને દોષ ના દેતાં. અમે તો ક્યારનાંય કહીએ છીએ કે તમે તમારે સુખેથી જાત્રા કરી આવો. અમે તમારી મોટેલ સાચવી રાખીશું. પણ તમને અહીંથી જવાનું જાણે મન જ થતું નથી ને!' જાનકીએ કહ્યું.

'મારી મોટેલની મને જરાય ચિંતા નથી. તે તો તમારે સાચવવી હોય એમ સાચવજો. મને ચિંતા એક જ વાતની છે કે વખત છે ને હું ખર્યું પાન છું ને રસ્તામાં ઉકલી જાઉં તો મારા પોયરાનું મ્હોં જોયા વગર જાઉં તો ભૂત થવું પડે, એના કરતાં બે વરહ મોડી જાઉં તો પોતાને રમાડીને તેનાં બળોતિયાં ધોઈને જાઉં તો મોત આવે તોય ભલે. બોલ ક્યારની ટિકીટ કઢાવું ?' રેવામાએ પ્રશ્ન કર્યો, ને ઉત્તર દેવાને બદલે જાનકીએ શરમથી માથું ઝુકાવી દીધું.

'તમે જાત્રા કરી આવો પછી બધાં સારાં વાનાં થઈ જશે.' છેવટે જાનકીને કહેવું જ પડ્યું.

'તે એમ હું કાંઈ કાચી નથી. મારા પોયરાનું મ્હોં જોયા પહેલાં હું અહીંથી મારો પગ કાઢવાની નથી. તારે મને અહીંથી બહાર કાઢવી હોય તો પહેલી મને મારો પોયરો લાવી દે. પછી હું જાત્રાયે કરીશ અને દેશમાં બધાં હગાંને મળીને વધાઈ પણ ખાઈ આવીશ ને દાનધરમાદા પણ કરતી આવીશ એને નામે.' રેવામાએ એક સામટું બધુંય કહી દીધું.

એમની વાતો ચાલતી હતી ત્યાં કેસરી બહારથી આવ્યો. 'શું વાત ચાલે છે!' તેણે આવતાં જ પૂછ્યું.

'મારે જાત્રાએ જવું છે એની વાત કરતાં હતાં. જાનકી કહે કે જઈ આવો. પણ એમ મારા પોયરાનું મ્હોં જોયા વના હું અહીંથી જવાની નથી. બોલ, શું કહે છે!'

'તો બેપાંચ વરહ પછી જજો. ભગવાન ઓછો દરશન બંધ કરી દેવાનો છે! મા એમ જ કરો. પાંચ વરહ પછી આપણે બધાં હાર્યે જાત્રાએ જઈશું.' કેસરીએ હસતાં કહી દીધું.

'લ્યો, બાર વરહે બાવો બોલ્યો, જા બચ્ચા દુકાળ પડેગા. મારે મારો પોતો જોઈએ. બેપાંચ વરહની વાટ જોતાં હું મરી જાઉં તો તારે શું! મારી તો અવગતિ જ થાય ને.' કહેતાં રેવામાનું મોઢું રડવા જેવું થઈ ગયું.

'લે ઊઠ, અહા મૂક. આ ડોહી તો રડવા બેઠી. ને પછી ભગવાનને દીવો કરું ત્યારે ડોહી માટે એકને બદલે બે પોતા માગજે. એક પગ દબાવશે તો વળી બીજો ગળું દબાવી આપશે.' કેસરીએ મજાક કરી વાતાવરણ હળવું કરવા પ્રયત્ન કર્યો. 'કે દા'ડાની લગન માટે પાછળ પડી હતી હવે એને પોયરાનું મ્હોં જોવું છે, પછી કહેશે પોયરાની વહુનું મ્હોં જોવું છે.'

'એવું બોલાતું હશે.' જાનકીએ ટકોર કરી.

'એને ખોટું નથી કહ્યું. એના જેવો પાકે તો ગળું જ દબાવે ને. આ પૈણ્યે વરહ થયું. અમારા વખતમાં તો વરહમાં તો ઘરમાં ઘોડિયું બંધાઈ જતું. ને આને તો હજુ છોકરમત છૂટતી નથી.' રેવામાએ એમની વાત પકડી રાખી.

'લ્યો, હું કાલે બજારમાંથી ઘોડિયાને બદલે મોટો હીંચકો જ લેતો આવીશ, પછી છે કાંઈ! હવે રડો તો મારા સમ.' કેસરી બોલ્યો ને રેવામાનું ડુંસકું ગળામાં જ અટકી ગયું.

'બેસ હવે સમ દેવાવાળો ન જોયો હોય તો. પણ એટલું યાદ રાખજે કે મારા પોતાનું મોઢું જોયા પહેલાં જો હું મરી ગઈ તો ભૂત થઈને તને જ વળગીશ, કે તે મને મારા પોયરાનું મોઢું ના બતાવ્યું.' રેવામાએ પાછી પેલી વાત જ આગળ કરી.

ને ચ્હાનો પ્યાલો હાથમાં લેતાં કેસરીએ જાનકીને ટકોર કરી : 'તુંય માના માથાની મળી છો ને. તેં હજુ માને કહ્યું નથી કે દિવાળી પહેલાં મ્હોં મીઠું કરાવીશું. મા, એ ચાર દા'ડાથી કહુંકહું કરે છે, પણ કહેતી નથી એટલે મારે તમારો ઠપકો સાંભળવો પડ્યો ને! કેસરીએ કહ્યું ને રેવામાને સાતેય કોઠે અજવાળાં થઈ ગયાં. ને જાનકી ચ્હાનો પ્યાલો પડતો મેલીને રસાડામાં દોડી ગઈ. પાછળ જ રેવામા પણ ચ્હાનો પ્યાલો હાથમાં લઈને રસોડામાં પહોંચી ગયાં

થોડી વારે બહાર આવી કહે : 'હવે મારે જાત્રાએ જવાની કશી ઉતાવળ નથી. પાંચ વરસ વહેલાં જઈએ કે મોડાં, શો ફેર પડે છે! જો પોયરો આવશે તો બાધા કરવા બધાં સાથે જ દેશમાં જઈશું ને જાત્રા પણ કરતાં આવીશું.'

'પણ મા, પાંચ વરહ પહેલાં ગબડી ગયાં તો જાત્રા બાકી રહી જશે એનું શું?' કેસરીએ હસતાં પાછી ટકોર કરી.

'તે હું એમ મરવાની નથી તો. તારાં બધાં પોયરાંને ઉછેરીશ ને ભલું હશે તો એકાદને પરણાવી પછી જ જઈશ.'

ત્યાં બજારમાં આંટો મારીને આવી પહોંચેલા કાકાએ બેયને મલકાતાં જોઈને પૂછ્યું : 'શી વાત છે, બેય માદીકરો બહુ ખુશીમાં લાગો છો !'

'અમારે ખુશી એ વાતની કે તમે હવે દાદા બનવાના છો. બોલો, તમે ખુશ કે નહીં !'

'અરે, દુશ્મનને ત્યાં પારણું બંધાય તોય આપણને ખુશી થાય તો પછી આપણે પોતાને ત્યાં એવું થાય તો એની તો વાત જ નોખી. કેમ કુલદીપ!'

ત્યાં તેમને અટકાવતાં રેવામા બોલી ઉઠયાં: 'એવું એને શું પૂછતા હશો, જરા શરમાવ. એ બે જાણાંએ આપણને વાટ કરટાંય અઠવાડિયું કાઢી લાયખું.'

'તે ઘરડાં તમે શું કરતાં હતાં? તમને હવે દા'ડા ગણવામાંય ભૂલ પડતી લાગે છે.'

'મારીય હવે ઉંમર થઈ ને, તમારા કરતાં મારાં બે વરહ વધારે તો ખરાં ને.' ને બેય હસી પડ્યાં.

'શું તમેય આ છોકરાંની સામે આપણી પોલ ઉઘાડી કરો છો.' કહેતાં કાકાય મલકાઈ રહ્યા.

અનુક્રમ ⇒

## ૧૩ :– ભેરવસિંહ પાછો જેલમાં

ભેરવસિંહે જ્યારથી જાણ્યું કે કેસરીસિંગ અમેરિકામાં છે ત્યારથી એને પૈસા કમાવાની અને અમેરિકા જઈ તેની સામે બદલો લેવાની ચાનક ચઢી હતી. પોતે શું કરી શકવાનો હતો તે યાદ કરવાની તેને જરૂર જણાતી ન હતી. તેના મન પર તો ફક્ત બદલાનું ભૂત સ્વાર હતું. એક વખતનો ફીયાસ્કો યાદ કરવાને બદલે ભવિષ્યનાં પરાક્રમોમાં તે રાચતો હતો.

તેને જેટલો ગુસ્સો કેસરીસિંગ પર આવતો હતો એટલો ગુસ્સો પોતાની જાત પર પણ આવતો હતો. પોતે એ હરામીની ચાલમાં વારંવાર ફસાતો હતો છતાં હંમેશાં તેણે દોરેલે ચીલે જ ચાલતો હતો તેમ તેને લાગતું હતું. ને હજુય કેમ જાણ્યું પાતે જે પ્લાન ઘડતો હતો તે તેણે ગોઠવ્યા મુજબના જ નહીં હોય! અવો વિચાર તેને ઘણી વખત આવતો ને તે કશું અણધાર્યું કરવાનો વિચાર કરતો.

પોતે અમેરિકામાં તેણે બતાવેલે સરનામે જ તપાસ કરે એ તેણે જ ગોઠવેલું કેમ ન હોય! તેણે એક વખત સ્કૉટને પોતાનું સરનામું આપ્યું ન હતું ને હવે આપ્યું છે તો તે સાચું હોવાની શકયતા કેટલી? અને વળી પાછો સ્કૉટ તો તેનો મિત્ર પણ હતો. સ્કૉટે પોતાને મદદ કરી છે એમ તેણે જાણ્યું હોય અને સ્કૉટને ખબર ન પડે તેમ તેને જ પોતાનું ખોટું સરનામું આપ્યું હોય. જો સ્કૉટને સાચું સરનામું આપવું હોય તો પછીથી પણ કયાં નથી અપાતું. કે પછી સ્કૉટને પણ પોતાની જેમ આંબલી-પીપળી બતાવતોય હોય. તેને આટલા બધા વિચારો આવ્યા પણ સ્કૉટ જ કેસરીસિંગનો મિત્ર થઈને પોતાને આંબલી-પીપળી બતાવતો હશે એવો વિચાર એને ન આવ્યો, એ જ તો કેસરીની ચાલની કમાલ હતી ને!

જો એકલા જ અમેરિકા જવું હોય તો સ્કૉટ જેવો કોઈ દોસ્ત નથી. તેને જો બધી વાત જણાવી હોય તો તે ચોકકસ મદદરૂપ થાય એવો છે. વળી તે જન્મે અમેરિકન એટલે બીજા કરતાં તે દેશનો ભોમિયો પણ ખરો. પણ એ બધું તો વખત આવ્યે કરાશે. હાલ તો પૈસા ભેગા કરવાના હતા. ને આવા બધા વિચારો પડતા મૂકી તેણે મન પાછું નોકરીમાં લગાડ્યું.

નોકરીમાં દર અઠવાડિયે બે દિવસ માટે ટેમ્પરરી આવતી પેલી મંગુ તેનામાં રસ લેતી જણાઈ હતી. તે જ્યારે આવતી ત્યારે લંચ વખતે બન્ને સાથે બેસીને લંચ લેતાં હતાં. પહેલાં તો સામાન્ય મૈત્રી જેવું લાગેલું, પણ ધીરેધીરે બન્નેને એકબીજા સાથે સારું ગોઠી ગયું હતું. પછી તો નોકરીના સમય સિવાય પણ બેઉ અવારનવાર મળવા લાગ્યાં હતાં. છતાં વાત વધવી જોઈએ એટલી ઝડપથી આગળ વધતી ન હતી. ભેરવને પોતાનું મૂળ ધ્યેય યાદ આવી જતું હતું ત્યારે તેમાં ઓટ આવી જતી હતી. છતાં નવરાશની પળોમાં તેને કદી એવો વિચાર પણ આવી જતો હતો કે વેરબેરની વાતો પડતી મૂકીને જો એ મંગુ સાથે પરણી જાય તો બે જણના પગારમાંથી ઘરખર્ચ કાઢતાંય એક પગાર તો પડી રહે. શાંતિનું જીવન તો ખરું. અને જેમ વખત જતો હતો તેમ તેની આ વિચારધારા વેગ પકડતી જતી હતી.

પણ ધાર્યાં કામ કોઈનાં કદી થયાં છે ખરાં! એક દિવસ એક ઊડતું પંખી આવીને તેના કાનમાં કહી ગયું કે મનુભા લંડનમાં આવી ગયા છે. અંધારી આલમનો એ સદાયનો શિરસ્તો, લાગતું વળગતું ન હોય તોય આવી માહિતી અસરકર્તા માણસને પહોંચી જાય. જો કે તે એની જ પાછળ આવ્યા છે કે કોઈ બીજા કામે આવ્યા છે એવું કશું સંદેશામાં જણાવવામાં આવ્યું ન હતું. તેના મુંબઈના સાથીદારોએ આટલો સંદેશો મોકલ્યો તેય ઘણું હતું.

મનુભા કાંઈ તેની પાછળ જ ન્હોતા આવ્યા, પણ ઘા ભેગો ઘસરકો. તેની ખબરેય લેવાની હતી તે તેમને યાદ હતું. પૈસાનું તો જાણે સમજ્યા, પણ એક સામાન્ય માણસ તેમને છેતરી જાય તે એમનાથી સહન થાય તેમ ન હતું. તેમણે લંડન આવીને એક ઓળખીતાને ભેરવસિંહને શોધી કાઢવાનું કામ સોંપી દીધું. પછી પોતાના કામમાં ડૂબી ગયા. એમાં બે વાતો ભેરવસિંહની તરફેણમાં હતી. એક તો તે માણસ ભેરવસિંહને દીઠે ઓળખતો ન હતો ને બીજી એ કે ભેરવસિંહ દેશમાંથી આવ્યા પછી ઘણો બદલાઈ ગયો હતો. તેનો પોશાક પણ પૂરો ઈંગ્લીશ થઈ ગયો હતો.

જે તેને શોધતો હતો તે માણસ એમ સમજતો હતો કે કોઈ એકલા માણસને લંડનમાં રહેવું હોય તો તે કોઈના પેઈંગ-ગેસ્ટ તરીકે જ રહેતો હોય. એટલે તેણે તેની શોધ એવાં ઘરોમાં કરવા માંડી હતી કે જ્યાં કોઈ ઈંડિયન પેઈંગ-ગેસ્ટ રહેતો હોય. જ્યારે ભેરવસિંહ અને તેના બેય સાથીઓ એકલમૂડિયા હતા એટલે તેની શોધના ક્ષેત્રની બહાર હતા. વળી પોતાની પાછળ કોઈ આવ્યું છે એની બાતમી મળતાં જ ભેરવસિંહ ચોકંદો થઈ ગયો હતો એટલે વધારે સલામત હતો. જો મનુભા

ધીરજ ન ગુમાવે અને શોધને વધુ સઘન બનાવે તો ચિંતા ખરી. ભૈરવસિંહને એવો પણ વિચાર આવેલો કે પોતે જો થોડો સમય લંડનની બહાર ચાલ્યો જાય અને મનુભા થાકીને પાછા જતા રહે પછી પાછો આવે તો મનુભાને થાપ આપી શકાય.

એના બધા હવાઈ તુક્કા જ હતા. પોતે એકલો ક્યાંય જાય કે એકલો રહી શકે એ વાતમાં એને પોતાનેય શ્રધ્ધા ન હતી. થોડું ભાંગ્યુંતૂટ્યું ઈંગ્લીશ તે બોલતો થયો હતો જરૂર પણ એકલા ઈંગ્લીશથી કામ ચાલે તેમ ક્યાં હતું. અજાણી જગ્યાએ જઈને પહેલાં તો નોકરી શોધવી પડે, પછી રહેવા માટે ઘર ભાડે રાખવું પડે અને એકલાની કમાણીથી ઘરનું પૂરું કરવું પડે. આ બધું તેનાથી થઈ શકે તેમ ન હતું. જે થાય તે જોયા કરવા સિવાય તેનો બીજો આરો ન હતો. હા, પકડાઈ ન જવાય તેની કાળજી તે જરૂર રાખશે.

તેને મંગુને પોતાની સાચી પરિસ્થિતિની જાણ કરી દેવાનું યોગ્ય લાગ્યું. અગાઉથી બધી વાત કરી દીધી હોય તો તેને છેતર્યાનો વસવસો પોતાના દિલમાં ન રહે. આટલાં જાકૂબીનાં કામો કર્યા પછી તેને આવો વિચાર આવે એ તેને પણ આશ્ચર્ય પમાડે તેવી વાત હતી.

'મારે તને એક વાત કહેવી છે. તું મારે વિશે હજુ કશું જાણતી નથી. તું માને છે એવો લાયક માણસ કદાચ હું નથી. આખી જિંદગી બુરાં કામોમાં કાઢી છે ને અત્યારે પણ એવા જ કામના પડછાયા મારી પાછળ ભમી રહ્યા છે.' તેણે ચોખવટ કરવા પ્રયત્ન કર્યો.

'મારે એ બધું નથી જાણવું, મને લાગે છે કે આપણે જેવાં છીએ એવાં એકબીજાને પસંદ કરીએ છીએ એ જ પુરતું છે. મારો ભૂતકાળ પણ તારા કરતાં સારો નથી. હું દેશમાં હતી ત્યારે એક ઉજળિયાતને ત્યાં કામ કરવા રહેલી. પછી એણે મને નાની ઉંમરમાં જ અભડાવેલી અને છેવટે હું એની રખાત જ બની ગયેલી. એ મને ઈંગ્લેન્ડમાં લઈ આવેલો. બે વરસ પહેલાં એ મરી ગયો.'

'એ જે હોય તે પણ મારો ભૂતકાળ કોઈક દિવસ મારે લીધે તનેય મુશ્કેલીમાં મૂકે એ મને પસંદ નથી. હું અત્યારેય મોટી મુશ્કોલીમાં ફસાયેલો છું. એ લોકો મને ગમે ત્યારે ફસાવી દેશે.

'કોણ છે તારા એ દુશ્મનો? ગોરા છે કે કાળા છે?'

'છે તો આપણા દેશી જ, પણ એમના હાથ ઘણા લાંબા છે.'

'એમના હાથ લાંબા હોય કે ટૂંકા પણ એમનું કશુંય અહીં ચાલે નહીં. પોલીસને એક ફોન કર્યો કે થઈ જશે બધા અંદર. અહીંનું પોલીસખાતું આપણે ત્યાંના જેવું રેઢિયાળ નથી.' મંગુએ તેને હિંમત બંધાવવા પ્રયત્ન કર્યો.

'તું ગમે તે કહે પણ મને લાગે છે કે તે મને નહીં છોડે. એમ તો હું પણ કાંઈ ઊંઘતો નથી બેઠો. હું સામો મોરચો માંડીશ. હું એમ કાંઈ ઓછો શરણે થઈ જવાનો છું! પણ મને લાગે છે કે ભગવાન તેમને પક્ષે છે. વાંક મારો જ છે, એટલે મારું મન ગભરાયેલું રહે છે.'

'તું મને બધી માંડીને વાત કર, પછી આપણે જોઈએ કે આપણે કેવાં પગલાં લેવાં જોઈએ. હું તારી સાથે જ છું, મરતાં કે જીવતાં.' મંગુએ છેવટનો બોલ કહી દીધો.

'ટૂંકમાં વાત આવી છે, મારો ચોરી-ડકાયતીથી ભેગો કરેલો એક બહુ મોટો ખજાનો હતો. આ ખજાનો મારો જ માણસ ચોરી ગયો છે. એ પાછો મેળવવા માટે મેં કેટલાક લોકોની મદદ લીધી. ખજાનો તો પાછો ન મળ્યો ને મારાથી પેલા લોકોને મહેનતાણું ચૂકવાયું નહીં ને તેમના ડરના માર્યા મારે અહીં ભાગી આવવું પડ્યું. હવે તેમાંનો એક માણસ મને શોધતો અહીં આવી પહોંચ્યો છે.'

'એક જ માણસ આવીને આ અજાણ્યા મુલકમાં શું કરી શકે? તું ખોટો ગભરાઈ ગયો છે.' મંગુએ તેને પાછી ધીરજ બંધાવી.

પણ ભૈરવસિંહને તેનાથી કાંઈ નવું જોમ ન આવ્યું. થોડેથોડે કરીને તેણે મંગુને બધી વાત વિગતે કહી. પોતે અમેરિકા ગયો હતો અને ત્યાં જે ફિયાસ્કો થયો હતો તે પણ છુપાવ્યા સિવાય કહી દીધું. અને વધારામાં એ પણ જણાવ્યું કે તેની બેનપણીનો હસબંડ કેપ્ટન કુલદીપસિંગ જ તેનો ખજાનો ચોરીને ભાગ્યો છે ને અત્યારે તેના પૈસાથી જ લહેર કરી રહ્યો છે.

મંગુને માટે આ વાત નવી હતી. તે સ્હેજવાર વિચારમાં પડી ગઈ પછી બોલી : 'જો મારી ભૂલ ના થતી હોય તો એ ને જાનકી જ્યારે બે મહિના પહેલાં અહીં આવ્યાં ત્યારે પેલા ડોસા મેઘજીકાકાને જરૂર મળ્યાં હશે છતાં તે કહે છે કે તેમને કશી ખબર નથી. મને લાગે છે કે એમને ફરીથી મળીને આપણે બધી વાત કરવી જોઈએ. કદાચ તે બપડા આમાંનું કશું જાણતા ન હોય ને તેની વાતોમાં આવી ગયા હોય ને તેને છાવરતા હોય.'

ભૈરવસિંહને તેની વાતમાં કાંઈક વજૂદ હોય એમ લાગ્યું. તેમણે મેઘજીકાકાને મળવાનું નકકી કર્યું. ને તે જ સાંજના બન્ને તેમને ત્યાં પહોંચ્યાં. તેમની બધી વાત સાંભળી તે થોડીવાર વિચારમાં પડી ગયા પછી કહે : 'તમે કહો છો એ વાત સાચી હોય તો તેની પાસે ઘણા પૈસા હોવા જોઈએ પણ તે અહીં આવ્યો ત્યારે તેની પાસે પૂરા પંદર પાઉન્ડેય ન હતા. મેં એને મારી સાથે રાખ્યો એના ભાડાના પૈસાય તેણે કમાઈને મને મહિના પછી આપેલા.'

જો કે પેલાંને એમણે આમ ભલે કહ્યું પણ એમને કેપ્ટનની કહેલી પેલી વાત યાદ આવી ગઈ જ્યારે તેણે દેશમાં પોતાની પાસે ઘણા પૈસા હોવાની અને જરૂર પડે તો મંગાવવાની વાત કરી હતી. એમને લાગ્યું કે એ માણસ જેટલો ભોળો દેખાતો હતો એટલો ભોળો ન હતો. હા, તેણે તેમની સાથે સારો જ વહેવાર રાખ્યો હતો. જ્યાં સુધી પેલા પૈસાનો સવાલ હતો ત્યાં સુધી એમને એક વાતની પૂરી ખાતરી હતી કે તેણે દેશમાંથી કયારેય પૈસા મંગાવ્યા ન હતા. જે થોડુંઘણું અહીં કમાતો હતો તેનાથી જ તે ચલાવી લેતો હતો. જો કે તેણે પોતાનાથી આ વાત છુપાવી તે તેમને પસંદ ન પડ્યું.

વળી આ માણસ કહેતો હતો કે એ તેના પૈસા હતા, તે જો સાચું માનીએ તો આ પણ ચોરનો ભાઈ ઘંટી ચોર જ સાબિત થતો હતો. એ અત્યારે ભલે પેટમાં પેસી જવા પ્રયત્ન કરતો હોય પણ તે બદમાસ હતો એ તો એણે જાતે જ દર્શાવી દીધું હતું. હવે પોતાને કેપ્ટનનો જે અનુભવ થયો હતો તે જ સાચો માનીને પોતે આગળ વધવું એવો તેમણે નિર્ણય કર્યો.

'તે અને જાનકી છેલ્લે આવ્યાં ત્યારે મને મળેલાં પણ નહીં ને પહેલાં અહીં હતો ત્યારે પણ મારે એવી કશી વાત થયેલી નહીં કે એની પાસે પૈસાની છૂટ છે. ઊલટો તે મારી પાસેથી સો પાઉન્ડ ઉછીના કરીને લઈ ગયો છે. મારે એને કાગળ લખીને બધો ખુલાસો માગવો પડશે. તમારી વાતનો પણ ખુલાસો માગીશ એની પાસે. હવે તો એનું સરનામું મારી પાસે આવી ગયું છે. કોઈ મને છેતરી જાય એ મને પસંદ નથી.'

'મારું માનો તો અમારે વિશે તેને ન જણાવશો. આમેય અમે આવતે મહિને ત્યાં જવાનાં છીએ ત્યારે બધી ચોખવટ કરી લઈશું. અગાઉથી જણાવશો તો એ અમને મળવાને બદલે કયાંક રફુચકકર થઈ જશે.' કહેતાં પેલાં બેઉ ઊઠ્યાં. ભેરવસિંહે ટાઢાપહોરની હાંકી જ હતી. તે મહિના પછી તો શું પણ વર્ષ પછી પણ ત્યાં જઈ શકે એવું અત્યારે તો જણાતું ન હતું. પણ બોલાવામાં શું જાય છે! વળી વત ફરતી ફરતી કદાચ કેસરીસિંગ સુધી પહોંચે તો થોડો ફફડતો રહે એટલોય સંતોષ તો ખરો ને! ને કદાચ જવાનું શકય બને તો..... પણ એવી કોઈ એંધાણી નજીકના ભવિષ્યમાં તો જણાતી ન હતી.

ચારેક દિવસ એમ જ વીતી ગયા. મંગુની હિંમતે તેનામાં પણ શ્રધ્ધા જન્માવી હતી. હવે તે ગભરાતો તો હતો પણ તેનો ગભરાટ બહાર દેખાતો ન હતો. તેનામાં એક પ્રકારની ખુમારી વર્તાતી હતી એ તો ખરું જ. અને એટલે તો એક દિવસ પેલો મનુભાનો માણસ તેની સામે ભટકાઈ પડ્યો તોય તે ગભરાયો કે સંતાઈ ગયો નહીં. પેલાએ અડસટ્ટે જ બૂમ પાડી : 'ભેરવસિંહ.' ને ભેરાવસિંહથી સામાન્ય રીતે જ તેની સામે જોવાઈ ગયું. પેલાને પણ ખાતરી થઈ કે તે જ ભેરવસિંહ હતો.

તે ભેરવસિંહની નજીક આવ્યો. 'હું કેટલાય દિવસથી તમને જ શોધતો હતો. તમારા એક ઓળખીતા મારે ત્યાં આવ્યા છે. તેમને તમારી સાથે વાત કરવી છે. તમે મારી સાથે ચાલો તો હું તમને તેમનો મેળાપ કરાવી દઈશ. મારું ઘર બહુ દૂર નથી.' તેણે સહજ વાત કરતો હોય એમ કહ્યું. કદાચ તેને મનુભાએ જણાવ્યું પણ નહીં હોય કે તે ભેરવસિંહને શા માટે મળવા માગે છે.

ભેરવસિંહે મ્હોં પર ગભરાટ ન આવવા દેવા લાખ પ્રયત્નો કર્યા છતાં તે તેમાં સફળ થઈ શકયો નહીં. તેણે પેલા માણસ સામે એવી રીતે જોયું જાણે તેને આશ્ચર્ય થયું હોય. પણ પેલાને ખબર પડી જ ગઈ કે આ જ ભેરવસિંહ છે. તે જાણે પોતાના સવાલનો જવાબ માગતો હોય તેમ ભેરવસિંહ સામે તાકી રહ્યો. હવે ભેરવસિંહ ખરેખર ગભરાયો. 'કોને મને કહો છો !' તેણે આશ્ચર્ય પામવાનો દેખાવ કરતાં સામું પૂછ્યું.

'હા, મિ. ભેરવસિંહ તમને જ કહું છું. તમે મારી સાથે આવશો તો તમારા લાભમાં છે.' કહેતાં પેલાએ તેનું કાંડું પકડી તેને પોતાની સાથે ખેંચવાનો પ્રયત્ન કર્યો.

ભેરવસિંહે ઝાટકો મારી તેની પકડમાંથી પોતાનું કાંડું છોડાવી દીધું ને પેલાની સામે ખુમારીથી તાકતાં કહ્યું : 'એય મિ. કોઈને ગળે પડતાં શરમ નથી આવતી! ફરીથી મારો હાથ પકડ્યો છે તો જોવા જેવી થઈ જશે.'

પેલાએ લંડનનાં પાણી ભેરવસિંહ કરતાં વધુ પીધાં હોય એમ લાગતું હતું. તેણે ફરીથી ભેરવસિંહનું કાંડું પકડી લીધું : 'લે હવે કર જોવા જેવી. મારેય જોવું છે કે તું શું કરી શકે છે.'

હવે ભેરવસિંહને ગુસ્સો આવ્યો. તેને થયું જો આવાયે મને ગોમતીગઢને પાદરે મળ્યો હોત તો એક જ ભડાકામાં એનું કામ પતી ગયું હોત પણ અહીં લંડનમાં પોતે અજાણ્યો હતો એટલે આ મગતરું આટલું જોર કરતું હતું. પણ તે બોલ્યો ત્યારે બીજું જ : 'જો દોસ્ત મારે અત્યારે તારી સાથે બાખડવાનો મોકો નથી ને મારે તારી સાથે કશો અણબનાવ પણ નથી પછી તું મારી પાછળ શા માટે આદુ ખાઈને પડ્યો છું! ભગવાનને ખાતર મને અત્યારે એકલો છોડી દે.'

'ને ન છોડું તો તું શું કરી લેવાનો હતો ? તું મારી ફેટ પકડીશ, મને લાફો મારીશ, મારા દાંત તોડી નાખીશ, શું કરી નાખીશ ?' પેલાએ તેને વધુ ઉશ્કેર્યો.

'જો તું મને હેરાન કરીશ તો હું એવું કશું નહીં કરું પણ પોલીસને બોલાવીશ અને તારી વિરુધ્ધ ફરિયાદ લખાવીશ. હવે તને સમજાયું કે હું શું કરીશ!'

'તો પછી વાટ શેની જુવે છે, બોલાવ પોલીસને. હું પણ જોઉં કે અહીં રહીને ગેરકાયદેસર નોકરી કરનારો મને પોલીસની ધમકી સાચી આપે છે કે ખાલી થૂંક જ ઉડાડે છે. બોલાવ પોલીસને. કે પછી હું જ બોલાવું !' પેલાએ ભૈરવસિંહને સામી દાટી આપી ને ભૈરવસિંહ ગભરાટનો માર્યો ચૂપ થઈ ગયો. છતાં હતી એટલી હિંમત એકઠી કરીને પેલાની પકડમાંથી પોતાનું કાંડું છોડાવી તે મેદનીમાં ભળી ગયો. તેણે માન્યું કે જાન બચી તો લાખો પાયે. પણ હવે જમ ઘર ભાળી ગયા હતા તેનું શું! ગમે તેમ પણ પેલાની પકડમાંથી છટકયાથી તેનામાં આત્મશ્રધ્ધા જન્મી હતી.

તે સાંજે તેણે મંગુને બધી વાત કહી. મંગુય થોડી ગભરાઈ તો ખરી જ કશું લફરું થાય તો કદાચ ભૈરવસિંહને સરકાર દેશ બહાર હાંકી કાઢે એ શકય હતું. જો કે ઈંગ્લેન્ડમાં લાખોને હિસાબે માણસો આવા ગેકાયદેસર રહીને કામ કરતા હોય છે એની તેને ખબર હતી. પોલીસ પણ તેમને દખલ નથી કરતી કારણ કે આવા માણસોના કામની દેશને જરૂર હોય છે. પણ એ જો કોઈ ગુનામાં સંડોવાય તો કશું કહેવાય નહીં, કાઢી પણ મૂકે.

'બને ત્યાં સુધી આવા માણસથી દૂર રહેવું સારું પણ કાયમ પજવણી કરે તો તેમને સીધા કરવાની પણ રીત હોય છે. કોઈ સ્ત્રીની છેડતી કરવાનો આરોપ મૂકો કે પડીને ભાગે. જેમ આપણા દેશમાં બને છે તેમ જ. જો ફરીથી તને પજવશે તો તેનો ઉપાય કરવો પડશે.' મંગુએ ભૈરવસિંહને હૈયાધારણ આપી.

'મારે તને એમાં નથી સંડોવવી. હું જ મારી રીતે ફોડી લઈશ. એને બે માથાં નથી. હું એને મારી રીતે પાઠ ભણાવી દઈશ. ફરીવાર મારી સામે આવે એટલી જ વાર છે.' ભૈરવસિંહે એવી રીતે કહ્યું કે મંગુને લાગ્યું કે તેની પાસે કશો પ્લાન હશે.

છતાં તેણે ભૈરવસિંહને ચેતવણી તો આપી જ : 'જે કરું તે વિચારીને કરજે, એક વાતની ખાતરી રાખજે કે તેં જો કોઈ ગુનો કર્યો હોય એ દેશમાં કર્યો છે. અહીં નથી કર્યો, એટલે એ લોકો ધારે તોય અહીં કશું કરી શકે તેમ નથી. એ લાકો ખાલી દાટી જ આપે છે એમ માનજે.'

ભૈરવસિંહને પણ લાગ્યું કે મનુભા કે એમના માણસથી ડરવાનું તેને કોઈ કારણ નથી, કારણ કે તેઓ કશું કરી શકવાના નથી. અને ખાલી દાટીથી ડરીને કોઈ ઉતાવળિયું પગલું ન ભરાઈ જાય એ માટે તેણે સાવધાની રાખવી પડશે.

પણ જેને માટે તે સાવધાની રાખવાનું વિચારતો હતો તે જ વાત બની ગઈ. ચારેક દિવસ પછી તે જ્યારે નોકરી પરથી ઘેર આવતો હતો ત્યારે પેલો માણસ તેને રસ્તામાં મળી ગયો. ભૈરવસિંહે તેનાથી પીછો છોડાવવા ઘણું કર્યું પણ તે ગમે તેમ કરીને તેની સાથે જ ચાલતો રહ્યો. ને અચાનક એક પાકિસ્તાનીની દુકાનના બારણા પાસે પહોંચતાં જ તેણે ભૈરવસિંહને એક જોરદાર હડસેલો મારી દીધો ને ભૈરવસિંહ પેલી દુકાનના બારણા સાથે ભટકાઈ પડ્યો. તેના ધકકાથી બારણાનો કાચ તૂટી ગયો.

ને સ્હેજવારમાં તો ટેંટેં કરતી પોલીસની ગાડી આવી પહોંચી. તે દરમિયાન પેલો માણસ કયાંય દૂર ચાલ્યો ગયો હતો. આવા અકસ્માતના કિસ્સામાં પોલીસ વચમાં રહીને પેલાને નુકસાનીના પૈસા અપાવીને કેસ ખતમ કરી દેતી હતી, પણ આ દુકાન પાકિસ્તાનીની હતી અને જે માણસે તેનું નુકસાન કર્યું હતું એ ઈંડિયન હતો એટલે પોલીસે દંગાફસાદનો ગુનો લગાડી કાગળિયાં કર્યાં. ભૈરવસિંહનો બચાવ કરવાનો પ્રયત્ન પણ કાને ન ધર્યો. ભૈરવસિંહને હાથકડી

પહેરાવી ચોકીએ લઈ જઈને પૂરી દીધો. હા, કાયદા મુજબ તેને વકીલ કરવો હોય કે કોઈ ઓળખીતાને જાણ કરવી હોય તેને માટે ફોન કરવાની છૂટ આપી. ને ભેરવસિંહે મંગુને ફોન કરી બધી વાત જણાવી. મંગુએ વકીલને કેસ સોંપી દીધો.

વકીલે બીજે દિવસે કોર્ટમાં તેને બચાવવા ઘણી દલીલો કરી પણ એક ઈંડિયને પાકિસ્તાનીની દુકાનનો મહામૂલો કાચ તોડ્યો હતો એટલે ભેરવસિંહને કાચની કિંમત, પંદર પાઉન્ડનો દંડ અને એક અઠવાડિયાની કેદની સજાનો ચૂકાદો અવ્યો. આ પાકલાં અહીં ઈંગ્લેન્ડમાંય નડ્યા વગર ના રહ્યાં, ભેરવસિંહ મનમાં જ બબડ્યો.

ગમે તેમ તોય એને કારણે એક ફાયદો તો ભેરવસિંહને થયો જ. તે જેલમાં એક અઠવાડિયું રહ્યો તે દરમિયાન મનુભાને દેશમાં પાછા જવાની બૂકિંગની તારીખ આવી ગઈ એટલે તે દેશમાં પાછા જતા રહ્યા ને ભેરવસિંહ બચી ગયો. જો કે મનુભા દેશમાં પાછા જતા રહ્યા છે એ વાત ભેરવસિંહને ઘણી મોડી જાણવા મળી, ત્યાં સુધી તે મનમાં ફફડતો રહ્યો.

મંગુએ બેચાર જણને વાત કરીને મનુભા વિશે તપાસ કરાવી તો તેને જાણવા મળ્યું કે તે તો દેશમાં અઠવાડિયાથી જતા રહ્યા છે ત્યારે તેને જેટલો આનંદ થયો એટલો તો એની જિંદગીમાં કયારેય ન્હોતો થયો. તેણે નોકરીમાં રજા મૂકીને ભેરવસિંહ સાથે ફરવા જવાનો પ્લાન ઘડી કાઢ્યો. ચિંતાનું વવઝોડું પસાર થઈ ગયું હતું ને હવે સ્નેહની વર્ષાનાં છાંટણાંથી ભીંજાઈને તેની ઉજવણી કરવા બન્ને હૈયાં થનગની રહ્યાં હતાં.

જો કે ભેરવસિંહને હજુ મનુભાની થોડી બીક હતી ખરી. તે પૈસેટકે પહોંચતા માણસ હતા એટલે ધારે તો વર્ષમાં બેત્રણવાર આવીનેય પોતાને હેરાન કરી શકે તેમ હતા. એમ ન કરે તો કોઈને મોંમાગ્યા દામ આપીને તેને પતાવી દેવાનું ગોઠવી શકે તેમ હતા. એટલે તેને એક તેમની જ બીક હતી. ટોળીમાંના બીજા કોઈનું અહીં સુધી લાંબા થવાનું ગજું ન હતું. એક ફતો થોડું અંગ્રેજી જાણતો હતો ને પોતાની સાથે અમેરિકા સુધી ફરી આવ્યો પણ હતો, છતાં ભેરવસિંહને તેની બીક લાગતી ન હતી. તેને તો પોતે ગમે ત્યારે ભરીપી શકે તેમ હતો.

તેના મનમાંથી પેલી વેરની ભાવના હજુ નીકળતી ન હતી. મંગુ સાથે લગન કરી લઈ અહીં લંડનમાં જ ઘર વસાવીને રહેવાની ઈચ્છા તેને વારંવાર થઈ આવતી હતી પણ પેલી વેરની ભૂતાવળ તેને ડરાવ્યા કરતી હતી. પણ તેને કયાં ખબર હતી કે વેરની ભૂતાવળ તેનો પીછો કરતી આવી જ રહી હતી.

અનુક્રમ ⇒

## ૧૪ :- ઊલમાંથી ચૂલમાં

મનુભાને પાછા જવાની ઉતાવળ હતી એટલે ભેરવસિંહ આ વખતે તો બચી ગયો હતો પણ હજુ કેસરીસિંગના હાથમાંથી તે કયાં બચવાનો હતો! કેસરીસિંગે તે ઈંગ્લેન્ડ ભાગી આવ્યો ત્યારથી જ તેને માટેનો ગાળિયો તૈયાર કરવા માંડ્યો હતો. એ તેને બતાવી આપવા માગતો હતો કે કેસરીસિંગને લંગડ કહેવાનું કેટલું ભારે પડે છે. તેને જેણેજેણે લંગડ કહ્યો હતો તે બધાનાં નામ તેના મનની ડાયરીમાં કાળા અક્ષરે તેણે લખી રાખ્યાં હતાં. હવે એક પછી એકને તે બદલાની વેદી પર ખડા કરવાનો હતો અને પોતે જ તેમનો ન્યાય કરવાનો હતો.

તેણે ભેરવસિંહના ઈંગ્લેન્ડના સરનામા અંગે તથા તેના બે દોસ્તો અંગે તપાસ કરાવી લીધી હતી ને તેને યોગ્ય સમયે ભીડાવવાની તૈયારી પણ તેણે કરવા માંડી હતી. ભેરવસિંહને ત્યાં જે બે દોસ્તો થયા હતા કનક જાડેજા તથા લખુભા, તેમનાં નામ કેસરીસિંગ પાસે આવી ગયાં હતાં. તેણે તેમને વિશે ઈંડિયા તપાસ કરાવી તો જાણવા મળ્યું હતું કે બેયનો રેકોર્ડ પોલીસને ચોપડે ચઢી ગયેલો હતો. કેસરીસિંગને આવા માણસો વધુ ગમતા. કારણ કે તેમને જ્યારે ફાવે ત્યારે સકંજામાં લઈ શકાય તેમ તેનું માનવું હતું.

તેણે જે બેત્રણ પ્લાન વિચારી રાખ્યા હતા તે ભેરવસિંહ કયે વખતે કેવી ચાલ ચાલે છે તેના પર આધાર રાખતા હતા. દાખલા તરીકે તેણે પોતાનું ગ્ર ાન્ડ કેન્યનનનું સરનામું તેના સુધી પહોંચાડ્યું હતું તેની પાછળ એવો આશય હતો કે ભેરવસિંહ તેની પાછળ ફરી એક વખત અમેરિકા આવે ને તેના પ્લાન મુજબ પોતે તેની ખબર લે. અથવા ભેરવસિંહ અમેરિકા આવે જ નહીં તો બીજા પ્લાન મુજબ લંડનમાં જાળ બિછાવી તેને સકંજામાં લઈ લેવાય. અથવા તે ઈંડિયા ભાગી જાય તો તેને પોતાના ત્રીજા પ્લાન મુજબ ત્યાં સકંજામાં લઈ શકાય. આમાં જાણે ભેરવસિંહ જ મુખ્ય સૂત્રધાર હોય અને એને જ એનું ઝેર પસંદ કરવાનું હોય એવો સિનેરીયો સર્જાયો હતો. એ કેવી ચાલ ચાલે છે, એના પર કેસરીસિંગની ચાલ આધાર રાખતી હતી.

તેણે ઈંગ્લેન્ડમાં જે જાળ બિછાવી હતી તે મહત્ત્વની હતી કારણ કે ભેરવસિંહ અત્યારે ત્યાં હતો અને બનતાં સુધી તે ત્યાં જ રહેવાનો હતો. હા, તેને કેસરીસિંગની ચાલનો વહેમ આવે અથવા તે બીજા કોઈ કારણે ઘણો ગભરાઈ જાય અને નાસભાગ કરી મૂકે તો વાત જુદી હતી. જો કે કેસરીસિંગે તેને કશો વહેમ પડે એવું રાખ્યું ન હતું.

ભેરવસિંહને પોતાની પાછળ ઘડાઈ રહેલા કાવતરાની કશી ગંધ સરખીય આવી ન હતી. એ તો પોતાની ધૂનમાં અને મંગુની મહોબતમાં મસ્ત રહેતો હતો. હા, તે નવરાશની પળોમાં હજુ કેસરીસિંગને યાદ કરી લેતો હતો ને પોતાની વેર લેવાની વાતને તાજી કરી લેતો હતો. મંગુની સાથે તેનો પરિચય વધવા માંડ્યો ત્યારથી તે અલગ મકાન રાખીને જુદો રહેવા ચાલ્યો ગયો હતો ને તેના દોસ્તો, કનક જાડેજા તથા લખુભાને મળવાનું તેણે ઓછું કરી નાખ્યું હતું. અલબત્ત તેણે સંબંધ તો જાળવી રાખ્યો હતો. ક્યારેક એમાંનો કોઈ મળી જાય તો બીજાના સમાચાર તે પૂછી લેતો હતો.

મંગુ પણ હમણાંની તેનામાં વધુ રસ લેવા લાગી હતી. ભાગ્યે જ કોઈ દિવસ એવો જતો હતો કે જ્યારે તે ભેરવસિંહને મળી ન હોય. અને વખત છે ને તે મળવા ન આવી હોય તો ભેરવસિંહ તેને મળવા ઊપડ્યો જ હોય. નોકરીના સમય બાદ તે બન્ને એકબીજાને મળતાં, વાતો કરતાં, ઘણી વખત બહાર જમવા જતાં ને છૂટાં પડતી વખતે બીજે દિવસે પાછાં મળવાનો સમય પણ નકકી કરી જ લેતાં હતાં.

તેમના આ રોજિંદા કાર્યક્રમની કેસરીસિંગને ભલે ખબર ન હોય પણ તે કાંઈ શાંત બેસી રહ્યો ન હતો. તેણે ત્યાં બેઠેબેઠે ભેરવસિંહની અવદશાનો પ્લાન ઘડી કાઢ્યો હતો. એક દિવસ તેનો અમલ શરૂ થઈ ગયો. ભેરવસિંહને નોકરી પરથી સીધો જ પકડીને પોલીસ સ્ટેશને લઈ જવામાં આવ્યો. તેના ઘરમાંથી મેરુઆના મળી આવ્યું હતું. મંગુને આ વાત તદ્દન બનાવટી હોય એમ લાગ્યું, પણ પોલીસને સમજાવે કોણ! તે રઘવાઈ થઈ ગઈ. ભેરવસિંહના બેય સાથીદારો દોડી આવ્યા. તેમણે વકીલ કરવાની પેરવી કરી, પણ ત્યાં તો બીજે જ દિવસે પોલીસે ભેરવસિંહને છોડી મૂકયો ને તે ઘેર આવી ગયો.

પોલીસે ભેરવસિંહ વિશે તાબડતોબ તપાસ કરી લીધી હતી અને તેમને જાણવા મળ્યું હતું કે કોઈએ તેને ફસાવવા માટે તેના ઘરમાં મેરુઆનાનો આ જથ્થો મૂકી દીધો હતો. પોલીસને ભેરવસિંહના પહેલાંના રેકોર્ડ પરથી થોડીઘણી માહિતી હતી ને વધુ માહિતી તેમને એક જ દિવસની તપાસમાં જાણવા મળી કે તેના ઘરમાં કોઈ બારીમાંથી ઘૂસ્યું હોય એમ ચોખ્ખું દેખાઈ આવતું હતું.

વળી તેની રોજિંદી હલચલની તપાસ કરતાં તેમને ખબર પડી કે તે નોકરી સિવાયના સમયમાં કાં તો મંગુની સાથે હોય છે અથવા પોતાના ઘરમાં હોય છે. કોઈ તેને મળવા આવતું હોય અથવા તે કોઈને મળવા જતો હોય એવી કોઈ માહિતી પોલીસને સાંપડી નહીં. ઊલટું તેમની તપાસમાં બહાર આવ્યું કે તે નશો કરતો હોય કે નશાકારક ડ્રગ સપ્લાય કરતો હોય એવી કોઈ નિશાની તેના ઘરમાં ન હતી.

એનો રેકોર્ડ પોલીસ પાસે હતો અને તે બહુ સાફ પણ ન હતો, છતાં પોલીસને તેના ઘરની જડતી લેતાં એવું બીજું કશું ન મળ્યું કે જેથી તેને ડ્રગ સપ્લાય કરવાના કે તેનું સેવન કરવાના ગુનામાં અટકમાં રાખી શકાય. ઊલટું તેમની તપાસમાં જણાયું કે કોઈએ તેને ફસાવવા માટે તેના ઘરમાં આ પડીકું મૂકી દીધું હોવાની શકયતા વધુ હતી. તેમની ચાલ એવી હતી કે એક વખત જેમણે તેને ફસાવવા કોશીશ કરી હશે તે લોકો તેને છૂટો જોઈને તેને ફસાવવાનો ફરીથી પ્રયત્ન કર્યા સિવાય નહીં રહે. એ વખતે એમને પકડતાં કદાચ કોઈ મોટી ગેંગ હાથમાં આવી જશે.

પોતાનું નામ વગર વાંકે લંડનની પોલીસને ચોપડે બે વખત ચઢ્યું એ ભેરવસિંહને માથાવાઢ જેવું લાગ્યું પણ જો વિરોધ કરવા જશે તો કદાચ વધારે ફસાઈ જવાશે એવો તેને ડર લાગતો હતો. પેલા બે દોસ્તો પણ બે વખત તેનું નામ પોલીસને ચોપડે ચઢ્યું એનાથી છપાઈ ગયા હતા. તેમના મનમાં કોઈ મોટા કામમાં ભાગીદાર થવાનો જે પ્લાન હતો તેમાં હવે ભેરવસિંહની તેમણે બાદબાકી કરવી પડે તેમ હતું. ને તેના પર તો એ બે જણનો મદાર હતો. ખરું પૂછો તો એ બે જણા એવી માન્યતા પર ચાલી રહ્યા હતા કે ભેરવસિંહ લંડનમાં કોઈ મોટું કામ કરવાનો હતો ને તેમને બેયને તેમાં સાથે રાખવાનો હતો. જો કે ભેરવસિંહે તેમને કયારેય તેવી આશા આપી ન હતી.

કેસરીસિંગને તો તરત જ માહિતી મળી ગઈ હતી કે તેનો પ્લાન નાકામિયાબ રહ્યો હતો. તેણે હવે બીજો પ્લાન વિચારવા પણ માંડ્યો હતો. એક વખત તો તેને થયું કે ભેરવસિંહને કોર્ટમાં રજૂ કર્યા સિવાય છોડી મૂકયો તેની પાછળ જરૂર કોઈ મોટું રહસ્ય હોવું જોઈએ. ડ્રગના ગુનામાં સંડોવાયા પછી અમેરિકામાં હોય તો કોઈ નિર્દોષ હોય તો પણ તેને બહાર આવતાં નવનેજાં થાય તો પછી આવોયે બહાર આવ્યો કેવી રીતે! એમાં પોતાની કે પોતાના માણસોની કયાં ભૂલ થઈ તે તેને ઘણા વિચારને અંતે પણ ન્હોતું સમજાતું. ને છેવટે તેનું પેલું સ્લોગન તો હતું જ, પડશે તેવા દેવાશે.

તે દિવસે નોકરીમાં પણ ભેરવસિંહનું મન ન લાગ્યું. બધા જાણે તેની સામે વિચિત્ર નજરે તાકી રહેતા હોય તેમ તેને લાગ્યા કર્યું. જેમતેમ કરી તેણે નોકરીનો સમય પૂરો કર્યો. ઘેર જતાં રસ્તામાં એક અજાણ્યા માણસે તેનો રસ્તો રોકયો : 'માલ કયાં સંતાડ્યો છે?'

'શાનો માલ, મારી પાસે કોઈ માલ નથી.' તેણે ગૂંચવાતાં જવાબ આપ્યો.

'જો ડાહ્યો થઈને માલ અમારે હવાલે કરી દઈશ તો સુખી થઈશ નહીં તો જાનથી જઈશ.' પેલાએ મોઘમ ચીમકી આપી.

'પણ શાનો માલ, મને કહે તો ખરો કે એ માલ એટલે શું? ને મારી પાસે કયાંથી આવવાનો છે, ને મારે તને શાથી આપી દેવો જોઈએ! મને કશું સમજાતું નથી.' ભેરવસિંહે ડરતાં પેલાને સામું પૂછ્યું.

'જો બેટા, એ બધી ચાલાકી મારી આગળ નહીં ચાલે. મારું નામ અખ્તર કુરૈશી છે. તારા જેવાને સીધા કરતાં મને આવડે છે. આજે રાત પહેલાં મારો માલ મને પાછો નથી મળ્યો તો માની લેજે કે કાલે સવારે તું જીવતો નહીં રહે.' અખ્તર કુરૈશીએ પોતાની ઓળખ અસરકારક રીતે આપી દીધી.

ભેરવસિંહને એમાંનો એક અક્ષરેય સમજાયો નહીં. તે ગભરાઈ ગયો. જો તેને પેલાના કહેવાનો અર્થ સમજાયો હોત તો તે વધુ ગભરાયો હોત. જેમતેમ કરીને તેણે પેલાથી છુટકારો મેળવ્યો ને ઘેર પહોંચી ગયો. ઘરમાં પેસીને તેણે ગભરાટથી બારણું બંધ કરી દીધું ને પછી જ જાણે તેનામાં જીવ આવ્યો. પેલો કયા માલની ઉઘરાણી તેની પાસે કરતો હશે તેનો તેણે વિચાર કરવા માંડ્યો. તેણે ઘરમાં ચારે બાજુ નજર દોડાવી જોઈ તેને એવી કોઈ ચીજ ન જણાઈ કે જે પેલો

માણસ તેની પાસે માગતો હોય. અચાનક તેની લાઈટ થઈ. પેલું ડ્રગનું પકેટ તો તે નહીં માગતો હોય ને! પણ તે તો પોલીસે તેની પાસેથી લઈ લીધું છે.

પણ ઘણા વિચારને અંતે તેને લાગ્યું કે તે પેલા ડ્રગની જ વાત કરતો હોવો જોઈએ. તેને પહેલાં તો સમજણ ન પડી કે શું કરવું જોઈએ. સાંજના મંગુ આવે પછી વાત. તે હમણાંનો મંગુ પર ઘણો આધાર રાખતો થઈ ગયો હતો. તેને લાગવા માંડ્યું હતું કે મંગુ પોતાના કરતાં વધુ બુધ્ધિશાળી હતી અને તેનામાં હિંમત પણ તેને મુકાબલે વધુ હતી. મંગુ ઈંગ્લેન્ડમાં દસેક વરસથી રહેતી હતી એટલે ત્યાંની રીતે ઘડાઈ પણ હતી. અને બે વરસથી તો એકલી જ રહી હતી એટલે તેનામાં હિંમત પણ આવી ગઈ હતી. ને ભેરવસિંહની અર્ધી હિંમત તો તેના ઈંગ્લીશના અજ્ઞાનને કારણે જ ઓછી થઈ જતી હતી.

સાંજે મંગુ આવી એટલે બન્નેએ એ વિશે જ વાતો કરી. ભેરવસિંહને વહેમ હતો કે એવોયે પેલા ડ્રગના પેકેટ વિશે જ વાત કરતો હોવો જોઈએ. કારણ કે તેના સિવાય નજીકના દિવસોમાં એવું કશું બન્યું હોવાની તેને જાણ ન હતી. મંગુ પણ તેની સાથે સંમત તો થઈ પણ તેનેય ખબર ન પડી કે પોલીસ આવી ગયા પછી એ પેકેટ તેમની પાસે હોવાનું કોઈ માની જ કેમ શકે! અને ભેરવસિંહ કહે છે તેમ જો તે કોઈ ગુંડા ટોળીનો માણસ હોય તો તે સમજી જ ગયો હોય કે હવે એ પેકેટ ભેરવસિંહ પાસે હોય જ નહીં. તો પછી પેલો માણસ કોઈ બીજા જ માલની વાત કરતો હશે!

તેમની સ્થિતિ એવી હતી કે તે લોકો પોલીસ પાસે જઈ શકે એમ ન હતાં. પોલીસને ચોપડે ભેરવસિંહનું નામ બે વખત ચઢી ગયું હતું. હવે જો તે કોઈ ફરિયાદ કરવા જાય તો પોલીસ પહેલાં તો તેને જ શંકાની નજરે જુએ અને ભાતભાતના સવાલો પૂછી તેને જ ફસાવવા પ્રયત્ન કરે. એને બદલે કનક જાડેજાને પેલાની ભાળ કાઢવાનું કામ સોંપ્યું હોય તો વધુ સારું. તે હવે તેને ફરીથી મળવાનો અને માલની ઊઘરાણી કરવાનો હતો એની તો જાણે ભેરવસિંહને ખાતરી જ હતી.

બીજે દિવસે કાંઈ ન બન્યું. ભેરવસિંહને લાગ્યું કે પેલો ખોટી દાટી આપી ગયો લાગે છે. પણ તેના પછીને દિવસે જ્યારે ભેરવસિંહ નોકરી પરથી ઘેર પાછો આવી રહ્યો હતો ત્યારે પેલા માણસે ફરીથી તેને આંતર્યો. 'યુ બ્લડી ઈંડિયન મેં તને ચોખ્ખું જાણાવ્યું હતું કે કાલે મારો માલ મને પાછો મળી જવો જોઈએ. મને લાગે છે કે તારાં હાડકાં ખોખરાં કર્યા સિવાય તને સાચી પરિસ્થિતિની ખબર નહીં પડે. બોલી દે કયાં છે માલ અને આજે રાત પહેલાં મને આપી દે છે કે નહીં?'

'મારી પાસે તારો કોઈ માલ છેય નહીં અને હું તને કોઈ માલ આપવાનો પણ નથી. તું મોટો ગવર્નરનો બેટો હોય તો તારે ઘેર રહ્યો.' તેણે તોરમાં કહી દીધું.

'મારો માલ ખાઈને તું કેટલા દિવસ જીવતો રહે છે એ હું પણ જોઈશ હવે. પોલીસ લઈ ગઈ એ અમે જતો કરીએ પણ બાકીનો માલ જો તું આજે ને આજે અમને આપી દઈશ તાઈ અમારે તને મફતમાં મારી નાખવો નથી. અમને તારી સાથે કોઈ વેર નથી. અમારો માલ તારી પાસે કયાંથી આવ્યો તે પણ અમારે જાણવું નથી. અમને અમારા માલમાં રસ છે. અમને એ આપી દે એટલે તું છૂટો.' પેલો ભેરવસિંહને નરમાશથી વશ કરવાની કોશિશ કરવા લાગ્યો.

ભેરવસિંહને લાગ્યું કે વાતમાં જરૂર કયાંક ખોટું છે. પણ તેને હજુ કશી ઘેડ બેસતી ન હતી. આ માણસ ઘડીમાં દાટી આપતો હતો ને ઘડીમાં નરમ થઈને પેટમાં પેસી જવા પ્રયત્ન કરતો હતો.

'તું શું કહેવા માગે છે એ જ મને સમજાતું નથી. તું એમ કર જહાનમમાં જા તને તારો માલ ત્યાંથી મળી જશે.' ભેરવસિંહે થોડી હિંમત એકઠી કરી તેને તોછડો જવાબ આપ્યો. હવે અખ્તર ગુસ્સે ભરાયો અને ભેરવસિંહના જડબા

પર એક મૂકકી જમાવી દીધી. ભેરવસિંહ પોલીસની બીક પણ પળભર વિસરી ગયો ને તેણેય સામી એક જમાવી દીધી. ને કોણ જાણે કયાંથી એક પોલીસવાળો ફૂટી નીકળ્યો. અખ્તર ગભરાયો પણ ભેરવસિંહ તેના કરતાં પણ વધુ ગભરાયો હતો.

'મારો વાંક નથી, ઓફિસર. એણે મને પહેલો મૂકકો માર્યો હતો.' ભેરવસિંહે બચાવ કરવા પ્રયત્ન કર્યો. તેને ખબર જ હતી કે પોલીસ તેનું કહેવું સાચું માનવાનો ન હતો.

પણ તે માનતો હતો એવું કશું ન બન્યું. પોલીસે પેલા અખ્તરને જ પકડ્યો અને ભેરવસિંહને એક સવાલ સરખોય ન પૂછયો. 'તમે જાવ.' પોલીસે તેને એટલું જ કહ્યું ને પછી ભેરવસિંહ મૂર્ખો હોય કે એક પળનોય વિલંબ કરે પલાયન થઈ જવામાં. એ તો બમણી ઝડપથી ચાલીને સીધો ઘર ભેગો થઈ ગયો. આવું કેમ બન્યું તે તેને જરાય ન સમજાયું પણ તેને એક વાત સમજાઈ કે પોતાના કરતાં વધુ નામચીન માણસને પકડવામાં પોલીસે તેને જતો કર્યો હતો. અને જ્યાં સુધી પોતાનું ઓળખપત્ર માગે નહીં ત્યાં સુધી તો પોતે બીજા સામાન્ય માણસો જેવો એક શાંતિપ્રિય નાગરિક જ હતો ને!

અને તે માનતો હતો એમ જ હતું પોલીસે જ્યારથી તેને છોડી મૂકયો હતો ત્યારથી જ તેની પાછળ નજર રાખવા માંડી હતી. તેમને એમ હતું કે કોઈકે ભેરવસિંહને ફસાવવા માટે જ તેના ઘરમાં મેરુઓનાનું પેકેટ સંતાડ્યું હતું અને પોલીસને ફોન કરીને જાણ પણ તેણે જ કરી હતી. પોલીસનું માનવું સત્યથી થોડું વેગળું હતું. ડ્રગનું પેકેટ કેસરીસિંગના માણસે સંતાડ્યું હતું પણ જે પકડાયો હતો એ કેસરીસિંગનો માણસ ન હતો.

કાગનું બેસવું ને તાડનું પડવું જેવો ઘાટ થયો હતો. જે રાતે ભેરવસિંહના ઘરમાં ડ્રગનું પેકેટ કેસરીસિંગના માણસે મૂકયું તે જ રાતે ડ્રગના સ્મગ્લીંગનું એક આખું શીપમેન્ટ કાઈએ હડપ કરી લીધું હતું. અને બીજે દિવસે પોલીસે ભેરવસિંહને ડ્રગના પેકેટ સાથે પકડ્યો એટલે ડ્રગનો મેઈન ડીલર એમ માનવા લાગ્યો હતો કે ભેરવસિંહે જ આખું શીપમેન્ટ ચાંઉં કર્યું હતું અને તેમાંનું એક પેકેટ પોલીસને હાથ લાગ્યું હતું. તો પછી બાકીનો માલ ભેરવસિંહ પાસે જ હોવો જોઈએ. એમનો એક માણસ પોલીસને હાથ ચઢી ગયો હતો એટલે હવે પોલીસને આખી ગેંગ વિશે માહિતી મળી જાય તોય નવાઈ નહીં. પેલો પકડાયેલો માણસ અખ્તર આમ તો બહુ કાબેલ અને વિશ્વાસુ માણસ હતો પણ લંડનની પોલીસ તેનાથીય વધુ કાબેલ હતી.

હવે પોલીસ અખ્તર પાસેથી કોઈ માહિતી કઢાવે અને ભેરવસિંહ સુધી પહોંચી જાય તે પહેલાં તેમણે ગમે તે ભોગે તેની પાસેથી બાકીનો માલ હાથ કરી લેવો જોઈએ એવું તેણે નકકી કર્યું. ભેરવસિંહ ભલે બે માથાં ધરાવતો હોય તોય હવે માલ પાછો ઓકયા સિવાય તેનો છૂટકો જ ન હતો. માલ નહીં તો જાન, પણ ઢીલ કરવી હવે પોસાય તેમ ન હતી. ને મધપૂડાની માંખોની જેમ સામટા દસપંદર માણસો ભેરવસિંહની પાછળ લાગી ગયા.

પણ ભેરવસિંહ જાણે પાતાળમાં પેસી ગયો હોય તેમ પાછળ કોઈ સગડ છોડ્યા સિવાય અદશ્ય થઈ ગયો હતો. તેમને હવે ખાતરી થઈ ગઈ કે તેણે જ આખું શીપમેન્ટ હડપ કર્યું છે એ વાતમાં હવે શક ન હતો. શીપમેન્ટ એટલું મોટું હતું કે તે પાછું મેળવ્યા પહેલાં ભેરવસિંહને માટે શૂટ એટ સાઈટનો હુકમ પણ કરી શકાય તેમ ન હતો. નહીં તો ભેરવસિંહનું આવી જ બન્યું હોત.

ભેરવસિંહને આમાંની વાતની કશી ખબર ન હતી. તે તો સામટી બે રજાઓ આવતી હતી અને બે વધારાની રજાઓ મૂકીને મંગુ સાથે યુરોપની નાનકડી ટ્રીપ પર નીકળી પડ્યો હતો. ને પેલું ગુંડાટોળું તેને ફરાર થઈ ગયેલો માની

તેની શોધમાં આકાશપાતાળ એક કરી રહ્યું હતું. તેમને લાગતું હતું કે જેમજેમ દિવસો પસાર થતા જતા હતા તેમતેમ તેમનો માલ પાછો મળવાના ચાન્સ ઓછા થતા જતા હતા.

ને બધાના આશ્ચર્ય વચ્ચે પાંચમે દિવસે ભેરવસિંહ રાબેતા મુજબ કામ પર હાજર થઈ ગયો. પેલા ડ્રગના સપ્લાયરોને કાને વાત આવી ને તે બધા સમસમીને રહી ગયા. આજે તેનો ફેંસલો કરી નાખવો પડશે. કાં તો માલ નહીં તો જાન. તેમના બોસે હુકમ છોડ્યો. બધા રઘવાયા થઈ ગયા હતા. હવે તેમનો માલ તો જાણે હાથમાંથી સરકી જ ગયો હોય તેમ બધાને લાગતું હતું.

તે સાંજે નોકરી પરથી પાછા જતાં ભેરવસિંહને બરજબરીથી વાનમાં ધકેલી દઈ એ લોકો તેને બોસની પાસે લઈ ગયા. ભેરવસિંહ સમજી ગયો કે આજે એનાં સોયે વર્ષ પૂરાં થઈ જવાનાં. ભગવાનને સંભારવાનો પણ કશો અર્થ ન હતો. એને કેટલાય દિવસોથી એમ લાગતું હતું કે ભગવાન પણ તેને પક્ષેથી જાણે દૂર ખસી ગયો હતો. પોતે જ્યારે રોજના બેચાર ગુના કરતો હતો ત્યારે ભગવાન તેને પડખે રહેતો હતો અને જ્યારે પોતે હવે શાંતિની જિંદગી જીવવા માગતો હતો ત્યારે ભગવાને તેને તરછોડી મૂકયો હતો. છતાં જેમ ડૂબતો માણસ તણખલું પકડે તેમ તેણે ભગવાનને પ્રાર્થના તો કરી જ.

એ લોકોનો બોસ પણ પેલા અખ્તરની જાતનો જ એટલે કે પાકિસ્તાની જ હતો. ભેરવસિંહને જોતાં જ તે ગરમ લ્હાય જેવો થઈ ગયો. 'યુ બ્લડી ઈંડિયન, તું તારા મનમાં સમજે છે શું? મારે હમણાં ને હમણાં જ મારો માલ જોઈએ. જો મારો માલ નહીં મળે તો યાદ રાખજે તારા ટુકડા કરીને મારા કૂતરાને ખવરાવી દઈશ. બોલ, કયાં છે મારો માલ?'

'હું સાચું કહું છું મને તમારા એ માલ વિશે કશી ખબર નથી. મારા ઘરમાંથી જે પડીકું મળ્યું તેની પણ મને કશી ખબર નથી. મારી જિંદગીમાં મેં કોઈ જાતનું ડ્રગ જોયું સુધાં નથી. મેં તમારા માલની ચોરી કરી નથી કે તેને જોયું નથી.' ભેરવસિંહ કરગળી પડ્યો.

'તો મારું આખું શીપમેન્ટ જાય કયાં! તેં ચોર્યું ન હોય તો તું એને વિશે જાણતો જરૂર હોઈશ. બોલ, કોણે ઉઠાવ્યું છે મારું શીપમેન્ટ? મને એટલું જણાવી દે હું તને વચન આપું છું કે હું તને જીવતો છોડી દઈશ.'

'મને એની કયાંથી ખબર હોય હું તો મારી નોકરીમાંથી જ ઊંચો નથી આવતો. જો ન માનતા હો તો પૂછી જુઓ ફેકટરી પર તમને ખાતરી થશે કે હું સૌથી વધુ નિયમીત છું. હું ચોરી શું કરવા કરું, મને મારા ખાવા જેટલું મળી રહે છે. મારે તમને કેમ કરીને સમજાવવું કે હું તદ્દન નિર્દોષ છું.'

'તું નિર્દોષ હો તો ચાર દિવસથી નાસતો કેમ ફરતો હતો? મારા માણસો તને શોધવા માટે ચારેય દિશામાં દોડી રહ્યા હતા ને તું એક ખૂણેથી બીજે ખૂણે ભાગતો ફરતો હતો. મારા માણસોને કેટલી દોડાદોડ કરવી પડી તારી પાછળ.' બોસ ગુસ્સે થતો હતો પણ તેને ખબર પડી ગઈ હતી કે તેમણે ખોટા માણસ પાછળ સમય બરબાદ કર્યા કર્યો હતો. આ તલમાંથી તેલ નીકળે તેમ ન હતું. તેમણે ભેરવસિંહને ધોલધાપટ કરી છોડી મૂકવાનો હુકમ કર્યો ને તેને દાટી આપી કે જો બહાર જઈને કોઈને કશી વાત કરી છે તો ગોળીએ દેશે.

ગોળીએ દેવાની વાત ન કરી હોત તો પણ ભેરવસિંહ એટલો બધો ગભરાઈ ગયો હતો કે એ કોઈને વાત કરે એવી તેનામાં હિંમત જ રહી ન હતી. તેણે મનોમન ભગવાનનો આભાર માન્યો કે છેવટે તેણે પોતાની સામે જોયું હતું ખરું. પેલા લોકોએ બોસનો હુકમ બરાબર માથે ચઢાવ્યો અને ભેરવસિંહને સારી રીતે ખોખરો કર્યા પછી જ કારમાં ઠાંસીને અજાણી જગ્યાએ જઈને છોડી મૂકયો. તેને આટલો માર પડ્યો છતાં તેણે ભગવાનનો તો આભાર જ માન્યો. તે મોતના મુખમાંથી પાછો આવ્યો હતો એ જ ઘણું હતું.

અથડાતો કૂટાતો તે મોડી સાંજે ઘેર પહોંચ્યો ત્યારે મંગુ તેની રાહ જોતી બેઠેલી જ હતી. મંગુને જોતાં જ તે છૂટે મોંએ રડી પડ્યો. મંગુએ તેના હાલહવાલ જોયા, તેના શરીર પર પડેલાં ઢીમણાં જોયાં, તેનાં ફાટેલાં ને ચૂંથાયેલાં કપડાં જોયાં ને તે થોડામાં ઘણું સમજી ગઈ. તેણે તેને વધુ પૂછીને હેરાન ન કરતાં કહ્યું : 'તું પહેલાં એક વખત શાંત થા, નાહી લે ત્યાં સુધીમાં હું તારે માટે ચ્હા મૂકું છું. પછી આપણે વાત કરીશું.'

ને મંગુની વાત માની તે બાથરૂમમાં પેઠો. મંગુની સામે પોતે રડી પડ્યો તેની તેને શરમ આવી પણ ઉપરા ઉપરી આવી પડેલી તકલિફોથી તે ભાંગી પડ્યો હતો. જો આજે પેલાંના બોસને રૂબરૂ મળવાનું ન થયું હોત તો તે આ બધી આફતો માટે કેસરીસિંગને જ જવાબદાર ગણતો હોત. જો કે કેસરીસિંગ આમાંની બધી નહીં તો કેટલીક આફતો માટે તો જવાબદાર હતો જ. પણ ભેરવસિંહે તેને આમાં માફ કર્યો હોય એમ લાગતું હતું.

તે નાહીને બહાર આવ્યો ત્યારે થોડો સ્વસ્થ લાગતો હતો. તેમણે બેય જણાંએ સાથે ચ્હા પીધી. 'શું થયું હતું?' મંગુએ હળવેથી પૂછ્યું.

'પોલીસે પેલા અખ્તરને પકડ્યો હતો એ વાત તો મેં તને કરી હતી ને, તે આજે તેના બોસના માણસો મને પરાણે વાનમાં ધકેલીને એમના બોસ પાસે લઈ ગયા હતા. તેમનો ડ્રગનો મોટો જથ્થો કેઈક બારોબાર તફડાવી ગયું છે. આપણા ઘરમાંથી પેલો થોડો માલ મળ્યો એટલે તેમને વહેમ હતો કે મેં જ એ માલ તફડાવ્યો છે. પણ પાછળથી એમને લાગ્યું કે એ ખોટા માણસ પાછળ લાગ્યા છે એટલે મને થોડો હલકો કરીને છોડી મૂકયો. જો તેમને એવું ન લાગ્યું હોત તો મારાં તો સોએ વર્ષ પૂરાં જ થઈ ગયાં હોત.' ભેરવસિંહે આપવીતી કહી. આખી વાત જાણી મંગુ પણ ડરી ગઈ.

'મને લાગે છે કે આપણે થોડા દિવસ વધુ સાવચેત રહેવું પડશે. જ્યાં સુધી એમને સાચો ચોર મળી નહીં જાય ત્યાં સુધી એ લોકોનો તારા તરફનો શક દૂર નહીં થાય. જો તેમને કશું વહેમ પડતું લાગશે તો તે પાછા તારી તરફ આવે પણ ખરા. આપણે પોલીસ પાસે જઈ નથી શકતાં એ મોટામાં મોટું દુખ છે. તારી વાત આવશે તો પોલીસ પહેલાં તો તને જ શકની નજરે જોશે.' મંગુએ પરિસ્થિતિનું તારણ કાઢતાં કહ્યું.

'તું કહું છું કે લંડનની પોલીસ દુનિયામાં પહેલા નંબરની છે, છતાં તે મને ખોટો દોષિત માને છે આને મારે એમનાથી ડરતા રહેવું પડે છે. મને લાગે છે કે બધી મારાં કરમની જ કઠણાઈ છે. મારી સાથે ભળીને તુંય ચિંતામાં અટવાયા કરે છે. મારાં તો જાણે પાપ મને નડે છે પણ તું તો વગર ગુને દંડાયા કરે છે.'

'મારાં કદાચ ગયા જનમનાં પાપ મને નડતાં હશે, ને કેમ જાણ્યું મારાં એ પાપ તનેય નહીં નડતાં હોય! પણ બધા દા'ડા દુખના નથી હોતા. કયારેક સુખના દા'ડા આવશે ત્યારે બધાનું સાટું વાળી દેશે.' મંગુએ પોતાની ફિલસુફી રજૂ કરી.

અનુક્રમ ⇒

### ૧૫ :– નંદ ઘેર આનંદ ભયો

નવરાત્રીનાં પર્વ રેવામાએ દર વર્ષની જેમ નકોરડા ઉપવાસ કરીને ઉજવ્યાં ને ભગવાને આ વર્ષે તો તેમને બધાંય વર્ષોની તપસ્યાનું ફળ જાણે સામટું જ આપી દીધું. દશેરાને શુભ દિવસે જાનકીએ કેલૈયા કુંવરને જન્મ આપ્યો. ને દશેરાને દિવસે જન્મ્યો હતો એટલે રેવામાએ માનશંકર ગોરને પૂછ્યા વગર જ તેનું નામ વિજય રાખી દીધું. બધાને કંસાર કરીને જમાડ્યા ને છેલ્લે પોતે જમવા બેઠાં.

કેસરી કહે : 'આજે તો હરખનાં માર્યાં માને કોળિયોય ગળે નહીં ઊતરે.'

તો રેવામા કહે : 'ગળે કેમ નહીં ઊતરે. આજ ટો હું બમણું ખાવાની તો. એક મારા ભાગનું ને બીજું મારા લાલાના ભાગનું.'

'માડી મારા ભાગનુંય ખાઈ લેજોને ભેળેભેળાં.' કેસરીએ મજાક કરી.

'તું તો બે ટંકનું ભેળું ખાઈને બેઠો તીં તારા ભાગનું વધેલું કેવારનું છે! તારા મનમાં કે આ ડોહીને કશી ખબર નથી પણ હું બધોય હિસાબ રાખું છું. આ ટન દા'ડે આજે તેં ધરાઈને ખાધેલું છ તે મને ખબર નથી એમ તું માન છ. તારા બાપેય આજ પારણાં કર્યાં છ. જો મેં હમજીને બે મૂઠી લોટ વધારાનો ના લાયખો હોટે તો મારે ભૂખે મરવા વારો આવટે.' રેવામાએ બધાનાં મનની વાત જાણે એક સામટી કહી દીધી. ને બધાં હસી પડ્યાં. તેમની વાત ખોટી પણ ન હતી, બધાં ઊઠતાં ને બેસતાં જાનકીની જ ચિંતા કર્યા કરતાં હતાં.

જ્યારથી જાનકીને દા'ડા હતા ત્યારથી રેવામા જ ઘરનાં બોસ બની ગયાં હતાં. જે ચીજની જાનકીને પરેજી હોય એ ચીજની પરેજી બધાંને ફરજિયાત પાળવી પડતી હતી. કોઈ દલીલ કરે તો રેવામા કહેતાંઃ 'તમે બધા ખાવ તો વહુ મારી બિચારી તાકી જ રહે ને. એને જે ના ખાવાનું ટે ટમારેય ના ખાવાનું, એમાં કોઈ વહેરો આંટરો નીં મળે.'

'માડી તમારું ચાલે તો તમે બધાની સુવાવડ કરાવી નાખો.' કેસરી કહેતો.

'ટું બહાર નીકળ અહીંથી હમજીયા વગરનું બોલટો છ ટે. તને ખાવાના બહુ ભસ્કા થતા છે ટે.' રેવામા કહેતાં ને તેને બહાર તગેડી મૂકતાં.

વિજયના જન્મ પછી પણ આ તકલીફ ઓછી ન થઈ, ઉલટાની વધી ગઈ. જેમ જાનકીની ચળી વધતી ગઈ તેમ બધાની ખાવાપીવાની અગવડો પણ વધતી જ ગઈ. એક દિવસ કેસરી કહે : 'માડી હું અને બાપા બહાર ખાવા જવાના છીએ, અમારું ખાવાનું બનાવશો નહીં.'

'ટે બારેય મહિના બહાર જ ખાજો નીં. તારી હાર્યે તારા બાપાનેય હવે ખાવાના ભસ્કા ઠટા દેખું. મારે રહોડે તો એ જ ખાવાનું બનશે જે મારા લાલજી અને એની માને હદતું હશે. ના ભાવતું હોય એ બહાર જ ખાઈ લેજો.' રેવામાનો જવાબ ચોખ્ખો ને ચટ હતો.

'તે અમે બહારથી લાવીને ખાઈશું. બહાર ઘરના કરતાં સારું ખાવાનું મળે છે.'

કહેતાં કેસરી બહાર જવા કરતો તો રેવામા પાછળ તાડુકતાં : 'એ બહારની ચીજ મારા ઘરમાં નહીં. તમારે બહારનું ખાવું હોય ટો બહાર જઈને ગળચવાનું. ઘેર લાવીને ખાવ તો મારી વહુ અને મારો લાલજી તાકી રહે એ ની ચાલે.'

'જાનકીને લાલજીનું તો બહાનું છે, માડીને બહારનું ખાવાનું જોઈને ચસ્કા ના ઊપડે એટલે માડી બહારથી ખાવાનું લાવવાની ના પાડે છે.' કેસરીસિંગ કહેતો ને રેવામા કાંઈ કહે તે પહેલાં તે બહાર દોડી જતો.

ગમે તેમ પણ ઘરમાં એક માણસનો વધારો થયો હતો તેની અસર નીચે બધાં આવી ગયાં હતાં. એને બહાને રેવામાને ચિઢવવાનું કેસરી અને દલાકાકાને કામ મળી ગયું હતું. કદીક દલાકાકાને વિજયને રમાડવાનું મન થાય તો પણ રેવામાની મંજૂરી ભાગ્યે જ મળતી. અરે, ખૂદ જાનકીનેય ફક્ત તેને ધવરાવવા પૂરતો જ હક હતો ને! રેવામા નહાવા ગયાં હોય ને જો વિજય રડે તો બધાંનું આવી જ બનતું. રેવામાનો ઠપકો તેમને સાંભળવો જ પડતો : 'હું સ્હેજ આઘી ગઈ નથી કે મારા લાલજીને રોવરાવીને અડધો કરી લાયખો. તમારાથી એને ઘડીવાર રખાટો નથી. તમે બધા બહાર નીકળો અહીંથી.'

જેમ પેલા બેને રેવામાને ચિઢવવામાં મજા આવતી હતી તેમ રેવામાને પણ જાણે ચિઢાવામાં મજા પડતી હોય એમ લાગતું હતું. ને થાકીને રેવામાએ એક દિવસ વેઢમી બનાવી ને કેસરીને કહે : 'લે ખા હવે ધરાઈને. ખાઉંખાઉં કરીને મારું માથું ખાઈ ગયો. હું તે કેટલાનું ધ્યાન રાખું! તારી વાદે પેલા ડોહાય જાણે ભૂખે મરી ચાયલા. ઘરમાં બધાંનું ધ્યાન રાખવું જોયે કની. બે દા'ડા હારું ખાધા વના ના રહેવાય!'

'અમે તો માડી ખાલી તમને પજવવા માટે કહેતા હતા. અમારે ખાવાના ભસ્કા નીં મળે. તમે જે કાચુંકોરું રાંધી નાંખશો એ અમે ખાઇ લઇશું.' કેસરીએ વેઢમીની થપ્પી સામે જોઈ કહ્યું.

'તો આ ખીચડી તૈયાર છે, લાવ મારી વેઢમી પાછી.' કહેતાં રેવામાએ તેની થાળી પાછી ખેંચી લીધી.

'માડી તમારું રાંધેલું બગડવા દેવાય, લાવો ખાઈ જઈશું જેવું હશે એવું.'

'રાંધેલું બગડવા ન દેવાય, લાવો અમે બે વેઢમી ખાઈ લઈએ છીએ, તમે બધાં ખીચડી ખાઈ લેજો.' દલાકાકા પણ કેસરીની સાથે જોડાઇ ગયા.

'તે તમે જ ખીચડી પૂરી કરોનીં, અમે વેઢમી ખાઈ લેહું.' રેવામાએ કહ્યું પણ એમનું કહેવું કોઇને કાને પડ્યું હોય એમ લાગ્યું નહીં.

એક દિવસ કેસરીસિંગ જાનકીને કહે : 'લંડનથી મેઘજીકાકાનો કાગળ આવ્યો છે. લખે છે કે તારી બેનપણી મંગુ ને ભેરવસિંહ તેમને ત્યાં આપણું સરનામું લેવા ગયાં હતાં. તેમને એવો વહેમ પડ્યો છે કે એવાંયે બે પ્રેમમાં પડ્યાં છે. ભેરવસિંહ કેવો માણસ છે એ મેં તને કહ્યું છે. મંગુ એની સાથે દુખી ના થઈ જાય તો સારું.'

'બધાને સુધરવાની તક મળતી હોય છે, કોઈ તરી જાય છે ને કોઈ ચૂકી જાય છે. જેવાં જેનાં નસીબ આપણે શું કરી શકીએ એમાં! તારું કહેવું એમ તો નથી ને કે હું તેને સાવધ રહેવા માટે ચેતવી દઉં?' જાનકીએ તેના કહેવાનો આશય સમજી જતાં સામો પ્રશ્ન કર્યો.

'તારી મરજી, તારી બેનપણી છે, તને ફાવે તેમ કર. હું ભેરવસિંહને જાણું છું ને તું તારી બેનપણીને જાણે છે.' કેસરીસિંગે જાનકી પર છોડી દીધું.

જાનકીએ ટૂંકમાં જ પતાવ્યું : 'જોઇશું, બેચાર દિવસ વિચાર કરીને ઠીક લાગશે એમ કરીશું.' ને તે વાત ત્યારે તો એટલેથી જ અટકી.

કેસરીસિંગને પણ હમણાંના વેરના વિચારો બહુ ઓછા આવતા હતા. આખી જિંદગીમાં કોઈની હત્યા નથી કરી તો હવે વેરને નામે હત્યા તો નથી જ કરવી એવું તેના મનમાં વારંવાર થઈ આવતું હતું. પણ પોતે જો તેમને છોડી દે તો તે તેને છોડી દેશે ખરા, એ સવાલ તેની સામે અનુત્તર ખડો જ થઈ જતો હતો. એવો કોઈ રસ્તો નીકળે કે પોતે તેને છોડી દે અને સામે તે પણ તેની સામે તલવાર મ્યાન કરી દે, તો કશો વાંધો નહીં. પણ તેમ બનવું શકય ન હતું, કારણ કે તેના મનમાંથી હજુ એ વાત નીકળવાની ન હતી કે તેનો ખજાનો કેસરીસિંગ દબાવીને બેસી ગયો હતો.

તેને એવો વિચાર પણ આવતો હતો કે તેને જો ખજાનો પાછો સોંપી દીધો હોય તો! પણ તે વિચાર આવતાંની સાથે જ તેના પર ચોકડી વાગી જતી હતી. જેમ તે ખજાનો પોતાનો નથી તેમ તેનો પણ નથી, એટલે તેને પાછો સોંપવાનો તો સવાલ જ નથી ઊઠતો. છતાં કોઈ વચલો રસ્તો નીકળતો હોય તો તેમ કરવા તે તૈયાર હતો. એટલે તેણે પણ ના છૂટકે પોતાની તલવાર કામચલાઉ મ્યાન કરી દેતો.

આ બાજુ જાનકી, રેવામા, દલાકાકા અને નાના વિજય પાસેથી તેને જે સ્નેહ મળતો હતો તે એને વેરને રસ્તેથી દૂર ને દૂર ધકેલતો જતો હતો. કદીક તેને થતું કે પોતે કાયમ સજાગ રહે ને તેમનાથી બચતો રહે, છતાં જ્યારે કટોકટી આવીને ઊભી રહે ત્યારે તેનો પૂરી તાકાતથી સામનો કરે. હારીને બેસી ન રહે. અને આવા બધા વિચારોથી થાકે ત્યારે તેનો એક જ નિર્ણય હોય, પડશે તેવા દેવાશે.

એટલું સારું હતું કે તેની આ વાતથી રેવામા કે દલાકાકા અજાણ હતાં નહીં તો એ બાપડાં ભલાં જીવો ચિંતામાં અર્ધાં થઈ જાત. કેસરીસિંગને પોતાની સાચી ઓળખ તેમને આપવાની ઈચ્છા ઘણી વખત થઈ આવતી હતી પણ તે આ લોકોનાં દિલને ચોટ પહોંચાડવા કે ચિંતામાં નાંખવા માગતો ન હતો.

તેને મોટેલ વિકસાવવાની ઘણીય ઈચ્છા થઈ આવતી હતી પણ જ્યાં સુધી પોતાની પરિસ્થિતિમાંથી ચિંતામૂકત ન થાય ત્યાં સુધી તે કોઈ સાહસ કરવા માગતો ન હતો. ને આમ ને આમ વખત વીતતો જતો હતો. દેશમાંથી કોઈ ખબર મેળવવા જેવું રહ્યું ન હતું એટલે તેણે પેલા ડીટેકટીવને પણ છૂટો કરી દીધો હતો. લંડનથી મેઘજીકાકા અવારનવાર ખબરો મોકલ્યા કરતા હતા. દેશના ખબરો માટે તેણે પેલા હોટેલના મેનેજરને પોતાનો એક પોસ્ટબોક્ષ નંબર આપી રાખ્યો હતો એટલે કોઈ વખત તે જાણવા જેવું હોય તો જણાવતો રહેતો હતો.

વિજય એક વર્ષનો થવા આવ્યો હતો ને ઘૂંટણિયાં તાણતો હતો. હજુ દાંત પણ આવવા શરૂ થયા ન હતા. એક વર્ષનો ન્હોતો થયો છતાં દેશના બે વર્ષના છોકરા જેવો હાડેતો થઈ ગયો હતો એટલે રેવામા તો હરખનાં માર્યાં ફૂલ્યાંય સમાતાં ન હતાં. ઉનાળાનો દિવસ હોય તો સવાર ને સાંજ રેવામા એને સ્ટ્રોલરમાં બેસાડીને મોટેલના પાર્કિંગ લોટમાં ફેરવ્યા કરતાં હતાં. કદીક કેસરીસિંગ કે દલાકાકા તેને ફેરવવા લઈ જાય તો રેવામા તેમને હજાર સૂચનાઓ આપ્યા પછી જ ઘરની બહાર નીકળવા દેતાં હતાં.

તેનાં બળોતિયાં બદલવાનું, નવરાવવાનું, નવાંનવાં કપડાં પહેરાવવાનું  એ બધાં કામ તો એ કોઈને કરવા જ દેતાં ન હતાં. મોટેલમાં કોઈ બૈરી રહેવા આવી હોય તો તે વિજયને લઈને બહાર ફરવા પણ નીકળતાં નહીં. જો કોઈ વિજયનાં વખાણ કરતું તો ઘરમાં જઈ તરત જ માથે મરચાં વાળીને દલાકાકાના હોકાની ચલમમાં નાખી આવતાં ને દલાકાકા મરચાંની ધૂમાડી ગળામાં પેસી જતાં ખાંસતા ખાંસતા ઘરની બહાર ભાગતા.

'તે હું કહું છ કે પોયરાને કોઈની નજર નઠી લાગટી છે, એક નજર લાગટી છે ટો ટારી જ નજર લાગટી છે. આખો ડારો ટું જ એના મોઢા હાંમે જોઈને જાતજાતની વાતો કરતી છે તીં ' દલાકાકા રેવામાને ખિજવવા કહેતા.

'મારી નજર એને લાગતી નથી પણ ટમારી ટો લાગે છ. ટમે મોટલમાં રહેવા જતા રહો, ટમારુ ખાવાનું ટીયાં મોકલી આપા. મારેય શાંતિ ને મારા લાલજીનેય શાંતિ.' રેવામા કહેતાં.

તો જાનકી તેમને વારતાં કહેતી : 'આવું શું કહેતાં હશો માડી! જ્યારે પજવે છે ત્યારે તો એ આખો દા'ડો એને ઊંચકીને ફરે છે.'

'તે એમાં કાંઈ ઉપકાર કરે છ. એ પોયરો મારો એકલીનો છે! એને તેડીને ફરહે ટો એને ઘડપણમાં પાણી પાહે. ને મર્યા કેડે પાછળ વાહ નાખહે.' ડોહી ટોળ કરતી ને જાનકી એમની પાછલી ઉંમરની આવી મજાકમસ્તીથી અજાણ હોઈ બાજુ પર સરકી જતી.

એક દિવસ કેસરીસિંગ કહે : 'માડી, વિજય એક વરહનો થયો એનું કશું મોઢુંય મીઠું ના કરાવ્યું.'

'તે તું આ ડોહીને ગાંડી હમજતો છે શું! હજુ દહેરાની આડે ચાર દા'ડા બાકી છે. મેં માનશંકર ગોળને કહેવરાવી દીધું છ. ટે ડારે સટ્યનારાયણની કથા કરાવવાની છે. ટું ટારે બે ટંકનું ભેળું ખાઈ લેજે ને.' કેસરીસિંગ અને દલાકાકાથીય છાની રીતે રેવામાએ ગોરને કેમનો સંદેશો મોકલી દીધો હશે એ વિચારતા બન્ને મુંગા થઈ ગયા.' વિજયના જન્મ પછી આ ડોહીય પેક થઈ ગઈ દેખું.' દલાકાકા મનમાં બબડ્યાય ખરા.

ગમે તેમ તોય રેવામાએ નિરધાર્યું હતું તેવી રીતે વિજયનો પહેલો જન્મદિવસ ધામધૂમથી ઉજવવામાં આવ્યો. દલાકાકાને કે કેસરીસિંગને સ્વપ્નેય ખ્યાલ ન આવે એવા લોકો આ પ્રસંગે હાજર થઈ ગયા હતા. આ બધાને કોણે અને કેવી રીતે આમંત્રણ મોકલી આપ્યાં હતાં તે પેલા બેને હજુ સમજાતું ન હતું. માનશંકર ગોરને નોતર્યા હોય એ તો થઈ શકે તેવી વાત હતી, પણ છેક ન્યૂ યોર્કના કવીન્સ પરગણામાંથીય કેટલાક ઓળખીતા આવી પહોંચ્યા હતા, તેમને કોણે સંદેશો કર્યો હશે એ તેમને ન્હોતું સમજાતું. વળી આ બધા તો પોતાને ઊંચી સોસાયટીના સભ્યો માનતા હતા ને કદીક સામા મળે તો 'કેમ છો ' પૂછવામાંથી પણ જાય તેવા હતા. તો એમને બોલાવ્યા કોણે અને તે બધા આવ્યા કેવી રીતે! બેય જણાએ ઘણી મથામણ કરી પણ તેનું મૂળ તેમને હાથ ન લાગ્યું.

છેક સાંજે બધા જમીને વેરાતા હતા ત્યારે એક જણાએ દલાકાકાને મસ્કો માર્યો : 'તમે બાપદીકરે રબરની ફેકટરી લઈ લીધી ને અમને ખબરેય ન પડી. અમે વચમાં ભેંડો ન મારત અમને જો જાણવા દીધું હોત તો.'

'એ તો બધું અચાનક ગોઠવાઈ ગયું એટલે કોઈનેય ખબર આપવાની વેળા જ ન રહી ને.' દલાકાકાએ મોઘમ જવાબ આપ્યો. કેસરીસિંગ પણ ગૂંચવાડામાં પડી ગયો હતો ને.

છેલ્લા બે મહિનાથી એ ફેક્ટરી માટે તેણે વાત ચલાવી હતી પણ હજુ કશું ફાઈનલ કર્યું ન હતું. તો આ લઈ લીધાની વાત ઉડાડી કોણે? બધા મહેમાનો ગયા એટલે બેય જણા ઘરમાં પેઠા. 'આ ફેક્ટરીની શી વાત છે, હજુ આપણે તેનો સોદો કયાં કર્યો છે ?' કેસરીસિંગે પૂછયું.

જાનકીએ રેવામા સામે જોયું. રેવામા કહે : 'જાગતાની પાડી ને ઊંઘતાનો પાડો. તમે ઊંઘતા રહ્યા ને મારા લાલજીએ ફેક્ટરી લઈ લીધી. હવે બેય બાપદીકરાને નોકરી જોઈએ તો એમાં નોકરી મલશે. કાલે સવારે લાલજીને પૂછી જોજો.'

'પણ એમ ઉતાવળ કરાતી હશે અમે વાત ચલાવતા હતા, એ ધાળિયો અઠ્ઠાવીસ હજારમાં માની જાય એવું લાગતું હતું. તમને એમ શી ઉતાવળ હતી!' કેસરીસિંગે માને તો નહીં પણ જાનકીને ઠપકો આપતો હોય એમ કહ્યું.

'પેલો ગ્ર ોસરી સ્ટોરવાળો અરબો ત્રીસ હજાર આપવા તૈયાર થયો હતો. અમને આ વાતની ખબર પડી એટલે હું અને જાનકી લાલજીને લઈને પહોંચી ગયાં એ ધોળિયા પાસે. તેને કહ્યું કે અમારી વાત ચાલે છે તેનો ફાઈનલ આંકડો કહો એટલે બાનું આપીને વાત પાકી કરીએ.

'પછી ?' બેય જાણા એકી સાથે બોલી ઊઠ્યા. એમને એમ હતું કે આ બે જણીઓ પેલાને કેટલાયનું બાનું આપી આવી હશે.

'એવોયે કહે : 'કેપ્ટને મને અઠ્ઠાવીસ હજાર કહેલા છે ને મેં તેને પાંચસો વધારે કહેલા છે. મારે અઠ્ઠાવીસ હજારમાં ફેક્ટરી આપવાની નથી.' પછી મેં તેને ચોખ્ખી વાત કરી કે તે જેટલા માગે તેટલા આપવાની અમારી તૈયારી હતી પણ બે વાત વિચારીને તમે જે આંકડો કહો તે આપવા અમે તૈયાર છીએ.'

'પછી?'

'મેં કહ્યુંઃ એક તો એ કે મારો કુલદીપ બે વર્ષથી તમારે ત્યાં કામ કરે છે અને મારે એના આ પોયરાને મોટેલની પથાળીઓ ખંખેરવા દેવી નથી, એટલે તમે વિચારીને જે આંકડો કહો એનું મારે તમને બાંનું આપીને વાત પાકી કરી દેવી છે. એટલે તેણે શું કહ્યું ખબર છે ?'

'ના, શું કહ્યું ?'

'તે કહે : તમે જે વાત કરી એ મને ગમી, જો તમારે આ નાના દીપ માટે ફેક્ટરી જોઈતી હોય તો મારે હવે અઠ્ઠાવીસ હજારમાં તે આપવી નથી, જાવ સત્તાવીસ હજાર પાંચસો આપજો બસ. ને મેં એને એક હજાર ડોલર રોકડા બાનામાં આપી દીધા ને એને મને એની પહોંચ પણ લખી આપી. કહે જાવ આ ભુલકાને મારા આશીર્વાદ, એ જલ્દી મોટો થઈ જાય અને તમને બધાંને સુખી કરે.'

'પણ એમ વિજયને લઈને ત્યાં જવાતું હશે! કોઈ જાણે તો એમ જ સમજે કે આપણે વિજયને આગળ કરીને પેલાને શરમમાં નાખીને ઓછી કિંમતમાં પેલાને મનાવ્યો.' દલાકાકાને જાણે એમની એ વાત પસંદ ન આવી.

'તે ઘેર ટમે કોઈ ઉટા નહીં અને જાનકી વગર જાઉં ટો હું પેલા ધોળિયા હાર્યે વાત કેમની કરું. ટે મારા નાનલાને લઈને ગઈ વળી, ને મારો નાનલો નસીબદાર નીકચરો. ને પેલાએ અમોને કીધું જ કે એ અરબો ટમારા કરટાં હજાર વધારાના આપવાના કહીને ગયો છે, પણ તમે જે કીધું ટે મને ડિલમાં ઊટરી ગીયું છ, ટે હવે કોઈ ડબલ પૈહા આપહે ટોય એને આ ફેક્ટરી નહીં આપું.' રેવામાને કોઈનો ડર લાગે એમ હતું જ ક્યાં!

'પણ આ બધા કથામાં આવ્યા હતા તેમને આ વાતની ક્યાંથી ખબર પડી ?'

'કેમ વળી બધાને કથામાં આવવાના ફોન કરતી વખતે ભેગેભેગું આ ફેક્ટરીનું પણ કહી દીધેલું સ્તો.'

'પણ કથાના ફોન તો ગઈકાલે કર્યા હશે ને.'

'હાસ્તો કાલે હવારની વેળામાં ફેક્ટરીનું બાંનું આપ્યું એટલે બધાને જણાવવું તો પડે જ ને કે અમારા લાલજીનો જનમદિવસ છે અને અમે રબરની આ ફેક્ટરી રાખી લીધી છે એ બેયની ભેગી કથા રાખી છે. અને બેવડી કથા ઉટી એટલે લાકો પણ કેટલા આયવા ઉટા!' માએ બધું જણાવ્યું.

'જુઓ, તમે જે કર્યું એ સારું થયું પણ એમ ફરીવાર ના કરશો. કોઈક વખત એમ કરતાં ફસાઈ જવાય. તમે અમને અંધારામાં રાખીને આ સોદો કર્યો તે અમને અચંબામાં નખવા માટે કર્યો. આ મા તો ન સાજે પણ જાનકી તારે તો એમને વારવાં જોઈએ. ઘરનું કામ તમે સંભાળો અને ધંધાનું કામ અમે સંભાળીએ એ જ બરાબર છે.' કેસરીસિંગે કહ્યું અને કાકાએ ડોકી હલાવી તેમાં સંમતિ આપી.

જાનકી શું બોલે! રેવામા કહે : 'ટે એમાં કશું ખોટું ઠયું હોટે ટો હજાર ડોલરની જ વાટ ઉટી ને. હવે એમ મોઢું લટકાવીને બેહયા વગર કાલે જઈને ફેક્ટરીની વાટની લખાપટ્ટી કરી આવજો ને પૈહાની વ્યવસ્ઠા કરી લેજો.'

અનુક્રમ ⇒

## ૧૬ :- કાનપુરનો રમઝાનુદ્દીન મલેક

ભેરવસિંહ બધાને ચૂનો ચોપડીને ભાગી ગયો અને તેની પાછળ ગયેલા મનુભા પણ હાથ ઘસતા પાછા આવી ગયા એટલે ભેરવની ટોળીના બધા નાસીપાસ થઈ ગયા હતા ને ગુસ્સામાં આંધળા થઈ ગયા હતા. ભેરવસિંહ મળે કે ન મળે પણ તેમને પૈસા તો ગમે ત્યાંથી મળવા જ જોઈએ એવી હાલત થઈ ગઈ હતી. આ સંજોગોમાં ફતાએ જો કે ટોળીની આગેવાની લઈ લીધી હતી અને નાનીમોટી લૂંટ કરી બધાને બે કોળિયા ખાતા કરી દીધા હતા.

મનુભાને આ બધું ગમતું ન હતું. તેમણે એકબે વખત ફતાને ટોક્યો પણ હતો. તેણે બીજુ કોઈ સારું કામ હોય તો તેમાં બધાને વાળવાની તૈયારી પણ બતાવી હતી. પણ મનુભાની પાસે પણ જો કોઈ સારો ધંધો હોય તો તે ફક્ત શરાબનો જ હતો. શરાબની ભટ્ટી ચલાવવી હોય કે તેની હેરાફેરી કરવી હોય તો તેમાં થોડો ચાન્સ હતો. પણ ફતાની ટોળીવાળાને એમાં રસ પડે એમ ન હતું. વધારે પડતી દોડાદોડી ને ઓછું વળતર એમાં આ ટોળકીને રસ પડે તેવું ન હતું. અને મનુભા પાસે આના સિવાય બીજું કોઈ કામ ન હતું.

ચોરીચકારીના કામમાં તેમને મનુભાની ઓથની જરૂર ન હતી અને એવાં કામોમાં મનુભાને રસ ન હતો. એટલે ફતાની ટોળી એવાં નાનાંમોટાં કામોમાંથી પોતાનું પેટિયું રળી લેવાની વેતરણમાં વ્યસ્ત રહેતી હતી. મનુભા નાનામોટા ફેરા ખાવાનાં કામો એમને બતાવતા ને વારતહેવારે પાર્ટીઓમાંય બોલાવતા. બધા ભેરવસિંહની બાબતમાં તેમને પૂછ્યા કરતા. તેને એમણે સાવ કોરો જ છોડી દીધો એ તેમને ગમ્યું ન હતું, પણ તેની પાછળ જવાનું તેમનું ગજું ન હતું અને લાગતું હતું કે મનુભાને હવે તેનામાં રસ ન હતો. હા, ક્યારેક બેચાર પેગ વધારે માર્યા પછી મનુભા તેને જબ્બે કરવાની વાત કરતા ત્યારે બધાને થતું કે મનુભા હજુ ભેરવસિંહને ભૂલ્યા નથી.

એક દિવસ કોઈકે મનુભાની હાજરીમાં ભેરવસિંહના પેલા નકશામાંના રમઝાનુદ્દીન મલેકની વાત કાઢી : 'ભા, પેલા કાનપુરવાળા રમઝાનની વાત તો આપણે ભૂલી જ ગયા છીએ. એનું નામ નકશામાં હતું તે કાંઈ અમસ્તું તો નહીં જ હોય. એ છેવટે કેસરી લંગડનો દોસ્ત નહીં હોય તો દુશ્મન તો હશે જ. એની પાછળ જવાથી કશીક તો માહિતી મળશે જ. કેસરી કે ભેરવ ગમે તેનો પતો તેની પાસેથી મળી રહેશે, તમને શું લાગે છે ?'

'તપાસ કરવામાં કશું ખોટું નથી. મારે નવરાશ નથી પણ તમારામાંથી કોઈ બે જાણા જો તેની ભાળ મેળવવા જતા હોય તો હું તેમનાં ખર્ચાપાણી જોગા પૈસા આપીશ. કોઈને જવું હોય તો કહેજો.' મનુભાએ વાંદરાંને નિસરણી આપી. પછી તો એ ઝાલ્યા રહે ખરા! તેમણે બે જ દિવસમાં બે જણને જવા તૈયાર કર્યા. ફતો અને મખનો.

મનુભાએ તેમને બધી વિગતો સમજાવી અને કોઈ ઉતાવળિયું પગલું ન ભરવા ચેતવ્યા પણ ખરા. કાનપુરમાં તેમના એક ઓળખીતા પર ભલામણ પણ લખી આપી. તે લઈને બેય જણા રવાના થયા. તેમને ભેરવસિંહની માહિતી તેની પાસેથી મળવાની બહુ આશા ન હતી પણ કેસરીસિંગે જો તેને રોકયો હોય તો તેને અંગેની માહિતી તો તેની પાસેથી મળી રહેશે એવી તેમને આાશા હતી. તેમને એમ હતું કે ખજાના વિશે વાત કરતાં કેસરીસિંગ વિશે જો તેને કશી ખબર હશે તો તે બહાર આવ્યા સિવાય રહેશે નહીં. બનતાં સુધી જોર વાપરવાની જરૂર નહીં પડે એવી તેમની માન્યતા હતી. પણ જરૂર પડે તો જોર વાપરતાંય તે અચકાવાના ન હતા. હા, કાનપુર તેમને માટે અજાણ્યો મુલક હતો એટલે દરેક પગલું સાચવીને ભરવાનું હતું.

એ લોકો કાનપુર પહોંચ્યા ત્યારે રાત પડી ગઈ હતી એટલે સીધા મનુભાએ આપેલે સરનામે ગયા. તે લોકો જે કામે આવ્યા હોય એ કામમાં પેલા માણસને રસ ન હતો. એને તો ફકત મનુભાએ ચિઠ્ઠીમાં કરેલી ભલામણનો અમલ જ કરવાનો હતો. તેણે કહ્યું : 'તમારા રહેવા અને ખાવાની વ્યવસ્થા અહીં છે એ સિવાય બીજી જે કોઈ સગવડ જોઈએ તે તમારે જાતે કરી લેવાની રહેશે. તમે શા કામે આવ્યા છો અને તમે શું કરો છો એ જાણવાની મારે જરૂર નથી. મને અગવડ પડે એવું કશું થશે તો તમારા રહેવાની વ્યવસ્થા તમારે બીજે કરી લેવાની રહેશે.'

'તમને કશી અગવડ નહીં પડે. અમે અમારી રીતે અમારે જેને મળવું છે એને મળીને બેચાર દિવસમાં તો પાછા ચાલ્યા જઈશું. અમારી પાસે એનું નામ સરનામું છે એટલે બનશે તો કાલે જ એને મળી લઈશું.' ફતાએ પેલાને જણાવ્યું.

તે રાતે બેઉ નિરાંતે ઊંઘ્યા. જેને ત્યાં તે રહ્યા હતા એ બહુ પૈસાદાર લાગતો ન હતો. મનુભાનો કોઈ અહેસાનમંદ હોય એમ તે મનુભાનો જાણે આદેશ માથે ચઢાવી રહ્યો હોય એવો તેનો વર્તાવ હતો. એણે સવારમાં ન્હાપાણી કરાવ્યાં પછી તેમને કહ્યું : 'અહીં નાકા પરથી જ રિક્ષા મળી રહેશે. બપોરે પાછા આવવાના હો તો ખાવાનું બનાવવા માટે કહું.'

પેલા લેકોએ ના કહી અને બન્ને બહાર નીકળ્યા. ને તેમની પાસે હતું એ સરનામે જવા રિક્ષા કરી. હલાલ સ્ટ્રીટ કાનપુરને કયે છેડે છે એનો તેમને અંદાજ ન હતો. બે જ મિનિટમાં તે હલાલ સ્ટ્રીટ પહોંચી ગયા. તેમને થયું આટલું નજીક છે એમ જાણતા હોત તો ચાલી જ નાખ્યું હોત. હવે જ તેમનું ખરું કામ શરૂ થતું હતું. તેમણે પહેલે પાનને ગલ્લે પાન ખાધું અને પોતાની તપાસ શરૂ કરી : 'આટલામાં કોઈ રમઝાનુદ્દીન મલેક રહે છે?' તેમણે પાનના ગલ્લાવાળાને પૂછ્યું.

પેલાએ નકારમાં ડાકી ધૂણાવી જવાબ આપી દીધો. એણે જે ઝડપથી ડોકી ધૂણાવી દીધી એ જોતાં લાગ્યું કે એને ખબર હતી પણ એ જવાબ આપવા માગતો ન હતો. બેયને ખાતરી થઈ કે રમઝાન એક એવું નામ લાગે છે કે તેનો પતો સહેલાઈથી મળવો શકય નથી.

ત્યાંથી થોડે આગળ જઈ તેમણે બીજા એક જણને રમઝાન વિશે પૂછ્યું. ફરીથી એવો જ જવાબ મળ્યો. હવે તેમને ખાતરી થઈ કે તેમને રમઝાનનો પતો કોઈ સીધી રીતે તો આપશે નહીં. તો તેનો પતો કેવી રીતે મેળવવો એની વિચારણામાં તે બે ઘડી ગૂંચવાઈને ઊભા રહ્યા ત્યાં એક છોકરાએ તેમની પાસે આવીને પૂછ્યું : 'તમે રમઝાનચાચાને શોધો છો !'

'હા, તને ખબર છે તે કયાં મળશે તેની ?' ફતાએ જવાબ આપ્યો.

'હા ચાલો, બતાવું તેમનો અડ્ડો, બહુ દૂર નથી.' પેલા છોકરાએ કહ્યું અને આગળ ચાલ્યો. બેઉ જણા તેની પાછળ ચાલવા માંડ્યા. થોડે દૂર એક અંધારી ગલીમાં થઈને પેલો છોકરો તેમને જૂના અવાવરુ મકાનમાં લઈ ગયો. એક બાંકડા જેવા સાધન પર તે બેઠા. સ્હેજ વાર પછી એક કરડો માણસ તેમની સામે આવ્યો : 'કોને મને શોધતા હતા? કેમ શોધતા હતા?' તેણે પૂછ્યું.

'અમે તમને જ શોધતા હતા જો તમે જ રમઝાન મલેક હો તો.'

'કેમ, જાન મુશીબતમાં મૂકવાની મતલબ! દોસ્તની અહીં લાયક ખાતરબરદાસ્ત થાય છે, ને દુશ્મનની પણ. કહો તમે કેવી માગો છો!' પેલાએ ટૂંકમાં જ ચોખવટ કરી દીધી.

'અમે દોસ્ત બનીને આવ્યા છીએ. અમારે કેસરીસિંગનો પતો જોઈએ છે.'

'કોઈ કેસરીસિંગ અમારો દોસ્ત નથી ને કોઈ એ નામનો દુશ્મન પણ નથી. તમને કેમ લાગ્યું કે કેસરીસિંગનો પતો અહીંથી મળશે ?' કેસરીસિંગ કોણ હશે એ વિચારતાં પેલાએ જવાબ આપ્યો.

ફતાને લાગ્યું કે રમઝાનના એરિયામાં આવીને દાદાગીરી કરીને વાત કઢાવવા પ્રયત્ન કરવાથી કદાચ કશું હાંસલ થવાને બદલે મુશ્કેલી ઊભી થવાની શકયતા વધારે હતી, એટલે તેણે કળથી કામ કઢાવવાનું નકકી કર્યું. તેણે નરમાશથી કહ્યું : 'જુઓ, મારી પાસે એક કાગળ છે તેમાં તમારા નામનો ઉલ્લેખ કરેલો છે.'

'તો...!'

'એક મોટો ખજાનો ચોરાયો છે તે તમને પહોંચાડવાનો તેમાં ઉલ્લેખ કરેલો છે.'

'ને તમારું એમ માનવું છે કે તમે મને કહેશો એટલે હું તમને એ માણસનું નામ આપી દઈશ અને પેલો ખજાનો પણ તમને આપી દઈશ. તમે તમારી જાતને શું સમજો છો! અહીં મારા એરિયામાં અત્યાર સુધી તમે જીવતા રહી શકયા એ માટે ખુદાનો શુકર કરો.'

'અમારે તમારી સામે કશી દુશ્મની નથી કે અમારે તમારા એ ખજાનામાં ભાગ પડાવવો. અમારે તો કેસરીસિંગનો પતો જ તમારી પાસેથી મેળવવો હતો. અમારે એનું કામ છે. જો તમને વાંધો ન હોય તો-' ફતાએ કહેવા કર્યું.

પણ તેને અધવચ્ચેથી અટકાવતાં રમઝાન કહે : 'મેં તને પહેલાંય કહ્યું છે કે હું કોઈ કેસરીસિંગને જાણતો નથી. અને તું જે ખજાનાની વાત કરે છે એ ખજાના વિશે પણ મને કશી માહિતી નથી. જાણતો હોત તો તને જણાવત. તારાથી ડરીને નહીં પણ એનાથી જો તારું કામ થતું હોય ને મને કશું નુકશાન ન થતું હોય તો મને તે જણાવવામાં વાંધો ન્હોતો એ કારણે.' રમઝાને કહ્યું ને તેમને બહાર જવા ઈશારો કર્યો.

ફતાને લાગ્યું કે રમઝાન કશું છુપાવે છે, મખનાને લાગ્યું કે એવોયે તેમની મશ્કરી કરે છે. ને ફતો તેને વારે તે પહેલાં તે ઉકળી ઊઠ્યો : 'અને તુંય સાંભળી લે મલેક કે અમારી આડે ઊતરનારને કેમ સીધો કરવો તે અમને પણ આવડે છે.' કહેતાં તેણે રીવોલ્વર કાઢીને રમઝાન સામે તાકી. રમઝાન અવળો ફરી ગયો ને તેણે પોતાની પાછળ પડેલી

ખુરશી ઊપાડીને મખના તરફ ફેંકી. મખનો સાવધ હતો, તે નીચો નમી ગયો ને ખુરશી ફતાના ખભા પર વાગી. મખનાએ ગોળી છોડી ને રમઝાન ઢળી પડ્યો. મખનાએ બીજી ગોળી છોડીને તેનું કામ તમામ કરી નાખ્યું.

બીજી જ પળે તેને ભાન થયું કે તેઓ પારકા વિસ્તારમાં હતા. બેઉ જણા મૂઠીઓ વાળીને નાઠા. તેમની પાછળ શોરબકોર થયો, પણ અચાનક બની ગયેલા આ બનાવથી સ્તબ્ધ થઈ ગયેલા રમઝાનના સાથીઓ તેમની પાછળ આવી પહોંચે તે પહેલાં તે ઘણે દૂર નીકળી ગયા હતા. ને અડધા જ કલાકમાં તો તે પોતાને રસ્તે પડી ગયા હતા કે આવ ગુજરાત વહેલું.

તે લોકો પોતાના પડાવ પર પહોંચ્યા ત્યારે તેમના શ્વાસ હેઠા બેઠા. તેમણે તે સાંજે મનુભાને બધી વાત કરી : 'આ મખનાએ બધી ઉતાવળ કરી નહીં તો ત્યાંથી માહિતી મળત. મને ચોકકસ લાગે છે કે એવોયે કેસરીસિંગ વિશે જરૂર જાણતો હોવો જોઈએ.'

'કાંઈ વાંધો નહીં, થોડા દિવસ પછી કોઈ બીજાને મોકલીને માહિતી કઢાવીશું.' મનુભાએ ધરપત આપવા પ્રયત્ન કર્યો.

'જો તે જીવતો હશે તો. આણે એનાં પાંસળાંમાં બે ગોળીઓ દળબી દીધી છે એટલે કશું કહેવાય નહીં.' ફતાએ કહ્યું. તેની વાત સાંભળી મનુભા સ્તબ્ધ બની ગયા.

'મેં તમને પહેલેથી જ ચેતવ્યા હતા કે શાંતિથી કામ લેવાનું છે. હવે મને માંડીને વાત કરો કે બધું કેમ કરતાં બની ગયું.'

'અમે એના અડ્ડા પર જઈને એને મળ્યા ને કેસરીસિંગ વિશે તેને પૂછ્યું. એવાએ પોતાના અડ્ડા પર હતો એટલે થોડી અકડાઈ કરવા ગયો. પણ થોડી ખરીખોટી વાતો કરી તેને ફોસલાવ્યો હોત તો એની પાસેથી માહિતી જરૂર મળી જાત. પણ આ મખનાએ બધો ઘાણ બગાડી નાખ્યો. એણે ઉપરાઉપરી બે ગોળીઓ છોડી ને અમારે ભાગવું પડ્યું. રમઝાન તો અત્યાર સુધીમાં ખુદાનો પ્યારો થઈ ગયો હશે.' ફતાએ વિગતવાર જણાવ્યું.

'એના મનમાં કે એવોયે પોતાના ગઢમાં છે એટલે જેમ ફાવે તેમ બોલી શકે છે. મને વધુ ગુસ્સો તો એ વાતનો આવ્યો કે એણે અમને ધમકી દીધી કે એણે અમને જીવતા રહેવા દીધા એ માટે અમારે ખુદાની રહેમ માનવી જોઈએ. હવે એણે કોની રહેમ માનવી જોઈએ!'

'તેં બહાદુરી બતાવી પણ એમાં આપણું મૂળ કામ તો રખડી ગયું ને. વાંધો નહીં તમને એમ લાગ્યું હોય કે ત્યાંથી કેસરીસિંગ કે ભેરવસિંહ વિશે કોઈ માહિતી મળી શકે એમ છે તો આપણે ફરીથી પ્રયત્ન કરીશું.' મનુભાએ કહ્યું. બધાને લાગ્યું કે હમણાં મામલો શાંત પડે પછી વાત.

પણ બીજે દિવસે જ્યારે મનુભાનો માણસ શહેરમાંથી પેપર લઈ આવ્યો ત્યારે બધાને ખબર પડી કે કાનપુરમાં કેવી પરિસ્થિતિ સર્જાઈ હતી. સમાચારમાં જણાવવામાં આવ્યું હતું તે મુજબ તો મહિના પહેલાં હરિજનો અને મુસલમાનો વચ્ચે જે સામાન્ય તંગદિલી ઊભી થઈ હતી તેની અદાવતમાં હરિજનોના બે માણસોએ મુસલમાનોના લત્તામાં આવીને ધોળે દિવસે રમઝાનુદ્દીન મલેકને મોતને ઘાટ ઉતારી દીધો હતો.

કાનપુરની સ્થિતિ બહુ જ સ્ફોટક હતી. વાતાવરણ તંગ હતું ને રાજકીય પક્ષો તેને પોતાના ફાયદામાં હોય એવો મોડ દઈ રહ્યાં હતાં. કાનપુરમાં બીન કોંગ્રેસી સરકાર હતી એટલે કોંગ્રેસને મુસલમાનોનો પક્ષ લઈને રાજ્યકાર્તા પક્ષને હલકો પાડવાનું જાણે બહાનું મળી ગયું હતું.

શહેરમાં હરિજનોની સાથે સમગ્ર હિંદુઓ સામે આક્ષેપબાજીના ગોળા કોંગ્રેસ તરફથી છોડવામાં આવી રહ્યા હતા. સેન્ટ્રલમાં કોંગ્રેસની સરકાર હતી એટલે તે અનેક પ્રકારે તપાસમાં પણ વિધ્નો નાંખીને પ્રાદેશિક સરકારને નીચી દેખાડવા પ્રયત્ન કરી રહી હતી. ને હિંદુઓની હત્યાઓ થતી હતી અને મુસલમાનોનો બચાવ કોંગ્રેસ કરી રહી હતી.

તો કેટલાંક હિંદુ સંગઠનો સાચા આંકડા જાહેર કરવાની માંગ કરતાં હતાં તો તેમને હિંદુ કોમવાદી કહી કોંગ્રેસીઓ બૂમરાણ મચાવી મૂકતા હતા. બે દિવસમાં દસ હરિજનો ને ચાર અન્ય હિંદુઓની હત્યા થઈ હતી તેની સામે મુસલમાનોની ફકત પાંચ હત્યાઓનો હોબાળો વધુ કરાતો હતો અને મુસલમાનોને પુરતું રક્ષણ આપવાની માગણી કોંગ્રેસ પક્ષ કરી રહ્યો હતો. પ્રાદેશિક સરકાર લઘુમતીઓને રક્ષણ આપવામાં નિષ્ફળ ગઈ હતી એટલે તે સરકારને બરતરફ કરી ત્યાં રાષ્ટ્રપતિ શાસન લાદવાની વાત પણ તેમણે પૂરા જોશથી ઉપાડી હતી.

ત્રણચાર દિવસનાં દૈનિકપત્રોના સમાચારોની તરવણી કાઢી મનુભા મખનાને કહે : 'તેં એક મુસલમાને મારી નાખ્યો એના બદલામાં કેટલી ઊથલપાથલ થઈ ગઈ.'

'એટલે હવે જો તું કોઈ કોંગ્રેસવાળાને મળી જાય તો તે તને ખાનગીમાં ફૂલહાર પહેરાવશે ને જાહેરમાં ફાંસીએ ચઢાવશે. બોલ વિચાર છે!' બીજા એક સાથીદારે મખનાને કહ્યું.

'શાનો, ફાંસીએ ચઢવાનો! ના હોં, મારી સાત પેઢીમાં કોઈ ફાંસીએ નથી ચઢયું તે મારે ચઢીને એમનો રેકર્ડ તોડવો નથી. ભગવાનનો પા'ડ માનું કે ત્યાંથી વેળાસર ભાગીને નીકળી જવાયું. નહીં તો હું પકડાઈ જાઉં તે પહેલાં કાં તો કોંગ્રેસવાળા જ મને ખાનગીમાં વધેરી નખાવત.'

'અરે હોય, તને તો પકડીને જાહેરમાં ફાંસી આપત કે તેનાથી બીજા પર દાખલો બેસે કે સરકાર ઊંઘતી નથી ને ગુનેગારને યોગ્ય નસિયત મળે જ છે.' ત્રીજાએ ટહુકો કર્યો.

'અરે ના રે બાપા, મને એમના રાજકાજની થોડીઘણી ખબર પડે છે. જો હું જીવતો પકડાઈ જાઉં તો ખરી વાત બહાર આવી જાય કે રમઝાનને કોઈ હરિજનોના માણસે નહીં પણ મેં માર્યો છે તો તેમની રાજ્ય સરકારને બરતરફ કરવાની મેલી મુરાદ હાથમાંથી જતી રહે એટલે કાંગ્રેસ મને ખાનગીમાં જ પતાવી નાખે. મને આટલે વર્ષે હવે એટલી તો સમજણ પડે છે.' કહેતાં મખનાએ મનુભા સામે જોયું, જાણે તેમનો ટેકો ન માગતો હોય!

'એની વાત સાચી છે. આજના ગંદા રાજકારણમાં એવું જ બને. જે વાત બહાર આવે તેને જ લોકો સાચી માની લે છે પણ તેની પાછળની રાજરમતની કોઈને જાણ નથી હોતી. અને એટલે તો જેને ફાંસીએ ચઢાવવા જોઈએ એવા નેતાઓ વારંવાર ચૂંટાયા કરે છે અને સારા કાર્યકરોની ડીપાઝીટો જપ્ત થય છે.' મનુભાએ સાચી વાત બતાવી.

'આપણે આપણી વાત કરો ને. આપણે ધારતા હતા તેમ હવે ત્યાંથી કશી માહિતી આપણને મળે તેમ લાગતું નથી.' એકે કહ્યું.

'કેસરીસિંગ અને ભેરવસિંહ બેય જણા સાલા છે જ નસીબદાર. આપણે જ્યાંથી શરૂ કરીએ છીએ ત્યાં જ પાછા આવી ને ઊભા રહી જઈએ છીએ. મને લાગે છે કે વખત જતાં આપણે તેમને ભૂલી જઈશું અને એ બેય મારા બેટા ત્યાં બેસીને લ્હેર કરતા હશે.' વક્તાએ મનનો ઉભરો કાઢ્યો.

'હવે તો દરબાર સહેબ પર બધો મદાર છે. એ વિલાયત જાય અને ભેરવને પરચો બતાવે તો કંઈક થાય. આપણામાંથી તો કોઈનું ત્યાં જવાનુંય ગજું નહીં ને વખત છે ને જાય તોય કાળો અક્ષર કુહાડે માર્યો હોય એટલે ત્યાં જઈનેય શું કરી શકે! દરબાર સાહેબ તમે જ કંઈક કરો. જ્યાં સુધી એવાયે હાજાહમા હશે ત્યાં સુધી અમારામાંથી કોઈનેય ગળે સુખનો કોળિયો ઊતરશે નહીં.' બીજાએ તેમાં પોતાનો સૂર પુરાવ્યો.

'તમારી બધાની વાતો સાંભળું છું ને મનેય થઈ જાય છે કે કંઈક કરવું જોઈએ. એ તમારી સાથે મારાય વાંકમાં તો આવ્યો જ છે. મને હવે જ્યારે નવરાશ મળશે ત્યારે ત્યાં જઈને તેની સાથેનો હિસાબ ચૂકતે કરી આવીશ. ગયે વખતે મારા માણસની સ્હેજ ભૂલ થઈ ગઈ એટલે તે જેલમાં પેસી ગયો ને મારા હાથમાંથી બચી ગયો પણ આ વખતે હું એમાં કશું કાચું નહીં રહેવા દઉં.' મનુભાએ બધાને ધરપત આપી. જો આ બધા તેમને વારંવાર એની યાદ ન દેવડાવતા હોત તો મનુભા કદાચ તેને ભૂલી પણ ગયા હોત. કારણ કે દસ હજાર કાંઈ એટલી મોટી રકમ ન હતી કે તેને વસૂલ કરવા માટે પરદેશ જવું પડે. અને આવી નાની છેતરપીંડીને મોટું રૂપ આપીને તેનું વેર લેવાનો વિચાર પણ તેમને ન આવ્યો હોત કદાચ.

'જો તમે એને વિલાયતમાંથી ડરાવીને આ બાજુ ભગાડી મૂકો તો તો જોવા જેવી કરીએ એની. અમારી ત્યાં સુધીની પહોંચ નથી પણ જો એ અહીં આવી જાય તો દરબાર સાહેબ તમે પણ જુઓ કે અમે એની કેવી દશા કરીએ છીએ. એને જો છઠ્ઠીનું ધાવણ યાદ ના કરાવી દઈએ તો અમે મરદ નહીં.' મખનાએ દરબારને પોરસ ચઢાવ્યું ને ભેગી પોતાની વડાઈ પણ કરી લીધી. બેત્રણ પ્યાલી વધારે પીવાઈ ગઈ હતી પછી મરદાનગીમાં મણા રહે ખરી!

'ગમે તેમ પણ દરબાર સાહેબ એક વખત એને પરચો બતાવો કે રજવાડાંના ઘા કેવા આકરા પડે છે. પાણી તો બાપુ મનેય ઘણું ચઢે છે પણ પૈસેટકે ને ભણતરમાં બેય વાતે પાછા પડીએ છીએ એટલે શું થાય!' એક જણે દરબારને બાપુ કહી રાજવટની આડકતરી યાદ દેવરાવી દીધી. પછી તો શરાબનો એકદોર વધુ ચાલ્યો ને તેની ચૂસ્કીઓ ભરતાં બીજાય કેટલાય પ્લાન ઘડાયા અને ભંગાયા. હા, એક વાત ખરી કે ભેરવની પાછળ મનુભા જવાના એ વાત પાકી થઈ ગઈ એ નકકી.

બીજા દિવસનું પેપર આવ્યું ને કાનપુરની નવાજૂની જાણવા બધા મનુભાને ત્યાં એકઠા થઈ ગયા. આમ તો કાનપુરમાં એટમબોંબ ફૂટે તોય એમાંના કોઈનું રૂવાંડુંય ફરકે તેમ ન હતું પણ આ તો મખનાના ધડાકાએ સર્જેલી ભૂતાવળ હતી એટલે એમાં રોજેરોજ શી નવાજૂની થઈ તે જાણવાની બધાને ઈંતેજારી થતી હતી અને મનુભા એના પડદા પાછળના રહસ્યનું રોજ વિશ્લેષણ કરી બતાવતા હતા એટલે બધાને નવું જાણવાની જિજ્ઞાશા થતી હતી.

કાનપુરના એ બનાવને મુદ્દો બનાવીને કોંગ્રેસે રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદી દીધું હતું ને નવી ચૂંટણીની ઘોષણા થયા પહેલાં જ ચૂંટણીનો પ્રચાર શરૂ કરી દીધો હતો. મનુભા બધાને રાજરમતના આ દાવપેચ સમજાવતા હતા અને બધા જાણે ભાગવત કે મહાભારતની કથા સાંભળતા હોય એમ શાંતિથી તે સાંભળતા હતા. વચમાં કોઈ બોલી પણ ઊઠતું : 'મારા બેટા આટલા દાવપેચ લડાવતા હશે એની મને તો ખબર જ નહીં. મને તો એમ કે લોકોને જે ઠીક લાગતા હોય એને ચૂંટીને રાજ કરવા બેહાડી દેતા હશે.'

'આ બધું હાંભળીને મને થાય છે કે હવે પછી બહારવટું કરવું હોય તો આવા નેતાઓને જ ખોળીખોળીને ભડાકે દેવા જોઈએ.' બીજો કોઈ બોલી ઊઠતો.

'તું દઈદઈને કેટલાકને ભડાકે દેવાનો અહીં તો બધાય એવા ભેગા થયા છે.' મનુભા કહેતા ને બધાની આંખો પહોળી થઈ જતી.

'જો એ બધા ઉજળાં લૂગડાં પહેરીને અવાં કાળાં કામો કરતા હોય તો પછી આપણો આ ભડાકાવાળો ધંધોય એમના કરતાં તો હારો કહેવાય. આપણે કરીએ એ લૂટફાટ કહેવાય અને એ લોકો કરે એ ચોરી તો ખરી જ ને. એમની જેમ છેતરીને ઘા કરવા કરતાં આપણા ઊઘાડા ઘાનો ધંધો હજાર દરજ્જે વધારે લયકાતવાળો.' મનુભાને એમની આ ફિલસુફીમાં પેલા ભ્રષ્ટ રાજકર્તાઓની કરણીનો જ પડઘો સંભળાતો હતો.

રાષ્ટ્રનું આખું તંત્ર જ સડી ગયું હતું ત્યાં આ વખાના માર્યા લૂટફાટને માર્ગે વળેલા અભણ માણસોને શો દોષ દેવો! કોઈ બુધ્ધિની રમત રમી જનતાને બેવકૂફ બનાવતા હતા તો આ માણસો બુધ્ધિને સ્થાને બળનો ઉપયોગ કરીને પેટિયું રળવાની મથામણ કરતા હતા. કોને દોષ દેવો!

ને મખનાની થોડી ઉતાવળને કારણે શરૂ થયેલા રમખાણે કરીને રજ્યમાં ફરી ચૂટણી આવી ને ભોળી જનતાને માથે ચૂંટણીનો ખોટા ખર્ચનો બોજો મરાયો. ને શેતાનનું પાસું તેજીમાં હશે તો પેલો તકસાધુ પક્ષ ચૂંટણીમાં જીતી પણ જશે. જેવાં જનતાનાં નસીબ. અહીં ભેરવસિંહ ને કેસરીસિંગની પ્રજાનીય એવી જ દશા હતી ને!

પણ બધાને મનુભા પર શ્રધ્ધા હતી. કોઈ કશું કરી શકે એમ હોય તો એ મનુભા જ હતા. ભગવાન એમનું વિલાયત જવાનું થોડું વહેલું કરાવે તો સારું. એના સાથીઓને રઝળાવીને નાસી જનારને કોઈકે તો દંડ દેવો જ જોઈએ.

અનુક્રમ ⇒

## ૧૭ :- મનુભાની રાજરમત

રોજના પેલા લોકોના એકધાર્યા રટણથી થાકીને મનુભાએ છેવટે ભેરવસિંહની વાતનો ફેંસલો લાવી દેવાનું નકકી કરી દીધું. તેમણે વિચાર્યું કે ભેરવસિંહે જે પગલું ભર્યું તે એની લાચારી હતી. વળી તેમને વધુ વિચાર કરતાં લાગ્યું કે તેના આ પગલા પાછળ તેના સાથીઓ કરતાંય વધુ બીક તેને પોતાની એટલે કે મનુભા દરબારની હતી. જો આમ વાત હોય તો તેમાં પોતાની પણ નૈતિક જવાબદારી ઊભી થતી હતી. જો આ વાતનો ફેંસલો ભડાકાવાળી કરીને ન કરવો હોય તો બીજી શી રીતે થઈ શકે તેનો પણ વિચાર કરવો જોઈએ. બહુ વિચારને અંતે તેમને તેનો ઉકેલ જણાયો ને તેમણે લંડન જવાનો ઝડપી નિર્ણય કર્યો.

જ્યારે બધા રાતે ભેગા થયા ત્યારે તેમણે બધાને પોતે ભેરવસિંહની પાછળ જવાનો નિર્ણય કર્યો છે એમ જણાવ્યું. બધા આનંદમાં આવી ગયા. એક જણ કહે : 'તમારે માથે પાપ ના લેવું હોય તો મેં કહ્યું એમ એને આ બાજુ તગેડજો અમે એને ભરીપીશું. પણ આ વખતે તો એનો ફેંસલો કરી જ નાખજો.'

'વાતનો ફેંસલો ચોકકસ કરી નાખવો છે એ વાતમાં મીનમેખ નહીં પણ એનો ફેંસલો હું મારી રીતે કરીશ, તમે કહો છો એ રીતે નહીં. આપણે મમ્મમથી કામ છે ટપટપથી નહીં. જો આપણું કામ સીધી રીતે થતું હોય તો ભડાકાવાળી કરવાની શી જરૂર ? એટલે હું મારી રીતે વાતનો નિવેડો લાવીશ ને તમારે બધાએ મંજૂર રાખવાનો છે, બોલો બધાને એ મંજૂર છે ?'

'અરે, તમે કહો ને મંજૂર ના હોય એ બનતું હશે પણ એની ઉપર દાઝ ચઢે એટલે બોલાઈ જાય. પણ તમને અમારા કરતાં વધારે સુજ પડે. તમે જે કરો એ મંજૂર, પછી છે કંઈ !'

'તમે જે કરો એ અમે બધાએ મંજૂર રાખ્યું. હવે તમે એ તો કહો કે તમારા મનમાં શો પ્લાન વિચાર્યો છે!' બીજાએ ટહુકો કર્યો.

'એની તો અત્યારે મનેય ખબર નથી પણ એકવાર એને મળું પછી મને લાગે છે કે બધું ઠીક થઈ જશે. ઘીના ઠામમાં ઘી પડી રહેશે. તમે બધા ધરપત રાખજો એટલે બસ.' મનુભાએ કહ્યું ને બધાએ હકારમાં માથાં ધુણાવ્યાં.

જેમજેમ તે વધુ વિચારતા ગયા તેમતેમ તેમને તેમના પ્લાનની સફળતાની ખાતરી થતી ગઈ. તેમને થયું કે આજ સુધી પોતાને આવો વિચાર કેમ ન આવ્યો! તેમને પોતાનાં પણ લંડનનાં કામ હતાં પણ આ વખતનું મુખ્ય કામ ભેરવસિંહના કેસનો નિકાલ કરવાનું હતું. જો ભેરવસિંહ તેમના ડરથી બીજે કયાંક ભાગી ન ગયો હોય તો સારું. તેમને બીજો વિચાર એવો પણ આવ્યો કે એકલા ભેરવસિંહને જ શું કરવા, કેસરીસિંગનેય જો શોધી શકાય તો રંગ રહી જાય. કદાચ ભેરવસિંહને તેના સરનામાની ખબર હશે તો તેને મળી લેવાનું બહુ અઘરુ નહીં પડે. પણ એ બધું તો પહેલાં ભેરવસિંહ મળે તે પછીની વાત.

ગયે વખતે પેલાથી જે ભૂલ થઈ ગઈ હતી એવી ભૂલ આ વખતે કરવી ન હતી એટલે અગાઉથી પેલા મિત્રને જાણ કરવાનું કે તેને કશું કામ સાંપવાનું તેમણે ના વિચાર્યું. ને એક દિવસ એ લંડન જવા માટે ઊપડી ગયા.

બીજે દિવસે તેમને તપાસ કરતાં ખબર પડી કે ભેરવસિંહ હજુ ત્યાં જ હતો. તેમને શાંતિ થઈ. હવે કોઈને વચમાં રાખ્યા સિવાય જ પોતે તેને મળવા જવું એવું તેમણે વિચાર્યું. બીજા એક અજાણ્યા માણસ પાસે એની રોજની નિયમિત અવરજવરની માહિતી મેળવી લીધી ને તેને કયે સમયે મળવા જવું એ નકકી કરી લીધું. ગમે તેટલો સમય થાય પણ એની સાથે એકી વખતે જ ફેંસલો કરી જ નાખવો છે એ ગણતરીએ તેમણે શનિવારની સાંજ પસંદ કરી કે બીજે દિવસે રવિવારની રજા હોય એટલે કામ પર જવાની એને ઉતાવળ ન હોઈ શાંતિથી ચર્ચા કરીને વાતનો નિવેડો લાવી શકાય.

તેમને એટલી તો ખબર હતી જ કે કેસરીસિંગ અમેરિકામાં હતો એટલે તેની તપાસ તો હાલ થઈ શકે તેમ ન હતી. હા, જો બને તો તેનું સરનામું ભેરવસિંહ પાસેથી મેળવવા પ્રયત્ન કરવાનો હતો. તેમને વધુ તપાસ કરતાં એવી ખબર મળી હતી કે કેસરીસિંગ વિશે ચોકકસ માહિતી જોઈતી હોય તો તેના ખાસ સ્નેહી એવા મેઘજીભાઈ પાસેથી મળી શકશે, એટલે આ કામ પત્યા પછી તેમને પણ મળી લેવાનું વિચાર્યું હતું.

તે રાતે મનુભાએ ભેરવસિંહના ઘરનો બેલ માર્યો ત્યારે બારણું ખોલતાંની સાથે જ ભેરવસિંહ ગભરાટનો માર્યો જાણે બારણામાં જ જડાઈ ગયો. તેણે મનુભાને પોતાને બારણે ઊભેલા જોવાની આશા સ્વપ્નેય રાખી ન હતી. શું બોલવું તેની જ જાણે તેને સમજણ ન પડતી હોય તેમ તેણે બોલ્યા સિવાય જ તેમને અંદર દોર્યા ને તે પણ તેમની સાથે અંદર જઈને સોફામાં ગોઠવાયો.

'કેમ ચાલે છે તારે, ભેરવ ? કશું ગોઠવાયું કે પછી હજુ એવો ને એવો જ રખડ્યા કરે છે !' તેમણે તેને હસીને પૂછ્યું. તેમનું હસવું અને તેમના પૂછવાની રીત જ એવાં હતાં કે ભેરવસિંહનો અર્ધો ગભરાટ ઓછો થઈ ગયો.

'વતનથી દૂર પડ્યો છું, ધીમેધીમે ગોઠવાતું જાય છે બધું. તમારા જેવા માણસ સાથે સંબંધ ન સાચવી શકાયો તેનું દુખ છે મનમાં પણ શું કરાય જ્યાં કરમની જ કઠણાઈ હોય ત્યાં.' તેણે સાચવીને જવાબ વાળવા પ્રયત્ન કર્યો.

'મને એમાં તારો ઝાઝો વાંક જણાતો નથી એટલે જ તને પજવ્યો નથી. પણ મને તારા સાથીઓની સ્થિતિ પર દયા આવે છે. એમને બાપડાઓને તો બે ટંક ખાવાના પણ સાંશા પડી ગયા હતા. ભગવાનની દયાથી હવે મારા ભૈ રોટલા ભેગા થાય છે.'

'તમને તો ખબર છે કે મને પેલો કેસરીસિંગ છેતરી ગયો હતો. તેણે ખોટો નકશો મારા હાથમાં આવે તેમ કર્યું ને હું તેની જાળમાં ફસાઈ ગયો. બધાને જેટલી રકમનો વાયદો કર્યો હતો એટલી રકમ તો શું પણ મારેય બે ટંક ખાવાના સાંશા પડી ગયા હતા. આ તો મુંબઈના મારા દોસ્તોએ ભાડાનો વેંત કરી આપ્યો એટલે ત્યાંથી બચીને નાઠો. નહીં તો બધા ભેગા મળીને મારી શી દશા કરત તે તો તમનેય ખબર છે.' ભેરવસિંહે પોતાની વીતક કહેવા માંડી.

પણ એની એ વીતકની તો મનુભાને બધી ખબર હતી. તેમણે કહ્યું : 'એનો વાંધો નહીં જે થવાનું હતું એ થઈ ગયું, મારા મનમાં તો તારો જરાય વાંક વસ્યો નથી. તેં જે કર્યું છે એ જાન બચાવવા માટે કર્યું છે. તારા સાથીઓનાં મનમાં થોડી કડવાશ છે ખરી પણ તેનોય ઉપાય થઈ શકે એમ છે એટલે જ હું તારી પાસે આવ્યો છું. જેમ તું જાન બચાવવા નાસી છૂટ્યો તેમ એ લોકો પણ જાન બચાવવા માટે જ તારી ઉપર ગુસ્સે થયા હતા એમ જ માન.'

'એ કેવી રીતે, જાન બચાવવા માટે મારા પર ગુસ્સે થયા હતા- મને એ ન સમજાયું.' ગૂંચવાતાં ભેરવસિંહે પૂછ્યું.

'તારે જેમ તેમનાથી જાન બચાવવાનો હતો તેમ તેમને ભૂખમરાથી જાન બચાવવાનો હતો. એ બધા એમ માનતા હતા કે એમની એ પરિસ્થિતિ માટે તું જ જવાબદાર હતો એટલે એ બધા તારી પર ગુસ્સે થયા હતા. હવે મેં એમને સાચી પરિસ્થિતિની સમજણ પાડી છે ને બધા સમજી ગયા છે.' મનુભાએ તેને થોડી હૈયાધારણ બંધાવી.

'તમે શું પીશો ? મારાથી ગભરાટમાં તમને એ પૂછવાનું પણ ભૂલાઈ ગયું.'

'જે તારી પાસે હોય એ. વ્હીસ્કી તારી પાસે કઈ હશે!'

'જોનીવોકર છે, બ્લેક લેબલ નથી પણ રેડ તો છે, ચાલશે!' અચકાતાં ભેરવસિંહે કહ્યું. તેને ખબર હતી કે મનુભાના દરબારમાં કાયમ સારી જાતનો જ શરાબ પીરસાતો હતો. તેણે પણ ઘણી વખત તેનો લાભ લીધો હતો ને.

'ચાલશે, તને ખબર જ છે કે મારે કેવી રીતે જોઈશે.'

'હા, ઓન ધી રોક અને બીગ ડબલ. હું હજુ ભૂલ્યો નથી. રાતે ઊંઘમાંય મને તમારાં જ સ્વપ્નાં આવે છે.' હસતાં ભેરવસિંહે દ્વિઅર્થી મજાક કરી લીધી.

'તો માનજે કે હવે તને શાંતિથી ઊંઘ આવશે. અને એટલા માટે તો હું તારી પાસે આવ્યો છું. મારે તને વેરનાં સમણાંમાં ફફડતો નથી રાખવો. તારા સાથીઓ પણ વેરની વાત ભૂલી જાય અને તને પણ શાંતિ થઈ જાય એવું મારે કરવું છે.' મનુભાએ કહ્યું, પણ હજુ ભેરવસિંહની સમજમાં કશું આવતું ન હતું.

'મને સમજાયું નહીં.' વ્હીસ્કીના ગ્લાસ ટેબલ પર મૂકતાં તેણે કહ્યું.

'પહેલાં મને ગળું વીંછળી લેવા દે પછી તને બધું સમજાશે. સ્હેજ વાર શાંતિ રાખ. હું છેક દેશમાંથી એ માટે તો આવ્યો છું'

મનુભા શો પ્લાન લઈને આવ્યા છે એનો કશો અણસાર ભેરવસિંહને આવતો ન હતો એટલે તેની ચિંતામાં વધારો થતો જતો હતો. જો કે મનભાનું હસતું મોઢું જોઈને તેની એ ચિંતા માત્ર કુતૂહલ બનીને રહી જતી હતી.

બેય જણાએ ગ્લાસ ઊપાડ્યા ટકરાવ્યા અને માટે ઘૂંટડે ખાલી પણ કર્યા. પાછા ભરાયા અને મનુભાએ ધીરે અવાજે વાતનો દોર આગળ ચલાવ્યો : 'જો હું કહું છું એ તારે સ્વીકારી જ લેવું એમ હું તને નથી કહેતો પણ મારી દૃષ્ટિએ જે ઠીક લાગે છે તે કહું છું.'

'તમે કહો તો ખરા, મારાથી થાય તેવું હશે તો હું ના થોડો જ પાડવાનો છું ! અને તમારું માન ન રાખું એ બને જ કેમ ?' ભેરવસિંહે ઈંતેજારી બતાવતાં કહ્યું.

'જો મારું માને તો અને તારી પાસે જો સગવડ હોય તો એ બધાને તેં કહેલી રકમ આપી દેવી એ એક સારો માર્ગ છે. મને ખબર છે કે અહીં ઈંગ્લેન્ડમાં એટલી રકમ કમાવી બહુ અઘરી વાત નથી. અને તને ખજાનો ન મળ્યો એ નસીબની વાત છે, પણ તે લોકોએ તો તેમનું કામ કર્યું જ હતું.'

'એમાં નસીબનો કશો વાંક નથી, એ હરામી કેસરી લંગડાની જ બધી ચાલ હતી અને હું એમાં ફસાઈ ગયો. બધો વાંક એનો જ છે. એ મને જો કોઈ દિવસ મળશે તો એને હું જીવતો નહીં છોડું.' ભેરવસિંહ ઊકળી ઊઠ્યો.

'તારા સાથીદારો પણ તારે વિશે એમ જ કહેતા હતા પણ મેં તેમને સમજાવ્યા ને તે બધા સમજી ગયા છે. તુંય જો સમજીશ તો સુખી થઈશ.'

ભેરવસિંહને તેમની વાત ગળે ઉતારતાં થોડી મુશ્કેલી પડી પણ છેવટે તે સમજ્યો હોય તેમ લાગ્યું. 'તમે મારા સાથીદારોને રકમ આપવાની કહો છો તેટલા તો મારી પાસે નથી પણ જો બે કટકે ચાલે તો હું એટલી વ્યવસ્થા કરી શકું.' ભેરવસિંહે પોતાની સાચી સ્થિતિ જણાવી. તેની વાત સાચી હતી એમ મનુભાને પણ લાગ્યું. એક તો તે ઉછીના પૈસાની ટિકીટ લઈને આવ્યો હતો એટલે બે મહિનાનો પગાર તો તેનો એ દેવું ચૂકવવામાં ગયો હશે. પછી ઘરનું ભાડું ને ખાવાપીવાના ખર્ચા કાઢતાં તેની પાસે એટલા ન જ બચે એ દેખીતું હતું.

'ના એમાં કટકા કરવાથી પેલા લોકોમાં પાછો ચડભડાટ થશે. એના કરતાં તું તારાથી બનતા કર પછી ખૂટતા ઉમેરીને હું એમને તારે નામે આપી દઈશ. તું મને પછી આપજે, વાંધો નહીં. બોલ બરાબર છે!' મનુભાએ કહ્યું ને ભેરવસિંહ ગમ ખાઈ ગયો.

'તમારે શા માટે આપવા પડે? ઉલટાના મારે તમને આપવાના છે. એને બદલે એમ કરો કે તમને તમારા થતા પૈસા હું અત્યારે આપી દઉં. પછી આવતે વર્ષે તેમના બધાને આપી દઉં તો કેમ.'

'મારે મારા પૈસાની ઊતાવળ નથી. ને પેલા લોકો લગભગ ભૂખે મરે છે એમ કહીએ તો તેમાં કશું ખોટું નથી. એક વખત એમનાં મ્હોં બંધ કરી દઈએ તો પછી તારું દેશમાં આવવાનું પણ સહેલું થઈ જાય.' મનુભાએ તેને સાચી વાત

સમજાવી અને તે એને ગળે તરત જ ઊતરી ગઈ. ત્યાં મંગુ ઘરમાં આવી. મનુભાને જોઈ થોડી અચકાઈ પણ પછી આગળ આવી નમસ્કાર કરીને બેઠી.

ભૈરવસિંહે તેની ઓળખાણ કરાવી અને ઉમેર્યું : 'અમે બે પરણવાનો વિચાર કરીએ છીએ. બનશે તો આ ઉનાળામાં પરણી જઈશું.' કહેતાં તે શરમાઈ ગયો.

'જ્યારે સારું થવાનું હોય ત્યારે બધી બાજુથી સારું થતું આવે છે. હવે તો તું ઘરબારવાળો થઈ જઈશ, પછી દેશમાંય આવી શકીશ અને ઠરીઠામ થઈશ એટલે બધી રીતે સુખી પણ થઈશ. ને ઉનાળા સુધી રાહ ના જોવી હોય અને એક મહિનામાં જ જો પરણી જતો હો તો હું પણ તારાં લગ્ન મહાલીને જાઉં. પૈસાની ભીડ પડવાની હોય તો પેલા હમણાં રહેવા દે. બધા હું જ આપી દઈશ. તું પરણી જા ને સુખી થા.'

'ભા, તમારી બાપુશાહીનો બહુ લાભ લીધો છે, હવે જાતે જ માર્ગ કાઢવા દો. બે મહિના મોડાં પરણીશું પણ તમે જણાવ્યા એ અર્ધા તો તમે દેશમાં જાવ તે પહેલાં તમને આપી જ દઈશ.'

'શેના પૈસા? મને કહો તો ખરા.' મંગુ પૈસાની વાત આવતાં સતર્ક થઈ ગઈ.

'મેં તને બધી વાત કરી હતી તેમાં મારા સાથીદારોને મારે જે પૈસા આપવાના બાકી હતા તેનો ઉકેલ બાપુએ કર્યો છે. આપણી પાસે હાલ પૂરતા પૈસા નથી તો બાપુ કહે છે કે આપણાથી થાય એટલા આપણે આપીએ ને ખૂટતા પૈસા તે ભરી દે તો આપણે સંતાતાં ન રહેવું પડે ને એ લોકોને ઘેર પણ ચૂલા સળગતા રહે.'

'બધા મળીને કેટલા આપવાના થાય છે ?' મંગુને દેશમાં જવાનં બારું ખૂલતું જાણી વધારે રસ પડ્યો.

'સાથીદારોને બધા મળીને પંચોતેર હજાર રૂપિયા આપવાના છે અને બાપુને દસ હજાર જુદા.' ભૈરવસિંહે તેને હિસાબ બતાવ્યો.

'એટલા તો આપણે આપી શકીએ. મારી પાસે જ એટલા તો છે.'

'ન, તારા પૈસા નહીં. હું મારા પૈસાથી જ દેવું ચૂકવવા માગું છું.'

'કેમ, અને તારે એમ ગણવું હોય તોય વાંધો નથી. અત્યારે હું તને ઉછીના આપું છું તારી પાસે સગવડ થાય ત્યારે મને પાછા આપી દેજે, બસ! પણ આપણે લગ્ન કરીએ તે પહેલાં આ દેવું ચૂકતે કરી શકતાં હોઈએ તો એમાં બાપુને માથે શું કરવા ભાર નાખવો જોઈએ!'

'એમાં મારા દસ હજાર ના ગણશો. જો તમે એક મહિનામાં લગ્ન કરી લેતાં હો તો મારા તરફથી એ લગ્નની ભેટના ગણી લેજો.' મનુભા બોલી ઊઠ્યા.

ને પેલાં બેય એકી સાથે બોલી પડ્યાં : 'એટલા બધા ન હોય.'

'તમે આશીર્વાદ આપવા રહેતા હો તો એક મહિનામાં જ લગ્ન કરી લઈશું. પણ આખા દસ હજારની ભેટ ન હોય. આજ સુધી તમારે ટેકે જ ઊભા રહી શકયા છીએ ને. ને આજે તમે અમને દેવામાંથી બહાર કાઢવા માટે અર્ધી રકમ આપવા તૈયાર થઈ ગયા હતા ને. હવે અમે બે છીએ, કદાચ ખાડો પડશે તોય પુરાઈ જશે.' ભેરવસિંહે કહ્યું.

ભેરવસિંહ અને મંગુને આનંદ એ વાતનો હતો કે દેવું ચુકવાઈ જતું હતું ને દેશમાં જવાનું બહારું ખૂલ્લું થતું હતું. પરણ્યા પછી દેશમાં જવાની બેયની ઈચ્છા હતી પણ પેલા લોકોની બીકે તે જઈ શકે તેમ ન હતાં. તેમને મનથી પણ કોઈ તેમની પ્રત્યે દ્વેષ રાખતું હોય એ ગમતું ન હતું. આજે મનુભાએ જે વાત મૂકી એ એટલે બેયને ગળે ઊતરી ગઈ હતી. અને ભેરવસિંહે મંગુથી કશી વાત છુપાવી ન હતી ને તેને પોતાની સાચી પરિસ્થિતિની જાણ કરી દીધી હતી એ મનુભાને ગમ્યું હતું. અને એટલે તો એમણે એના લગ્નમાં હાજર રહેવાનું અને પેલા દસ હજાર માંડી વાળવાનું કહી દીધું હતું ને!

મનુભાનો એક સિધ્ધાંત હતો 'સૌ સારું જેનું છેવટ સારું.' ને આજે ભેરવસિંહ ચોરીચકારીના ધંધામાંથી નીકળી સારે માર્ગે વળતો હતો તેનો આનંદ તેમના મ્હોં પર વર્તાઈ રહ્યો હતો.

પછીના બનાવો ઘણી ઝડપથી બનવા માંડ્યા. ભેરાસિંહ અને મંગુએ મનુભાને પાઉન્ડમાં દેવાની ચૂકવણી કરી દીધી ને મનુભાએ તરત જ તાર કરીને પોતાના મુનીમને સૂચના આપી દીધી કે ભેરવસિંહના બધા સાથીદારોને નકકી કર્યા પ્રમાણે પાંચપાંચ હજાર રૂપિયા રોકડા આપી દેવા. ભેરવસિંહ અને મંગુને મનમાં ધરપત થઈ ગઈ કે લગ્ન કરતા પહેલાં તેમનું દેવું અને વેર બેયની ચૂકવણી થઈ ગઈ હતી.

લગ્નની વ્યવસ્થા ને તેની ઉજવણી અંગેની બધી દોડાદોડી મનુભાએ માથે લઈ લીધી હોય એમ તે કામમાં વળગી પડ્યા હતા. ભેરવસિંહ એમને ઘણુંય વારતો કે પોતાના બે સાથીદારો બાજુમાં જ છે ને તેમને ફેરાફાંટાનું કામ સાંપેલું છે, એટલે મનુભાએ દોડવાની જરૂર નથી પણ તે માને તો પછી મનુભા જ શાના. દેશમાં એમને ત્યાં આવો અવસર હોય તો એમના એક કામ માટે અગિયાર માણસો દોડી આવતા હતા એવા મનુભા અહીં ભેરવસિંહના કામ માટે પોતે દોડાદોડી કરી રહ્યા હતા એ જોઈ ભેરવસિંહને કદીક ક્ષોભ થતો હતો તો કદીક પોરસ પણ ચઢતું હતું કે આવા માણસનો કદી હોકો ભર્યો હોય તેય પ્રમાણ. નાના માણસનેય પોરસ ચઢે એવો તેમનો વર્તાવ હતો.

લગ્નને દિવસે તો એમનો ઠાઠ જ ઓર હતો. સંપૂર્ણ રજવાડી પોશાકમાં સજ્જ, જાણે એરઈંડિયાના પેલા મહારાજા. ને બધાને આવકારવામાં એવા વ્યસ્ત કે કોઈકને એમ જ લાગે કે એમના દીકરાનાં જ લગ્ન હશે. ને એટલે તો લગ્ન પછી વરઘોડિયું પગે લાગ્યું ત્યારે મંગુએ કહ્યું ને : 'તમને દીકરો પરણાવ્યાનો આનંદ થયો ને મને માવતર મળ્યાનો.' ને ભેરવની આંખ પણ એની આ ટકોરે ભીની થઈ ગઈ.

લગ્ન પત્યા પછી પાંચેક દિવસે મનુભાએ ભેરવસિંહને પૂછયું : 'તને કેસરીસિંગ વિશે કશી ખબર છે! તે અમેરિકામાં છે એવું મેં સાંભળ્યું છે.'

'છે તો અમેરિકામાં જ, મારી પાસે તેનું સરનામું પણ છે. મને નથી લાગતું કે તે સાચું હોય. એક ડોસા એના દોસ્ત થયા છે. મને લાગે છે કે તે એને વિશે જાણે છે પણ એનું સાચું સરનામું કોઈને કહેતા નથી.'

'કોણ છે એ? મારે એમને મળવું પડશે.'

'મેઘજીભાઈ કરીને એક જણ છે. મળવું હોય તો આજે સાંજના તમને ત્યાં લઈ જાઉં.'

'મળવું તો છે જ. મારે ઈંડિયા જવાનું નજીક આવી ગયું છે નહીં તો એનો પણ તાગ લેવો હતો. એક વખત આ ડોસાને તો મળી લઈએ પછી જોઈએ કે શું થાય છે. જરૂર પડશે તો ફરીથી લંડન અને ત્યાંથી અમેરિકાનો ફેરો કરવો પડશે તો તે પણ કરીશું.' મનુભાએ કહ્યું.

ભેરવસિંહે પોતાની પાસેનું સાન હોઝે વાળું સરનામું તેમને આપ્યું ને કહ્યું : 'મને આ સાચું લાગતું નથી પણ પેલા ડોસાએ એ આપેલું છે. સાંજે તેમને પૂછીને પાકું કરી લેજો.

ને તે સાંજે એ બેય જણા મેઘજીભાઈને મળવા માટે ગયા. મેઘજીભાઈ ઘેર જ હતા. એમણે ભેરવસિંહને ઓળખ્યો ને સાથે મનુભાને જોઈને તે સ્હેજ વિચારમાં પડી ગયા હોય એમ લાગ્યું : 'આવો.' તેમણે ઠંડો આવકાર આપ્યો.

'આ મારા અને કેપ્ટનના મિત્ર મનુભા દરબાર છે, તેમને કેસરીસિંગનું કામ છે. તમારી પાસે એનું સરનામું છે ?' ભેરવસિંહે વાતની શરૂઆત કરી.

'મારી પાસે જે સરનામું હતું તે તો મેં તમને આપ્યું હતું. તે કયાંક સાન હોઝેમાં છે. આપણને ત્યાંની ભૂગોળની ખબર નહીં એટલે શી ખબર પડે કે સાન હોઝે કયા ખૂણામાં આવ્યું છે.' મેઘજીભાઈએ ભોળાભાવે કહેતા હોય એમ કહ્યું.

'મેં એ સરનામે તપાસ કરી તો ત્યાં તો એ નામનો કોઈ માણસ રહેતો નથી. તમારા પર એનો બીજો કોઈ કાગળ આવ્યો હોય તો તેના પરથી સાચું સરનામું જાણવા મળે.' મનુભાએ દાણો ચાંપી જોયો.

'એને ને મારે કશો વહેવાર રહ્યો નથી. એ અમેરિકા ગયો ત્યારથી મને તેના કશા સમાચાર નથી, આ તો તેનો કેટલોક સામાન અહીં પડી રહ્યો હતો તે લેવા એનો કોઈ દોસ્ત આવેલો તેની પાસેથી તેનું જે સરનામું મને મળેલું તે મેં આપેલું.' મેઘજીભાઈએ જાણે કાને હાથ દઈ દીધા.

મનુભાને લાગ્યું કે આ ડોસો કાં તો કશુય જાણતો નથી અથવા તો બહુ ચાલાક છે. જો તેણે ન જ કહેવું હોય તો તેની પાસેથી વાત કઢાવવાનું આસાન નથી. કદાચ કેસરીસિંગે તેને પણ સાવ અંધારામાં જ રાખ્યો હોય એમ પણ બને. એટલે તેમને મેઘજીભાઈને વધુ પુછપરછ કરી ગુંચવવાનું ઠીક ન લાગ્યું.

‘હું નહોતો કહેતો કે એમની પાસેથી વાત કઢાવવી આસાન નથી. એ જાણે છે ચોકકસ પણ પેલાની સૂચના મુજબ એ કોઈને એનું સાચું સરનામું આપતા નથી.’ બહાર નીકળ્યા પછી ભેરવસિંહે કહ્યું.

‘વાંધો નહીં. એમની મદદ વગર પણ કેસરીને શોધવાના રસ્તા ઘણા છે. એણે જેમ તારી પાછળ ડીટેકટીવ મૂકયો હતો એમ મને એની પાછળ પણ મૂકતાં આવડે છે.’

‘મારી પાછળ ડીટેકટીવ, કયારે ?’ આશ્ચર્ય પામતાં ભેરવસિંહ બોલી ઊઠયો.

‘તુને ખજાનાનો બનાવટી નકશો પકડાવ્યો કે તરત. તેને તો ખબર હતી જ કે તને ત્યાં કશું મળવાનું નથી. એટલે તું પૈસેટકે ખલાસ થયો ને અમારાથી ભાગીને મુંબઈ ભાગી ગયો કે તે જ દિવસે એણે મને ખબર મોકલાવી આપ્યા હતા ને તારું મુંબઈનું રહેઠાણ પણ એણે મને જાણાવી દીધું હતું. તેં પ્લાન બદલ્યો ને તું દિલ્હી ભાગ્યો એની ખબર પણ મને વેળાસર એણે જ મોકલી આપી હતી.’

‘એટલે જ મને શોધતા ફતો ને મખનો મુંબઈ આવી પહોંચ્યા હતા. મને થતું જ હતું કે એવાયે આટલા ઝડપથી મારાં પગલાં દબાવતા કયાંથી આવી પહોંચ્યા! હવે ગેડ બેઠી.’

‘આવવાનો તો હું જ હતો પણ મારે આગત્યનું કામ હતું એટલે એ બે જણા તૈયાર થયા.’ મનુભાએ ચોખવટ કરી.

‘ને હું એ બે જણાને જોઈ ગયો ને નાઠો. જો એ લોકો મને જોઈ જાય તો ત્યાં ઝટકાવારી થઈ જાય ને મારી કે એમની લોથો ઢળી જાય એમ હતું. ને મારે એવું થવા દેવું ન હતું એટલે જ હું નાઠો. જો એમને બદલે તમે આવ્યા હોત તો હું ના નાસત. હું તમારા પગ પકડી લેતને માફી માગીને તમને રિઝવી લેત.’

‘ચાલો જે થયું તે સારું જ થયું. સૌ સારું જેનું છેવટ સારું. પણ મૂળ વાત તમને પૂછવાની હતી તે તો રહી જ ગઈ. તમે હવે દેશમાં કયારે આવો છો?’ મનુભાએ પૂછ્યું.

‘જ્યારે તમારા તરફથી સબ સલામતનો સંદેશો મળે કે તરત. અમને તો કેદા’ડાનાં દેશનાં સ્વપ્નાં આવે છે.’ ભેરવસિંહે કહ્યું ને મંગુ મલકાઈ રહી. એણે તો છેલ્લા બે મહિનાથી દેશમાં જવાના પ્લાન ગોઠવવા માંડ્યા હતા.

‘એવી કશી બીક તમારે હવે રાખવાની જરૂર નથી. અને છતાં તમને એમ લાગતું હોય તો મારી સાથે જ ચાલો ને!

અનુક્રમ ⇒

૧૮ઃ-બાબરી ઉતારી

ભેરવસિંહને એક વાતે સંતોષ થયો કે તેના સાથીઓ તરફથી હવે તેણે ડરવાનું રહ્યું ન હતું. તેને થયું કે કેસરીસિંગને તો પોતે ગમે ત્યારે જોઈ લેશે. તેને છોડશે તો નહીં જ. પોતાને પૈસે એ હરામની ઓલાદનો તાગડધિન્ના કરે ને પોતે અહીં ફેક્ટરીમાં મજૂરી કરે એવું તે કોઈ પણ ભોગે સાંખી નહીં જ લે. મનુભાએ ભલે એને ભૂલી જવાની સલાહ આપી પણ એમને કયાં ખબર હતી કે એણે કેટલો મોટો વિશ્વાસઘાત કર્યો હતો. ઊંઘતાં ને જાગતાં તેને કેસરીસિંગના જ વિચારો આવ્યા કરતા હતા.

આ તરફ કેસરીસિંગને પણ તેના જ વિચારો ન્હોતા આવતા શું! તેની રબરની ફેક્ટરી બરાબર ચાલતી હતી. ફેક્ટરીનું મોટા ભાગનું કામ સ્કૉટ જ સંભારી લેતો હતો એટલે કેસરીસિંગ પોતાનો ઘણો સમય મોટેલના કામમાં અને વિજયને વહાલ કરવામાં કાઢતો હતો. આ બધામાંથી જ્યારે નવરાશ મળે ત્યારે તે ભેરવસિંહનો ઘાટ ઘડવાના વિચારોમાં વ્યતીત કરતો હતો.

વિજય હવે ચાલતો થયો હતો ને કાલીકાલી બોલીમાં બા, દાદા, મમ જેવું બોલતો પણ હતો. હજુ રેવામાએ તેનો હવાલો પોતાને હસ્તક જ રાખ્યો હતો. કોઈ તેને રમાડવા લે તે પણ તેમની મંજૂરી વગર શકય ન હતું. પણ છેલ્લા બે મહિનાથી તેમણે હવે વિજયની બાબરી ઉતારવા માટે દેશમાં જવાની રઢ લીધી હતી. ઊઠતાં બેસતાં બસ એક જ વાત તે સંભાર્યા કરતાં હતાં. 'કામ તો આખો જન્મારો ચાયલા કરવાનું. નાનલાની બાબરી ઉતારવાનું કોઈને યાદ આવતું નીં મલે. કોઈ હાર્યે નીં આવહે તો હું ને મારી જાનકી લાલાને લઈને દેહમાં જઈને બાબરી ઉતારી આવહું, મારે કોઈની હાડીબાર નીં મળે.' એક દિવસે તેમણે નોટિસ આપી દીધી.

'માડી, આટલું વરસ ખમી ખાવ, આ વરસે મોટેલ તોડીને સો રૂમની ફ્રેન્ચાઈઝ બનાવી દેવી છે ને બૅંકનાં કાગળિયાં પણ થઈ ગયાં છે. આવતે વર્ષે તમે કહો એ વખતે આપણે બધાં સાથે જઈશું ને ધામધૂમથી બાબરી ઉતરાવી આવીશું.'

કેસરીસિંગ બેલવું પૂરું કરે તે પહેલાં રેવામા બોલી ઊઠ્યાં ઃ 'ને આવતે વરહે કહેજે, એકને બદલે બેયની બાબરી હાર્યે ઉતરાવીશું.'

હવે આશ્ચર્ય પામવાનો વારો બાકીનાં ત્રણેયનો હતો. બધાંએ એકબીજા સામે જોયું. કોઈને કશું સમજાયું નહીં. 'બેયની એટલે! બીજા કોની?'

'કોની તે મરા બીજા નાનકાની સ્તો વળી.' રેવામાએ બધાંને અચંબામાં નાખી દીધાં.

'માડી હવે એવી કશી આશા રાખશો નહીં. બીજાં ચારપાંચ વરસ સુધી કશું નહીં.' કેસરીસિંગે કહેવા કર્યું પણ રેવામા એનું સાંભળવા કે સમજવા તૈયાર હોય તો ને. એમના મનમાં એક વાત પેસી ગઈ એટલે એને કાઢવાનું કોઈનું ગજું નહીં.

'કેમ કશું નહીં, મારી જાનકીની કૂખ કૈં ખાલી થોડી છે! આવતે વરસે જો એને બીજો નાનકો ના આવે તો કે' તે હારી જાઉં.' રેવામા એવી રીતે બોલ્યાં કે જાણે એમને પેલાં બે પરણેલાં કરતાંય વધુ ખબર હોય.

'તમારે જે હારવું હોય એ હારી જાવ પણ આ વરસે તો જવાય એવું છે  જ નહીં. જે થાય એ આવતે વરસે. મારું ન માનતાં હો તો પૂછો બાપાને.'

'મારે તો તનેય નથી પૂછવું ને તારા બાપાનેય નથી પૂછવું, મેં તો નકકી કરી લીધું છે. હું, જાનકી ને મારો લાલો જઈહું ને ધામધૂમથી બાબરી ઉતારી આવહું.' ને રેવામા બોલે એટલે સામે દલીલો કરવાની બધાને છૂટ પણ જે રેવામાએ ધાર્યું હોય તે જ થાય. એમાં કોઈનું કશું ચાલે જ નહીં.

કેસરીસિંગે બે ઘડી વિચાર કરી જોયો, પછી એ કહે ઃ 'ચાલો મા કહે છે એમ કરીએ પણ મારાથી બહું રોકાવાશે નહીં. હું દસેક દા'ડામાં પાછો આવતો રહીશ.'

'ટારે હમૂળા ના આવવું હોય ટોય ચિંટા નીં મળે. અમે બધું ફોડી લયહું. હાથ રાખીએ પોલા તો કામ કરે ગોલા, ને અમારા કુટ્ટમમાં તો ગોલાની ખોટ ની મળે. મારા લાલા હાટું થઈને ટું ટારું કામ ની બગાડતો.' રેવામાનો ગુસ્સો હજુ ઊતર્યો ન હતો.

'એ આપણને ગમ્યું. તમે છો, જાનકી છે, બાપા છે પછી વાંધો શો આવવાનો હતો. હું મારું કામ કરીશ ને તમે બધાં બાબરી ઉતારાવી આવો એ જ ઠીક પડશે.' કેસરીસિંગે ઠાવકે મોઢે કહ્યું.

'હા, એ ટો અમે હમજી જ લીધું છે, પુટરનાં લખ્ખણ પારણામાંથી ને વહુનાં લખ્ખણ બારણામાંથી. ટારાં લખ્ખણ ડેખાવા માંડ્યાં છે હવે, પણ ડીકરા હાંભરી લે જો આડો અવરો થીયો છું ટો પાછા આવીયા કેડે ઘરમાં ટને ટંટિયો મૂકવા નીં ડઉં.'

'બાપા, તમેય બોલતા નથી ને આ ડોહી મારાં છોડિયાં કાઢી નાખે છે.' કેસરીસિંગે દલાકાકાનું શરણું શોધ્યું.

'હું શું બોલું, મને ટો આ ટમારી માદીકરાની લઢાઈમાં મજા પડતી છે. જો થોડી વધારે ચાલી ટો ડીકરા માની લેજે કે હાંજે ખાધા વગરનો રહી ગીયો. મારું માને ટો આ ડોહીને દા'ડો વાર પૂછીને બધાંની ટિકીટની વ્યવસ્થા કરવા ઊપડી જા.' બાપા પણ ચાલતી ગાડીએ ચઢી બેઠા. કેસરીને હવે બોલવાનું રહ્યું નહીં.

'માડી માનશંકર ભટ્ટને ટિકીટના મૂરતનું પૂછવું હોય તો એમને બોલાવતો આવું.' કેસરી મમરો મૂકવામાંથી તો ન ગયો. એને થયું કે હમણાં રેવામા તાડુકી ઊઠશે પણ એવું કાંઈ ન થયું. એને બદલે રેવામા મલકાઈ રહ્યાં. કેસરીને થયું કે એની જાણ બહાર કશું રંધાઈ રહ્યું હતું. છેલ્લા કેટલાય દિવસોથી એને લાગતું હતું કે જાનકીય રેવામાને ખોળે બેસી ગઈ હતી.

'ટે ટેં કેમ જાણ્યું કે મેં નહીં પૂછ્યું હોય! જો માગસર મહિનાના પહેલા સોમવાર, બુધવાર અને રવિવાર હારા છે. ગમે ટે એક દા'ડાની ટિકીટો લેવાની.'

'જોઉં ટિકીટોવાળા જો પંચાંગ રાખતા હોય તો સારું. માડી માગસર મહિનાના પહેલા સોમવાર, બુધવાર ને રવિવાર, બરાબરને!' કેસરીને રેવામાને ચિઢવવામાં જાણે મજા આવતી હતી.

'તું મારી પાંહેથી હાંભરવાનો થીયો છે. આટો આ નાનકાની શરમે હું ટને ચોપડાવટી નથી એટલે ફાટી ગીયો છ.' રેવામાને પણ એની સામે ચિઢાવામાં જાણે મજા પડતી હતી.

ને કેસરીસિંગનું મોટેલનું કામ અધ્ધર રહ્યું ને દસ દિવસમાં તો બધાં બાબરી ઉતરાવવા માટે દેશમાં ઊપડ્યાં. કેસરીસિંગ તેમને મુંબઈમાં હોટેલ સંગેમરમરમાં લઈ ગયો. મેનેજર તેમને બધાંને એક સાથે જોઈને અર્ધોઅર્ધો થઈ ગયો. તેણે તેમને માટે જરૂરી વ્યવસ્થા કરવા જે દોડાદોડી કરી મૂકી એ જોઈ રેવામા અને દલાકાકા તો આશ્ચર્ય પામી ગયા. 'એલા આ હોટેલમાં ટારો ભાગબાગ છે કે શું! કે પછી આવોયે તને કોઈ રાજા મહારાજા હમજી બેઠો છે!' દલા ડોસાએ કેસરીને પૂછ્યું.

'જાનકીબેનને શોપીંગ કરવાનું હોય તો હમણાં મારી વાઈફ આવે છે, તે એમની સાથે બજારમાં જશે. અને કેપ્ટન સાહેબ, આ વખતે તો મારે ઘેર જમવા આવવું જ પડશે. બધાં એક સાથે ફરી કયારે આવવાનાં. ને મારું માનો તો અહીં હોટેલમાં રહેવાને બદલે મારે ઘેર રહેવા આવો તો મને ને મારી વાઈફને બહુ ગમશે.' તેણે એક સામટું ઘણું બધું કહી દીધું.

'જુઓ, અમે મુંબઈમાં બહુ રહેવાના નથી, બેચાર દિવસમાં શોપીંગ કરીને સૂરત જવું છે. વિજયની બાબરી ઉતરાવવાની છે. તમારે સહકુટુંબ અને મિત્રમંડળ સહીત આવવાનું છે. તમને ખબર છે કે મારા મિત્રોમાં કોણ છે. એ બધાને સંભારીને સાથે લેતા આવજો.' કેસરીએ અગાઉથી જ નોતરાં આપવા માંડ્યાં.

'અરે એ બધા તો તમારી વાટ જોઈને જ બેઠા છે. ગયે વખતે તમે બારાબાર જતા રહ્યા તેનો મારે તેમનો ઠપકો સાંભળવો પડ્યો હતો.' મેનેજરે કહ્યું.

'પણ એમ નહીં ચાલે. બધ્ધાને નોખાંનોખાં કાર્ડ લખીને મેનેજરને મોકલી આપજે. એમ મોઢામોઢનું નોતરું નીં ચાલે. પણ હજુ તો મારે હુરટ જઈને મૂરટ કઢાવવાનું છે, પછી કાર્ડ છપાવીને બધાંને લખવાનાં છે. કેટલાકને ટો હાથોહાથ આલવાં પડશે. પણ એ બદ્દું ટો હું કરા. ટું ટારે મારા કહીયા પરમાણે કરતો જા.' હવે માડી જોરમાં આવી ગયાં હતાં.

'જો મૂરત કઢાવેલું હોત તો અહીંથી જ કાર્ડ છપાવી લેવાત. મારો એક દોસ્ત આ જ ધંધામાં છે, તે આપણને એક જ દિવસમાં છાપીને આપી દેત.' મેનેજરે પોતાની હંમેશની રીતે કહ્યું. કેસરીસિંગથી એ સાંભળીને હસ્યા સિવાય ન રહેવાયું. પણ એને અનુભવ હતો કે મેનેજરની વાત પોકળ નથી હોતી. તેના દોસ્તો વિશ્વાસ મૂકવા યોગ્ય હોય છે.

'પહેલાં એક વાર મૂરટ નકકી ઠાય એટલે એવું હશે ટો ટને જ એ કામ વરગાડીશું. અહીં મંબઈમાં કામ ઠાય પણ હારું.' રેવામાને મેનેજરનો સ્વભાવ ગમી ગયો હોય એમ લાગ્યું.

'માને ગમે તો અહીં બજુમાં જ એક રાજ જ્યોતિષી રહે છે તેને બોલાવી મંગાવું. અર્ધે સંદેશે આવી પહોંચશે ને મૂરત કાઢી આપશે. મોટામોટા ફિલમવાળા પણ એની પાસે જ મૂરત કઢાવે છે. બહુ જાણકાર માણસ છે.' મેનેજર આવો સેવા કરવાનો મોકો ચૂકે તેવો ન હતો, અને તેય કેપ્ટન સહેબની સેવાનો!

રેવામા તો તરત દાન ને મહાપૂણ્યમાં જ માનવાવાળાં હતાં. તે કહે : 'ટો ટેને જ બોલાવ નીં, મારોય કીયો કુળગોર વાટય જોઈને બેઠેલો છે વળી.'

કેપ્ટનને તો ખબર જ હતી કે મેનેજરના કામમાં કશું કહેવા પણું હોય જ નહીં. બે જ કલાકમાં પેલો રાજ જ્યોતિષી આવી પહોંચ્યો.તેણે વિજયના જન્માક્ષર માગ્યા. રેવામા પાસે માનશંકર ભટ્ટે કાઢી આપેલા હાજર જ હતા. બીજું કાંઈ તો ઠીક પણ વિજયના જન્મના સ્થળમાં તેમને ઘણો રસ પડ્યો હોય તેમ લાગ્યું. અમેરિકાની પાર્ટી હતી એટલે તેમણે ગ્રહો અને નક્ષત્રોની ગણતરી કેલ્કયુલેટરની મદદથી કરી. 'મૂરત આજથી પંદરમે દિવસે તેરસ ને મંગળવારનું બહુ શુભ આવે છે. જો મને આજનો દિવસ આપો તો હું બરાબર ગણતરી કરીને બધીયે વિધિનાં સમય અને યોગ વગેરે વિગતવાર કાઢીને કાલે સવારે તમને આપી દઉં.'

રેવામાને આ ગોરની ચોકસાઈ ગમી ગઈ. તેમને થયું કે જો એવોયે આવતો હોય તો બધી વિધિ પણ તેની પાસે જ શા માટે ન કરાવવી! તેમણે મેનેજરને વાત કરી ને મેનેજર પાછો ધન્ય થઈ ગયો.'અરે, એ શું બોલ્યાં મા! એ નવરો ના હોય તોય નવરા થવું પડે, કેપ્ટન સાહેબનું કામ હોય તો એ દોડતો આવે.'

પછી તો જાણે મેનેજર જ વરનો બાપ હોય એમ બધી ગોઠવણમાં વળગી પડ્યો. અરે તેણે તો બધી વિધિ અહીં મુંબઈમાં જ કરવાનું પણ સૂચવ્યું પણ રેવામા અને દલાબાપાનો વિચાર સૂરતમાં જ અવસર કરવાનો હતો. તેમને જો કે ન્યાત સાથે છેલ્લાં કેટલાંય વરસથી ખાસ સંપર્ક રહ્યો ન હતો પણ જતે જન્મારે ભગવાને સામું જોયું હતું અને ઘેર પારણું બંધાયું હતું ને ભગવાનની દયાથી પાસે પૈસો પણ થયો હતો તો નાતને જમાડીને એ તૂટેલો સંબંધ પાછો બાંધવો હતો. કાલે સવારે વિજય આવીને ઊભો રહે તો નાતમાં એને બોલાવનાર તો કોઈક મળી રહે ને.

કેપ્ટન સાહેબ આવ્યાની ખબર મળતાં જ સાંજે પેલો ટ્રાવેલ એજન્ટ, બૅંક મેનેજર, આડતિયો બધા સાહેબને મળવા આવી ગયા. આગલે વખતે તે આવ્યા ત્યારે તેમને ખબર જ નહોતી પડી ને મળવા અવાયું ન્હોતું એ માટે માફી પણ માગી લીધી. 'મેં જ મેનેજરને કહેલું કે બધાને કહેશો નહીં કારણ કે હું સરકારી કામે આવેલો એટલે વાત બહાર પડે એ ચાલે તેવું ન હતું. આ વખતે તો હું ઘરના કામે આવ્યો છું અને બાબાની બાધામાં બધાએ સહકુટુંબ આવવાનું છે. એકલા આવશો તો પાછા કાઢીશ સમજ્યા ને. ને જાનકી પેલાં જે ચાર પેકેટ બનાવેલાં છે તે લાવ ને.'

થોડી વારે જાનકી ચાર પેકેટ લઈને આવી એટલે કેસરીએ બધાને એકએક પેકેટ આપ્યું. દરેક પેકેટ ઉપર જેતે વ્યક્તિનું નામ લખેલું હતું તે જોઈ બધા દંગ થઈ ગયા. 'કેપ્ટન સાહેબ આટલે દૂર રહીનેય અમને યાદ રાખે છે એ અમારે માટે આનંદની વાત છે.' એકે કહ્યું.

'જેમ તમે મને યાદ રાખો છો એમ હું તમને યાદ રાખું છું. મારે દોસ્તો બહુ ઓછા છે. જે થોડા છે એ એટલા સારા છે કે તેમને યાદ રાખવા જ પડે.' કેસરીએ કહ્યું.

'તમે સહેબ અમને દોસ્ત ગણો છો એ તમારી ઉદારતા છે, બાકી તમારી સેવા કરવાનું મળે એય અમારું ભાગ્ય કહેવાય. કોઈ કામ બતાવો તો અમને આનંદ થાય. છે કોઈ કામ?' બીજાએ પૂછ્યું.

'આજે તો કામ નથી પણ બાધામાં આવશો તો બધાને કામ બતાવીશ, બસ.'

'એવું હોય તો બે દિવસ વહેલા આવી જઈએ.' પેલા આડતિયાએ કહ્યું.

'એવું તો ખાસ નથી પણ આગલે દિવસે સવારથી જ આવી જજો બધા. આપણા બૅંકવાળા સાહેબને રજા લેવી પડશે.'

'અરે એ શું બોલ્યા મારા સાહેબ. તમારું કામ હોય તો આજથી જ રજા લઈ લઉં. ને સહેબ પૈસા ઉપાડવાના હોય તો હું કાલે રૂબરૂ આવીને આપી જાઉં.' તેણે વિવેક કર્યો.

'ઉપાડવાના તો નથી પણ પેલા ઉપાડ્યા હતા એય પાછા ભરવાના છે. તમે કાલે સવારમાં અહીં આવો સાથે ચ્હા પીશું ને તમને ચેક પણ આપી દઈશ. મારે જરૂર જોગા તો હું લઈને જ આવ્યો છું.'

'જેવી આપની આજ્ઞા.' બૅંક મેનેજરે કહ્યું ને બધા ઊઠ્યા. એ બધા ગયા એટલે ક્યારનાય ચૂપ બેઠેલા દલાકાકા સરવર્યા, 'એલા આ બદ્ધું શું છે મને ટો એમાં કાંઈ હમજ પડતી નીં મલે.'

'એવું કાંઈ નથી. આ લોકો હું પહેલવહેલો ઈંગ્લેન્ડ જવા અહીં આવે લો ત્યારે દોસ્તો થયેલા. બધા સારા માણસો છે એટલે ઘર જેવા સંબંધ થઈ ગયા છે. આ હોટેલના મેનેજરનો જ દાખલો લો ને, સગા ભાઈ જેવો સંબંધ છે ને. ભગવાનની દયા બીજું શું.'

'જો ભાયલા, એક વાટ ભીંટ પર લખી રાખજે કે આપ ભલા ટો જગ ભલા. ટારામાં કાંઈક હશે ટો બઢા ટને હોધતા આવટા હશે ને.'

પછી તો બધું જાણે સહેલું થઈ ગયું. આમંત્રણ પત્રિકાઓ છપાઈ ગઈ ને મંબઈ બેઠે જ લખાઈ ગઈ. જાનકીનું શોપિંગ પણ ત્યાં સુધી ચાલ્યા કર્યું. દલાબાપા તો આ બધું જોઈને આનંદના માર્યા જાણે હસતાં જ થાકતા ન હતા ને. એમને મનમાં થતું હતું કે કુલદીપની આગળપાછળ આ બધા દોડાદોડ કરે છે તે એનામાં એમને કાંઈ દેખાતું હશે ત્યારે કરતા હશે ને! રેવામાને તો હજાર કામ એમને તો જરાય ફુરસદ જ ન હતી. ને જેટલું એમને માથે આવતું એ સીધું પેલા મેનેજરને માથે જ આવી પડતું હતું. ને કેપ્ટન સાહેબનું કામ એટલે મેનેજરને તો જાણે ભગવાનની આજ્ઞા. તે હસતે મ્હોંએ કામની દોડાદોડ કર્યા કરતો હતો.

કેસરી કે જાનકીમાએ ધાર્યું હતું તેના કરતાં પણ સારી રીતે અવસર આખો ઉજવાઈ ગયો. નાતીલાઓ પણ ખુશ થઈ ગયા. તેમને ભલે દલાભાઈ સાથે સંબંધ તાજો ન હતો રહ્યો પણ પોતાનો નાતીલો અમેરિકાથી ઢગલો કમાઈને આવ્યો હોય ને એને પૈસા ખર્ચવા હોય તો નાતના આગેવાનો શું કામ પાછા પડે! તેમણે પણ પૂરતો રસ લઈ અવસરને દીપાવ્યો.

મુંબઈથી કેસરીસિંગના પેલા મિત્રો આવ્યા હતા તેમને લીધે અવાસરને જાણે ચારચાંદ લાગી ગયા હતા. કેસરીસિંગના સંબંધોથી નાતીલા પણ મ્હોંમાં આંગળાં નાખી ગયા હતા. તેમને કોઈને દલાડોસાએ એમ જાણવા દીધેલું નહીં કે કેસરીસિંગ તેમનો દીકરો નથી પણ તેમના દીકરા જેવો જ છે. ભવિષ્યમાં કયારેક વિજયને પરણાવવાનો અવસર આવે ત્યારે કોઈ કશો વાંધો કાઢે એના કરતાં તેમણે અત્યારથી જ પાણી પહેલાં પાળ બાંધી દીધી હતી.

દલાભાઈ પરણીને સીધા જ આફ્રિકા મજૂરી કરવા ઊપડી ગયેલા ને ત્યાંથી સીધા અમેરિકા એટલે કોઈ નાતીલાને ખબર ન હતી કે દલાભાઈને ત્યાં વસતિ છે કે નહીં હવે આજે જાણે તાંબાને પતરે લખાણ થઈ ગયું કે કેપ્ટન કુલદીપસિંહ દલાભાઈનો એકનો એક દીકરો છે. એટલે આજે વિજય પણ નાતને ચોપડે દલાભાઈના પૌત્ર તરીકે લખાઈ ગયો ને. ને રેવામા ને દલાભાઈ હજુ કેસરીસિંગને કેપ્ટન કુલદીપસિંહ તરીકે જ જાણતાં હતાં તો પછી નાતીલાઓ એને બીજા કયા નામે જાણવાના હતા !

બાબરીનો વિધિ રંગેચંગે પતાવી ને બધાં પાછાં મંબઈ આવી પહોંચ્યાં. રેવામાને હજુ પેલા મેનેજરની સેવા લેવાની બાકી હતી ને જાનકીને હજુ શોપિંગ બાકી હતું. ને આ વખતે તો પેલા ત્રણ મિત્રોને પણ મહેમાનગતિ કરવાની બાકી હતી ને. બૅંક મેનેજર, ટ્રાવેલ એજન્ટ ને પેલો આડતિયો આ વખતે કેપ્ટન સાહેબને છોડે તેમ ન હતા. રેવામા અને દલાભાઈ આ બધાની દોડાદોડીથી ખુશ થતાં મનમાં રાજી થતાં હતાં. તેમને એમ થતું કે આવો મોભાવાળો દીકરો એમને મળ્યો એ ભગવાનની દયા જ ને. આખો જન્મારો વાંઝિયાપણાની ચિંતામાં કાઢયો હતો તેનો બદલો ભગવાને એક સામટો વાળી દીધો હતો.

કેપ્ટને પેલા પાંચ લાખ રૂપિયા પાછા બેંકમાં જમા કરાવી દીધા હતા. તેણે નકકી કર્યું હતું કે તેમાંનો એક પૈસોય પોતે વાપરવાનો ન હતો. તેના હાથે શરૂમાં જે થોડા પૈસા એમાંથી વપરાઈ ગયા હતા તે પણ તેણે પોતાની કમાણીમાંથી તેમાં પછા મૂકી દીધા હતા. ભગવાને તેને સામે ચાલીને પૈસા આપ્યા હતા તો પછી પેલા લોહીના પૈસાની તેને હવે શી જરૂર હતી! તેને હવે એક જ ઈચ્છા મનમાં થયા કરતી હતી. ભેરવસિંહની સાથે બદલો લેવાની. પોતાના સાથીઓને તો તેણે માફ કરી દીધા હતા. એ તો બાપડા હજુય એવા ને એવા ગરીબ જ રહ્યા હશે, તેમની સામે બદલો લેવાનો શો અર્થ!

ભેરવસિંહને માટે તેના દિલમાં કાયમ ડંખ રહ્યા કર્યો હતો. તે પોતાના સાથીઓની સાથે છેતરપીંડી કરતો હતો, વધુ પડતું બોસિંગ કરતો હતો અને પોતાને કાયમ લંગડ કહેતો હતો. તેને તો વખત આવ્યે પોતે જોઈ જ લેવાનો હતો. અને એટલે તો તેણે બધાંને અમેરિકા મોકલીને પોતે દસેક દિવસ વધુ રોકાવાનું ગોઠવ્યું હતું ને.

રેવામા અને દલાબાપાએ તેને પોતાની સાથે લઈ જવા ઘણું દબાણ કર્યું પણ તેણે પોતાનો વિચાર ફેરવ્યો નહીં. થાકીને બધાં તેને દેશમાં રહેવા દઈ અમેરિકા જવા માટે ઊપડ્યાં. જતાંજતાંય રેવામાએ તેને ટકોર તો કરી જ, ' મને બઢ્ઢીય ખબર છે, હું કહેટી ઉટી ટીયારે ટારે દેહમાં આાવવું નોટું ને હવે પાછાં આવવાનું ગમટું નીં મલે. ટારું મન એમ થતું હોય ટો ભલે ડહ ડારા વઢારે રહે પણ પછી મોડું ના કરતો. અમને તારા વના નીં ગમે.' કહેતાં એ ગળગળાં થઈ ગયાં. દલાબાપાએ પણ વગર કહ્યેય સજળ આંખે જાણે ઘણું કહી દીધું.

એરપોર્ટ પર તેમને મૂકવા આવેલા મેનેજર અને બીજાઓને પણ કહેવું પડ્યું ને : 'મા, તમે એમની જરાય ચિંતા ન કરશો, અમે એમને દસ દિવસ પહેલાં જ પાછા મોકલી આપીશું. એમને ધંધાનાં હજાર કામ હોય, આપણને કહે નહીં પણ અમે એમની સાથે જ છીએ. તેમનાં કામ પતાવવા લાગીશું ને જેવાં કામ પતશે એવા તરત જ તેમને તમારી પાસે મોકલી આપીશું.'

એમાંના કોઈને કેપ્ટનના કોઈ કામની કશી ખબર ન હતી પણ રેવામાને સાંતવન આપવા માટે જ તેમણે કહેલું. ને કેપ્ટન તેમને કશું કહેવાના પણ કયાં હતા! એરપોર્ટ પરથી આવ્યા એને બીજે જ દિવસે તે પોતાના કામે ઊપડી ગયા. દોસ્તોને ફકત એટલું જ કહ્યું : 'હું બેચાર દિવસમાં પાછો આવી જઈશ, પછી તરત અમેરિકા જવા નીકળી જવું છે.'

અનુક્રમ ⇒

૧૯ :-ભેગા મળ્યા

કેસરીસિંગ જ્યારે મુંબઈથી નીકળ્યો ત્યારે તેને સ્વપ્નેય આશા ન હતી કે જેનું તે મનમાં રટણ કરતો હતો તે સામે ચાલીને દેશમાં આવી મળશે. ઈંદોરમાં તો તે એટલા માટે જ ગયો હતો કે ભેરવસિંહની ટોળીનો કોઈ માણસ જો ત્યાં ભટકાઈ જાય તો તેની પાસેથી દેશના નવાજૂની જાણવા મળી જાય. તેને ગળા સુધી ખાતરી હતી કે પોતાને કોઈ ઓળખી શકવાનું ન હતું. કયાં લઘરવઘર પેલો લંગડ કેસરીસિંગ અને કયાં આજનો અપટુડેટ કેપ્ટન કુલદીપસિંહ!

એક હોટેલમાં તેણે મનોહર જાદવને નામે રૂમ લીધી. તેને એ વાતની તો ખબર હતી જ કે તેનું કેપ્ટન કુલદીપસિંહનું આવરણ કયારનુંય ભેદાઈ ગયું હતું, એટલે તેણે ભળતા જ નામે રૂમ લીધી હતી ને! હાથ મ્હોં ધોઈ ફ્રેશ થઈ તે બજારમાં આંટો મારવા નીકળ્યો. તેને એમ હતું કે કોઈને કોઈ તેને ભટકાઈ જવો જોઈએ. પણ તેના આશ્ચર્ય વચ્ચે તેને ભેરવસિંહ જ ભટકાઈ ગયો. તેણે ભેરવસિંહને ઓળખ્યો પણ ભેરવસિંહ કાં તો બીજા વિચારમાં હોય કે પછી તેને કેસરીસિંગ અહીં હોવાની આશંકાય ન હોય ગમે તેમ તોય તેનું ધ્યાન કેસરીસિંગ તરફ ગયું હોય એમ લાગ્યું નહીં.

ભેરવસિંહ એકલો ન હતો. તેની સાથે મંગુ પણ આવી હતી એ કેસરીસિંગને ખબર હોત તો એ વધુ સાવચેત બની ગયો હોત. અટલું સારું હતું કે જ્યારે તેણે ભેરવસિંહને જોયો ત્યારે મંગુ તેની સાથે ન હતી, એટલે કેસરીસિંગના ઓળખાઈ જવાનો ભય ન હતો. ભેરવસિંહ પરણ્યો હતો એની ખબર હજુ કેસરીસિંગ સુધી પહોંચી પણ ન હતી. હા, એ બે જણાં પ્રેમમાં હતાં એની તો એને મેઘજીભાઈ મારફત ખબર પડી ગઈ હતી.

કેસરીસિંગે તેના પર દૂર રહીને નજર રાખવા માંડી તો તેને ખબર પડી કે તે પણ પોતાની હોટેલમાં જ ઊતર્યો હતો. તે રાતે હોટેલના મેનેજરને દસની નોટ બતાવી તેણે ભેરવસિંહ અંગે બધી માહિતી મેળવી લીધી. તે એકલો ન હતો અને તેની પત્ની પણ તેની સાથે હતી એ જાણી તે સચેત થઈ ગયો. તેણે પડદાની ઓથે રહીને બારીમાંથી ભેરવસિંહની પત્નીને જોઈ લીધી. તેને થયું કે તે સહેજમાં જ બચી ગયો હતો. જો મંગુએ તેને જોઈ લીધો હોત તો તે ઓળખાઈ જ ગયો હોત. તેને લાગ્યું કે તેણે વહેલી તકે છટકી જવું જોઈએ. પણ જતા પહેલાં થોડી કરામત કરી લેવાની લાલચ તે ન રોકી શકયો.

રૂમમાં બેસીને તેણે એક તરકીબ વિચારી લીધી અને તે કાગળ લઈને બેસી ગયો. તેણે ભેરવસિંહને એક કાગળ લખવા માંડ્યોઃ

મહેરબાન ભેરવસિંહબાપુ,

તમારી પાછળ પોલીસ છે, તમે ઓળખાઈ ગયા છો અને તમારી પર નવાબ મહોબત ખાનના ખજાનાની લૂંટનો આરોપ છે. તમારા ખાસ માણસે જ પોલીસને બધી બાતમી આપેલી છે. બીજા શહેરમાં ભાગી જવામાં જ તમારી સલામતી છે. તમને સાવધાન કરવાની બક્ષિસરૂપે રૂપિયા પાંચસો તમારી રૂમમાં ઓશીકા નીચે મૂકી દેશો તો તમને વારંવાર આવી રીતે સાવધાન કરતો રહીશ.

લિ.આપનો સેવક

પછી તે મેનેજર પાસે ગયો અને બીજી દસની નોટ ધરી. 'જો આ કવર પંદર નંબરવાળા ભેરવસિંહ બાપુને પહોંચાડી દેશો. કોણે તે આપ્યું તે વિશે તેમને કશું કહેવાનું નથી. આટલું કરશો તો તે જ્યારે હોટેલમાંથી ચેક આઉટ થશે ત્યારે તેમની રૂમમાં ઓશીકા નીચે તમારે માટે સારી એવી બક્ષિસ મૂકતા જશે એવી મેં તેમને ભલામણ કરેલી છે.' મેનેજરે એ નોટ અને પેલું કવર તરાપ મારીને ઝડપી લીધાં. કેસરીસિંગને ખાતરી થઈ ગઈ કે તે પોતાના કહ્યા પ્રમાણે કરશે જ.

એક વખત તો તેને થયું કે ભેરવસિંહ કેવી ઝડપથી ભાગે છે એ તમાસો જોવા પોતે થોડો વધુ વખત હોટેલમાં રોકાય પણ તેને કામ વગરનું જોખમ લેવાની જરૂર ન જણાઈ. તેને વહેલી તકે મુંબઈ પહોંચવું હતું અને ભેરવસિંહનો પીછો પકડવાનું અને તેની દરેક હીલચાલનો અહેવાલ મેળવવાનું કામ પેલા ડીટેક્ટીવને સોંપવાનું હતું. તેણે ડીટેક્ટીવને પાછો રોકવો પડશે એમ તેને લાગ્યું. તેને એમ હતું કે ભેરવસિંહ હવે દેશમાં આવવાની હિંમત કરશે નહીં એટલે એણે ડીટેક્ટીવને છૂટો કરી દીધો હતો.

ભેરવસિંહ એક આફતમાંથી ભાગીને દેશમાં આવ્યો હતો ત્યાં આ બીજી આફત સામી આવી ઊભી એટલે તે એક વખત તો ગભરાઈ ગયો. પછી તે પેલા ભેદીયા માટે માગ્યા પ્રમાણે રૂપિયા પાંચસો ઓશિકા નીચે મૂકીને મુંબઈ તરફ ભાગ્યો. તેને હજુ એ નહોતું સમજાતું કે તેના આવ્યાને હજુ પૂરા બે દિવસેય થયા નથી ત્યાં પોલીસને તેની ખબર કેવી રીતે પડી ગઈ! જો લંડન કે અમેરિકાની પોલીસ હોત તો તેને એમાં આશ્ચર્ય ન લાગત પણ દેશની પોલીસ ક્યારની આટલી બધી કાબેલ થઈ ગઈ તેનું આશ્ચર્ય તેને થાય એ સ્વાભાવિક હતું. લંડનની અને અમેરિકાની પોલીસનો તો તેને પોતાને અનુભવ થયેલો હતો.

ભેરવસિંહનું દેશમાં આવવાનું એક બીજુંય કારણ હતું, તેની પાછળ પેલા ડ્રગવાળા પડી ગયા હતા એટલે અને પોતાના સાથીઓથી હવે તેણે ડરવાનું રહ્યું ન હતું એટલે જ તેણે દેશમાં આવવાનું વિચાર્યું હતું. તેના મનમાં એમ કે બધા સાથીઓ તથા મનુભાને મળતા અવાશે, થોડું ફરાશે પણ ખરું ને ત્યાં સુધીમાં લંડનનો મામલો ઠંડો પડી જશે. પણ તેની ગણતરી કરતાં ઊંધું જ થતું લાગ્યું ત્યારે તેને પોતાના નસીબનો જ તેમાં વાંક દેખાયો.

મુંબઈ આવીને તેણે સૌ પહેલાં પોતાના અંધારી આલમના સાથીદારોનો સંપર્ક સાધ્યો : 'કોઈક મારું નામ પેલા નવાબી ખજાનાની લૂટ સાથે સાંકળવા મહેનત કરી રહ્યું છે. મારા કોઈ સાથીદારનો તો એમાં હાથ હોવાની શક્યતા નથી. તો પછી બીજો કયો એવો હરામી પાક્યો છે કે મારું નામ પોલીસ સુધી પહોંચાડી રહ્યો છે.'

તેના દોસ્તોએ તપાસ કરી પોલીસને તો નવાબના ખજાના વિશે જ જ્યાં ખબર ન હતી તો પછી તેની સાથે ભેરવસિંહનું નામ સાંકળવાની તો વાત જ ક્યાંથી હોય. ચોક્કસ કોઈકે ટાઢા પહોરની ગપ જ મારી લાગે છે. અમારું માનો તો તમારી ઈંદોરવાળી હોટેલના મેનેજરને જ થોડો હચમચાવી જોવો જોઈએ. તેને કોણે એ કાગળ તમને આપવા માટે આપ્યો હતો એની એક વખત ખબર પડી જાય એટલે આ અફવાનું મૂળ પણ પકડાઈ જશે. એનેય કોઈકે રોક્યો હશે તો એનું નામ પણ એની પાસેથી મળી જશે. એ લોકોએ સહેલો રસ્તો બતાવ્યો. પણ પાછા ઈંદોર જવાની હામ હવે ભેરવસિંહનામાં ન હતી.

તેણે પોતાને બદલે બીજા કોઈને મોકલવાનું વિચાર્યું. તપાસ કરીને પોતાને મનુભાને ત્યાં ખબર આપવાનું કહીને તે સીધો મનુભાને બંગલે ભરાઈ ગયો. મંગુને બિચારીને આ દોડાદોડમાં કશી સમજણ પડતી ન હતી. તે તો આ દોડાદોડીથી ગભરાઈ ગઈ હતી. તેને થતું હતું કે કશુંક બૂરું થઈ ગયું હતું ને ભેરવસિંહ તેનાથી છુપાવતો હતો. તે પૂછતી તો તે એટલું જ કહેતોઃ કશું ચિંતા કરવા જેવું નથી. ને તેના આવા ટૂંકા જવાબથી મંગુ વધારે ચિંતામાં પડી જતી હતી. લંડનમાં તેનામાં જે હિંમત અને આત્મવિશ્વાસ જણાતાં હતાં તે અહીં દેશમાં આવતાં જ જાણે અલોપ થઈ ગયાં હતાં.

મનુભાએ વાત જાણી અને પોતાનાં માધ્યમો મારફતે તપાસ કરાવી તોય પેલા જેવો જ જવાબ મળ્યો. તેમણે ભેરવસિંહને ચિંતા ન કરવાની સલાહ આપી ને વધુ ઊંડી તપાસ કરવા માટે માણસોને સૂચના આપી. મનુભા કે પેલા અંધારી આલમના તેના દોસ્તોની લાખ હૈયાધારણ છતાં તેના મનને કરાર ન થયો. તેના મનનો ફફડાટ વધતો જ રહ્યો.

'તું ખોટો ગભરાય છે, ભેરવ. એ નવાબ કયારનોય પાકિસ્તાન ભેગો થઈ ગયો હશે. અને કદાચ એમ ન હોય તોય ચોરની મા કોઠીમાં મ્હોં ઘાલીને રડે, એ કયે મોંએ ફરિયાદ કરવા જાય કે મારો ખજાનો કોઈ લૂંટી ગયું છે ! અને તેય પાંચ વરસ પછી ? કોઈકે તને ગભરાવવા ટાઢા પહોરની હાંકી લાગે છે.' મનુભાએ તેને સમજાવ્યો.

'મનેય હવે એમ લાગે છે. મેં મારા એક માણસને ઈંદોર તપાસ કરવા મોકલ્યો છે. એ આવે તો ખબર પડે કે કોણે આ કાવતરું કર્યું છે.'

'જેણે તને ગભરાવવા માટે આ તરકટ કર્યું હશે એણે પોતાનું નામ કયાંયે ન આવે એની પણ પૂરતી કાળજી લીધી જ હશે. છતાં જોઈએ કે ત્યાંથી શા ખબર આવે છે.'

'જે હોટેલમાં હું ઊતર્યો હતો એ હોટેલના મેનેજરે મને એ કાગળ આપ્યો હતો એટલે તે પણ જો એની સાથે સંકળાયેલો હશે તો આ કાવતરાના ઘડનારને શોધવામાં બહુ તકલીફ નહીં પડે.' ભેરવસિંહને પણ બધાની વાતે હવે હિંમત આવવા માંડી હતી.

'જો એનું પગેરું મળશે તો પછી એને ભરી પીવાશે. ત્યાં સુધી તું મારે ત્યાં આરામથી રહે. અહીં તો તને કોઈ વાતે બીક નથી ને. આપણે તારા બધા સાથીદારોને પણ બોલાવી લઈશું ને પાર્ટી ગોઠવીશું.' મનુભાએ તેને રંગતમાં આવતો જોઈ વધારે ચાનક ચઢાવી.

'બધાને પૈસા મળી ગયા એ વાતે સંતોષ થયો હતો કે પછી કશો ચણભણાટ કરતા હતા ? તેમને મારા ભાગી જવાથી તકલીફ તો પડી હશે.'

'હું લંડન આવ્યો તે પહેલાં જ તેમની પાસે પાકું કરીને આવ્યો હતો કે હું જે કરું તે બધાએ મંજૂર રાખવું હોય તો જ હું વચમાં પડું. એટલે કોઈથી કશું બોલાય તેમ પણ ન હતું, ને તેં એમને પૂરા પૈસા આપી દીધા એટલે તો આમેય તેમને બોલવાપણું રહ્યું જ ન હતું. એ આવે ત્યારે તું જ જોઈ લેજે ને.'

ભેરવસિંહને એક વાતે સંતોષ થયો કે બધા સાથીદારોની નારાજગીમાથી પોતે મનુભાને કારણે બચી ગયો હતો. પોતે પરણીને પહેલી વખત દેશમાં આવ્યો હતો એમાં સાથીદારોને મળવાનો તેને આનંદ થાય એ સ્વાભાવિક હતું. પેલા કોઈ હરામીએ પોતાને ગભરાવીને બધી મજા મારી નાખી હતી પણ ભગવાને મનુભા જેવા દોસ્ત આપ્યા હતા એટલે તેની

બીક તેના મનમાંથી હમણાં તો નીકળી ગઈ હતી. બે દિવસમાં મનુભાએ પાર્ટી ગોઠવી દીધી અને ભેરવસિંહના બધા સાથીદારોને બોલાવી લીધા.

એક તો બધાને નકકી કર્યા મુજબની રકમ તેણે મનુભા સાથે મોકલી આપી હતી અને આજે તે પરણીને પહેલી વખત તે દેશમાં આવતો હતો એટલે બધા સાથીદારો ભેરવસિંહે ધાર્યા કરતાં પણ વધુ ઉમળકાથી તેને મળ્યા અને ખુશ થયા હતા. પાર્ટીમાં રાંગ રહી ગયો. આમેય મનુભા કહેતા હતા એમ એમની પાર્ટીમાં માણસ પગ પર ઊભો રહી શકે એટલું પીવાની બધાને છૂટ હતી એટલે કોઈ પીવામાં કચાશ રાખે તેમ ન હતા. વળી બધા જાણે મનુભાની છાવણીમાં આવી ગયા હોય એમ તેમનાથી અંજાયેલા પણ હતા.

બેચાર દિવસમાં પેલો મુંબઈવાળો દોસ્ત પણ ઈંદોરથી સમાચાર લઈને આવી ગયો. તેની પાસેથી જાણવા મળ્યું તે ભેરવસિંહ વગર કોઈને સમજાય તેવું ન હતું. હોટેલના મેનેજરને જેણે બંધ કવર ભેરવસિહને આપવા માટે આપ્યું હતું એ માણસનું જે વર્ણન તેણે આપ્યું તે ઉપરથી એકલા ભેરવસિંહને જ ખબર પડી કે તે કોણ હશે. તે બોલી ઊઠ્યો ઃ 'કેસરી લંગડનાં જ કારસ્તાન. એવોયે દેશમાં છે એની ખબર હોત તો હું પહેલેથી જ એને માટે વ્યવસ્થા કરીને જ આવ્યો હોત. એને એની જ મશ્કરી ભારે પડી જાય એવું મેં કર્યું હોત.'

'બોસ હજુય કશું મોડું નથી થયું. તમે કહેતા હો તો એને શોધી કાઢીએ ને મજાય ચખાડીએ. અમારેય એને પાઠ તો ભણાવવો જ છે. એને પગલે આપણી ટોળી વેરવિખેર થઈ ગઈ. અરે કેટલીક વખત તો ખાવાના પણ સાંસા પડે એવો ઘાટ થયો હતો, પણ દરબાર સાહેબની દયાથી મારા ભૈ રોટલા ભેગા થતા હતા. તમે કહેતા હો તો પડી જઈએ એની પાછળ. એ કાંઈ પાતાળમાં તો નહીં જ પેસી ગયો હોય ને.' એક જણે મનનો ઉભરો કાઢ્યો ને તેની સાથે બધા જોડાઈ ગયા.

ભેરવસિંહને પણ એક વખત તો થયું કે બધા જો એક સાથે વળગી પડે તો એને પાતાળમાંથીય શોધી કાઢે અને તેને પાઠ ભણાવવાને બદલે પતાવી દે તોય નવાઈ નહીં. પણ બીજીબાજુ મનુભા અને મંગુની શિખામણ એને વારતાં રહેતાં હતાં. એને તેના મનમાં કદાચ એવો વિચાર આવી જાય તોય અહીં મનુભાને ત્યાં તો એનાથી એ રજૂ થાય પણ નહીં. કોઈ બીજો આવસર આવશે તો હજુ તેણે તલવાર મ્યાન કરી ન હતી. પોતાને કરોડપતિમાંથી રોડપતિ બનાવી દેનાર કેસરી લંગડને કોઈ પણ ભોગે માફ કરવા તે તૈયાર ન હતો. પણ આજે મનુભા અને મંગુની હાજરીમાં તેનાથી કશું બોલાય તેમ ન હતું.

'આજે એવું કશું કરવું નથી. પણ એ ફરીથી આવું અટકચાળું કરશે તો એને જ ભારે પડે એવું કશુંક કરવું પડશે. અને જરૂર પડે ત્યારે તમને બધાને યાદ કરીશ.' તેણે મોઘમ જ કહ્યું. છતાં મનુભા અને મંગુ બેય પોતપોતાની રીતે ચમકી ગયાં. એમને ભેરવસિંહ રાખમાં દબાયેલા અંગાર જેવો લાગ્યો. મનુભાએ તેને બધાની હાજરીમાં ટોકયો નહીં પણ વખત આવ્યે તેને વેરની ભાવના ભૂલી જવા માટે ફરીથી યાદ દેવરાવવી પડશે એમ તેમણે મનમાં જ નકકી કર્યું. મંગુએ પણ તેને જૂની વાતો ભૂલી જવાનું યાદ દેવરાવવાનું નકકી કર્યું.

છતાં ભેરવસિંહના મનનો ચરખો તો આખી રાત કાંતતો જ રહ્યો. કેસરી તેની પાછળ તો નહીં જ આવ્યો હોય. તે દેશમાં આવ્યો હશે ને પોતાને જોઈ ગયો હશે અને તક ઝડપી લઈને પોતાને ગભરાવવાનો ત્રાગડો રચ્યો હશે. આવા કેટલાય વિચારો તેને આખી રાત આવતા રહ્યા. તેને થયું કે જો કેસરીસિંગ દેશમાં આવ્યો હોય તો તેના સાગરીત પેલા હોટેલ સંગેમરમરના મેનેજરને મળવા ગયા સિવાય તે રહ્યો નહીં જ હોય. ત્યાં તપાસ કરવાનો તેણે વિચાર કર્યો. ને બીજે દિવસે તે મંગુની સાથે મુંબઈ જવા નીકળ્યો.

મુંબઈ જઈ તેણે પેલા હોટેલ મેનેજરનો સંપર્ક સાધ્યો. આ વખતે કેપ્ટન સહેબે તેને જે સૂચના આપી હતી તે મુજબ તેણે ભેરવસિંહને બધી વાત જણાવી : 'આ વખતે કેપ્ટન સાહેબ આખા પરિવાર સાથે આવ્યા હતા અને તેમના દીકરાની બાબરી ઉતરાવી હજુ બે દિવસ પહેલાં જ અમેરિકા પાછા ચાલ્યા ગયા. તમે ફક્ત બે દિવસ જ મોડા પડ્યા. તેમને અગત્યનું કામ આવી પડ્યું એટલે વહેલા ઊપડી ગયા, નહીં તો તેમનો હજુ વધુ રહેવાનો કાર્યક્રમ હતો.'

'એમને તમે મારે વિષે જણાવ્યું ન હતું ? મારે તેમને મળવાની ઘણી ઈચ્છા હતી.'

'આ વખતે તો કેપ્ટન સાહેબે જાતે જ તમને યાદ કર્યા હતા. તેમના દીકરાની બાબરી વખતે બધાને આમંત્રણ લખતી વખતે તેમણે તમારું નામ બેચાર વખત લીધું હતું. તે કહેતા હતા કે તમે અત્યારે ઈંગ્લેન્ડમાં ન હોત તો તમને જરૂર બોલાવ્યા હોત. તમે દેશમાં છો એવી તો એમને ખબર જ ન હતી. તમે મને પણ મળેલા નહીં એટલે મને પણ કશી ખબર નહીં એટલે તમને કાર્ડ મોકલી શકાયું નહીં.' મેનેજરે પઢાવેલું બોલવા માંડ્યું.

'હું એક અઠવાડિયા પહેલાં જ આવ્યો. મને પહેલેથી એવી ખબર હોત તો હું પંદરેક દિવસ વહેલો આવત. તમારી પાસે એમનું સરનામું હોય તો મને આપો એટલે એમને કાગળ તો લખી નાખું.' ભેરવસિંહે ચાલતે ઘોડે સવારી કરી લીધી.

ને મેનેજરે પણ તેને પેલું સાન હોઝેવાળું સરનામું બેધડક લખાવી દીધું. હવે ભેરવસિંહને પણ લાગવા માંડ્યું કે એ સરનામું તો સાચું જ હતું પણ પોતે પહેલી વખત તે શોધી શકેલો નહીં તેમાં પોતાની જ કશી ભૂલ હશે. અથવા તો બધું ઉતાવળમાં આટોપી લેવું પડેલું એટલેય એવું થયું હોય. ત્યાં પાછો પેલા લંડનના એરપોર્ટ પરના કાગળને યાદ કરતાં તેને લાગ્યું કે એ લંગડ પોતાની મશ્કરી કરવા આ બધું નહીં ગોઠવતો હોય એની શી ખાતરી! તેની સમજમાં કેસરીસિંગની વાત આવતી ન હતી ને જે વાત તેની સમજમાં ન આવે તે તેના ગુસ્સાને વધારવાનું જ કામ કરતી હતી.

'આ સરનામું તો મારી પાસેય છે, પણ મને એવી ખબર પડેલી કે એ સરનામું બદલાઈ ગયું છે. શું તેમણે તમને આ વખતે બીજું સરનામું આપ્યું નથી !' તેણે દાણો ચાંપી જોયો. પણ મેનેજર તેને હવે સારી રીતે ઓળખી ગયો હતો એટલે તેની ચાલમાં તે આવે તેમ ન હતો. તેણે કાને હાથ દઈ દીધા.

'મારી પાસે તો આ સરનામું ઘણા સમયથી છે અને તે સાચું જ છે. કારણ કે મારા બધા કાગળો એમને મળે છે અને તેના જવાબ પણ પંદરવીસ દિવસમાં તો આવી જાય છે. જો કે મારે એટલા કાગળો લખવાના હોતા નથી. છેલ્લે એ આવવાના હતા ત્યારે મેં તેમને છોકરાં માટે એક કેલ્ક્યુલેટર લાવવાનું લખ્યું હતું તે સહેબ લેતા આવેલા. સરનામું સાચું હોય તો જ આવું બને ને.'

'તો મારી જ ભૂલ થઈ હશે સરનામું કરવામાં. ચાલો હું ઊઠું.' કહેતાં ભેરવસિંહ ગયો.

સાંજે મેનેજરે કેપ્ટનને બધી વાત કરી ને કેપ્ટન મૂછમાં જ હસી રહ્યો. તેની ધારણા મુજબ જ ભેરવસિંહ ગભરાયો હતો. તે મનુભાને ત્યાં ગયો ત્યારથી જ તેની પાછળ પેલો ડીટેકટીવ લાગી ગયો હતો એટલે તેની હીલચાલની રજેરજ માહિતી તેને મળતી રહેતી હતી. પોતે મનુભાને હજુ મળ્યો ન હતો. ફક્ત ડીટેકટીવના રીપોર્ટથી જ તે મનુભા વિશે જાણતો હતો. ભેરવસિંહે ખજાનો ખોદી કાઢવા માટે તેમની મદદ લીધી ત્યારથી જ તેમને વિશે તેને માહિતી મળવા માંડી હતી. હવે આ સફરમાં ભેરવસિંહ તેમને ત્યાં રહેવા ગયો ત્યારથી તેમને વિશેની માહિતી તેની પાસે આવવા માંડી હતી.

તેને લાગ્યું કે યોગ્ય સમય જોઈ એ મહાનુભાવને મળવા જેવું ખરું. ને છેવટનું એનું પેલું પ્રિય સ્લોગન તો ખરું જ, પડશે તેવા દેવાશે. પણ નસીબ જાણે તેની તરફેણ કરતું હતું. બીજે દિવસે તેને પેલા ડીટેકટીવ પાસેથી જે રીપોર્ટ મળ્યો તે તેને આનંદમાં નવરાવી ગયો. ઈંગ્લેન્ડથી અખ્તર કુરૈશી ભૈરવસિંહનું પગલું દબાવતો આવી પહોંચ્યો હતો. કેસરીસિંગ તેને વિશે એટલું જ જાણતો હતો કે પોતે ભૈરવસિંહને ફસાવવા માટે તેના ઘરમાં ડ્રગનું પેકેટ મુકાવી દીધું હતું ત્યારથી આ લોકોને એમ લાગ્યું હતું કે તેમનું આખું શીપમેન્ટ ભૈરવસિંહે જ હડપ કર્યું છે. હવે તેની પાસેથી એ આખું શીપમેન્ટ પાછું ઓકાવવા માટે આ અખ્તર લંડનથી આવી પહોંચ્યો હતો. ભૈરવસિંહને તેના આ શીપમેન્ટ વિશે કશી જ ખબર ન હતી એટલે એ કશું કહી શકવાનો ન હતો. હવે બરાબરની જામવાની હતી. પેલા લોકો તેની વાત માનવાના ન હતા. બાપડો કામ વગરનો કુટાઈ મરવાનો હતો.

કેસરીસિંગને એક બાજુ આનંદ થતો હતો તો બીજી બાજુ ભૈરવસિંહની દયા પણ આવતી હતી. પોતાને વેર લેવું હતું તે ચોકકસ વાત હતી પણ વગર ગુને ભૈરવસિંહ કુટાઈ જાય એય તેને ગમતું ન હતું. તેને આ બનાવમાં તો ભૈરવસિંહને મદદ કરવાનો વિચારેય આવી ગયો. જો આ વાતનો જલદી ફેંસલો આવી નહીં જાય તો પોતાને પાછા જવાનું થશે અને આ વાતમાં પોતે કશું કરી નહીં શકે. તેણે આ બાબતમાં ચાંપતી તપાસ કરી પોતાને રોજેરોજનો અહેવાલ આપવાની ડીટેકટીવને ખાસ સૂચના આપી.

ભૈરવસિંહ એવો સકંજામાં આવ્યો હતો કે તેનું શું પરિણામ આવે છે એ જાણ્યા સિવાય દેશમાંથી ચાલ્યા જવાનું તેને ગમે તેમ ન હતું. તો બીજી તરફ મોડો પહોંચવા માટે રેવામાનો ઠપકો મળવાનો હતો એની પણ તેને ખબર હતી. અને મોટેલ તોડીને નવી બાંધવાની હતી એમાં મોડું થાય એ પણ બરાબર નહીં એમ તેને લાગતું હતું. આ બાજુ ભૈરવસિંહની વાતનો પણ ચાક પર પીંડો હતો ને એનું પરિણામ જાણ્યા સિવાય અહીંથી ખસવાનું તેનું જરાય મન ન હતું. જો ભૈરવસિંહને માથે જાનનું જોખમ ઊભું થાય તો તેને મદદ કરીને તેમાંથી બહાર કાઢવાનું પણ તેને મન હતું.

પાછા ડીટેકટીવ તરફથી સમાચાર આવ્યા કે અખ્તરે ભૈરવસિંહને પકડીને તેને હવાલે કરવા માટે અંધારી આલમના એ ગુંડાઓની મદદ માગી છે કે જેઓ ભૈરવસિંહના ખાસ દોસ્તો છે. હવે તો વાતમાં બરાબરનો રંગ જામતો હતો. આવે વખતે કેસરીસિંગને અમેરિકા પાછા જવાનું મન થાય ખરું !

ભૈરવસિંહ મુંબઈ આવ્યો ત્યારે તેનો મુખ્ય આશય તો કેસરીસિંગ જો દેશમાં હોય તો તેને શોધી પાઠ ભણાવવાનો હતો. તે જ્યારે તેના અંધારી આલમના દોસ્તોને મળ્યો ત્યારે જ એને ખબર પડી કે કોઈક તેને શોધતું હતું અને તેણે એ કામ ભૈરવસિંહના દોસ્તોને જ સોંપ્યું હતું. એક વાતે તેને હાશ થઈ કે તેના દોસ્તોએ તેને ચેતવી દીધો. જો બીજા કોઈને પેલાએ કામ સોંપ્યું હોત તો તેને માટે મુશ્કેલી ઊભી થઈ હોત. તેણે પોતાના દોસ્તોની સાથે બેસી પછીનાં પગલાંનો વિચાર કરવા માંડ્યો.

તેને માટે લંડનથી આવેલો માણસ અખ્તર જ હતો તે જાણી તેને પહેલાં તો થોડો ગભરાટ થયો. પણ અહીં પોતે દોસ્તોની વચ્ચે હતો અને અખ્તર પારકા દેશમાં હતો. પલ્લું પોતાની તરફેણમાં નમતું હતું. અખ્તરને પહોંચી વળવા માટે અહીં તેને માટે વધુ સારો માહોલ હતો. જો પોતે બરાબર પાસા ફેંકી શકે તો અખ્તર અહીંથી જીવતો પાછો જવાની શકયતાઓ ઓછી હતી. પોતાના દોસ્તોમાં તેને ઘણી શ્રધ્ધા હતી.

આમ છતાં તેને મનુભાને પણ એક સંદેશો મોકલી બધી વાતથી વાકેફ કરવાનું ઉચિત લાગ્યું. દોસ્તોને તેણે થોડો વખત પસાર કરવા અને અખ્તરને બને એટલો નીચોવી લેવાની સલાહ આપી અને તે પોતાના છટકવાનો ને અખ્તરને ફસાવવાનો પ્લાન ઘડવા માંડ્યો. આ ઉપરાંત તેને હજુ કેસરીની ચિંતા તો ઊભી જ હતી. પેલા મેનેજરે ભલે કહ્યું કે તે

હરામી પાછો અમેરિકા જતો રહ્યો છે, પણ તેની વાતમાં હવે ભૈરવસિંહને વિશ્વાસ બેસતો ન હતો. તેને ખાતરી થતી જતી હતી કે તે પણ કેસરી લંગડ સાથે મળી ગયેલો હતો.

પોતાને જીવતો કે મરેલો હાજર કરવાનો હુકમ છૂટ્યો નહોતો એટલે તેને લાગ્યું કે હજુ પેલા શીપમેન્ટનો કે તેના ચોરનો પતો લાગ્યો નહીં હોય. ભૈરવસિંહને તેમણે એક વખત હાથમાં આવેલો છોડી મૂકયો હતો અને તેની પાછળ હવે માણસ દોડાવ્યો હતો એટલે તેને હવે વધુ ગભરાટ થવા માંડ્યો હતો. તેમને એમ તો ન્હોતું લાગતું કે તેમણે પોતાને છોડી મૂકયો એ ભૂલ હતી. જો આમ હોય તો તે લોકો પોતાની પાસેથી માહિતી ઓકાવવા માટે છેલ્લી હદ સુધીના જુલમ ગુજારશે એવી પણ તેને બીક લાગવા માંડી હતી.

મનુભા તરફથી કોઈ સંદેશો ન આવ્યો પણ મનુભા પોતે જ આવી પહોંચ્યા. હવે ભૈરવસિંહનામાં જીવ આવ્યો. તેમણે બધાને મળીને પ્લાન ઘડ્યો. ભૈરવસિંહ ગુજરાતમાં મનુભાના એસ્ટેટમાં સંતાયો છે એમ કહી બધા અખ્તરને મનુભાને ત્યાં લઈ આવે પછી મનુભા એને યોગ્ય પાઠ ભણાવી દેશે એવું તેમણે નકકી કર્યું. અખ્તરમીંયાંનો ઘાટ ઘડાઈ ગયો હતો પણ અખ્તરને કે કેસરીસિંગને આની કશી ખબર ન હતી. કેસરીને તો એટલી જ ખબર પડતી જેટલી પેલો ટીટેકટીવ તેને જણાવતો. જો કે ડીટેકટીવ વફાદારીથી પોતાની ફરજ બજાવતો હતો પણ મનુભા અને પેલી ગુંડા ટોળી વચ્ચે જે વાત થઈ તેની તેને ખબર ન હતી.

અખ્તર દેશથી ભલે અજાણ્યો હતો પણ અંધારી આલમના માનસથી અજાણ્યો ન હતો. તેને આવો કોઈ વહેમ હતો જ. તેણે જેમ ભૈરવસિંહના દોસ્તદારોની ટોળીને કામ સોંપ્યું હતું તેમ સામે બીજી એક ટોળીને પણ અલગ રીતે કામ સોંપ્યું હતું. આ ટોળીએ પોતાના કામમાં બીજું કોઈ પણ માથું મારે છે એવી ફરિયાદ પણ અખ્તરને કરી હતી. અખ્તરે તેમને પેલા લોકોના કામમાં અંતરાય નાખ્યા સિવાય પોતાનું કામ કરી આપવાની તાકીદ કરી હતી. પેલા લોકો કાંઈ કરતા હોય તો તેની માહિતી પોતાને આપવા માટે પણ તેમને જણાવ્યું હતું. અખ્તરે તેમને પણ ભૈરવસિંહને પકડીને પોતાને હવાલે કરવાનું જ કામ સોંપ્યું હતું. આમ કરવા પાછળ તેની એક ગણતરી હતી. બેમાંથી એક જો ફૂટી જાય તો બીજો તો પરિણામ લાવી શકે. અને તેની આ ગણતરી અત્યારે કામ આવી હતી.

મનુભા સાથેના પ્લાન મુજબ ભૈરવસિંહના દોસ્તાએ અખ્તરને સંદેશો મોકલ્યો કે ભૈરવસિંહ ગુજરાતમાં છે અને તેને ઝડપવો હોય તો ગુજરાત જવું પડશે. પેલા બીજા માધ્યમ મારફતે પણ ભૈરવસિંહ ગુજરાતમાં હોવાની બાતમી તો જાણે અખ્તરને મળી હતી પણ તેને ઝડપવાની કોઈ વાત તેમની પાસે ન હતી. તેમણે તો જણાવ્યું હતું કે તે ગુજરાતમાંથી પાછો આવે ત્યારે તેને ઝડપી લેવાશે. અખ્તરને લાગ્યું કે ગુજરાત જવાથી જો કામ વહેલું પતતું હોય તો ત્યાં જવામાં કશો વાંધો ન હતો.

કેસરીસિંગને તેના ડીટેકટીવ મારફતે ભૈરવસિંહના ગુજરાત ચાલ્યા જવા અંગે માહિતી મળી હતી પણ અખ્તર તેની પાછળ ગુજરાત જવા ઊપડવાનો હતો એવી કશી તેને ખબર ન હતી. ભૈરવસિંહ જો આવા તકલીફના સમયે ગુજરાત જાય તો તે મનુભાને ત્યાં જ જાય એની તો તેને ગળા સુધી ખાતરી હતી. કદાચ અખ્તર તેની પાછળ ગુજરાત જાય તોય મનુભાને ત્યાં તે કશું કરી શકે તેમ ન હતો. તેણે ડીટેકટીવને મનુભા અંગેની માહિતી મેળવવા માટે પણ તાકીદ કરી હતી. જો ત્યાં કશુંય થશે તો તેની માહિતી પોતાને આ કારણે મળી રહેશે એવી તેની ગણતરી હતી.

એટલે બધું હાઉસન જાઉસન ગુજરાતમાં મનુભાને ત્યાં પહોંચ્યું ત્યારે કેસરીસિંગ મુંબઈમાં બેઠો હતો. અખ્તરના જાસુસોએ તેને જે માહિતી આપી હતી તે મુજબ ભૈરવસિંહ મનુભાને ત્યાં જ હતો. તેને મનુભાની બોડમાંથી બહાર કેમ કાઢવો તેની વિમાસણમાં બધા અટવાયા હતા ત્યારે મનુભાને ત્યાંથી તેમને સામેથી નોતરું મળ્યું. ભૈરવસિંહના દોસ્તોમાંનો એક જાણે મનુભાનો પણ દોસ્ત હોય અને તેને પાર્ટીમાં બોલાવ્યો હોય એમ ગોઠવ્યું હતું. અને મનુભાની પાર્ટી એટલે

જાણે મિત્રમંડળ સહિતનું આમંત્રણ માની લેવાનું. ને કદાચ તેમ ન હોય તોય પેલા અખ્તરને તો ત્યાં જવું જ હતું. તેને તો જાણે સોનેરી મોકો સામે ચાલીને આવ્યો હતો, પછી તે આવો મોકો હાથમાંથી જવા દે ખરો! તેણે ભેરવસિંહને ઝડપી શકાય તો તેમ નહીં તો તેને ઊઘાડો પાડવાની આ તક ઝડપી લીધી.

તે રાતે પાર્ટીમાં જાણે અચાનક ભેરવસિંહની નજર અખ્તર ઉપર પડી હોય તેમ તે બોલી ઊઠ્યો : 'અરે, અખ્તરમીંયાં તમે અહીં કયાંથી? દરબાર સાહેબને ને તમારે સંબંધ છે એમ જાણતો હોત તો તમારી સાથે મારે કશી તકલીફ ઊભી ન થાત.'

'શાની તકલીફ!' મનુભાએ અજાણ્યા થઈને પૂછયું.

'અરે, એમનો ડ્રગનો મોટો બીઝનેસ છે. તે એમનું કોઈ મોટું કન્સાઈન્મેન્ટ કોઈ હજમ કરી ગયું છે. તેમના મનમાં એમ છે કે મેં તેમનું એ કન્સાઈનમેન્ટ હજમ કર્યું છે. તે એ મારી પાછળ પડ્યા છે. તેમણે મને પકડીને ખોખરો પણ કર્યો હતો.' ભેરવસિંહે આપવીતી કહી.

'જુઓ અખ્તરમીંયાં હું તમને એક વાત કહી દઉં. મારા માણસોમાંથી કોઈ ડ્રગનો ધંધો તો શું કરે પણ તેને અડકે પણ નહીં. એટલે ભેરવસિંહ માટે તમે વહેમ ખાતા હો તો એ વાત ભૂલી જજો. તમે મીંયાંભાઈ છો છતાં મારે તમને કહેવું પડે છે કે એ ધંધો તમારો મીંયાંભાઈઓનો. એમાં મારો કોઈ માણસ ના હોય. અને જો હોય તો એ મારે બારણે ન હોય. આજે તમે મારે ત્યાં મારા કોઈ માણસની સાથે આવી ગયા એ માફ પણ ફરીથી મારે બારણે ન ચઢતા. અમારે ત્યાં અમારા બરના માણસોને જ નોતરવામાં આવે છે.' મનુભાએ અખ્તરને તેની જાત ઓળખાવી દીધી.

અખ્તરને ખોટું તો બહુ લાગ્યું પણ શું કરે! તે અજાણી જગ્યાએ હતો અને આ મનુભા કોઈ જૂનો રાજવંશી લાગતો હતો. જો તેમની સામે જીભાજોડી કરવા જાય તો સલામતી જોખમાય એમ લાગતું હતું. તેનું મ્હોં પડી ગયું. છતાં તેણે હિંમત કરી કહ્યું : 'તમારા એ માણસના ઘરમાંથી પોલીસને ડ્રગ હાથ લાગ્યું હતું એટલે અમારો વહેમ પાયા વગરનો તો ન્હોતો જ.'

'મને એની પણ ખબર છે. કોઈકે એને ફસાવવા માટે એ પેકેટ એના ઘરમાં મૂકયું હતું, એમ પોલીસને લાગ્યું હતું એટલે તો તેમણે એને બીજે જ દિવસે છોડી મૂકયો હતો. કદાચ તમે કે તમારો માલ જેણે ચોર્યો હોય એણે પણ એ મૂકયું હોય. પોલીસ તપાસ કરી જ રહી છે.' મનુભાએ ચોખવટ કરતાં તેને પણ એમાં સંડોવવા પ્રયત્ન કર્યો.

'અમારે એવું શા માટે કરવું પડે! અમારે તો અમારો માલ શોધવામાં જ રસ હતો.'

'ને એટલે તમે મારા માણસને પકડ્યો અને તેનાં હાડકાં ભાંગ્યાં, એમ ને! અમારે ત્યાં તો એક જ કાયદો છે. જેવા સાથે તેવા. અમને તમારાં હાડકાં ભાંગવાં પસંદ નથી. અમે તમને બહાર ચોકમાં જીવતા જ દાટી દઈશું! અમે તમને સળગાવી નહીં દઈએ કારણ કે તમે મીંયાંભાઈ છો એટલે અમે તમને તમારા રિવાજ મુજબ દાટી દઈશું, અલબત્ત જીવતા જ. કહો તમારે તમારા બોસને કશું કહેવડાવવું છે? અમે તમારો મરતા પહેલાંનો એ સંદેશો તેમને જરૂર પહોંચાડીશું.' મનુભાએ એવી સહજ રીતે આ કહ્યું કે પેલાને લાગ્યું કે આ દરબાર એને આજે દાટી જ દેશે. એ ઢીલો પડી ગયો.

'મેં એને હાથેય અડકાડ્યો નથી, મારો ગુનો નથી.' તે રડવા જેવો થઈ ગયો.

'જો તારે મરવાની ઈચ્છા ન હોય તો મારે તને મારવો પણ નથી. મારે આજે મારા માણસની સલામતીની બાંહેધરી જોઈએ છે. મારા માણસનો લંડનમાં વાળ પણ વાંકો ન થાય એવું મારે કરવું છે. તું જ કહે એ કેવી રીતે થાય ?'

'હું વચન આપું છું કે અમે હવે એને જરાય હેરાન કરીશું નહીં.'

'અમને પાકિસ્તાને ઘણાં વચનો આપ્યાં છે અને એમાંથી અમે જે શીખ્યા છીએ એ જોતાં અમને તારા વચનમાં જરાય વિશ્વાસ બેસતો નથી. પણ ચિંતા નહીં એના કરતાંય સારી તરકીબ મારી પાસે છે. અહીંથી એક જ ફોન ઈંટરપોલની નારકોટીક સ્કવોડને કરી દઉં તો એ લોકો તમારી એવી વલે કરશે કે તમને કદી મારા માણસને હેરાન કરવાની કુમતિ જ નહીં થાય.' મનુભાએ પેલાને એવો ગભરાવ્યો કે એને પરસેવો છૂટી ગયો.

'મારી ભૂલ થઈ, મને માફ કરો અને બીજો કોઈ રસ્તો બતાવો કે જેનાથી તમને ખાતરી થાય કે હવે અમારા તરફથી તમારા માણસને કશી હેરાનગતિ નહીં થાય. તમે કહો એ કરવા તૈયાર છું.' અખ્તરમીંયાંની હવા નીકળી ગઈ.

'એક ઉપાય છે, અહીં મારા એક વકીલ મિત્ર હાજર છે. તે કહે તે મુજબની કબૂલાત તેમને લખી આપ. જો મારા માણસને તાવ સરખોય આવશે તો માનજે કે એ લખાણ લંડનની સ્કોટલેન્ડ યાર્ડને પહોંચી જશે. એટલે મારા માણસને બીજો કોઈ પણ હેરાન ન કરે તે જોવાની જવાબદારી પણ હવેથી તમારી રહેશે. હું કહું છું તે તમને બરાબર સમજાય છે ને અખ્તરમીંયાં ?' મનુભાએ અખ્તરમીંયાંનો બધો અકડાટ ઘડીમાં ભાંગી નાખ્યો.

'તમે કહો તે મુજબ હું લખી આપું પણ શી ખાતરી કે તમે તેનો દુરુપયોગ નહીં કરો!' પેલાએ પોતાની શંકા રજૂ કરી.

'લે હવે મીંયાંવેડા કરવાના રહેવા દે. અમે તારા પાકિસ્તાની જેવા નથી. અને તું કોની સાથે વાત કરે છે એ પણ જાણી લે. આ સીસાદિયા રાજપૂતનો કોલ છે કે તારું આ લખાણ મારા, તારા અને આ વકીલ સિવાય કોઈ વાંચી શકશે પણ નહીં, જો તમારા તરફથી કશું ખોટું નહીં થાય તો.'

અખ્તરમીંયાંનો કોઈ આરો ન હતો લખાણ કરી આપ્યા સિવાય. વકીલે તેમના ધંધા વિશે તથા ભેરવસિંહને તેમણે હેરાન કર્યો હતો તેને વિશે વિગતવાર લખાણ કરાવી લીધું ને ચૂમાતે મને અખ્તરમયિાંએ સહી કરી આપી. મનુભાએ બે જણાની સાક્ષી તરીકે પણ સહીઓ કરાવી લીધી. તેમણે તેને વધુ એક દિવસ રોકયો, તેની મહેમાનગત કરી અને પેલા લખાણની એક નકલ કરાવીને તેને સાથે આપી.

કેસરીસિંગના પેલા ડીટેકટીવનો માણસ પણ એ પાર્ટીમાં પેસી ગયો હતો એણે બીજે દિવસે વિગતવાર અહેવાલ કેસરીસિંગને આપ્યો ત્યારે તેનાથી હસ્યા સિવાય ન રહેવાયું. પોતાની જરા અમથી વાતનું કેવું મોટું સ્વરૂપ થઈ ગયું હતું એ જોઈ એ દંગ થઈ ગયો.

એક તરફ એને ભેરવસિંહ પર વેર લેવું હતું તો બીજી તરફ તેના આવા થયેલા બચાવથી તે ખુશ પણ થતો હતો. હવે તેના વધુ રોકાવાની કશી જરૂર તેને જણાઈ નહીં એટલે તેણે વહેલામાં વહેલા પ્લેનની ટિકીટ કઢાવી લીધી. રેવામાને વધુ ગુસ્સે કરવાની તેનામાં હિંમત ન હતી. જો કે મંબઈમાં તેના મિત્રોએ તેમની જે સેવા કરી હતી તેની વાત તો તેમણે આખા ન્યૂ યોર્કમાં કરી દીધી હશે તેની તો એને ખાતરી જ હતી.

આ તરફ ભેરવસિંહને પણ હવે લંડનમાં કશી બીક રાખવા જેવું રહ્યું ન હતું એટલે તેને પણ પાછા લંડન પહોંચી જવાની ઉતાવળ ચઢી હતી. તેણે એક ન્યૂઝ પેપર-કેન્ડી સ્ટોર્સ જોઈ રાખ્યો હતો એની લખાપટ્ટી કરી કબજો લેવાનો હતો.

પણ એને કયાં ખબર હતી કે એક બીજી જ તકલીફ તેની વાટ જોઈને જ બેઠી હતી. ને મનુભાને પણ તેની કયાં ખબર હતી?

અનુક્રમ ⇒

## ૨૦. નસીબ બે ડગલાં આગળનું આગળ

ભેરવસિંહને તો પેલા અખ્તરની બલામાંથી છૂટયાનો એટલો બધો આનંદ થયો હતો કે ન પૂછો વાત. મનુભાએ વચમાં રહીને જો તેને બચાવ્યો ન હોત તો તે કેવા મોટા સંકટમાં ફસાઈ ગયો હોત તેની યાદ જ તેને હજુ કમકમાવી રહી હતી. મનુભાએ તેને ન ફકત બચાવ્યો હતો પણ પેલા લોકોથી સદાને માટે છોડાવ્યો હતો ને તેમને એવા સકંજામાં લીધા હતા કે હવે તેમાંનો કોઈ તેને સામે મળવાની પણ હિંમત કરશે નહીં.

મનુભાએ પણ તેને રોકાવા માટે બહુ આગ્રહ કર્યો નહીં. તેને ધંધે વળગતો જોઈ તેમને આનંદ થતો હતો. પોતાને કારણે એક ડાકુ આજે સમાજમાં સ્થાપિત થતો હતો. કાલે તે પણ કોઈકનો હાથ પકડી તેને બેઠો કરશે. સારાં કામના પડઘા પડતા હોય છે. મનુભાને પહેલેથી જ સારાં કામમાં અને તેનાં સારાં પરિણામો પર શ્રધ્ધા બેઠેલી હતી. તેમની સાથે સંબંધ થયા પછી ભેરવસિંહના કેટલાય સાથીદારો ચોરીચકારીમાંથી પાછા વળી ગયા હતા અને નાના નાના આબરૂવાળા ધંધામાં વળગી ગયા હતા.

તેને મનુભાને ત્યાંથી નીકળવાની આડે બે જ દિવસ બાકી હતા ને મુંબઈથી ભેરવસિંહ પર છૂપો સંદેશો આવ્યો કે તેના નામની કોઈ સોપારી આપતું હતું. કોઈએ તે લીધી કે નહીં તેની કશી ખબર હજુ મળી ન હતી પણ વાત સાચી હતી એ વાતમાં શંકા ન હતી. (સોપારી આપવી એટલે તેને પતાવી દેવાનો કોન્ટ્રાકટ આપવો.) અખ્તર હજુ હમણાં જ ખત પર સહી કરીને ગયો છે એટલે એ તો ન હોય. બીજો હોય તો કદાચ કેસરી લંગડ જ હોય. ભેરવસિંહને કેસરીસિંગ પર જ શક ગયો. હજુ થોડા દિવસ પહેલાં જ તેણે બનાવટ કરીને ભેરવસિંહને કેવો દોડાવ્યો હતો!

ભેરવસિંહને લાગ્યું કે તેના સિવાય બીજો કોઈ નહીં હોય. પેલો હોટેલનો મેનેજર કહેતો હતો કે તે પાછો અમેરિકા ચાલ્યો ગયો છે પણ ઘણા વિચાર પછી ભેરવસિંહને લાગ્યું હતું કે એ મેનેજરની વાતમાં ભરોસો મૂકી શકાય તેમ ન હતો. તેને ખાતરી હતી કે એ મેનેજર પેલા હરામી કેસરીસિંગ સાથે મળી ગયેલો હતો. એણે એ મેનેજરને મોઢું ભરાય એટલા પૈસા આપ્યા હશે. કેવો કેપ્ટન સાહેબ, કેપ્ટન સાહેબ કર્યા કરતો હતો, જાણે ચાવી દીધેલું રમકડું ન હોય. સાલો પૈસાનો એક નંબરનો લાલચુ લાગે છે, તેણે મનોમન તેને ચોપડાવી.

પણ જ્યારે બે દિવસ પછી મુંબઈથી ફરી પાકી બાતમી આવી ત્યારે ખબર પડી કે જેનો ખજાનો તેણે લૂંટયો હતો એ નવાબનો દીકરો તેના નામની સોપારી વહેંચતો હતો. રહી રહીને એ આટલો મોડો કયાંથી જાગ્યો એવો સવાલ ભેરવસિંહના મનમાં ઊઠ્યો. પણ એ સવાલ કોઈ જવાબ માટે ન્હોતો જાગ્યો. અને જો જવાબ જોઈતો હોય તો એ પણ સવાલના રૂપમાં જ મળે તેમ હતો : અત્યાર સુધી કેમ ના જાગ્યો? તેને માટે તો પેલી કહેવતમાં કહ્યું છે એમ જાગ્યા ત્યારથી સવાર જેવો ઘાટ હતો પણ અહીં ભેરવસિંહ માટે તો જાગ્યા ત્યારથી ઉચાટ બની રહ્યો હતો. તેની ઊંઘ હરામ થઈ ગઈ. કોઈ દુશ્મન ઊઘાડે છોગ સામે આવતો હોય તો એની સામે લડી લેવાની ભેરવસિંહનામાં હિંમત હતી પણ આવા સોપારી ખાઉ અજાણ્યા માણસને કેમ પહોંચી વળાય!

તેણે મુંબઈના પોતાના દોસ્તોને સાબદા કર્યા. કોણે એ સોપારી લીધી છે એ શોધી લાવવા તેમને કામે લગાડ્યા. ને જ્યાં સુધી તેમનો કોઈ જવાબ ન આવે ત્યાં સુધી મુંબઈ જવાનું તો શું પણ મનુભાના મહેલમાંથી બહાર નીકળવાનું પણ તેણે માંડી વાળ્યું. મનુભાએ પણ પોતાના માણસોને પેલા નવાબજાદા અને પેલા સોપારીખાઉ વિશે તપાસ કરવા રવાના કર્યા. દુશ્મન કોણ છે એની ખબર પડે તો તેનો ઉપાય થઈ શકે પણ દુશ્મન ઓળખાય નહીં ત્યાં સુધી દરેક અજાણ્યો માણસ દુશ્મન જ છે એમ માનીને ચાલવું પડે. આવા માણસને પોતાના પડછાયામાં પણ દુશ્મન દેખાય.

ભેરવસિંહને પાછું લાગવા માંડયું કે ભગવાને પોતાનો સાથ પાછો છોડી દીધો છે. એક આફતમાંથી તે બચાવે છે તો બીજી આફત પાછળ જ મોકલી આપે છે. તેણે મંગુને આ નવી આફતની ગંધ ન આવે એવા લાખ પ્રયત્ન કર્યા પણ મંગુથી તેની આ વાત છાની રાખી શકયો નહીં. 'તમે કહો છો કે એ ખજાનો પેલો કેસરીસિંગ પચાવીને બેસી ગયો છે, તો પછી આ લોકો તમારી પાછળ કેમ પડ્યા છે ?' તેણે મનનો ઊભરો બહાર કાઢ્યો.

'ટોળીનો સરદાર હું હતો એટલે તેમને તો મારી ઉપર જ દાઝ ચઢે ને. અને તેમના મનમાં એમ પણ હોય કે એ ખજાનાનો મોટા ભાગનો હિસ્સો મારી પાસે જ આવ્યો હોય. જો મારી પાસેથી એ ખજાનો પાછો મળી શકે એમ ન લાગે તો પછી કોઈને મારી સોપારી આપીને મારી પર વેર વાળવાનું કરે.'

'પણ પહેલાં તમારી પાસે એ ખજાનો છે કે નહીં એની તો તપાસ કરે કે નહીં !'

'તેમને તપાસ કરવાની જરૂર જ નથી. આખી દુનિયા જાણી ગઈ છે કે એ ખજાનો મારી પાસેથી પેલો હરામી ચોરી ગયો છે.' ભેરવસિંહને પણ હજુ એ ન્હોતું સમજાતું કે જો ખજાનો પોતાની પાસેથી ચોરાઈ ગયો હોય અને એ ચોરની એમને ખબર હોય તો પછી એ લોકો પોતાની પાછળ શા માટે પડે! ને એ સવાલની સાથે જ એનો જવાબ એની પાસેથી જ મળી જતો. કેસરીસિંગ અમેરિકામાં પડ્યો છે ને પોતે અહીં દેશમાં તેમની નજરે ચઢી ગયો છે.

પાછા સમાચાર આવ્યા કે એની સોપારી હેરી કપ્પુએ લીધી છે. ભેરવસિંહને હવે એ ચિંતા થઈ કે આ હેરી કપ્પુ વળી કયાંથી ફૂટી નીકળ્યો! તેણે આવું વિચિત્ર નામ જ આજે પહેલી વાર સાંભળ્યું હતું. પણ તેની બધી કરામતોની વાત જ્યારે તેના સાથીદારોએ કરી ત્યારે તેની બીકે ભયનું સ્વરૂપ ધારણ કર્યું. તેને એ અજાણ્યો હેરી કપ્પુ હવે તાડ જેવો લાગવા માંડ્યો. જાગતાંય તે હેરી કપ્પુનાં સ્વપ્નાં જોવા લાગ્યો.

તેને જે ખબર મળી હતી તે મુજબ આ હેરી કપ્પુ એક નંબરનો બંદૂકબાજ હતો. બસો ફીટ દૂરથી તે બે આંખોની વચમાં ગોળી મારી શકતો હતો. વેશપલટા એવા કરતો કે તેની માય તેને ઓળખવામાં ધોખો ખાઈ જાય. છૂરાબાજીમાં પણ તેનો જવાબ ન્હોતો. અવળે હાથેય તે એવાં નિશાન પાડતો કે સામા માણસને હૉસ્પિટલ સુધી જવાનોય મોકો ન મળતો. બધા દોસ્તો જાણે એના પક્ષમાં ભળી ગયા હોય એમ એનાં જ ગુણગાન કરતા હતા ને અહીં ભેરવસિંહના કાળજામાં તેલ રેડાતું હતું. પેલા લોકો તેને સાવધાન કરવા માટે આવું બધું કહેતા હતા પણ તેનાથી તો ભેરવસિંહનો ભય વધતો જતો હતો.

એક દિવસ બપોરની વેળા એક અજાણ્યો માણસ પાનને ગલ્લે ઊભો હતો તેને પેલા સોપારીખાઉનો માણસ સમજી મનુભાના માણસોએ ટીપી નાખ્યો હતો ને. અલબત્ત તે કોઈ અજાણ્યો પાકિસ્તાની જ હતો. પણ આ બોર્ડર પરનાં ગામોમાં આવા પાકિસ્તાની ઢગલા મોઢે મળી આવતા હતા. અને ઘણી વખત વગર કારણે આવી રીતે ટીપાઈ પણ જતા હતા. અહીંના લોકોએ જાણે એક નિયમ બનાવી રાખ્યો હતો કે લાખ નિર્દોષ ટીપાઈ જાય તો વાંધો નહીં પણ એક દોષિત પાકિસ્તાની તો બચવો ના જ જોઈએ. એમાં આજે આ અજાણ્યો પાકિસ્તાની ઝડપાઈ ગયો હતો.

દોષિત પાકિસ્તાનીને માટે તેમને બહુ રાહ જોવી ન પડી. બીજે જ દિવસે એક અજાણ્યો માણસ મનુભાનું ઘર પૂછતો આવી પહોંચ્યો. દરબારના માણસોએ તેની આગતાસ્વાગતા કરી પછી તેને આવવાનું કારણ પૂછ્યું અને છેવટે સારી રીતે ગડદાપાટુથી હળવો કર્યો. પછી ગામની ભાગોળે લઈ જઈ એક ટેકરી પરથી એવી રીતે એને નીચે ગબડાવ્યો કે પચાસેક ગોટમડાં ખાઈને તે ટેકરીને તળિયે પહોંચ્યો તોય એની ચીસો સંભળાતી હતી. 'મને લાગે છે કે હું અહીંથી દિલ્હી થઈને લંડન જતો રહું.' ભેરવસિંહે મનુભાને કહ્યું.

'હવે એમ ગભરાઈને તે કાંઈ ભાગી જવાતું હશે! આપણે એ નવાબજાદાને પહેલાં જોવો પડશે પછી એના પેલા સોપારી ખાઉ ભાડૂતીને જોવો પડશે. તેમને સીધે રસ્તે લાવવાનું પૂણ્યનું કામ પણ આપણે જ કરવું પડશે. એ તને શોધતો અહીં આવે ને તારાં દર્શન કર્યા સિવાય પાછો જાય તો એનું પાપ આપણને બધાને લાગે. એના કરતાં એ આવે તો ભલે આવે, તને મળે, પરસાદ ખાય પછી તારાથી જવાય.' મનુભાએ પેલાને સીધો પાકિસ્તાન રવાના કરી દેવાનો પ્લાન કર્યો હોય એમ લાગતું હતું.

એક બાજુ બીક અને એક બાજુ મનુભાની ઓથની હિંમત છતાં ગભરાઈ રહેલા ભેરવસિંહને રોકાઈ જવું પડ્યું. તેણે ભગવાનને પાછા યાદ કર્યા. પછી અચાનક જ તેને ભગવાનની કૃપા વરસાવવાની આ નવી રીતનો જાણે ખ્યાલ આવી ગયો. પહેલાં ગભરાવીને મરવા જેવો બનાવી દેવો અને પછી ઊગારી લેવો. તેને ભગવાનની આ તરકીબનો ખ્યાલ આવી ગયો ને તેનો અર્ધો ભય ઓસરી ગયો. છતાં તેની બહાર ખૂલ્લેઆમ ફરવાની હિંમત ન થઈ. તે તો કાંઈનું કાંઈ કામ કાઢી ઘરને ખૂણે ભરાઈ રહ્યો.

હવેની ચાલનો વારો પેલા નવાબજાદા અને તેના પેલા ભાડૂતી સોપારી ખાઉંનો હતો. તે જેવી ચાલ ચાલે તે મુજબ તેનો સામનો કરવાનો સંકલ્પ કરીને જાણે બધા બેઠા હતા. એનો એક માણસ મેથીપાક ખાઈને ગયો હતો એટલે આ વખતે તો નવાબનો પેલો દીકરો અને તેનો પેલો ભાડૂતી ટટ્ટુ પૂરી તૈયારી સાથે આવશે એમ માની તેમના સ્વાગતની પૂરી તૈયારી સાથે બધા બેઠા હતા. આ મોઘા મહેમાન એમની મહેમાનગત માણવા કયારે આવશે તેનો કોઈ ચોકકસ સમય હતો નહીં એટલે બધાને સતત જાગૃત રહેવું પડતું હતું.

વાત એમ બનેલી કે શંકરભાઈ ડ્રેસવાળા પાસેના ભેરવસિંહે વેચેલા કેટલાક પોશાકો પેલા નવાબે ઓળખ્યા હતા અને તે વાત તેના દીકરાને કાને આવી હતી. પછી તો એનું જુવાન લોહી ઊકળી ઊઠ્યું હતું અને ગમે તે ભોગેય ભેરવસિંહને જબ્બે કરવા માટે તે મેદાને પડ્યો હતો. તેને હજુ એમ જ ખબર હતી કે તેના બાપનો બધો ખજાનો હજુ તેની પાસે જ હતો અને તેના જોર પર એ ભેરવસિંહ તાગડધિન્ના કરતો હતો. અને તેણે આ વાત જાણી તે અરસામાં ભેરવસિંહ પણ દેશમાં આવેલો હતો એટલે આ નવાબજાદાને તો જોઈતું મળી ગયું હતું. તેને પહેલાં તો પોતાના બાપનો ખજાનો તેની પાસેથી ઓકાવવાનો વિચાર આવ્યો હતો પણ તેને કોઈએ એવી બાતમી આપી કે એ ખજાનો તો તેનો એક સાથી એક વર્ષથી હડપ કરીને વિલાયત જતો રહ્યો છે, એટલે તેણે ભેરવસિહના નામની સોપારી આપવા માંડી હતી.

હવે આ નવાબની વાત પણ જાણવા જેવી હતી. તેણે પોતાની બધી મિલકત અને જરજવેરાત એકઠું કરી લઈ કચ્છની સરહદેથી પાકિસ્તાન રવાના કરવાનો પ્લાન કર્યો હતો. તેનો મહેલ જે આખા કાઠિયાવાડમાં પહેલા નંબરનો ગણાતો હતો તેયે મોટી કિંમતે ગીરવી મૂકીને તેણે રોકડી કરી લીધી હતી અને એ બધું સામટું સરહદ પાર મોકલી આપવાનું તેણે પાકું કર્યું હતું. આ વાત કેમની ફૂટી ગઈ તે જ પહેલાં તો એની સમજમાં ન્હોતું આવ્યું. પહેલાં તો એને એમ જ લાગ્યું હતું કે ભારતના ગુપ્તચર ખાતાને હાથે તેનો બધો માલ પકડાઈ ગયો હતો. પણ ચારપાંચ મહિને તેને સાચી વાતની ખબર પડી ત્યારે તો એ ખજાનાનો હાથફેરો પણ થઈ ગયો હતો.

આજે નવાબ તો પાકિસ્તાનમાં ભાગી ગયો હતો પણ તેનો આ દીકરો હજુ દેશમાં આવજા કર્યા કરતો હતો. જેને ત્યાં પેલો બંગલો ગીરવી પડ્યો હતો એ મારવાડી પણ હવે રઘવાયો થયો હતો અને પૈસાનો તકાદો કરતો હતો. એણે છેલ્લે તો એવુંય કહ્યું હતું કે જો તેના પૈસા દસ દિવસમાં નહીં મળે તો તે કૉર્ટ મારફતે મહેલનો કાબજો લઈ લેશે. દેશમાં મિલ્કતોની કિંમતો ઊંચી જવા માંડી હતી એટલે એ મારવાડીને તડાકો પડે એવું લાગતું હતું. પણ આ નવાબ સાહેબ પાકિસ્તાન ભાગી ગયા ત્યારે તેમની પાસે થોડા કુકા બચ્યા હતા તે પણ પાકિસ્તાનની ભૂખમાં ચવાઈ ગયા હતા. ને દેશમાંથી ભાગીને પાકિસ્તાન ગયેલા હજારો શ્રીમંતોની જેમ તે પણ પસ્તાઈ રહ્યા હતા. રાંડ્યા પછી ડહાપણ આવ્યાનો તેમનેય અનુભવ થઈ ગયો હતો.

પાકિસ્તાનમાં જે કાંઈ બચ્યું હતું તે લઈને આ નવાબજાદો પેલો મહેલ છોડાવી મોઘી કિંમતે વેચવા માટે દેશમાં આવ્યો હતો. હવે મહેલની વાત એક બાજુ મૂકી તે બધા પૈસાની ભૈરવસિંહની સોપારી વહેંચી આવ્યો હતો. ખજાનો તો હાથમાં આવવાનો ન હતો એની તો એને પહેલેથી જ ખબર હતી પણ વેરની ધૂનમાં તે મહેલની હોડ લગાવી બેઠો હતો. મૂળ મીંયાં ને પાછું પાકિસ્તાનનું પાણી પીધેલો, પછી ઝાલ્યો રહે ખરો!

એણે એના બાપને કહેવરાવી દીધું હતું કે એ સાચો નવાબજાદો હશે તો વેર લીધા વગર પાકિસ્તાન પાછો નહીં ફરે.

ને આ તરફ તે પાછો ન ફરે એની તૈયારીઓ મનુભાનું ટોળું કરી રહ્યું હતું. તો બીજી તરફ પેલો હેરી કપ્પુ પણ પોતાના બાકીના એડવાન્સના પૈસાની ઉઘરાણી કરી રહ્યો હતો. ને પેલો નવાબજાદો રઘવાયો થઈ આમથી તેમ દોડાદોડી કરી રહ્યો હતો. સાપે છછુંદર ગળ્યા જેવો ઘાટ થયો હતો. તેણે કામ પત્યે હેરી કપ્પુને દોઢા પૈસા આપવાના કરીને તેને તો પટાવી લીધો. પેલો પણ પૈસાની લાલચને કારણે કે પછી પૈસા વસૂલ કરવાની પોતાની હિંમતના ગર્વમાં તેની વાતમાં આવી ગયો.

ને એક સાંજે તેણે ગોમતીગઢની શેરીમાં પગ મૂકયો. ગોમતીગઢ ગામ નાનું, તેમાં કોઈ અજાણ્યો માણસ લાખ પ્ર યત્ન કરે તોય છૂપો રહી ન શકે. એણે ગામમાં પગ મૂકયો હશે ને મનુભાને ખબર પહોંચી ગઈ કે કોઈ અજાણ્યું પંખી ગોમતીગઢમાં ભૂલું પડ્યું છે.

હજુ તો પેલાએ આવીને કયાંથી તપાસ કરવી તેનો વિચારેય ન્હોતો કર્યો ત્યાં મનુભાના એક માણસે તેની પાસે આવી પૂછ્યું ઃ 'કોઈને શાધો છો શું!'

'હા, ભૈરવસિંહને શોધું છું, જો તને તેની ખબર હોય તો.'

'મને જો દસની નોટ બતાવો તો હું એનો પતો બતાવું. પૈસો બોલે છે, દોસ્ત.'

પેલાએ દસની નોટ કાઢી તેની સામે ધરી. 'પહેલાં એનો પતો પછી આ નોટ તારી. યાદ રાખજે ખોટી માહિતી આપી છે તો આવતી કાલે પાછો આવી તારી પાસે જવાબ માગીશ. આ હેરીને છેતરીને કોઈ બચી શકતું નથી.'

'આ ટેકરીની પાછળ એક મોટો મહેલ છે, મનુભાનો. તેમાં તમારો માણસ મહેમાન છે. એ મનુભાને દાટી આપીનેય કોઈ બચી શકતું નથી.' પેલા માણસે પણ તેની રીતે જ જવાબ આપ્યો.

'એ તો જોઈશું તારા મનુભાને મળીને કે તેને કેટલાં માથાં છે!' પેલાએ કરડાકીથી કહ્યું.

'એને કેટલાં માથાં છે એ ગણવા ગયેલાનાં માથાં પણ તમને ત્યાં જોવા મળશે. ઘણા ત્યાં માથાં મૂકીને ભાગી ગયાના દાખલા અમને ખબર છે. તમે તમારું માથું સાચવીને ત્યાં વાત કરશો તો બચશો.' પેલા માણસે પણ એટલી જ કરડાકીથી જવાબ આપ્યો.

'એ તો વખત આવ્યે ખબર પડશે, પણ અત્યારે તો તું અહીંથી ભાગ, નહીં તો તારું માથું રઝળી જશે.' કહેતાં પેલા માણસે પોતાની હથિયારોની બેગ સંભારી.

મનુભાના માણસને પણ આટલો જ સંદેશો તેને કાને નાખવાનો હતો એટલે કામ પતી ગયેલું માનીને તે પણ ત્યાંથી સરકી ગયો. હેરી કપ્પુ પણ પોતાને જોઈતી માહિતી મળી ગઈ હતી એટલે ભેરવસિંહને પતાવી દેવાના પ્લાનને અંતિમ ઓપ આપવા માટેના કામમાં વળગ્યો. હેરી હજુ ભેરવસિંહને મળ્યો ન હતો. એટલે તે સામો મળે તોય તેને ઓળખે એ બહુ સંભવિત લાગતું ન હતું. જો કે તેણે ભેરવસિંહનો ફોટો જરૂર જોયો હતો પણ એ પુરાણા ફોટાને આધારે ભેરવસિંહને ઓળખી લેવો શકય ન હતો.

હેરી પાકું સરનામું લઈને આવ્યો હતો કે ભેરવસિંહ કોઈ દરબારને ત્યાં રહે છે. આ તો તેની પાસે જે માહિતી હતી તે કેટલી સાચી છે તેની ચકાસણી તેણે કરી લીધી. મનુભાને અંગે તેને એટલી જ ખબર હતી કે તે ગોમતીગઢ ગામની નજીક આવેલા તેના દરબારગઢમાં રહે છે. પછી નાનકડા ગામમાં એવા એક જાણીતા માણસને શોધવો એ કાંઈ મોટી વાત ન હતી. જે મોટી વાત હતી તે તો એ ભૂલી જ ગયો હતો. મનુભાને શોધવાનું અઘરું ન હતું પણ એમને પેલા ભેરવસિંહને પડખેથી દૂર ખસેડવાનું અઘરું હતું.

હેરી એટલું તો જાણતો હતો કે શહેર અને ગામડામાં ઘણો ફેર છે. શહેરમાં કોઈ માણસને મોતને ઘાટ ઉતારી દીધો હોય તો કોઈએ નજરે જોયું હોય તોય સાક્ષી પુરવા આગળ ન આવે. પણ અહીં ગામડામાં તો કોઈને ગાળ સરખીય ભાંડી હોય તો એનું ઊપરાળું લઈને ગામના દસ પંદર માણસો આવી પહોંચે ને સારી રીતે હલકા કરી નાખે. એટલે તે અહીં એકલો ન્હોતો આવ્યો. આખું ધાડું લઈને આવ્યો હતો ને બાકી હોય તેમ પેલા નવાબજાદાને પણ નોતરું દેતો આવ્યો હતો. પોતે ભેરવસિંહને પતાવી નાખે તે એવોયે નજરે જોઈ લે તો પછી તેના બાકી નીકળતા પૈસા માટે તેને બહુ રાહ ના જોવી પડે ને.

બીજી બાજુ આ નવાબજાદો પણ પેલાને બાકીના પૈસા કેમ કરીને ન આપવા પડે એનો જ પ્લાન ઘડીને બેઠો હતો. જે ઘડીએ આ હેરી કપ્પુ ભેરવસિંહનું કામ તમામ કરી નાખે તે જ મિનિટે પોલીસને ફોન કરી તેની પાછળ લગાડીને પોતે પાકિસ્તાનનો રસ્તો પકડવાનો તેનો પ્લાન હતો. એટલે તે પણ ગામની એકમાત્ર હોટલની પાછળ આવેલી ભેંસોની ગમાણ જેવી ગંધાતી ખોલીમાં પેસીને તાલ જોઈ રહ્યો હતો.

એક વખત તો મનુભાની ડેલીએ પોતાના દસ માણસોની સાથે જઈને દેકારો બોલાવવાનો વિચાર પણ હેરી કપ્પુને આવી ગયો હતો પણ પોતે અજાણી ધરતી પર હતો અને મનુભાની પહોંચ અંગે તેને કશી ખબર ન હતી એટલે એક વખત જાતે તેમને ત્યાં આંટો મારી, ત્યાંની પરિસ્થિતિનો પહેલાં કયાસ કાઢી લેવાનું તેણે નકકી કર્યું હતું.

પણ મનુભાનો મહેલ, એમનો ભપકો, એમને ત્યાં થતી આવરજવર જોઈને તે આંચકો ખાઈ ગયો. તેને ખબર પડી ગઈ કે તેણે ધાર્યું હતું એટલું કામ આસાન ન હતું. તેને લાગ્યું કે પૂરેપૂરી તૈયારી કરીને જ તડી બોલાવવી જોઈએ. જો ઓછા પડીએ તો અહીંથી તો નાસવા બારું પણ ન હતું. આવા માણસની પાછળ તો ગામ આખું તૂટી પડે ને ગામની ભાગોળે જે પાળિયા હતા એમાં પોતાના દસનો ઉમેરો થઈ જાય એમ હતું.

એ આવા વિચાર કરતો હતો ત્યાં જ એને ગોમતીગઢ ગામમાં જે માણસ મળ્યો હતો એ સામો ભટકાઈ ગયો. તેને જોઈને જાણે આનંદમાં આવી ગયો હોય એમ કહે : 'તમે જે મનુભા દરબારને માટે પૂછતા હતા તેમનો જ આ મહેલ. આવો ને અંદર, એમ બહારથી જોઈને જતા રહો તો દરબાર સાહેબને ખોટું લાગે. એમની ડેલીએથી કોઈ આદરમાન વગર ચાલ્યું જાય એ તો એમને અપમાન જેવું લાગે.' કહેતાં તેણે જાણે હેરીને ખેંચી જ પાડ્યો. હેરીએ ઘણીય ના પાડી પણ પેલો માણસ એમ હાથમાં આવેલી તક જવા દે એવો ન હતો.

સાંજ પડવાને હજુ થોડી વાર હતી પણ બહાર ઓટા પર મનુભા, ભૈરવસિંહ અને તેમના બેચાર હજુરિયાઓ બેઠા હતા. વાતોના તડાકા ચાલતા હતા ત્યાં પેલો માણસ હેરીને લઈને તેમની સમક્ષ આવી ઊભો. 'શી વાત છે રામસિંહ, આ કોણ મહેમાન છે તારી સાથે ?' મનુભાએ તેને પૂછ્યું.

'બાપુ એ મહેમાન નથી. એમનું નામ હેરી કપ્પુ છે. આજે સવારે જ એ મને આપને વિશે અને ભૈરવસિંહ વિશે પૂછતા હતા. એમને આપણા ગામમાં કોઈ ધંધો નાખવો હોય એમ લાગે છે. મને થયું કે એમને આપની તહેનાતમાં રજૂ કરું તો તેમને જે જોઈએ એ માહિતી આપની પાસેથી મળી જાય. એ ભૈરવસિંહને પણ ઓળખતા હોય એમ લાગે છે.' રામસિંહે બાંધ્યાભારે બધી વાત કરી.

'આવો કાપુભાઈ, શું કાપવાનો ધંધો કરો છો? અને અહીં શું કાપવાનું કારખાનું નાખવાનો તમારો વિચાર છે ?' મનુભાએ પેલાના નામનો છેદ ઉડાડી દેતાં કહ્યું.

'તમારા માણસને ખાલી એમ લાગ્યું હશે, મારે અહીં કોઈ કારખાનું નાખવું નથી. હું તો મારા અંગત કામે અહીં અવ્યો છું.' બધાની હાજરી અને અચાનક મનુભાની સામે આવી જવું પડ્યું એટલે અચકાતાં પેલાએ કહ્યું.

'મારા માણસની એ ભૂલ થઈ. મનેય તમારું નામ સાંભળીને એમ લાગ્યું કે તમારે કશું કાપવાનું અહીં કારખાનું નાખવું છે. જો કે એ માટે તો મોટી મૂડી જોઈએ. હા વાળ કાપવાનું કરવું હોય તો સહેલું ખરું. એમાં તો ખુરશી, ટેબલ ને તકતો જ જોઈએ, કેમ માધવ રાત!' મનુભાએ પેલાને ઉડાવતાં ડાયરામાં બેઠેલા માધા રાતને પણ વચમાં લીધા.

'બાપુ અમ ગરીબના પેટ પર લાત ના હોય. અને આ ભાઈને વાળ કાપતાં આવડતા હોય એમ લાગતું પણ નથી.' માધા રાત વાતને સમજી જતાં ઠાવકે મ્હોંએ બોલી ઊઠ્યો.

'તમારે જાણવું હોય તો કહી દઉં, મને વાળ કાપતાં આવડતું નથી. મારે અહીં માથાં કાપવાનું કારખાનું નખવું છે. બોલો શું કહેવું છે તમારે ?' અપમાનથી કાળઝાળ થઈ જતાં હેરી બોલ્યો.

'અલ્યા મહીંથી મારી તલવાર લાવ તો. આને આપણા ધંધામાં પડવું છે તે એનું ઉદ્‌ઘાટન એના માથાથી જ કરીએ.' કહેતાં મનુભા ઊભા થઈ ગયા. આખો ડાયરો સડક થઈ ગયો. હેરી કપ્પુ તો જાણે તેનું માથું કપાઈ જ જવાનું હોય એમ પરસેવે રેબઝેબ થઈ ગયો.

'બાપુ કોઈને પરસેવો થઈ જાય એવું શું બોલતા હશો! તમારી ત્રાડ સાંભળીને સવઝેય બે ડગલાં પાછો હઠી જાય ત્યાં કયાં આ શહેરી માણસનું ગજું ! એનામાં માથાં કાપવાની કેવીક આવડત છે એનું માપ કાઢવું હોય તો અમે કયાં નથી! તમે કહો એ એની આવડતનું માપ કાઢી લઈએ. માથાં કાપવાનું આપણને કોઈ શું શિખવાડવાનો હતો!' ડાયરામાંથી એક જુવાનિયો બોલી ઊઠ્યો.

'ભાઈઓ, મારે કોઈનું માથું કાપવુંય નથી કે મારું માથું મારે કપાવવું પણ નથી. હું તો મારા અંગત કામે તમારા ગામે આવ્યો છું ને કાલે જતોય રહીશ.' હેરીએ વાતને વારી લેતાં કહ્યું. ને ડાયરામાં હાસ્યનું માજું ફરી વળ્યું.

'તે ભાઈ અમેય કયાં માથાં કાપવાનો ધંધો લઈ બેઠા છીએ! આ તો તું અકડાઈને બોલ્યો તો ડાયરાએ તારું માપ કાઢી લીધું. શાંતિથી બેસ. અલ્યા દા'ડો આથમવા આવ્યો, લાવો શરાબ, સોડા ને બરફ કાઢો.' દરબારે હાંક મારી ને અંદરથી બેચાર જણા બધો સરંજામ લઈને બહાર મૂકી ગયા. બીજા એકે આવીને બેટલો ખોલીને બધાને પ્યાલીઓ ભરી આપવા માંડી. હેરીને હસવું કે રડવું એની જ વિસામણ થઈ પડી.

પછી તો કોઈ તેને રેઢો રહેવા દે તો ને. થોડી વારમાં તો તે પણ બધાની હરોળમાં આવી ગયો. બોટલો ખાલી થતી રહી ને પ્યાલીઓ છલકાતી રહી. બે ઘડી પછી તો હેરી પેલી સોપારીવાળી વાત જ જાણે ભૂલી ગયો ને મનુભાની મંડળીમાં સામેલ થઈ ગયો. ચારપાંચ પ્યાલીઓ પેટમાં પડી પછી કહે : 'દરબાર હું મનમાં કપટ લઈને આવ્યો હતો હવે તમારો ગુલામ થઈ ગયો. મને માફ કરો.'

'અમને બધી ખબર હતી એટલે તો તારી મશ્કરી કરીને તને અકળાવ્યો હતો. બાકી આ ડહેલીએ કોઈ અજાણ્યો આવે તો એનાં આદરસત્કાર થાય. કોઈ એની મશ્કરી ના કરે. અમને ખબર હતી કે તારા મનમાં પાપ છે એટલે જ તને અકળાવીને તને એમાંથી બહાર કાઢવો હતો.' મનુભાએ કહ્યું.

'મેં ખોટા માણસની સોપારી લીધી હતી એમ મને લાગ્યું છે.' હેરીએ મનનો ઊભરો કાઢ્યો.

'સોપારી લેવી એ હલકામાં હલકું કામ. જેને પોતાનું વેર લેવાની હિંમત ન હોય એ નામર્દ આવી સોપારી વહેંચે. ને તારા જેવા પૈસાની લાલચે એવા નામર્દની ગુલામી કરે. બાકી એનામાં જો હિંમત હોય તો આવે સામી છાતીએ, આ બેઠો ભેરવ. અમે કોઈ વચ્ચે નહીં પડીએ. એનામાં હિંમત હોય તો એ ભેરવને ભરી પીએ. એને મોકલજે અહીં. હજુ ભેરવ બે દિવસ અહીં જ રહેવાનો છે.'

મોડી રાતે અંધારું થયા પછી દરબારગઢનું જમણ જમીને હેરી પાછો ફર્યો ત્યારે પેલો નવાબજાદો તેની વાટ જોતો બેઠો હતો.

'શું થયું, કામ પતી ગયું ?' તેણે પૂછ્યું.

'હં.' હેરીએ તેને ટૂંકો જ જવાબ આપ્યો. 'મારા બાકીના પૈસા ?'

નવાબજાદાએ પોતાના પ્લાન મુજબ તેને બીજે દિવસે ત્યાં બેઠાં જ પૈસા આપવાનો વાયદો કર્યો. હેરીને જે ખબર છેલ્લે પડી હતી તે મુજબ તો તે બિલકુલ ખાલી થઈ ગયેલો હતો. હવે તે એવડી મોટી રકમ સામટી કયાંથી આપી શકવાનો હતો ! તેને એની દાનતમાં વહેમ પડ્યો. તેણે તેની પાછળ એક માણસને લગાડી દીધો.

થોડી વારમાં જ માણસ પાછો આવ્યો. તેણે નવાબજાદાને પોલીસ સ્ટેશનમાં દાખલ થતાં જોયો હતો ને હેરીને સાવધાન કરવા દોડતો આવ્યો હતો. હેરીએ એવોયે પોલીસ સ્ટેશનમાંથી બહાર નીકળે પછી તેને કાઈક અંધારા ખૂણામાં લઈ જઈ સારી પેઠે ખોખરો કરવાની સૂચના પોતાના સાથીઓને આપી ને આરામથી આડો પડ્યો. તેને થયું કે મનુભાની એક જ દિવસની સંગતમાં તે મોટા સંકટમાંથી આબાદ બચી ગયો હતો. જો પોતે ભેરવસિંહને પતાવી દીધો હોત

તો પેલા પાકિસ્તાનીએ તેને આબાદ સપડાવી દીધો હોત. પોલીસ તેને શોધતી આવશે તોય મનુભાને ત્યાં ભેરવસિંહ સલામત હતો ને એટલે તો પોતે પણ સલામત હતો. હા, પેલા નવાબજાદો ભાંગેલે હાડકે પાકિસ્તાન પહોંચાશે કે રસ્તામાં જ ઊકલી જશે તેની તેને ખબર ન હતી.

અનુક્રમ ⇒

૨૧ઃ-નવાબજાદા મૈયુદ્દીન

સવાર થતાં નવાબજાદા મૈયુદ્દીનને હોશ અવ્યા. પાછા પોલીસ સ્ટેશને જવાનો વિચાર તેને આવ્યો પણ એ મીંયાંભાઈને જિંદગીમાં પહેલી વખત તેમ કરવા પાછળના જોખમનો ખ્યાલ આવ્યો ને તેણે એ વિચારને પડતો મૂકયો. તેણે પોતાનાં ખિસ્સાં તપાસ્યાં તો તેનાં પાકિસ્તાની કાગળિયાં સલામત હતાં તે માટે તેણે તેના અલ્લાનો આભાર માન્યો. તેણે પસાર થતા એક રિક્ષાવાળાને કાકાલુદી કરીને તેને પાકિસ્તાનની બોર્ડર સુધી લઈ જવા તૈયાર કર્યો. પહેલાં તો રિક્ષાવાળો એના હાલહવાલ જોઈને જ સમજી ગયો હતો કે કોઈએ તેને સારી રીતે હલકો કર્યો છે. જેણે તેને હલકો કર્યો હશે એણે એનાં ગજવાં પણ હલકાં કરી જ લીધાં હશે એ તેને સમજાઈ ગયું હતું. એટલે તેની પાસેથી ભાડાના પૈસા પણ મળવાના ન હતા એ તો નકકી હતું. પણ તેના મનમાં ભગવાન વસ્યા કે તેણે નવાબને બાર્ડર સુધી લઈ જવાની હા ભણી.

પાકિસ્તાની બોર્ડર પોલીસે તેના હાલ જોઈ તેને એક વખત તો પાછો જ કાઢ્યો. પણ જ્યારે તે ફરીથી ગયો ત્યારે વળી એક ઈન્સપેકટરને થોડી દયા આવી. તેણે તેનાં કાગળિયાં જોયાં ને તેમાં તેના નામની આગળ લાગેલા નવાબના ટાઈટલથી તે થોડો પ્રભાવિત થયેલો લાગ્યો. એણે નવાબની કથની ધ્યાનથી સાંભળી ને તેને પાકિસ્તાનમાં પ્રવેશ આપ્યો. આ બધી વિધિ પતી છતાં નવાબજાદાના મનમાં કરાર વળતી ન હતી. પોતે જે કામ માટે ઈંડિયા ગયો હતો તે તો એક બાજુ રહી ગયું હતું ને તેને માટે પરાણે ઊભા કરેલા પૈસા હાથમાંથી સરકી ગયા હતા. બપાની જાગીરમાં છેલ્લો બાકી રહેલો નવાબી મહેલ પણ હાથમાંથી સરકી ગયો હતો. હવે શું મોઢું લઈને બાપની સામે જવું તેય એને માટે વિમાસણનો વિષય હતો.

તેની બેગમ એક ખાનદાની રઈસજાદી હતી. પણ પોતાના બાપની પાસેથી માગીતાગીને આ નવાબી ઠાઠ નિભાવતાં એ પણ કંટાળી ગઈ હતી. આ નવાબજાદાને લાગતું હતું કે હવે પછીના કોઈ પણ દિવસે તે ઈસ્લામના કાનૂન મુજબ તેને 'તલ્લાક, તલ્લાક, તલ્લાક' કહી દે એટલે બાપ દીકરા બન્નેને રસ્તા પર ઊભા રહીને ભીખ માગવાનું જ બાકી રહેતું હતું. ભારતમાં માજી નવાબ તરીકે રહેવા કરતાં પાકિસ્તાન જઈ વધુ માન મરતબાવાળી જિંદગી ગુજારવાની નવાબની મહેચ્છાનો કરુણ અંત આવ્યો હતો.

બે દિવસ કરાંચીની શેરીઓમાં ગુમરાહ ભટકયા પછી ન છૂટકે તે પોતાના ઘર તરફ ગયો. નવાબને એની બધી તકલીફોની પહેલેથી જ ખબર પડી ગઈ હતી. તેમણે એમાં મૈયુદ્દીનને બદલે પોતાના નસીબનો અને પોતાની નવાબી વખતની કરણીનો જ વાંક જોયો હતો. પોતે રૈયતને ચૂસીને ને રંજાડીને વૈભવ વિલાસ ભોગવ્યા હતા. પ્રજાની હાય જ તેને લાગી હતી એમ તે માનતો થયો હતો.

મૈયુદ્દીન ઘેર આવી ગયો પછી બેચાર દિવસે એક પાકિસ્તાની અફસર તેને મળવા માટે તેને ઘેર આવ્યો. તેણે આ નવાબજાદાના ભારત સાથેના સંબંધોને કારણે ને તેમના જેવા ખાનદાની રઈસોની સ્થિતિની દયા ખાઈને તેને જાસુસ તરીકે નોકરીની ઓફર કરી. ને તેનું પોસ્ટીંગ ભારતમાં કરવાની વાત કરી. એક તો મૈયુમીંયાં તાજા દાઝેલા હતા અને તેમાં ભારતનું નામ સાંભળતાં જ તેમને પરસેવો વળી ગયો. એ બોલી ઊઠ્યો ઃ 'ભારત નહીં. એ સિવાય જ્યાં કહેશો ત્યાં જવાની મારી તૈયારી છે, પણ ભારત નહીં. એ દેશનું મારી પાસે નામ ના દેશો. હજુ ભારતના આટલા પરિચયે પાકિસ્તાન ડાહ્યું નથી થયું પણ આપણો આ નવાબજાદો તો એક વખતના અનુભવે જ ડાહ્યો થઈ ગયો હતો.

આ તરફ ભેરવસિંહ એકબે દિવસ વધુ રહી લંડન જવા ઊપડી ગયો. તેને મનમાં ખાતરી થઈ ગઈ હતી કે હવે અખ્તર કે તેની ટોળીવાળા તેને કશી હેરાનગતિ નહીં કરે. તેની નોકરી લાંબી ગેરહાજરીને કારણે છૂટી ગઈ હતી પણ માણસોની અછતને કારણે તેને પાછી તે જ જ્યાએ નોકરી મળી ગઈ. તે પોતે રહેતો હતો ત્યાંથી ખાલી કરી મંગુ સાથે રહેવા આવી ગયો. આમ થવાથી તેનો નોકરી પર જવા-આવવાનો રસ્તો બદલાઈ ગયો હતો. એને થયું કે હવે પેલા લોકો તેને સામા મળી શકશે પણ નહીં. તેણે પેલા ન્યૂઝ પેપર કેન્ડી સ્ટોરની વાત ચાલુ રાખી હતી. એનું પતે તો પછી નોકરી કરવાની જરૂરેય ન હતી કે ન્હોતો રહેવાનો તેની પાસે નોકરી કરવાનો સમય. દુકાનમાં બન્ને જણની જરૂર પડવાની જ હતી.

પણ અચાનક જ એક દિવસે નોકરી પથી તે પાછો ફરી રહ્યો હતો ત્યારે અખ્તર તેની સામે ભટકાઈ ગયો. તેને જોતાં ભેરવસિંહ ગભરાઈ ગયો. તેને થયું કે આવોયે પાછો બદલો લેવા તો પોતાની પાછળ નહીં ભમતો હોય ને! પણ જેટલો તે ગભરાયો હતો તેના કરતાં અખ્તર તેને જોઈ વધુ ગભરાયો હતો. તે બોલ્યો : 'કેમ છો ભેરવસિંહ. મનુભાને કાગળ લખો તો એમાં ખાસ લખજો કે અમે તમને કશી પજવણી કરતા નથી. અમને આમારો માલ અને તેનો ચોર મળી ગયા છે. અમે તમને ખોટા હેરાન કર્યા હતા. પણ બધું અજાણમાં જ થઈ ગયું. બધું ભૂલી જજો, મનમાં કશું ન લાવતા. અમારા તરફથી તમને કશી રંજાડ નહીં થાય એની હું તમને ખાતરી આપું છું.'

ભેરવસિહને લાગ્યું કે આ એની માફી માગવાની રીત હતી. તેને આ માથાભારે માણસ આવો નરમ પડેલો જોઈ તેની દયા આવી. તેણે કહ્યું : 'અરે એમાં યાદ રાખવા જેવુંય શું હતું ! હું તો એ કયારનુંય ભૂલી ગયો છું. તમેય એ બધી જૂની વાતો ભૂલી જઈને મને તમારો દોસ્ત જ ગણજો.'

'તમારો સ્વભાવ આપણને ગમ્યો. હવે આપણી દોસ્તી જામશે. અમારા લાયક કશું કામ હોય તો ચોકકસ જણાવશો. ચાલો ત્યારે હું ઊપડું, સારું થયું કે તમે મળી ગયા તે આ ચોખવટ થઈ ગઈ. મને દરબાર સાહેબની બહુ બીક હતી. તમને બીજો કોઈ હેરાન કરતો હોય તોય અમને જાણાવજો. અમે એની સાથે ભરીપીશું. દરબાર સહેબને એવું ન થવું જોઈએ કે અમે તમને હેરાન કરીએ છીએ.' તેણે પોતાની બીક સંતાડ્યા વગર કહી દીધું.

'એનીય તમે ચિંતા ના કરશો. દરબાર સાહેબ બહુ મોટા મનના માણસ છે. અને મારે ને એમને વારંવાર ફોન પર વાત થતી જ હોય છે. હું તેમને બધી વાત કરીશ. તમે બેફિકર રહેજો.' ભેરવસિંહે મનુભા સાથે પોતે સતત સંપર્કમાં રહે છે એમ કહેવાની સાથે પોતાની સલામતીની પણ જવાબદારી ને ભરાવી દીધી. મનુભાની સંગતમાં રહી હવે ભેરવસિંહ પણ એવું બોલતાં શીખી ગયો હતો. પોતે મનુભાનો અંગત માણસ છે અને એમના સંપર્કમાં છે એવું આડકતરું સૂચન એની વાતમાંથી પેલાએ તારવી લીધું એની એણે નોંધ લીધી.

'તમને કોઈ પણ તકલીફ હોય તો દરબાર સહેબને જણાવતા પહેલાં અમને જણાવશો તો તમારે સાહેબને ચિંતામાં નાખવા નહીં પડે.' કહીને અખ્તર પોતાને રસ્તે પડ્યો.

ઘેર જઈ ભેરવસિંહે મંગુને આ વાત કરી તો તે ખુશ થઈ ગઈ. તેમની એક તરફની ચિંતા તો હવે ઓછી થઈ ગઈ હતી. હા બીજી તરફની ચિંતા હજુ શરૂ થવાની વાર હતી, પણ તેની તો તેમને હજુ ખબર જ કયાં હતી! પેલો પાકિસ્તાની અફસર નવાબ સાહેબની આવી પડતી જોઈ એમને કોઈ પણ હિસાબે મદદ કરવાની પેરવી કરતો જ હતો. તેની ઘણી સમજાવટ પછી એના ઉપરી અધિકારીને એ ખાતરી કરાવી શકયો કે એ નવાબજાદો એમની સાથે હશે તો તેના બાપના જૂના સંબંધોને કારણે આપણને ઊંચી સોસાયટીમાં પેસવામાં તકલીફ નહીં પડે. તેમને સામાન્ય ઘરાનામાંથી આવેલા માણસને જ્યારે કોઈ ઊંચા ખાનદાનની અંદરની વાતો જાણી લવવાનું કામ સોંપવું પડતું ત્યારે આવી તકલીફો ઊભી

થતી હતી ખરી. તેને થયું કે જો નવાબને પૂરા ઠાઠ સાથે આગળ કરવામાં આવે તો તેમનાં ઘણાં કામ આસાન થઈ શકે તેમ હતાં.

ને ભાઈ આપણા આ નવાબની કિંમત આખરે પેલા પાકિસ્તાનીઓને સમજાઈ ખરી. તેમને સારા પગારની ઓફર આપીને ઈંગ્લેન્ડનાં સારાં કુટુંબોમાં પેસારો કરવા માટે મોકલી આપવામાં આવ્યા. પોતાને શું કરવાનું છે એનો આછોપાતળોય ખ્યાલ નવાબજાદાને ન્હોતો. ભૂખે મરવા કરતાં કોઈ પણ કામ કરવા સુધી તૈયાર થઈ ગયેલા એવા મૈયુદ્દીન નવાબને તો જાણે મનમાન્યું કામ મળી ગયું. તલ્લાકને છેડે પહોંચેલી તેમની બેગમને પણ આ પરદેશની વાત સાંભળી નવાબજાદા ઉપર પાછી મહોબત થઈ ગઈ.

પોતાને ઈંગ્લેન્ડ જવાનું હતું એ જાણ્યા પછી નવાબજાદાને બીજી પણ એક વાતની ચાનક ચઢી આવી હતી. ભેરવસિંહ લંડનમાં જ હતો ને પોતે પાકિસ્તાનના એક અફસર તરીકે ત્યાં જતો હતો એટલે તેને મજા ચખાડવાના મનસૂબા તે મનમાં ઘડી રહ્યો હતો. તેને હજુ એ ખબર ન્હોતી કે એ પાકિસ્તાનના એમ્બેસેડર તરીકે નહીં પણ એક જાસૂસ તરીકે ત્યાં જઈ રહ્યો હતો. પાકિસ્તાનની એમ્બેસીથી તો તેમને દૂર રહેવાની ખાસ સૂચના આપવામાં આવી હતી. જો કશી તકલીફ પડે તો એલચી કચેરીના કોઈ માણસનો ખાનગીમાં સંપર્ક કરી તેને પોતાની તકલીફની વાત જણાવવાની હતી.

ભેરવસિંહે એની આવી નિમણુંકની કે એની આવી દાનતની વાત જાણી હોત તો એણે દુકાન લેવાને બદલે બીજા નાના શહેરમાં ભાગી જવાનું વિચાર્યું હોત. હજુ નવાબજાદાને ભેરવસિંહને વિશે કશી માહિતી ન હતી કે ભેરવસિંહને તેની લંડનમાંની ઉપસ્થિતિ અંગે કશી ખબર ન હતી એટલું સારું હતું, બન્ને માટે.

પાકિસ્તાનથી છેલ્લો કાગળ આવ્યો હતો તેમાં તેને ભારતના એક વખતના નવાબના શાહજાદા તરીકેની ઓળખ ઊભી કરવા માટે તાકીદ કરવામાં આવી હતી. પાકિસ્તાની સરકારને ખર્ચે આવો ભપકો કરવાનો હોય તો એમ કરવામાં આ નવાબજાદો પાછો પડે તેમ ન હતો. તેણે બેએક પાર્ટી પોતાને ત્યાં ગોઠવી અને એવી રંગત જમાવી કે તેમાં આવેલા અને કેટલાક નહીં આવેલા સૌ તેની જ વાતો કરતા થઈ ગયા.

જેમ પૈસો પૈસાને ખેંચે છે એમ આમંત્રણ પામેલા લોકો તરફથી તેને સામાં આમંત્રણો મળવા લાગ્યાં. નવાબને તો લ્હેર પડી ગઈ નોકરીની નોકરી ને ઉપરથી આવાં માનપાન ને મિજબાનીઓ. તેને થયું કે આજ સુધી પોતે સસરાને પૈસે મોજ ઊડાવતો હતો તેના કરતાં આ સસરો શું ખોટો ! પણ આ સસરો એને ખવડાવી પીવડાવી ને પછી હલાલ કરી નાખે એવો નાલાયક હતો. પેલા બકરી ઈદના ઘેટાની જેમ જ તો ! નવાબજાદાની બેગમ પેલી રઈસજાદીનો હરખ તો માતો જ ન હતો. એ આ નવાબજાદા કરતાં થોડી વધુ ચાલાક હતી એટલે એણે પોતાના બાપનું ખાધેલું બધું, આ ખર્ચામાંથી તારવીને પૂરું કરવા માંડ્યું હતું.

પણ સુખના દા'ડા કોઈના લાંબા ટકયા છે કે આ નવાબજાદાના ટકે ! એના ઉપરીનો એક સંદેશો આવ્યો કે મૈયુદ્દીન ભાઈનાં તો જાણે બારેય વહાણ મધદરિયે ડૂબી ગયાં. લંડનમાં ગોરા અને પાકિસ્તાનીઓ વચ્ચે હમણાં તોફાનો થવા માંડ્યાં હતાં. આ તોફાનોના કરાવનારા ગોરાઓની વચમાં પૈસી જઈ, પોતાની લાગવગ વાપરી પાકિસ્તાનીઓને બદલે તેમનું સુકાન ભારતીઓ તરફ ફેરવવાનું કામ તેણે કરવાનું હતું. પોતે પાકિસ્તાની મીંયાંભાઈ, પેલાઓનું નિશાન પણ પાકિસ્તાનીઓ તરફ ને તેમાં પૈસી આ કામ કરવાનું હતું. જો કામ ન કરી શકે તો કાં તો ભારત કે પછી હકાલપટ્ટી. પોતે એ ભૂખમરો જોયો હતો અને પોતાના બાળપણ વખતની જાહોજલાલીનેય ભૂલાવે એવી જિંદગી અહીં ભોગવી હતી. મીંયાંભાઈ વટમાં આવી ગયા.

તેની પાર્ટીઓમાં આવતા એકબે વિલાયતી જુવાનિયાને એણે ખાનગી રાહે પોતાને ત્યાં બોલાવ્યા. એને એ ખબર ન હતી કે એ બેમાંનો વિલિયમસન તો એ તોફાનોમાં આગળ પડતો ભાગ લેનાર હતો. એણે જ્યારે જાણ્યું કે આ નવાબને આ તોફાનો રોકવા કરતાંય ભારત તરફ વાળવામાં વધુ રસ છે ત્યારે એણે પણ એના પેટમાં પેસીને બધી વાત કઢાવી લીધી. એણે કેટલાક પાકિસ્તાનીઓ જે બે નંબરના ધંધામાં હતા અને તોફાનો શરૂ કરવામાં કાયમ આગળ પડતા હતા તેમને મળવાનું અને તેમની સાથે સમાધાન કરવાનું ગોઠવવા એને જણાવ્યું.

નવાબજાદાને લાગ્યું કે આ તો ધાર્યા કરતાં સહેલી રીતે પતી જતું હતું. એણે પોતાના બેએક માણસોને મોકલી પેલા લોકોને બોલાવી મંગાવ્યા. વિલિયમસન અને તેમની વચ્ચે રહી પોતે આ ઝગડાનું સમાધાન કરાવી આપવા માગે છે અવી વાત એણે તેમને સમજાવી. પેલા લોકોને પણ આ નવાબજાદા વિશે થોડીઘણી ખબર તો હતી જ. તેમને થયું કે નવાબ વચમાં પડતો હોય તો સમાધાન કરવામાં કશું ખોટું ન હતું. તેમને તોફાનોમાં કયાં રસ હતો, તેમને તો તેમના બે નંબરના ધંધામાં જ રસ હતો. ને નવાબજાદાને પોતાના વૈભવ સિવાય બીજા કશામાં કયાં રસ હતો !

બે દિવસ પછી નવાબજાદાને ત્યાં એક ખાનગી પાર્ટી ગોઠવવામાં આવી. તેમાં વિલિયમસનના ચારેક માણસો ને પેલા પાકિસ્તાની ગફુરના ચારપાંચ માણસો ભેગા થયા હતા. શરાબના દોર વચ્ચે વાતોના તાંતણા ઊકલવા માંડ્યા. બેય પક્ષે પોતાની માગણીઓ રજૂ કરી.

'અમારે અમારા સમાજને આવાં તોફાનોમાંથી બચવી લેવો છે. તમારે આવાં તોફાનો કરવા પાછળ જે કારણ હોય તે અમારે જાણવાં છે અને તેનો ઊપાય કરવો છે. નવાબ સાહેબ અમારા દોસ્ત છે. અને તમારા તો એ જાતિ ભાઈ છે. એ બન્ને પક્ષની વાતો સાંભળે ને પછી જે સૂચવે તે મુજબ કરવાની અમારી તૈયારી છે.' વિલિયમસને કહ્યું.

'દેખો નવાબ સાબ અમારે કોઈ ગોરા સાથે કશો અણબનાવ નથી. જ્યારે અમારા કામમાં એ લોકો માથું મારે અને અમને જ્યારે ફટકો પડે ત્યારે જ અમારે તોફાનોનો આશરો લેવો પડે છે.'

'શામાં માથું મારે છે? મને એમાં સમજણ ન પડી.' નવાબને કશી ખબર ન જ હતી.

'નવાબ સાબ અમે એવું ભણેલા નથી કે અમને સારી નોકરી મળી શકે. અમે અમારે નાનોમોટો ધંધો કરી ખાનારા માણસો છીએ. આ લોકો પોલીસમાં અમારી ચાડી ખાય અને અમારો લાખો પાઉન્ડનો માલ સલવાઈ જાય એ ફટકો અમારા જેવા ગરીબ માણસોને ભારે પડે. પછી અમારી પાસે એમની સામે થવા સિવાય કોઈ આરો જ ના રહે.' ગફુરે ખુલાસો કર્યો. નવાબજાદાની સમજમાં હજુ એની વાત બેઠી હોય એમ લાગ્યું નહીં.

'પણ તમે પોલીસને સાચી વાત જણાવી દો તો! અહીંની પોલીસ આપણા ત્યાંની પોલીસ કરતાં તો હજાર દરજ્જે સારી છે.'

હવે ચમકવાનો વારો બન્ને પક્ષનો હતો. તેમને એ ન સમજાયું કે આ નવાબને હવે કેમનું કહેવું કે પોલીસને આ ગોરાઓ સાચી વાત જણાવી દે છે એની જ આ મહોંકાણ છે. બધા વતી વિલિયમસને ખુલાસો કરવા માંડ્યો : 'નવાબ સાહેબ તમારા જેવા સીધાસાદા માણસને આ વાત નહીં સમજાય. આ લોકોનો ધંધો જ કાળો છે. એનાથી અમારા આખા સમાજમાં ભયંકર બદી પેસી રહી છે. અમે એનો વિરોધ કરીએ છીએ અને તેમના ધંધાની પોલીસમાં ફરિયાદ કરીએ છીએ એ આ લોકોને માફક આવતું નથી. અને આમાંથી જે તંગદિલી સર્જાય છે તે તોફાનોમાં પરિણમે છે.'

'વાત એવી નથી નવાબ સાબ. આ લોકોને અમારો માલ મફતમાં પડાવી લેવો હોય છે, અમે એમને આપતા નથી એટલે તો એ લોકો પોલીસને અમારી પાછળ લગાડી દે છે. મફત આપવાનું કોઈ ધંધામાં કયાંથી પરવડે! અમારેય સામે પૈસા ચૂકવવા પડતા હોય છે.'

આ નવાબ સહેબને હજુ ફકત થોડી જ સમજણ પડી. પોતે જેને માટે આ બેય પાર્ટીઓને ભેગી કરી તેની વાત તો અધ્ધર જ રહી ને આ તો વાત આડે પાટે ચઢી જતી હોય તેમને લાગ્યું. તેમણે તેમની બારાખડી વિલિયમસનને ઘુંટાવવા પ્રયત્ન કર્યો : 'જો તમારી વાતમાં મને હજુ પૂરી સમજણ પડતી નથી પણ મારું એક સજેશન છે. વિલિયમસન, એમ ન થઈ શકે કે તમે આ તોફાનો પાકિસ્તાનીઓને બદલે તમે ઈંડિયનોને માથે ઢોળી પાડો તો ! આપણા બેય દેશ સાથેના વર્ષોજૂના સંબંધને પણ કશો વાંધો ન આવે.' ને નવાબ સાહેબની આ સમજણ પર વિલિયમસન અને ગફુર બેય વિચારમાં પડી ગયા. તેમને કેમ સમજાવવા કે આમાં તોફાનો તો પછી આવે છે. મૂળ વાત ધંધાની છે અને તેમાં સમજૂતી માટે બેય પક્ષે ભેગા થવાનું કબૂલ્યું હતું. હવે નવાબની વાતમાં ગફુર પણ ગૂંચવાઈ રહ્યો.

તેની આ બાલિસ વાત પર બધા હસી પડ્યા. 'નવાબ સાહેબ અમારે તોફાનો કરવાં જ નથી. જો એ લોકો તોફાનો શરૂ જ ન કરે તો પછી ઈંડિયનોને કે પાકિસ્તાનીઓને માથે એ ઢોળી પાડવાનો સવાલ જ નથી ઊઠતો.' વિલિયમસને કહ્યું.

'જો તમે પોલીસને અમારા ધંધાની ચાડી ન કરો તો અમારેય તોફાનો કયાં કરવાં છે ! આ તો તમે જ અમારે માથે તોફાનો મારો છો ને પછી ફરિયાદ કરો છો. અમારે તો કાયમનું સમાધાન કરી નાખવું છે. તમે કહેતા હો તો તમને હપ્તો બાંધી આપવાની પણ અમારી તૈયારી છે.' ગફુરે છેવટની વાત કરી દીધી. તેય આ નવાબજાદાનો જાતભાઈ જ હતો ને, પછી બેયની સમજણમાં મોટો તફાવત હોય જ કયાંથી!

'બધી વાત પડતી મૂકો ને હું કહું છું એમ કરો. તમે ઈંડિયનો સામે તોફાનો કરો. અમારા માણસોય ખુશ અને તમેય ખુશ.' નવાબજાદાએ પાછી પાકિસ્તાની ભાષા ચલાવી.

'માફ કરજો પણ અમારાથી એ થઈ શકે તેમ નથી. તમે કહો કે તમારા માણસો આવા ગેરકાનૂની ધંધા બંધ કરે. અમારે તોફાન કરવાની કે એનો સામનો કરવાની કશી જરૂર નહીં પડે.' વિલિયમસને છેવટનો જવાબ આપી દીધો.

'એનો અર્થ એ થયો કે તમારે તોફાનો કરવાં જ છે અને અમને લઘુમતિને પજવવી જ છે.' ગફુરે એને સામો પકડવા પ્રયત્ન કર્યો.

'અમે તોફાનો કરતા નથી. તમે તોફાનો શરૂ કરો છો અને પછી લઘુમતિનું પૂંછડું પકડી રાખો છો. તમારી એ વાત ઈંડિયનોને સમજાવજો, એ સાંભળી લેશે. અહીં તો ધોલ મારશો તો સામે લાત ખાશો, સમજ્યા ખાન સાહેબ.' વિલિયમસને રોકડી પરખાવી.

'એટલે અમારો ધંધો બંધ કરાવી તમારે તમારા ધોળિયાઓને આપી દેવો છે, એમ ને! અમે આટલા દિવસ મહેનત કરીને ધંધો જમાવ્યો એટલે તમારી દાઢ ડળકી એમ જ ને !' ગફુરને સીધી વાત કરતાં જાણે આવડતી જ ન હતી.

'તમારે જે માનવું હોય એ માનો મને એનાથી કશો ફેર નથી પડતો. જ્યાં સુધી તમારા ખોટા ધંધા ચાલતા રહેશે ત્યાં સુધી પોલીસ તમારે ત્યાં દરોડા પાડતી જ રહેશે. તમે તોફાનો કરશો તો એનો જડબાતોડ જવાબ પણ તમને મળતો રહેશે.'

પેલા નવાબજાદાને હજુ એ ન્હોતું સમજાતું કે વિલિયમસનને પાકિસ્તાનીઓને બદલે ઈંડિયનો સામે તોફાનો કરવામાં શો વાંધો હતો ! અત્યાર સુધી તેને એમ લાગતું હતું કે પોતે મધ્યસ્થી કરતો હતો પણ હવે તેને લાગવા માંડ્યું કે જે લેવલની આ વાત ચાલે છે તેમાં તો પોતે અજાણ નહીં પણ મૂર્ખો જ સાબિત થયો હતો. એને હવે પોતાની નોકરીની અને તેનાથીય અદકી એવી મફતિયા નવાબીની ચિંતા થવા લાગી. તેણે એવું પણ વિચારી જોયું કે જેમ દેશમાં કરતા હતા એમ આ વિલિયમસનને જો હજાર બે હજાર પાઉન્ડ આપીને ફોડ્યો હોય તો! એ પોતે એવા લાંચિયા ને ભ્રષ્ટ રાષ્ટ્રની પેદાશ હતો એટલે એને એ જ રસ્તો સૂઝે ને.

હવે વિલિયમસનની સાથે જે માણસો આવેલા તેમાં એક ભારતીય પણ હતો. તેણે નવાબની વાત સાંભળી અને તેને થયું કે કોઈ પણ વાતને ભારતની વિરુધ્ધ ફેરવવાની તક પાકિસ્તાન છોડતું નથી. તેને કશું કહેવાનું કે વિચારવાનું હતું જ નહીં. તેને તો ખબર હતી કે આવા નાના નાના બનાવોનો બદલો ભારત એકી સાથે જ વાળી દે છે. નવાબની સમજણ વગરની વાતોથી તેમનું માથું પાકી ગયું હતું તો બીજી બાજુ ગફુર પણ તેનાથી ઊતરે એવો ક્યાં હતો! તેના ધંધામાં કશું ખોટું હોવાની વાત સ્વીકારવા જેટલી સમજણ તેણે કેળવી જ ન હતી. અને પોલીસ તેને એવી સમજણ તેની જ રીતે આપે તે તેને રુચે તેવી વાત ન હતી.

તે દિવસે તો વાત એટલેથી જ અટકી ને બધા વિખરાઈ ગયા પણ બીજે દિવસે ગફુર એકલો નવાબજાદાને મળવા માટે આવ્યો. આગલે દિવસે જે વાત થઈ હતી તે પરથી એને એવું લાગ્યું હતું કે નવાબને તોફાનોમાં ઈંડિયનો અને ગોરાઓ સામસામે આવી જાય એવું કરવું હતું. ગફુરને લાગ્યું કે નવાબને જો શીશામાં ઉતારવામાં આવે તો એ પૈસા ખર્ચી શકે તેમ હતો. એને એ વાત ગળે ઉતારવાની હતી કે પૈસા ખર્ચવામાં આવે તો એ ઈચ્છે છે તેમ ગોરા અને ઈંડિયનો વચ્ચે તોફાનો સળગાવી શકાય તેમ છે. ને તેણે એ માટેનો પ્લાન વિચારી પણ લીધો હતો. એ પ્લાન સફળ થાય કે ન થાય પણ એમાં પોતાની હથેળી તો ગરમ થાય તેમ ચોકકસ હતું જ.

ગફુરને સામે ચાલીને આવેલો જોઈ નવાબને પોતાની આ નવાબી બચવાના સંકેત દેખાયા. તેણે કહ્યું : 'કાલે પેલા લોકો આપણી કોઈ વાત માનવા તૈયાર જ ન હતા, એટલે મારું કશું ચાલ્યું નહીં પણ આપણે એનો બીજો કોઈ રસ્તો કાઢવો પડશે.'

ગફુરને પોતાની વાત રજૂ કરવાની જાણે તક મળી ગઈ. તેણે સમડી તરાપ મારે તેમ એ તક ઝડપી લીધી : 'હું પણ આપને એ જ કહેવા માગતો હતો. અમારા ધંધાનું તો જાણે અમે ફોડી લઈશું પણ આ ગોરા અને ઈંડિયનો વચ્ચે જો સળગાવવી હોય તો એ થઈ શકે તેમ છે. હા, થોડો ખર્ચો કરવો પડે.'

'હજાર બે હજારની વાત હોય તો એમાં વાંધો નથી. જો કામ થતું હોય તો એ તો મારા ભૈ ખર્ચી નાખીએ.' તેમણે પેલી કહેવત છે ને, મીંયાંની દોડ મસ્જીદ સુધી એ સાર્થક કરી બતાવી.

'અરે નવાબ સાહેબ એટલી રકમમાં તો કોઈ એકલદોકલને ધોલધાપટ કરવી હોય તોય કોઈ એ કામ કરવા તૈયાર ન થાય. દસ પંદર હજારની વાત હોય તો એ કામ થઈ શકે ખરું.' ગફુરમીંયાંએ નવાબને પગથિયાં માંડવાની જાણે સવલત કરી આપી.

'એટલા બધા તો નહીં પણ જો મારા પ્લાન મુજબ કામ પતે તો દસેક હજાર તો હું આપી શકું. પણ એ માટે મારે ઉપર પૂછવું પડે. પૈસા મારા નથી, તમે સમજો છો ને.'

'તમારી રીતે એટલે ? તમારે કેવી રીતે કામ પતાવડાવવું છે ! મને એ સમજાવો તો એ રીતે પતાવવાની ગોઠવણ થઈ શકતી હોય તો એમ કરીએ.'

'એક ઈંડિયન છે. જો એને તમે શોધી કાઢો અને એને વધેરીને એનો ટોપલો જો આ ગોરાઓ ઉપર ઢોળી દેવાય તો અમારી બે તકલીફો એક સામટી દૂર થઈ જાય તેમ છે. અને આમ થતું હોય તો હું દસ હજાર પાઉન્ડ આપવાની ખાતરી આપું છું. જો કે એ માટે મારે પહેલાં ઉપર પૂછવું પડે, પણ એ તો હું આજે રાતે ફોન કરીને પૂછી લઈશ.' પોતાને ભેરવસિંહને સરકારી ખર્ચે જ જહાનમમાં પહોંચાડવાની જે યુકિત સૂઝી તે પર ખુશ થતાં તે બોલી ઊઠ્યો.

'તમે એનું નામ આપો અને તેને વિશે તમે જે જાણતા હો તે અમને જણાવો તો બાકીનું તો અમે ફોડી લઈશું. એને શોધી પણ કાઢીશું અને અવલ મંજિલ પણ પહોંચાડી દઈશું.' ગફુરે દસ હજારની વાત જાણી ઉત્સાહથી કહ્યું. તેને પણ આ નવાબને કે પછી એનો જે ઉપરવાળો હોય એને ખર્ચે પોતાનો ઉલ્લુ સીધો કરી લેવાની તક મળતી હોય એમ લાગ્યું. એક તો આ નવાબનો બચ્ચો દસ હજાર આપતો હતો અને પોલીસનું ધ્યાન પોતાના પરથી ખસીને ઈંડિયનો તરફ વળતું હતું.

'એનું નામ ભેરવસિંહ છે. ઈંડિયામાં એ એક મોટો લૂટારો હતો. અહીં લંડનમાં જ કયાંક સેટ થયો છે. એને શોધીને પતાવી દો તો તમારા દસ હજાર સાચા.' નવાબજાદાએ તેની સાથે વાયદાનો વેપાર શરૂ કરવા પ્રયત્ન કર્યો.

'આમાં નવાબ સાબ રોકડા વગર કોઈ કામ હાથમાં જ ના લે. આ કામ મારું નથી. મારે તો કોઈને સાધીને એ કરાવવાનું છે. તમારું કામ ચોકકસ થઈ જશે એની ખાતરી હું આપું છું.'

'મેં કહ્યું ને કે એ માટે મારે ઉપર પૂછવું પડે તેમ છે !'

'તે આજે રાતે તમે તમારા ઉપરવાળાને પૂછી લો પછી કાલે આપણે વાત કરીએ. એમને એ પણ કહેજો કે પહેલા પૈસા હશે તો જ કોઈ કામ હાથ પર લેશે.' ગફુરે પોતાની વાત પાછી પાકી કરી.

'ભલે કાલે વાત. આજે હું પૂછી લઉં છું.' નવાબે કહ્યું ને ગફુર ગયો.

તે રાતે એણે પાકિસ્તાન ફોન કરીને જણાવવા જેવી વાત એમને જણાવી. ને તેને મંજૂરી પણ મળી ગઈ. બીજે દિવસે ગ્ફુરને એણે નકકી કર્યા મુજબની રકમ પણ આપી દીધી. ને બદલામાં એને 'વધુમાં વધુ પંદર દિવસ' નો વાયદો પણ આપી દીધો. હવે નવાબને લાગ્યું કે પોતાના મનની મુરાદ પાર પડશે. તેને થયું કે આ જાસૂસીની નોકરી સારી તો ખરી. જે કરો તે બધું સરકારને ચોપડે લખાવી દેવાય જો આવડત હોય તો. હવે એણે પેલાના વાયદા મુજબ વધુમાં વધુ પંદર દિવસ રાહ જોવાની હતી. પછી પોતે બાપને આપેલું વચન પાળી શકયો નથી એવી નામોશી તેને માથેથી ઊતરી જવાની હતી. ભલે પોતાની મિલકત પાછી ન મળી પણ એના ચોરને જહાનમમાં મોકલીને બદલો તો લઈ લીધો ને.

આ તરફ ગફુરે ભેરવસિંહને શોધી કાઢવા માટે ચારે તરફ માણસો દોડાવ્યા. સાંજે અખ્તરને ખબર પડી કે ગફુરે ભેરવસિંહ માટે તપાસ કરાવવા માંડી છે એટલે તે બોસને મળવા આવ્યો. તેને હજુ એ ખબર ન હતી કે બોસે શા માટે તેની પાછળ માણસો દોડાવ્યા હતા. તેણે ગફુરને પૂછ્યું તો સાચી વાત જાણવા મળી.

'તમને ખબર છે આ ભેરવસિંહ કોણ છે એની ! આપણે જેને પેલા ડ્રગના કન્સાઈનમેન્ટ વખતે ખોટો પકડીને હેરાન કર્યો હતો અને જેની સલામતી માટે આપણે જામીન થવું પડ્યું છે એ.'

'અલ્યા મને એનું નામ યાદ ના રહ્યું ને મેં નવાબ સાહેબ પાસેથી એડવાન્સમાં પાઉન્ડ દસ હજાર પૂરા લઈ પણ લીધા છે.' ગફુરે લાચારી બતાવી.

'તે હવે શું કરીશું! એને પૈસા પાછા આપી દેવાય એમ નથી ?' અખ્તરને પોતે મનુભાને કરી આપેલા લખાણની ચિંતા હતી. પેલા વકીલે જરા સરખીય છટકબારી રહેવા દીધી ન હતી. અને પોતે પણ બીકના માર્યા તેણે જે કાંઈ કહ્યું તે બધું લખીને સહી કરી આપી હતી.

'આપણે કાંઈ શરાફની પેઢી ખોલી છે કે પાછા આપવા જવાય ! ખાઈ જઈશું, એ નવાબ શું કરી લેવાનો હતો !' ગફુરે અસલ મીંયાંભાઈવાળી વાત કરી. એક તો આ ગોરાઓએ એમના અડ્ડા પર રેઈડ પડાવી ત્યારથી ધંધો લગભગ બંધ જેવો થઈ ગયો હતો અને વકીલોના ખર્ચા શરૂ થઈ ગયા હતા. કડકી બરાબરની બોલતી હતી તેમાં આ હાથમાં આવેલા દસ હજાર જતા કરાય ખરા !

બહુ વિચાર કરતાં એમને એક રસ્તો સૂઝ્યો. જો ભેરવસિંહને કહીને પોલીસમાં એક ફોન કરાવ્યો હોય કે નવાબ મૈયુદ્દીન એ પાકિસ્તાની જાસૂસ છે તો આ નવાબનો બચ્ચો એની લંગાટી ભૂલ્યો લૂંગી સચવવાની ફિકરમાં એવો પડી જશે કે એમની પાછળ પડવાનો એને વખત જ નહીં મળે. બેયને એ વિચાર ગમી ગયો. ને તે જ સાંજના તેમણે ભેરવસિંહને પકડ્યો. નવાબજાદો અહીં લંડન સુધી આવ્યો જાણી તે પહેલાં તો ગભરાઈ જ ગયો પણ આ બે જાણની વાતથી અને તેમની હિંમતથી તેને શાતા વળી. ને વાત પતી ગઈ. એક ફોન થઈ ગયો ને પોલીસ નવાબજાદાની પાછળ પડી ગઈ.

એને ઘેર રેઈડ પડી અને એવા થોડા પુરાવા મળ્યા કે તેને સીધી હવાલાતની કોટડી જોવી પડી. અખ્તર અને ગફુરને પેલા સરકારી પૈસા પચી ગયા. નવાબજાદા મૈયુદ્દીનને જેલની કોટડી સદી કે નહીં એની તો ખબર નથી.

થોડા દિવસ પછી ભેરવસિંહે મનુભાને આ આખી વાત વિગતવાર લખી જણાવી. અખ્તર અને તેનો બોસ ગફુર તેની સલામતીની ચિંતા કરતા હતા એટલે તેને હવે નિરાંત હતી તથા પોતે પેલી દુકાન ખરીદવાનું પાકું કરી નાખ્યું છે એ વાત પણ એણે કાગળમાં જણાવી હતી.

અનુક્રમ ⇒

૨૨ઃ-જાનકીની સલાહ સૌને ગમી

કેસરીસિંગની પેલી નવી મોટેલ તૈયાર થઈ ગઈ હતી. એણે ‘હોલી ડે ઈન’ની ફ્રેન્ચાઈઝ લીધી હતી. એ અખા ઘરમાં જો કોઈ ભણેલું કહેવાય એવું જણ હોય તો તે જાનકી હતી. એ દેશમાંથી તો થોડું જ ભણીને વિલાયત આવેલી પણ ત્યાં એણે હાઈસ્કૂલ પૂરી કરેલી. પાછી આટલાં વરસથી વિલાયતમાં રહેલી એટલે તેનામાં ઘણી ફૂનેહ આવી ગઈ હતી. તેને મોટેલ સંભારવાની જવાબદારી બધાએ સાંપી હતી. તેને મદદ કરવા માટે એક દેશી જુવાનીઆને રાખી લીધો હતો. ને મોટેલ સારી ચાલતી હતી.

વિજયને પગલે એ ઘરનાં જાણે માન મરતબો પણ વધી ગયાં હતાં. નાક ઊંચું રાખીને ફરતાં કેટલાંક માણસોય હવે જાનકી ને રેવામાની ખબર પૂછવા આવી જતાં હતાં ને વિજયને રમાડી જતાં હતાં. કુલદીપ પણ હવે હોલી ડે ઈનનો માલિક થયો હતો એટલે એ લોકો એનેય હવે આદરથી જોતાં, બોલાવતાં અને માન આપતાં થયાં હતાં. આખા દેશીઓના સમાજમાં રેવામા કરતાં મોટી ઉંમરનું કોઈ હતું નહીં એટલે રેવામાને બધાં પોતાના ઘરનાં જ વડીલ હોય એમ માન આપતાં હતાં.

આ બધા સંબંધો ને માનપાન જોઈને એ બે વડીલો કયારેક મનમાં પોરસાઈ જતાં હતાં ને વિચારતાં હતાં : આખી જિંદગી અમેરિકામાં કાઢી પણ આવો સુખનો સમો કયારેય જોયો ન હતો. રેવામા કદીક ભગવાનને કહેતાં પણ ખરાં : આ કુલદીપને તેં આટલાં વરસ કયાં છુપાવી રાખ્યો હતો ! જો એને પાંચ હાત વરહ વહેલો મોકલી આપ્યો હોત તો આજે આખું ન્યૂ યોર્ક એણે સર કર્યું હોત. તોય ભગવાન સૌ સારું જેનું છેવટ સારું. તે અમારી પાછલી જિંદગી તો એવી સુધારી દીધી છે કે હવે તો મોત આવે તોય મનનો કશો અભરખો બાકી નથી રહ્યો.

ને ભગવાનેય રેવામાની આ વાણી સમજતો હતો ને. હવે રેવામાને ઊઠતાં ને બેસતાં એક જ રઢ રહેતી હતીઃ મારો વિજય ઝટ મોટો થઈ જાય અને એને પરણાવી લઉં પછી ભગવાન મોત આલે તોય વાંધો નથી.

કદીક કુલદીપ એમનો બબડાટ સાંભળી જતો તો કહેતો : 'પછી માડી, વિજયનાં પોયરાંને રમાડીને જ જજો ને. શી ઉતાવળ છે જવાની.'

ને રેવામા એની પર અકળાઈ ઊઠતાં : ' ટારે ટો મને ઘનીય મારી લાખવી ઓહે પન હું મારા નાનલાને પૈણાવ્યા વના મરવાની નથી તો. ટું ટારે ડારા ગણ્યા કરની.'

'હું દા'ડા શું કરવા ગણું મારે તો હજુ તમારી જરૂર છે. વિજય સ્હેજ મોટો થઈ જાય એ કેડ્યે વાંધો નહીં.' કુલદીપ કહેતો ને રેવામા મનમાં હસી રહેતાં.

'મને જાનકી કે'ટી ઉટી કે ટારે કોઈની હાર્યે દેશમાં પાડાખાર છે, ટે કજિયાનું મ્હોં કાળું કર નીં. આપણી પાંહે કીયાં ખોટ બળી છે! કોઈનો પૈહો આપણે શું કરવો છે. જેનો હોય એને આલી દે ને.' રેવામા બોલ્યાં. કુલદીપને લાગ્યું કે હવે રેવામાને ચોપડે ચઢી ગયા એટલે એ ડોહી છાલ છોડશે નહીં. એને જાનકી પર ગુસ્સો આવ્યો. એમણે નકકી કર્યું હતું કે એ બે જાણને એમાં વચમાં નાખીને દુખી કરવાં નથી. હવે જાનકીએ જ રેવામાને વચમાં નાંખીને બધો પોપડો ઉખેડ્યો હતો.

'જાનકીએ તમને બધું કહ્યું હશે. એને જ પૂછો ને કે હવે એનું કેમનું કરવાનું છે. આપણા ઘરમાં એ જ તો બધી વાતે હોંશિયાર છે.'

'ટે એનેય પૂછી લયહું. અટ્યારે ટો ટું જ જવાબ આલ ને કે એનું કેમ કરવાનું છે. મારે ટારે માથે કોઈનું વેર ગજતું નીં ચાલે.'

'તે કોઈ તારા આ દીકરાને ખાઈ નથી જવાનું. વખત આવશે ત્યારે બધું થઈ રહેશે.' કુલદીપે રેવામાને ઠંડાં પાડવા કહ્યું.

'ટે વખટ કીયારે આવવાનો છે! હું મરું પછી! મારે એક મહિનામાં બઢી વાટનો ફેંસલો થઈ જવો જોએ. જેના પૈહા હોય એને આલી દેવાના.'

'એ કેટલા પૈસા છે એની ખબર છે તમને સાસુ વહુને કે પછી મારી પાછળ જ પડી ગયાં છો. આપણી નવી મોટેલ છે એવી તો એમાંથી સો મોટેલો બંધાય એટલા બધા પૈસા છે. અને તમે માનો છો એના એ પૈસા નથી. પૈસા તો સરકારના છે.'

'ટે હું કયાં કહું છું કે કાળા ચોરને એ આલી દે. સરકારના હોય તો સરકારને આલીને નવરો થઈ જા. આપણે એમાંઠી કાણી પાઈએય જોયટી નઠી.'

'હુંય એ જ વિચારું છું. મહિનામાસમાં એનો ફેંસલો કરી નાખીશું, બસ!' કુલદીપે કહ્યું. ને રેવામાને દિલે ટાઢક વળી. કુલદીપે કહી તો દીધું પણ એ કેમ કરવું તેનો આછોપાતળો ખ્યાલેય તેના મનમાં એ વખતે ન્હોતો. અને હવે તો એનું પેલું બહાનું 'પડશે એવા દેવાશે' પણ ચાલે તેમ ન હતું, કેસ રેવામાની કોર્ટમાં પહોંચી ગયો હતો ને. હવે તો એણે જે કરવું હોય એ ઝડપથી કરવું પડવાનું હતું.

તે સાંજે એણે જાનકીને પકડી : 'તેં માને પૂછડું પકડાવી દીધું તે હવે તું જ રસ્તો બતાવ કે હવે કેમ કરવું. મને તો પેલું સાપે છછુંદર ગળ્યા જેવો ઘાટ થયો લાગે છે. ગળી જવાય નહીં કે છોડી દેવાય પણ નહીં. બેય પાસ મોત વરતાય છે.'

'તમારે શું કરવું છે એ કહો એટલે એનો ઉપાય બતાવું. એમાં ડરવાની કોઈ વાત જ નથી. ઊલટું નામ થાય એવું છે.' જાનકીએ આંખો નચાવી. કુલદીપને આમાં કોઈ રસ્તો જણાતો ન હતો ને પેલી નામ કમાવાની વાત કરતી હતી. કુલદીપને લાગ્યું કે જાનકી પાસે કોઈ ચોકકસ પ્લાન હોવો જોઈએ. તેણે જાનકીની આગળ નમતું જોખ્યું.

'તું કહે એમ જ મારે કરવું છે એમ માન.'

'મેં દેશમાં ગયાં હતાં ત્યારે બૅંક મેનેજર સાથે વાત કરીને બધી તપાસ કરી લીધી હતી. જો આવા કોઈ બીન વારસી કે ચોરાયેલા ખજાનાની માહિતી સરકારને આપીએ તો સરકાર એના બદલામાં એના દસ ટકા રકમ ઈનામ તરીકે પાછી આપે છે.'

'પણ આપણે તો એમાંનો પૈસોય જોઈતો નથી.' કુલદીપ વધુ ગૂંચવાયો.

'એમાં જ ખરી ખૂબી છે. આપણે જે પૈસો ના જોઈતો હોય એ જેને જોઈતો હોય એને માટે વાપરી નાખીને નામ કમાઈ લેવાનું. પણ તમને એ પહેલી નજરે નહીં દેખાય. મારે તમને બધું વિગતવાર સમજાવવું પડશે.'

'તે સમજાવ ને. તું જે ભણાવે એ ભણવાની તૈયારી છે મારી.' કુલદીપને એક બાજુ નાનમ લાગતી હતી તો બીજી બાજુ જાનકી શો ઊકેલ કાઢે છે એ જાણવાની ઈંતેજારી પણ થતી હતી.

'જો આપણે સરકારને એ ખજાના વિશે માહિતી આપી દઈએ તો સરકાર એ ખજાનાનો કબજો લઈ લે અને આપણને એના દસ ટકા પાછા આપે. આપણે એ દસ ટકાના પૈસાને હાથ પણ લગાડવાનો નહીં. આપણે બૅંકમાં બેત્રણ ટ્રસ્ટીઓની સહીથી ચાલે એવું એક ખાતું ખોલાવીને એ રકમ એમાં જમા થાય એમ ગોઠવવાનું. પછી એ ટ્રસ્ટીઓ આપણે નકકી કરેલાં કામો માટે એ રકમ વાપરે.'

'હવે જો તેં આટલુ બધું વિચારી રાખ્યું છે તો એના ટ્રસ્ટીઓનાં નામો પણ તેં વિચાર્યાં જ હશે. અને કયા કામમાં એ પૈસા વાપરવાના છે એ પણ તેં નકકી કરી રાખ્યું હશે.'

'જો હું બધાને ઓળખતી નથી પણ બે નામ તો મને બરાબર લાગે છે. એક તો બૅંક મેનેજર અને બીજા મનુભા. બાકીના તમે કહો એ ત્રણ બીજા.'

'ને કામ!'

'જે ગામમાંથી આ ખજાનો મળ્યો એ ગોમતીગઢ ગામની કાયાપલટ. પહેલાં તો તારા જૂના સાથીદારોને દરેકને એક લાખ રૂપિયા રોકડા આપી દેવાના એટલે તારે કે ભેરવસિંહ માટે એમનાં દિલમાં કશો વેરભાવ ન રહે ને એ લોકો સારે માર્ગે વળે. પછી બાકીના પૈસામાંથી ગામમાં નિશાળ, દવાખાનું, રસ્તા, લાઈટ, પાણીના નળ વગેરે કામો કરવાનાં.'

'પણ એમાં તો ઘણા બધા પૈસા જોઈએ. સરકારમાંથી કેટલા મળે એમ તને લાગે છે!'

'જો તમે કહો છે એટલાનો એ ખજાનો હોય તો પચાસ લાખ તો મળે જ ને. વળી સારા કામમાં સરકારી ચોરીની છૂટ એમ ગણી એ તો તમારી પાસે પડ્યા છે એ બાર લાખ રૂપિયા બરોબાર જ તમારા સાથીદારોને આપી દઈએ તો ગામને ફાળે એટલા વધુ આવે. ને પચાસ લાખમાં તો આખા ગામની કાયા પલટ એવી થઈ જાય કે ન પૂછો વાત.

'તારી વાત મને પસંદ પડી પણ બીજાં નામો મને યાદ આવતાં નથી. જે રસ લઈને આ બધાં કામ કરાવે એવા માણસો જોઈએ.'

'એવા માણસો તો મેં બતાવ્યા. હવે તમને જો બીજાં નામો યાદ ન આવતાં હોય તો હું જણાવું. ભેરવસિંહ, હોટેલ મેનેજર અને તમે. થઈ ગયા પાંચ જણા.'

મેનેજર તો બરાબર છે.ભેરવસિંહ પણ બરાબર કારણ કે આ બધાની શરૂઆત એનાથી જ થઈ છે. એ ન હોત તો આમાંનું કાંઈ જ થયું ન હોત. પણ મારું એમાં કામ નહીં અને મને એવું બહુ ફાવે પણ નહીં. મારે બદલે તારું નામ એમાં લખજે. અને કયારેક આપણા તરફથી બે પૈસા ઉમેરવા પડે તો પણ વગર સંકોચે ઉમેરજે.'

'એમાં તમારું જ નામ શોભે. છતાં વાંધો નહીં વખત આવ્યે બધું થઈ રહેશે. મારો વિચાર તો આપણા વતી માનું જ નામ લખવાનો હતો પણ એમને આ ઉંમરે એવી દોડાદોડીમાં નાંખવાં નથી. બાકી એ જે કામ માથે લે એ પૂરું કરીને જ રહે ને એ હોય તો બધા ખંતથી કામ પણ કરે.' જાનકીએ કહ્યું.

'મને લાગે છે કે એટલા પૈસામાં ઘણું બધું કામ થઈ શકે. ભેરવસિંહને પહેલાં કદાચ મરચાં લાગશે પણ બધાની સાથે એ પણ થોડા જ વખતમાં રંગાઈ જશે. વળી બીજા સાથીદારોને પણ પૈસાની બાબતમાં ચિંતા ઓછી થઈ ગઈ હશે એટલે એ બધા પણ કામમાં જોડાઈ જશે. મને ખબર છે ત્યાં સુધી ભેરવસિંહ પણ હવે સારું કમાતો થયો છે. ને છતાં એને ભીડ હશે તો બધાની જેમ તેને પણ કોઈ મોટી રકમ આપીને તરતો કરવો પડશે.'

'એટલે જ કહું છું કે એમાં તમે હો તો ઘણો ફેર પડે. અને તમે હો તો આખું ગામ પણ તમારી સાથે કામમાં જોડાય.'

'ઠીક, પણ હવે કરીશું કેમ! પહેલાં તો મને લાગે છે કે આપણે દેશમાં જવું પડશે.'

'આપણે નહીં, તમારે એકલાએ જ. મારે અહીંનું સંભાળવાનું છે ને.'

'જો જવું જ હોય તો આપણે બેયે સાથે જ જવાનું છે. જઈને પહેલાં તો મનુભાને હાથમાં લેવા પડશે. એ ભેરવસિંહના ગૉડ ફાધર બની ગયા છે તે એમના મનમાં વાત ઉતારવી પડશે કે આ શાપિત ખજાનામાંથી એક પૈસોય મારે જોઈતો નથી, તેમ ભેરવસિંહને પણ હવે એની જરૂર નથી. પછી એ માણસ ભલા છે એટલે એમને ગામના હીતની વાત ગળે ઉતરતાં બહુ વાર નહીં લાગે. વળી ભેરવસિંહની ટોળીના બીજા માણસોને પણ મોટી રકમ મળવાની છે એટલે તેમના હીતસ્વી તરીકે પણ તેમને ફાવતી વાત છે. આ બધું જોતાં એ પણ આપણી વાતમાં સંમત થઈ જશે.' હવે કુલદીપને પણ રંગ લાગ્યો હતો.

'કાલે માને વાત કરીએ પછી દેશમાં જવાનું ગોઠવીએ.' જાનકીએ કહ્યું. જે કાંઈ વાત થઈ તેનાથી બેયને સંતોષ થયો હતો. કુલદીપ તો જાનકીની સૂઝ પર વારી ગયો હતો.

બીજે દિવસે જાનકીએ માને વાત કરી તો એ તો હરખનાં માર્યા જાણે ગાંડાં જ થઈ ગયાં. 'હું કેવારેની કહેટી ઉટી કે મારી વહુની હમજણ આગળ ટારી આવડટ પાણી ભરહે. લે એણે જ મારગ કાયઢો કે નીં. ટારા એ વેરને વહાલમાં બડલી લાયખું કની.'

'એ બધું તમારું જ પઢાવેલું જ ને. મારે તો ગમે તેમ કરીને મારી ડોહીને રાજી રાખવી હતી તે બધું એણે જેમ કહ્યું તેમ મેં હા ભણી દીધી.'

'ટે ટારી પાંહે એનાઠી હારો મારગ હોય ટો કહે નીં. ટું ટારે મોટલું હંભાયરા કર વેવારની વાટમાં મારી વહુ આગળ ટારો ગજ નીં વાગે.' રેવામાએ જાનકીનો પક્ષ ખેંચ્યો.

ને એક અઠવાડિયામાં મોટેલ અને ફેક્ટરીનું કામ ગોઠવી ને બેય જણ દેશને રસ્તે પડ્યાં. પહેલું સ્ટેશન મુંબઈ. બૅંક મેનેજરને ને હોટેલ મેનેજરને બધું સમજાવ્યું. તેમને માથે મોટી જવાબદારી નાખવાની છે એ વાત તેમને સમજાવી. કેપ્ટનનું કોઈ પણ કામ હોય તો એ બન્ને તો તૈયાર જ હતા. વળી આ તો બૅંકરને મનગમતી વાત હતી. આવા મોટા કામની સાથે પોતાની બૅંકનું નામ સંકળાય એનાથી રૂડું શું. તેમણે કહ્યું આવું મોટું કામ એક ગામમાં થવાનું હોય તો એ ગામનો તો જાણે ઉધ્ધાર જ થઈ જાય. હું મારી હેડ ઑફિસે જઈને વાત કરીશ ને બનશે તો તમારા ગામમાં અમારી બૅંકની એક શાખા ખેલવા માટે તેમને સમજાવીશ.'

'એવડા નાના ગામમાં તમારી બૅંક ચાલે ખરી!'

'કેમ ના ચાલે. જુઓ તમારી સમજણમાં એ વાત નહીં આવે પણ તમે પેલા પંદર જણને પંદર લાખ આપવા માગો છો ને. હવે દરેકના હાથમાં લાખની થોકડી મૂકવાને બદલે બૅંકની રસીદ જ પકડાવી દઈએ તો એમના એ પૈસા સચવાશે. એના વ્યાજમાંથી ઘર ચાલશે ને થોડા ખૂટશે તો એ કમાવાની તેમને દાનત થશે. કોઈકને એમાં હજાર ઉમેરવાનીય ઈચ્છા થશે. બાકી લાખ રૂપિયાની થોકડી એ અભણ માણસોના હાથમાં મૂકશો તો વરસમાં તો પગ કરી જશે.'

'પણ પહેલાં એક વખત પૈસા સરકારમાંથી આવે તો ખરા.' કેપ્ટને શંકા રજૂ કરી.

'એવી વ્યવસ્થા મારી બૅંકે પહેલાં પણ કરેલી છે. પહેલાં તો આપણે એક ટ્રસ્ટ બનાવવાનું રહેશે, એક વખત તમારો ખજાનો સરકારને મળશે તો અમારો માણસ પહેલેથી જ તેમની સાથે રહેશે. ખજાનો ગણાશે અને પંચનામું થશે તેમાં પણ અમારો માણસ હાજર હશે અને પંચનામામાં તેની સહી પણ થશે. પછી અમારી બૅંક આપણા ટ્રસ્ટના દાવેદાર

તરીકે ઈનામની રકમ મેળવી લેશે ને એ રકમ આપણા ટ્રસ્ટના ખાતામાં જમા થશે. આપણે જે બે કે ત્રણ જણ નકકી કરીએ એમની સહીથી આ ખાતામાંથી પૈસાની લેવડદેવડ થઈ શકશે.'

'મારો એક દોસ્ત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે અને ઘણી બધી જાહેર સંસ્થાઓના હિસાબો પણ રાખે છે. એને આવું ટ્રસ્ટ બનાવવા અંગે માહિતી હશે. તમે કહેતા હો તો આજે સાંજના એને અહીં જ બોલાવી લઈએ.' હોટેલના મેનેજરે પોતાની હંમેશની ટેવ મુજબ કહ્યું. ને કેપ્ટનને તો એના દોસ્તોનો સારો અનુભવ થયેલો જ હતો. તેમણે તેને એમ કરવા સૂચવ્યું.

'જો માલતીબેન સાંજનાં ફ્રી હોય તો મારે થોડું શોપિંગ કરવું હતું.' મોકો જોઈ જાનકીએ મેનેજરને કહ્યું. ને મેનેજર ધન્ય થઈ ગયો. 'અરે ફ્રી કેમ ના હોય. આપનું કામ હોય તો એ તો દોડતી આવે. મને કયારનું યાદ ન આવ્યું. તમે આમારી વાતોમાં બોર થતાં હશો એ. હમણાં જ ફોન કરી દઉં છું.'

'એવી કશી જરૂર નથી. એ કાંઈ બોર થતી નથી. ઊલટાનો હું બોર થાઉં છું. આ આખો પ્લાન એનો જ છે. મારે તો ખાલી જ સાથે આવવું પડ્યું છે.' કેપ્ટને મેનેજરને કહ્યું. પણ અચકાતા મેનેજરને જાનકીએ ફરીથી ટકોર કરી કે મેનેજર ફોન કરવા મંડી પડ્યો. કેપ્ટને પણ આ વખતે વાંધો ન લીધો. એ મનમાં જ હસી રહ્યો.

'તમે શોપિંગ કરતાં નવરાશ મેળવીને બહાર કયાંક જમી લેજો. ને અમેય કયાંક કાચું કોરું ખાઈ લઈશું.' તેણે મીઠી ટકોર કરી. થોડી વારમાં માલતીબેન આવ્યાં એટલે બન્ને જણાં શોપિંગ માટે ઊપડી ગયાં.

'હું પેલા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટને ફોન કરી દઉં. પછી બહાર ખાઈ આવીએ. પણ આજે છેલ્લી જ વાર. આજથી આપને રહેવાનું ને ખાવાનું મારે ત્યાં જ.' હોટેલ મેનેજર બોલી ઊઠ્યો.

'ભલામાણસ ઘેર ખાવાથી શું વધું છે! ઘણે વખતે મળવાનું થાય છે તે આપણે આપણી રીતે માણીએ ને પેલી બધી બેનપણીઓ એમની રીતે હરે ફરે. બાકી અહીં હોય કે અમેરિકામાં હોય બૈરાંને તો કાયમ કામનું કામ જ હોય છે ને! કાલથી રેણુકાબેનને પણ સવારથી એમની સાથે જોડી દેજો. ભલે ને હરે ફરે ને થોડા પૈસા વાપરે. કમાવાનું તો આખી જિંદગી છે જ ને.'

'ભલું હશે તો એ બે અત્યારે મારે ત્યાં જ બેઠાં હશે ને હજુ તો કઈ બાજુ જવું એનો પ્લાન કરતાં હશે. બાધામાં તમે આવ્યા ત્યારથી બધાંને સારી કંપની થઈ ગઈ છે.' બૅંક મેનેજરે કહ્યું.

'હવે તો તમારી મહેમાનગતિ માણતા પહેલાં એક વાત પાકી કરી લઉં કે આ ઉનાળામાં આપણાં ચારેય ફેમિલીને અમેરિકા આવવાનું છે. એમાં કશું બહાનું નહીં ચાલે. બધાંની ટિકિટ હું મોકલીશ. બધાંને આખું અમરિકા બતાવવું છે. બૈરાંને બપડાંને ઘરની બહાર જવાનું કેટલું મન હોય! હવે કોઈ બહાનું નહીં ચાલે.' કેપ્ટને કહ્યું.

સાંજે પેલી બેનપણીઓ સામે આ વાત કરી તો એ તો હરખની મારી જાનકીને ભેટી જ પડી. તરત જ પેલી બાકીની બેને ફોન થઈ ગયા ને કેપ્ટન સાહેબ આવ્યા જાણી મારફતિયો અને ટ્રાવેલ એજન્ટ બેય સજોડે આવી પહોંચ્યા. બધાં બહાર જ જમ્યાં ને ઉનાળાની રજાઓમાં બધાંને સહકુટુંબ અમેરિકા આવવાનાં નોતરાં દેવાઈ ગયાં. ટિકિટો તેમને મળી જશે, બાકીની તૈયારીઓ અત્યારથી જ શરૂ કરી દેવાની સૂચના બધાને અપાઈ ગઈ.

બાકીના પાંચસાત દિવસ તો ક્યાં ગયા તેની કોઈને જાણે સમજણ જ ન પડી. પરુષો તો પોતાનાં કામ પતાવીને સાંજના મળતા પણ પેલી પાંચ જણીઓ તો જાણે આખું મુંબઈ ધૂમી વળી. પરુષોમાંથીય કોઈ ને કોઈ તો દિવસેય કેપ્ટનની સાથે હાજર હોતો જ.

કેપ્ટને મનુભાને ફોન કરીને પોતે તેમને મળવા માગે છે એમ જણાવી દીધું હતું. મનુભાએ પણ કેપ્ટન કુલદીપસિંહ વિશે પોતાની રીતે કેટલોક વખત પહેલાં તપાસ કરાવી લીધી હતી અને તેમણે જે જાણ્યું હતું તે એને ગુનેગાર માનવા કરતાં ભલો માણસ માનવો પડે એવું હતું. મનુભાને જ્યારે એનો સામેથી ફોન આવ્યો ત્યારે એમને મનમાં થોડી ગૂંચવણ પેદા થઈ. અત્યાર સુધી તો એ તેને ભેરવસિંહના દુશ્મન તરીકે જ ઓળખતા હતા. તેમને થયું કે એ જ્યારે સામેથી ફોન કરીને મળવા આવવા માગે છે ત્યારે કશી અગત્યની વાત હશે. તમને થયું કે એ ભેરવસિંહની વિરુધ્ધની ન હોય તો સારું. પણ એમની રજવાડી રીત મુજબ એમણે સામેથી ભાવભર્યું આમંત્રણ આપી દીધું ને સ્ટેશન પર તેમને લેવા માટે પોતે ગાડી મોકલશે એમ પણ જણાવી દીધું.

પેલા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટને ટ્રસ્ટ બનાવવાની બધી વિગતો સમજાવી દીધી હતી તે મુજબનાં કાગળિયાં તે કરી લાવ્યો તેમાં પોતાની સહી કરી આપી ને બાકીનું બધું કામ પેલા દોસ્તોને માથે છોડીને તેણે મનુભાને ત્યાં જવા ટ્રેન પકડી. તેણે પહેલી વખતે ઈંગ્લેન્ડ જવાની તૈયારી કરતો હતો ત્યારે હોટેલના મેનેજરે આપેલો ગુરુમંત્ર દિલમાં કંડારી રાખ્યો હતો. નવી ઓળખાણ કરવા કે જૂની ઓળખાણ તાજી કરવા માટે તેમને માટે સાથે ભેટ લઈને જવી જોઈએ. તેણે અમેરિકાથી નીકળતા પહેલાં મનુભાને લાયક ચીજ ખાસ પસંદ કરીને ખરીદી લીધી હતી. તેણે તેમને માટે ચાંદીની કલાત્મક ટ્રે અને તેની અંદર બેલ્જીયમના ક્રિસ્ટલગ્લાસના વ્હીસ્કીના એક ડઝન ગ્લાસ, એની સાથે શોભે એવી એક કલાત્મક સુરાહી, તેના મેચીંગમાં ચાંદીના આવરણવાળી એક અઈસ બકેટ અને બાઈટિંગ મૂકવા માટેનું ચાંદીનું કલાત્મક બાઉલ લીધાં હતાં. તેને ખાતરી હતી કે તેમને એ પસંદ પડશે અને પોતાની શુભનિષ્ઠાની તેમને પ્રતીતિ થશે. તેને મનુભા વિશે જે જાણકારી હતી તે મુજબ તે દિલેર દિલના માણસ હતા.

મનુભાએ જાણાવ્યું હતું તે મુજબ તેમનો ડ્રાયવર ગાડી લઈને સ્ટેશન પર હાજર હતો. તેણે સલામ ભરી ને સામાન ગાડીમાં મૂકયો. રસ્તે જતાં તેણે કેપ્ટનને મુસાફરીમાં કશી અગવડ તો ન્હોતી પડી ને એવી મમતાભરી પૃછા કરી. ડ્રાયવર માનવંતા મહેમાનોને લાવવા મૂકી આવવાનાં કામોમાં ઘડાઈને રજવાડી રીતભાત શીખી ગયેલો હતો.

મનુભાના મહેલે પહોંચ્યા તો મનુભા મહેમાનને આવકારવા ઊભા થઈ ગયા : 'આવો આવો કેપ્ટન, કેમ છો.' તેમણે પૂછ્યું.

'ભા મને ભોંઠામણ લાગે. આપ બેસો પછી ડેલીનું પથિયું મારાથી ચઢાય.' તે બોલી ઉઢ્યો. ને પોતાનો સામાન લઈને મહેલમાં મૂકવા જતા માણસને એક પકેટ બતાવી કહે : 'એ અહીં જ રહેવા દે, એ બાપુને માટે છે.' ને તેના હાથમાંથી એ પેકેટ લઈ તેણે મનુભાના પગ પાસે મૂકી દીધું.

'શું છે આ બધું !' મનુભા ગૂંચવાતા બોલી ઉઠ્યા.

'ભા, કહેવત છે કે ભગવાનના મંદિરમાં ને રાજવીના દરબારમાં ખાલી હાથે ન જવાય. આપને લાયક ચીજ જોઈ તો થયું કે આપને ત્યાં એ શોભશે. તે અમેરિકાથી લેતો આવ્યો છુ.'

'એ પછી જોઈશું પણ પહેલાં બેનને અંદર બા પાસે લઈ જાવ. ને રામજી સાચવીને આ પેકેટ ખોલ. કેપ્ટન મન કરીને લાવ્યા છે તો ભલે ઓખો ડાયરો જુએ.' તેમણે કહ્યું ને રામજીએ એ પેકેટ ખોલ્યું. અંદરથી જેમજેમ ચીજો નીકળતી

ગઈ તેમ ડાયરાના મ્હોંમાંથી જાતજાતના અવાજો આવવા લાગ્યા. બધું મનુભાની સામે ટેબલ પર ગોઠવાઈ ગયું કે મનુભાય દંગ થઈ ગયા. અસલ રજવાડી રાચ જોઈ એમને જૂની મહેફિલ યાદ આવી ગઈ.

'કેપ્ટન મન કરીને લાવ્યા છો, ચીજ પરખીને લાવ્યા છો પણ હવે આ ચીજને લાયક મહેફિલ કયાં છે!'

'બાપુ આપની મહેફિલની વાતો સાંભળીને તો આ બધી ચીજો ગોતીને એકઠી કરીને ખાસ લાવ્યો છું. હજુય આપના ડાયરાની રંગત એવી જ જળવાઈ રહી છે એટલે તો આ લાવ્યો છું.' કુલદીપે કહ્યું ને ડાયરો પણ 'હા, હા' કરી રહ્યો.

'કેપ્ટન કુલદીપ થાકયા હશે. પહેલાં હાથ મ્હોં ધોઈ તાજા થાવ પછી શાંતિથી બેસીને તમારી વાત સાંભળીએ.' મનુભાએ એને અંદરના ખંડમાં જાતે દોર્યો.

અંદર પેસતાં જ કુલદીપ કહે : 'બાપુ, નહાવાધોવાની વાત પછી, પહેલાં તો હું જે કામ માટે આવ્યો છું એની વાત કરી લઉં. આપ જરા આરામથી બેસો એટલે વાત કરું.'

મનુભા કહે : 'ચાલો એમ તો એમ. કહો શું કામ માટે આવ્યા છો ?' તે અંદરના સુખાસન પર બેઠા અને સામે કુલદીપને બેસાડ્યો.

'બાપુ તમને તો ખબર જ છે કે પેલો નવાબી ખજાનો ભેરવસિંહ પાસેથી મેં હડપ કર્યો હતો. હવે વાત એવી થઈ છે કે હું અને ભેરવસિંહ બન્ને એ ખજાના વગર પણ સુખી છીએ. એટલે મેં એવો વિચાર કર્યો છે કે એ આખો ખજાનો સરકારમાં સોંપી દેવો અને એના ઈનામની જે રકમ સરકારમાંથી મળે તે ગોમતીગઢના વિકાસમાં વાપરવી. આ ખજાનો ઘણો મોટો છે, એટલે લગભગ પચાસ લાખ રૂપિયા ઈનામના જ મળશે.'

'તમારો વિચાર સારો છે.'

'આ ખજાનામાં જે રોકડા બારેક લાખ હતા એ મેં મારી પાસે જુદા રાખી લીધા હતા એય બૅંકમાં પડ્યા પંદર સોળ લાખ થઈ ગયા હશે. આ બધા અમારા સાથીદારોને દરેકને એકએક લાખ આપીને તેમને પણ સારે રસ્તે ચાલવાની સવલત કરી આપીએ. મારે એમાંથી એક પૈસોય રાખવો નથી પણ ભેરવસિંહની સ્થિતિ હું ધારું છું એવી સારી ન હોય તો એને માટે પણ પાંચેક લાખ કાઢી આપીએ.'

‘વાહ કેપ્ટન ખરી દિલેરીની વાત કરી. ભેરવસિંહને પણ આમાંથી એક પૈસોય લેવા નહીં દઉં. એને જો ભીડ હશે તો આપણે બેઠા છીએ તો એને હાથ પકડીને ઊભો કરી દઈશું. આખા ગામની કાયાપલટ થઈ જાય, રંગ છે કેપ્ટન.'

'બાપુ, કેપ્ટન નહીં, તમારો કેસરી. ને આપ મને તમે તમે કરીને ભોઠામણ ના આપશો. મને તુંકારીને બોલાવશો તો એમાં વધારે વહાલ વરતાશે, બાપુ. ને એક ખાસ વાત કહેવાની રહી ગઈ. મેં મુંબઈમાં એક ટ્રસ્ટ પણ કરાવ્યું છે તેમાં આપ પ્રમુખ, હું, ભેરવસિંહ, ને મુંબઈના મારા બે દોસ્તો છે; એક બૅંક મેનેજર છે અને બીજો હોટેલનો મેનેજર છે. એ બૅંકવાળો બહુ ચોકકસ છે. એણે એની બૅંકની એક શાખા આપણા ગામમાં ખોલવા માટે પણ હેડ ઑફિસમાં ખટપટ શરૂ કરી દીધી છે, હવે આપની લાગવગ પહોંચતી હોય અને આપ જો એની હેડઑફિસે થોડી ટકોર કરો તો એમાં ઉતાવળ થશે.'

'જો મારી વાત સાંભળ. તું એક વખત તારો આ ખજાનો સરકારમાં આપી દે અને સામેથી કેટલી રકમ મળે છે એ જોયા પછી બધી વાત જાહેર કરીશું. અને તમારા સાથીદારોને તો હાથમાં ચેક આપીએ ત્યાં સુધી કશું કહેવું નથી. મારે એ જોવું છે કે કશી લાલચ વગર પણ એમાંના કેટલા મારી મદદમાં આવી ને ઊભા રહે છે. લે તું હાથ મ્હોં ધોઈ લે પછી બહાર આાવ એટલે કહુંબાપાણી કરીએ.'

મનુભા બહાર ડાયરામાં આવીને બેટા પણ એમના દિલમાં હરખ સમાતો નથી. એક બાજુ એમણે કુલદીપને હમણાં વાત જાહેર ન કરવાની સલાહ આપી હતી અને બીજી બાજુ એની ખાનદાનીને બિરદાવવાની ને ગામને મોઢે એનું નામ ગવાતું જોવાની તેમને તડપ જાગી હતી. ત્યાં કેપ્ટન અંદરથી બહાર આવ્યો. મનુભાએ તેને ખેંચીને પોતાની બાજુમાં બેસાડ્યો. પછી કહે : 'જુઓ ભાઈઓ, આ માણસને ઓળખી લેજો. હવે એ કેસરીસિંગ પણ નથી ને પગે લંગડો પણ નથી. હવે એ છે કેપ્ટન કુલદીપસિંહ. એ ગામનું નાક છે. એને વિશે આજે હું તમને કશું વધુ કહેતો નથી પણ વખત આવ્યે તમને વિગતે કહીશ. પણ એને કેપ્ટન કુલદીપસિંહ સિવાય બીજા કોઈ નામે જે ઓળખશે કે બોલાવશે એ આ ડાયરામાંથી બહાર સમજવો. હવે ફરી વાર એ ગામમાં આવશે ત્યારે આમ છાનોમાનો તેને આપણે ગામમાં પેસવા નહીં દઈએ. આખું ગામ સ્ટેશને જઈને એનું સામૈયું કરીને વાજતેગાજતે ગામમાં લઈ આવીશું.'

'બાપુ, કીડી માથે કટક રહેવા દો. એવું બધું મને ના શોભે.' કુલદીપ કહેવા ગયો.

'એ બધું હવે અમે નકકી કરીશું. બધા સાંભળી લો અત્યારે હું બધું કહેતો નથી પણ વખત આવ્યે તમને બધાને ખાતરી થશે કે અખા ગામમાં ઘેરઘેર એની જ વાતો થતી હશે. અને એટલે આજના કહુંબામાં પહેલી અંજલી કેપ્ટન કુલદીપસિંહના નામની, બીજી અંજલીય કેપ્ટન કુલદીપસિંહના નામની અને ત્રીજી અંજલીય કેપ્ટન કુલદીપસિંહના નામની બોલો, જે ઠાકર.'

ને આખો ડાયરો બોલી ઊઠ્યો : 'જે ઠાકર.'

કેટલાકને મનુભાની વાતમાં કશી સમજણ ન પડી. પણ મનુભાએ આગળ કશી ચોખવટ કરવાની ના જ ભણી દીધી એટલે બધા મનમાં જેમ ફાવે એવી અટકળો કરવા લાગ્યા. કોઈકને લાગ્યું કે એ લશ્કરમાં બહુ ઊંચે હોદ્દે પહોંચી ગયો હશે. તો કોઈને થતું કે એને અમેરિકામાં બહુ માનઅકરામ મળ્યાં હશે. એમાં એના એકબે જૂના સાથીદારો પણ હતા તેમને લાગ્યું કે એને પેલો જે ખજાનો હડપ કર્યો હતો એને લીધે એ ધંધામાં આગળ આવી ગયો હશે. ગમે તેમ પણ મનુભાએ જાતે એને ત્રણ અંજલિનું માન આપ્યું છે એટલે કશીક મોટી જ વાત હોવાની ડાયરાને પ્રતીતિ થવા માંડી.

અંદર જાનકીએ કુલદીપને દેવાયેલી ત્રણત્રણ અંજલીનું બહુમાન સાંભળ્યું ને તેને પતિને માટે ગર્વ થયો. તેને થયું કે મનુભાએ તેના પતિનું ઘણું આદર કર્યું હતું. એને જે થયું તે સારું જ થયું એમ લાગ્યું. તેમને પોતાને માથેથી કાયમની અસલામતિનો ડર દૂર થયો હતો અને પરમાર્થનું કામ પણ થતું હતું. તેને લાગ્યું કે રેવામા આ જાણીને ઘણાં ખુશ થશે.

બે દિવસ રહી એ બેય જણ પાછાં મુંબઈ આવ્યાં. કુલદીપે ખજાનાના સ્થળનો નકશો બનાવીને બૅંકને આપી દીધો ને બૅંકે એ નકશાની નકલ કરીને તેની પર સહી શિકકા કરીને એ નકલ કેપ્ટનને પૂરાવા તરીકે પાછી આપી. હવે મૂળ નકલ બૅંક સરકારને એ ખજાનાની માહિતીરૂપે મોકલી આપશે અને એ ખજાનાની તપાસમાં પહેલેથી જ બૅંકનો એક માણસ સામેલ રાખવાની શરત મૂકશે.

બધી વિધિ પતાવીને એ અમેરિકા જવા નીકળ્યાં ત્યારે તેમને એક વાતનો સંતોષ હતો કે બધાને જાનકીની આ વાત ગમી હતી.

## ૨૩:-જંગલમાં મંગલ

પેલો નવાબી ખજાનો સરકારને ચોપડે જમા થઈ ગયો હતો ને તેના ઈનામના રૂપિયા ૫૭ લાખ કરતાંય થોડા વધુ મળ્યા હતા, જે ટ્રસ્ટને નામે બેંકમાં જમા પણ થઈ ગયા હતા. હવે બધા ટ્રસ્ટીઓએ મનુભાને ત્યાં મળવાનું નકકી કર્યું. મનુભાએ પણ ભેરવસિંહને બધી વાત જણાવી હતી અને તેને પણ આ આખી ગોઠવણ ગમી ગઈ હતી. અને તેને પણ હવે પોતાની સ્થિતિથી સંતોષ થઈ ગયો હતો એટલે તેણે પણ કેસરીસિંહના આ વિચારમાં પોતાની સંમતિ આપી દીધી હતી એટલું જ નહીં પણ તેના મનમાં હવે કેસરી પ્રત્યે કશો જ દ્વેષ રહ્યો નથી એમ એને જાણાવી દેવાની પણ મનુભાને વિનંતિ કરી હતી.

મનુભાનો સંદેશો મળતાં જ કુલદીપે સીધો જ ભેરવસિંહને ફોન જોડ્યો હતો. કુલદીપનો સામેથી ફોન આવ્યો એટલે ભેરવસિંહ આનંદમાં આવી ગયો હતો. એમણે બેએ અને મંગુ તથા જાનકીએ પેટ ભરીને વાતો કરી લીધી હતી. જે થયું તે સારું જ થયું હતું એવો સૂર એ બધાંની વાતમાંથી નીકળતો હતો. મંગુ અને જાનકીનો આનંદ તો મનમાં સમાતોય ન હતો. તેમને તો બેનપણાંનો તૂટેલો સંબંધ પાછો ચાલુ થઈ ગયાનો આનંદ હતો.

મનુભાએ પણ બૅંકમાં રકમ જમા થઈ ગઈ એટલે ગામને એકઠું કરીને બધી વાત જણાવી દીધી હતી. ને ગામમાં જાણે હર્ષ નું મોજું ફરી વળ્યું હતું. નાના મોટા સૌને મ્હોંએ બસ એક જ વાત હતી. ગામનું નસીબ ફરી ગયું હતું. કેપ્ટન કુલદીપસિંહે ગામને જાણે દત્તક જ લઈ લીધું હોય એમ તેનો સર્વાંગી વિકાસ કરવાનું કામ મહિનામાં ગામમાં શરૂ થઈ જવાનું હતું. ગામમાં શું થવાનું હતું એનો સ્પષ્ટ ખ્યાલ જો કે ગામના કોઈને ન હતો, એટલે ગામમાં જાતજાતની વાતો થતી રહેતી હતી. કોઈ કહેતું હતું કે ગામમાં પોલીથાણું આવવાનું હતું તો કોઈ કહેતું હતું કે ગામમાં લશ્કરનું થાણું નંખાવાનું હતું. બાપડાં પોલીસ અને લશ્કરના નામથી જ ફફડતાં લોકોને બીજા કોઈ કામની કલ્પનાય કયાંથી આવે!

તેમને ભલે બધી વાતની ખબર ન હોય પણ ગામના મોટેરા જે મનુભાના ડાયરામાં કોઈકવાર જતા હતા એમણે ગામને જણાવ્યું હતું કે જે થવાનું હશે તે ગામના ભલા માટે જ થવાનું હતું. પૈસા તો એટલા બધા આવવાના હતા કે ગામ આખાએ એમની આખી જિંદગીમાં ન જોયા હોય. કહે છે આખું ગામ ભેગું થઈને એ પૈસા ગણવા બેસે તોય એમની અખી જિંદગી નીકળી જાય તોય ગણી ન રહે એટલા પૈસા ગામમાં વાપરવાના છે.

મનુભાએ ગામમાં બધાને કહેવડાવી દીધું હતું કે કેપ્ટન કુલદીપસિંહ આવે ત્યારે ગામ આખાની વસતિએ સ્ટેશને જઈ એમનું સામૈયું કરવાનુ છે. શહેરમાંથી વાજાં મંગાવવાનું તો તેમણે કહેવડાવી દીધેલું જ છે. બગી પણ મંગાવવાની છે અને કેપ્ટનનો વરઘાડો ગામમાં વાજતે ગાજતે કાઢવાનો છે.

બૅંક તરફથી બે માણસો આવીને બૅંક માટે જગ્યા જોઈ ગયા હતા. બૅંક માટેનું મકાન આ ટ્રસ્ટ મારફતે બનાવી બૅંકને ભાડે આપવાનું નકકી કરવામાં આવ્યું હતું. મકાન બને ત્યાં સુધી ગામમાંનું કોઈ સારું મકાન જોઈ તેમાં બૅંક શરૂ કરવાનું નકકી કરવામાં આવ્યું હતું. એક તો બૅંકને પહેલેથી જ લગભગ પચાસ લાખ રૂપિયાની ડિપોઝીટ મળી ગઈ હતી અને સોળ લાખ રૂપિયા જે કેપ્ટન કુલદીપસિંહને નામે પડ્યા હતા તે પણ કેપ્ટન આવે એટલે તેમના પંદર સાથીદારોને નામે બૅંકમાં આવી જ જવાના હતા. ગામનો આટલો મોટે પાયે વિકાસ થતાં ત્યાંથી બીજો સારો ધંધો મળવાની શકયતા પણ હતી. અને આ ટ્રસ્ટનો વહીવટ બૅંકને મળતો હતો એ પણ નાનીસૂની વાત ન હતી.

રેવામાએ બધી વાત જાણી ત્યારથી જ ઊપાડો લીધો હતો. ગામમાં નીચે પાણીની પરબ અને ઉપર ચબૂતરી વિજયને નામે બાંધવાની હતી. એના ખર્ચના જે પૈસા થશે તે પોતે જુદા આપવાનાં હતાં. કુલદીપ કહેતો હતો કે બધું વખત

આવ્યે થઈ રહેશે પણ રેવામા ને ધરપત ન હતી. એ કહે : 'ગામમાં આટલાં બધાં કામ થવાનાં હોય તો કેટલાં બધાં માણસો આવે એમને ખાવાની વ્યવસ્થા આપણે ન કરી શકીએ પણ પાણીની વ્યવસ્થા તો આપણે કરવી જ જોઈએ ને ! મારે મારા વિજયને ઊછેરવાનો છે નહીં તો હું પંડયે ત્યાં જઈને બેહત અને પરબ અને સદાવરત બેય ચલાવત. એમને કોણ સમજાવે કે બધાં કામ તો કૉન્ટ્રાકટથી થવાનાં હતાં એટલે કોઈને જમાડવાની જરૂર જ પડવાની ન હતી.

કુલદીપે એના દોસ્તોને અમેરિકા ફરવા આવવા માટે ટિકીટો મોકલી હતી. અને બે મહિના પહેલાં જ બધાં મહિનો ફરીને પાછાં દેશમાં ગયાં હતાં. કેપ્ટને એમને ન્યૂ યોર્કમાં સ્ટેચ્યૂ ઓફ લીબર્ટી, એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ બતાવ્યું. પછી ટૂર પર ઊપડયા હતા. ડીઝની વર્લ્ડ, ગ્રાન્ડ કેન્યન, લાસવેગાસ, હવાઈના ટાપુ, અને વાઈટ હાઉસ વગેરે સ્થળોએ ફેરવ્યા. તેમાં પેલા હોટેલ મેનેજરને અમેરિકા ગમી ગયું હતું અને એ કુલદીપની મોટેલ જોયા પછી એને લાગ્યું કે એણે આજ સુધી જે હોટેલ ચલાવી હતી એ તો ફકત ધરમશાળા જ હતી. વળી કેપ્ટને એને પોતાની મોટેલમાં કામ કરવું હોય તો મેનેજર તરીકે રહી જવાની તક આપી એટલે એ એમાં ગોઠવાઈ ગયો હતો. અને મેનેજર જેવો લાયક માણસ મળતાં કુલદીપે બીજી મોટેલ બનાવવાની અને એમાં મેનેજરનો ભાગ રાખવાની યોજના પણ વિચારી લીધી હતી. એટલે ગોમતીગઢના પેલા ટ્રસ્ટ માટે એમને એક નવા માણસની જરૂર પડી હતી. એ જગ્યાએ ગોમતીગઢના એકમાત્ર શિક્ષિત માણસ નરોતમ ગોરને મૂકવાનું નકકી કર્યું હતું.

મીટિંગને બે દિવસ પહેલાં જ બધા ટ્રસ્ટીઓ આવી ગયા હતા. કેપ્ટન કુલદીપસિંહ બપોર પછી આવવાનો હતો. બધી મનુભાની જ ગોઠવણ હતી. એમને કેપ્ટનનું વરઘોડો કાઢી ભવ્ય સ્વાગત કરવું હતું. એમણે કરવા ધારેલી બધી વ્યવસ્થા થઈ ગઈ હતી. સાંજે કેપ્ટનના માનમાં મનુભાએ એક પાર્ટીની પણ વ્યવસ્થા કરી હતી. હવે વાર હતી કેપ્ટનના આવવાની.

ભેરવસિંહ પણ ગુરુવારે જ આવી ગયો હતો. મંગુ તેની સાથે જ આવી હતી. કેપ્ટન કુલદીપસિંહ સાથે રેવામા, જાનકી અને વિજય આવવાનાં હતાં. દલાકાકા ત્યાંનું બધું સંભાળવા માટે રોકાવાના હતા, પણ દેશમાં જે ભભકો થવાનો હતો તેનાથી માહિતગાર એવી જાનકીએ એમને પરાણે સાથે લીધા હતા.

ને શુક્રવારની બપોર થઈ. વરઘોડાની તૈયારીઓ પૂર જોરમાં ચાલુ થઈ ગઈ. બગીને ફૂલોથી શણગારવામાં આવી. ભાતીગર વેશભૂષામાં ઓપતી ગામની બહેનો પોતાની ચકચકીત ગાગરો લઈ કેપ્ટનને વધાવવા થનગની રહી. બૅંડ વાજાંવાળા કડકડતાં કપડાંમાં સજજ થઈ ફિલ્મી સંગીત રેલાવી રહ્યા.

ને મનુભાની સાથે સૌ મહેમાનો રેલ્વેના સ્ટેશને પહોંચી ગયા હતા. જાણે આઠમનો મેળો ભરાયો હોય એમ સ્ટેશનની ચારે બાજુએ માનવ મહેરામણ ઊમટી રહ્યો હતો. ગાડી પચીસ માઈલ દૂર હતી ત્યાં તાર આવી ગયો હતો. ગાડી સમયસર આવતી હતી એ આજની આ વ્યવસ્થાનું એક જમા પાસું હતું. મનુભાની વગ કયાં સુધી પહોંચતી હતી તેનું એ પ્રતીક હતું. એમણે આજની આ ગાડી બરાબર એના નિર્ધારિત સમયે આવે એ માટે મનુભાએ એની હેડ ઑફિસ સુધી પોતાની વગ લગાડી હતી. વરસમાં કદાચ પહેલી જ વાર ગાડી સમયસર આવતી હતી.

ગાડી આવી અને પેલા આમતેમ ફરતા ભટકતા લાગતા ટોળામાં જાણે ચેતન આવ્યું. કોઈકે કેપ્ટન કુલદીપસિંહની જે બોલાવી ને પછી તો એ જેજેકાર ચારેય દિશામાંથી ગૂંજી ઊઠયો. કેપ્ટન કુલદીપસિંહની જેથી આખું સ્ટેશન ગાજી ઊઠયું. બાજુને ગામ જવા સ્ટેશન પર ઊતરેલા કેટલાક મુસાફરો પણ એ ટોળામાં સામેલ થઈ ગયા. એમણે ઊડતી વાતો સાંભળી હતી કે ગોમતીગઢ ગામની આખી શિકલ જ ફરી જાય એવાં કામ ત્યાં થવાનાં હતાં. ને આજે આ માનવ મહેરામણને જેજેકાર કરતો ભાળ્યો એટલે એય ભેગા જે બોલવામાં ભળી ગયા હતા. સારા કામને સાથ આપનારા આ જમાનામાંય કયાં શોધવા જવા પડે છે!

હજુ ગાડી ઊભીય રહી ન હતી ત્યાં મનુભા ને બીજા ટ્રસ્ટીઓ ઊંચા થઈ ડબાની અંદર કેપ્ટન કુલદીપસિંહને શોધવા માંડ્યા હતા. તેમની પાછળ  ગામના લોકો હાથમાં ફૂલહાર લઈને દોડાદોડી કરી રહ્યા હતા. મનુભાએ પોતાના મિત્ર પોલીસ ઈન્સ્પેક્ટર જાડેજાને વાત કરી હતી એટલે એ પોતે દસ પોલીસનું ધાડું લઈને કેપ્ટન કુલદીપસિંહના સ્વાગતના આ સરઘસના બંદોવસ્ત માટે હાજર થઈ ગયા હતા. ગાડી ઊભી રહી કે તરત એમણે ચકોર નજરે કેપ્ટનવાળો ડબ્બો શોધી લીધો ને એના બારણા પાસે પોતાની ટુકડી ગોઠવી દીધી.

આ તરફથી મનુભા અને બધા કાર્યકરો પણ આવી પહોંચ્યા. ડબ્બામાંથી પહેલાં રેવામા ને જાનકી વિજયને લઈને ઊતર્યાં. ગામ લોકોની અંદર ગુસપુસ થવા લાગી : 'કેપ્ટનનાં મા અને એમનાં પત્ની લાગે છે. એમને આપણી ગુજરાતી ભાષામાં સમજણ પડશે ખરી! પેલી ફિલમની પરી આવી હતી એય આમની આગળ પાણી ભરે. ભગવાને હજાર હાથે રૂપ અને રૂપિયા એક જગ્યાએ ભેગાં આલ્યાં છે.'

'રૂપિયા તો હોય પણ આલવાનું દિલ જોઈએ ને! કહે છે, સરકારનો ચોરાયેલો ખજાનો કેપ્ટને શોધીને સરકારને સોંપી દીધો ને સરકારે એમને ખાંપતાંય ખૂટે નહીં એટલા બધા રૂપિયા ઈનામમાં આપ્યા. આ કેપ્ટન કહે છે કે મારે એ રૂપિયા શું કરવા છે? મારી પાસે શી ખોટ છે? તે એ પૈસામાં પોતાના ઉમેરીને એમણે ગામને આપી દીધા.' કોક જાણકાર કહી રહ્યો હતો. ત્યાં કેપ્ટન કુલદીપસિંહ ડબામાંથી નીચે ઊતર્યો. ને એની પાછળ દલાકાકા ઊતર્યા. એમણે સમયને અનુરૂપ લાંબો કોટ, ખભે ખેસ અને માથે પાઘડી પહેર્યાં હતાં. એ કપડાંમાં એ અમદાવાદી શેઠિયા જેવા શોભતા હતા. એમણે તો કુલદીપના સ્વાગત માટે ભેગી થયેલી આ મેદની જોઈ અને એમની આંખો હર્ષનાં આંસુ ન રોકી શકી.

'કેપ્ટન કુલદીપસિંહની જે,' કોઈકે મેદનીની પાછળથી પોકાર કર્યો ને પછી મનુભા અને બીજા આગેવાનો ને ગામ લોકોએ એ બધાંને ફૂલહાર પહેરાવીને સ્વાગત કર્યું તોય પેલા જયકાર ચાલુ જ રહ્યા. રેવામા તો આ મહેરામણ જોઈને દંગ જ થઈ ગયાં. એમને થયું કે આ છોકરે એમની સાત પેઢી ઉજાળી દીધી હતી. એમને એવોય વિચાર આવ્યો કે પોતાને જો આવી ખબર હોત તો પોતે નાતના આગેવાનોનેય બોલાવી લીધા હોત ને. એમનેય ખબર પડત કે કેપ્ટન કુલદીપસિંહ એમની આખી નાતમાં બીજો પાક્યો ન હતો કે પાકવાનો ન હતો.

આજુબાજુ પોલીસની લાઈનો વચ્ચેથી એ બધાં સ્ટેશનની બહાર આવ્યાં ત્યાં સુધીમાં તો પેપરના કેટલાય માણસો એમને ઘેરી રહ્યા હતા. એમને મનુભાએ પરાણે સમજાવ્યા કે રવિવારે સભામાં એમના બધા સવાલોના જવાબ મળી જશે પણ આજે મહેમાનો થાકેલાં છે ને તેમની સાથે નાનો બાબો પણ છે એટલે ઘેરીને મૂંઝવશો નહીં. છતાં પેપરના ફોટોગ્રાફરો તો એમની તસ્વીર ઉપર તસ્વીર ઝડપતા રહ્યા, આજના સરઘસના સમાચારમાં છાપવા માટે.

કોઈ રાજકુંવર જેવો કેપ્ટન કુલદીપસિંહ ને રાજરાણી જેવી જાનકીએ ગામ લોકોનાં મન મોહી લીધાં. બહાર નીકળી મનુભાએ બધા કાર્યકરોનો કેપ્ટનને પરિચય કરાવ્યો. આજના બંદોવસ્ત માટે જાતે જ પધારેલા ઈન્સ્પેક્ટર જાડેજાનો પણ પરિચય કરાવ્યો. જાડેજાને પણ લાગ્યું કે પોતે જાતે હાજરી આપી એ બહુ સારું થયું હતું, નહીં તો કેપ્ટન સાથે હાથ મિલાવવાનો અવસર એમને ના મળ્યો હોત. સ્ટેશનની બહાર નીકળતાં જ ગામની સ્ત્રીઓએ માથે પાણીની હેલ્ય ભરીને સામે આવી એમનાં ઓવારણાં લીધાં. રેવામા મનમાં જ વિચારી રહ્યાં કે એ ડોહા એમની મોટલ સાચવવા રહ્યા હોત તો આવો અવસર ચૂકી ગયા હોત. પણ ભલું થજો એ વહુનું કે એમને પરાણેય સાથે આવવા તૈયાર કર્યા. આ ભભકો જોઈને એ ગાંડા ના થઈ જાય તો જ સારું, એ મનમાં વિચારી રહ્યાં.

આગળ બગીમાં કેપ્ટન કુલદીપસિંહ, રેવામા, જાનકી ને વિજયને બેસાડ્યાં. દલાકાકાને બગીમાં લેવા બધાએ બહુ આગ્રહ કર્યો પણ એમણે કહ્યું કે ગામના મોવડીઓની સાથે એ પણ એમના દીકરાના વરઘોડામાં ચાલીને જ ફરશે. એટલે બધાએ એમને વધુ આગ્રહ ન કર્યો પણ મનુભાએ એમને પોતાની પાસે ખેંચી લીધા.

આગળ શહેરમાંથી મંગાવેલાં બેન્ડવાજાં. ને એમાંથી નીકળતા : 'ઘર આયા મેરા પરદેશી…'ના સરોદ ને પાછળ આખું ગામ પગે ચાલતું. વાજતે ગાજતે આખો વરઘોડો ગામની ભાગોળે પહોંચ્યો કે કેપ્ટને બગી ઊભી રખાવી ને પોતે બધાની સાથે ગામના ધૂળિયા રસ્તા પર ચાલવા માંડ્યું.

મનુભાએ એને ગામની કાયાપલટનો ભાવિ ચિતાર આપવા માંડ્યો. કેપ્ટને ભૈરવસિંહને ને દલાબાપાને પોતાની સાથે ખેંચી લીધા. તો બગી ઊભી રખાવી જાનકીએ મંગુને બગીમાં પોતાની સાથે બેસાડી દીધી. હા ના કરતી મંગુ બગીમાં ગોઠવાઈ ને વરઘોડો આગળ ચાલ્યો. બગીમાં રેવામાને વચમાં બેઠાં હતાં ને એમના ખોળામાં વિજય. માની એક બાજુ જાનકી અને બીજી બાજુ મંગુ. 'બા આપણે કયાં જઈએ છીએ?' વિજય એની કાલીઘેલી બોલીમાં પૂછતો હતો.

'આપણે તારા પપ્પાને ઘેર જઈએ છીએ.' રેવામા એને પોતાની રીતે સમજાવવા પ્રયત્ન કરતાં હતાં. ગામની સ્ત્રીઓ એમને ને ખાસ કરીને વિજયને ધારીને જોઈ રહેતી હતી ને એમનાં મ્હોં આશ્ચર્યથી પહોળાં જ થઈ જતાં હતાં. રેવામા પણ કયારનાં વિચારતાં હતાં કે આ સ્ત્રીઓને પણ કશુંક લ્હાણીનું કરીને આપવું જોઈએ.

એવામાં એમની નજર પેલા બૅંકના મેનેજર ઉપર પડી. એમણે ઈશારો કરીને એને પાસે બોલાવ્યો. 'આ બધી સ્ત્રીઓને મારા તરફથી એકએક સાડી આપવી છે. સસ્તી ના મંગાવશો. લગનમાં જાય તોય શોભી ઊઠે એવી મંગાવજો. રવિવારે આપી દેવાની છે, થઈ શકશે ને!'

'બાનો હુકમ થાય એટલે થઈ જ જાય, કાલે મુંબઈથી સીધી જ આવી જશે.'

'અને દસ પંદર વધારાનીય મંગાવજો કોઈ રહી ના જવું જોઈએ.'

'અમાં કહેવું ના પડે, બધું તમારી આજ્ઞા પ્રમાણે થઈ જશે.' મેનેજરે કહ્યું ને વરઘોડામાંથી સરકી સાડીઓની વ્યવસ્થા કરવા ગયો. જતાં પહેલાં એણે મનુભાના કાનમાં ફૂંક મારી ગામમાં કેટલી સ્ત્રીઓ હશે એનો અંદાજ કાઢવા પ્ર યત્ન કર્યો પણ મનુભાએ એને બીજા એક જાણકારને ભેગો કરી આપ્યો. મેનેજર અને પેલો જાણકાર બેય જણા વરઘોડામાંથી તરીને એક બાજુ નીકળી ગયા.

પેલા જાણકારે વળી બે બીજાને પણ બોલાવ્યા. વળી પાછો સવાલ ઊભો થયો કે ગામની પરણેલી છોકરીઓ પણ આવી છે તે એમને આપવાની કે નહી? ને મેનેજર પાછો બા પાસે દોડ્યો. બા કહે : 'તો પછી કુંવારી છોકરીઓએ શો ગુનો કર્યો! એમ કરો, ગામની પંદર વરસની ઉપરની તમામ સ્ત્રીઓ અને દીકરીઓને સાડીઓ આપો ને એથી જે નાની હોય એમને બધીને દસદસ રૂપિયા રોકડા આપો, બસ!'

બૅંકના મેનેજરને હવે કશું પૂછવાપણું રહેતું ન હતું. એણે પોતાના એક માણસને ફોન પર બધી વાત સમજાવી દીધી ને બસો સાડીઓ લઈને મોડામાં મોડાં શનિવારે બપોરના ખાવાના સમય પહેલાં ગોમતીગઢ આવી પહોંચવાની ખાસ સૂચના પણ તેને આપી દીધી. હજુ સાડીઓ તો ખરીદાઈયેય ન હતી ત્યાં ગામ આખામાં વાત કાનોકાન વહેતી થઈ ગઈ કે ગામની બધી બહેન-દીકરીઓને બા ભારેમાંની સાડીઓ વહેંચવાનાં છે એટલે જે છોકરીઓ હજુ સાસરેથી આવી ન હતી એમને પણ આવી પહોંચવાના સંદેશા પહોંચી ગયા. સારી વાતને ફેલાતાં કયાં વાર લાગે છે!

સાંજે ગામ આખાને દરબાર ગઢમાં જમવાનું હતું. કેપ્ટન કુલદીપસિંહના માનમાં મનુભાએ પાર્ટી રાખી હતી. રેવામા ને વિજયને મનુભાના દરબાર ગઢમાં ગોઠી ગયું હતું. રેવામાને પહેલાં મનમાં એમ હતું કે ગામડા ગામમાં જવાનું છે એટલે થોડી અગવડ તો પડશે જ. પણ મનુભાને ત્યાં સગવડ જોઈ ને એ દંગ રહી ગયાં હતાં. આવાયે અહીં દેશમાંય ઈંગ્લેન્ડ ને અમેરિકા કરતાંય સારા ઠાઠથી રહે છે એમ એમને લાગ્યું હતું. ને વિજય તો મનુભાના ઘરમાં જાણે કોઈના હાથમાં જ આવતો ન હતો ને! એક મૂકે ને બીજું તેડે. રેવામાને પણ મનુભાનાં માણસો પર વિશ્વાસ બેસી ગયો હતો નહીં તો એ વિજયને એક પળ પણ પોતાની નજરથી ઓઝલ થવા દે ખરાં!

બધાં હાથમ્હોં ધોઈ પરવાર્યાં ત્યાં બાને પગે લાગવા ગામની સ્ત્રીઓ આવવા માંડી હતી. એમને જાનકી અને વિજયને જોઈ આંખો ઠારવી હતી ને એ મઢમ જેવી બાઈ કેવું બોલે છે એ સાંભળવું હતું. એને એમની ગામડાની બોલીમાં સમજણ પડશે કે નહીં એ એની એમને ખબર ન હતી, એ બાઈ દેશની છે કે મઢમ છે એનીય ચર્ચાઓ એ દરબાર ગઢમાં આવતી વખતે કરતી હતી ને!

સ્ત્રીઓનું પહેલું ટોળું આવ્યું તેમને બાએ સામે બેસાડ્યું ને ગામના ને એમનાં બાળકોના ખુશી સમાચાર પૂછ્યા. ત્યાં સુધીમાં જાનકી એક ટ્રેમાં પાણીના પ્યાલા ભરીને લઈ આવી ને બધાંને પાણી આપવા લાગી. બધી સ્ત્રીઓ છપાઈ ગઈ હોય એમ હાં હાં કરી ઊઠી. ‘બહેન, તમારે પાણી આલવાનું હોય. અમે તો તમને મલવા ને બાને પગે લાગવા આવ્યાં છીએ. બાબાભાઈ કયાં ગયા ?’ એમાંની કોઈક બેલી ઊઠી.

‘એ તો રમતો હશે આટલામાં કયાંક. હમણાં આવશે, બેસો હું તમારે માટે ચ્હા મૂકવાનું કહેતી આવું. બધાં ચ્હા તો પીવો છો ને!’ કહેતાં જાનકી અંદર રસોડા તરફ ગઈ. બધી સ્ત્રીઓ એની સામે જોવામાં ને એના વિવેકની આભામાં એવી તો અંજાઈ ગઈ હતી કે એમને ના કહેવાનુંય ભાન ન રહ્યું. જાનકી પાછી બહાર આવી એટલે બધી જ જાણે સામટી બોલી ઊઠી : ‘બહેન ચ્હા ના બનાવડાવશો, અમારાથી અહીં ચ્હા ના પીવાય.’

‘કેમ ના પીવાય! તમે બધાં બાને પગે લાગવા આવ્યાં છો તે બા તમને ચ્હા પીધા વગર જવા દે ખરાં. જો જવા દે તો એમાં એમનું ને તમારું બેયનું ખોટું દેખાય. બધાંએ ચ્હા પીને જ જવાનું છે.’

જાનકીએ કહ્યું ને રેવામાએ એમાં સૂર પૂરાવ્યો : ‘એ બધીય ચ્હા પીશે તું એક વખત લાવ તો ખરી પછી હું જોઉં કે કોણ નથી પીતું.’ ને ચ્હા પીને ધરાઈને વાતો કરીને એ ટોળું ગામમાં ગયું ત્યારે અનેક જાતની છાપ આ લોકોની પોતાની સાથે લેતું ગયું. બહાર નીકળતાં એક સ્ત્રી બોલીય ખરી : ‘બાઈ, આટલા પૈસા છે તોય જરાય અભેમાંન છે! આપણે અહીંનું કોક હોય તો એની તો બોચિયે આંખો હોય.’

‘ને પૈસા છે ને પાછું લોકો પાછળ વાપરવાનો ઉમંગ પણ છે. કહે છે કે બા અહીં આવ્યાં છે ને બાપા ત્યાં ધંધો હાચવવા એકલા ત્યાં રહેવાના હતા પણ બહેને તાણ કરી એટલે એ આવ્યા છે. આટલા બધા પૈસા હોય એટલે ધંધોય એવો મોટો જ હશે ને! કહે છે ઘરનાં ઊઠ્યાં બધાં જ ધંધામાં કામ કરે છે ને વળી બીજા પગારદાર તો ખરા જ.’ બીજીએ સૂર પુરાવ્યો.

‘મને તો આ નાના છોકરાની ચિંતા થાય છે. આપણા ગંદવાડ ને ગરમીથી એ માંદો ના પડી જાય તો સારું. મારો તો બાઈ એને ઓરડાની બહાર જવા દેતાંય જીવ ના ચાલે.’

‘જોજે બાઈ તારી નજર ના લાગી જાય!’

'મારી નજર ના લાગે. એ લાખ વરહનો થાય ને એના બાપની પઠે આખા મલકમાં નામ કાઢે. એમને પરતાપે આજે આપણે આ દહાડો જોવા મલ્યો ને!'

'ગાંમમાં થોડી સોઈ થશે તો એમને ફરીવાર ગાંમમાં આવવાનું મન થશે. બાકી આવો ને આવો ગંદવાડો રહેશે તો ફરી એ સુખી માણસો ગામમાં પગ મૂકે એવું મને લાગતું નથી.' બીજી એક સ્ત્રીએ પોતાના મનની વાત કરી.

'આપણે માટે આટલું બધું કરે છે તે આવશે તો ખરા જ ને! ગામનું કામ કેવું ચાલે છે એ જોવાય આવશે તો ખરા જ ને!'

જેમ સાડીઓ વહેંચવાની વાત ગામમાં ફરીવળી હતી એમ કેપ્ટનનાં ઘરનાં માણસોના સ્વભાવની વાતો પણ ગામમાં ઘેરઘેર ચર્ચાવા લાગી હતી. બાકી હતું તે સાંજે દરબાર ગઢમાં સાંજના જમણ વખતે બધાંએ વાતોવાત જાણ્યું. જેટલાં મ્હોં એટલી વાતો થતી હતી. સાચી વાત તો રવિવારને દિવસે સભામાં બધાને ખબર પડવાની હતી. પુરુષોમાં મોટા ભાગના લોકોને જેવી તેવી ખબર હતી ખરી. ને એ દરેક જણ જાણતા હતા એના કરતાં ઘણું ઉમેરીને બીજાને કહેતા હતા. જે કોઈ વાત કરતા હતા એ અહો ભાવથી વાત કરતા હતા. સહુને લાગતું હતું કે જે કાંઈ થઈ રહ્યું હતું એ ગામના ભલા માટે જ થઈ રહ્યું હતું. ગામમાં જાણે ઉત્સાહનું મોજું ફરી વળ્યું હતું. જે કોઈ વાત કરતા હતા એમાં ગામ પ્રત્યેની એમની ભાવના વર્તાતી હતી. બહારથી જોવા આવેલા માણસો પણ ઉત્સાહમાં આવી જતા હતા ને!

બીજે દિવસે પણ ગામના લોકો અને સ્ત્રીઓ દરબાર ગઢમાં આવ્યા જ કર્યાં. અરે આજુબાજુના ગામના લોકો પણ આવતીકાલના અવસર પહેલાં જ કેપ્ટન અને એમના ઘરનાં માણસોને મળીને ધન્યવાદ આપવા કયાં આવ્યા ન હતા! દલાકાકાની આંખો જ આ મહેરામણને જોઈને કોરી ન હતી થઈ શકતી હતી ને !

ચારેબાજુ હવા એવી ફેલાઈ ગઈ હતી કે રવિવારને દિવસે સભામાં આજુબાજુનાં ગામમાંથી પણ ઘણા માણસો આ શુભ કામમાં ભાગીદાર થવા માટે આવી પહોંચ્યા હતા. એમણે જે જોયું ને સાંભળ્યું તે એમના માન્યામાં આવતું ન હતું. ગોમતીગઢ જેવા નાનકડા ગામમાં રૂપિયા પચાસ લાખ કરતાંય વધુ ખર્ચીને તેને આખા પંથકમાં કોઈ પણ ગામ કરતાં વધુ સગવડો ઊભી કરી આપવાનું કેપ્ટન કુલદીપસિંહે બીડું ઝડપ્યું હતું. અને આટલું અધૂરું હોય એમ એક વખતના ડાકુ ભેરવસિંહના પંદર લૂટારા સાથીદારોને સુધારીને આગળ લાવવા માટે દરેકને એકએક લાખ રૂપિયા રોકડા આપ્યા હતા.

આ સાથીદારોને આટલા બધા રૂપિયા મળવાના છે એની ન તો ગામમાં કોઈને જાણ હતી કે જેમને આ પૈસા મળ્યા હતા એમાંના કોઈને જાણ હતી. ચાલતી સભામાં એ બધાને વારા ફરતી મંચ પર બોલાવી ખૂદ મનુભાએ એમને શાલ ઓઢાડી હતી અને દરેકને લાખ રૂપિયાની બેંકની ડિપોઝિટની રસીદ આપી હતી. એ લોકો તો મંચ ઉપર જ ગળગળા થઈને લગભગ રડી જ પડ્યા હતા ને કેપ્ટન, મનુભા તથા ભેરવસિંહને પગે પડ્યા હતા.

કેપ્ટનનાં મા રેવામાએ ગામની બધી વહુદીકરીઓને આ પ્રસંગે પોતાના તરફથી સાડીઓ વહેંચી હતી અને એક લાખ રૂપિયાને ખર્ચે પોતાના પૌત્ર વિજયને નામે એક પરબ તથા ટાવર અને ઊપર ચબૂતરી ગામના ચોક વચ્ચે બંધાવી આપવાની જાહેરાત કરી હતી.

ગામમાં બેંક, પ્રાથમિક શાળા, સરકારી દવાખાનું, ધર્મશાળા અને પંચાયતનાં પાકાં મકાન બાંધી એમાં આ બધી પ્રવૃત્તિઓ શરૂ કરવાની હતી. ગામમાં પાકા રસ્તા કરવાના હતા ને વારિગૃહ શરૂ કરી ઘેરઘેર પાણીના નળ મૂકવાના હતા. ને મહેમાનોમાં હાજર રહેલા કલેકટર સાહેબે પણ કહ્યું હતું કે ગામમાં આટલા બધા સુધારા થતા હોય ત્યારે સરકાર પણ

કાંઈ બેસી નહીં રહે. રેલ્વે સ્ટેશનથી ગામનો રસ્તો સરકાર એક જ વરસમાં પાકો બાંધી આપશે. એમણે બીજાં ગામોને પણ આ ગામનો દાખલો લઈ પોતાના ગામમાં થઈ શકે એવા સુધારા કરવાની હાકલ કરી હતી.

એમણે કેપ્ટનની બહાદુરી અને ઉદારતાને બિરદાવતાં કહ્યું હતું કે કેપ્ટને પોતાની કૂનેહથી પાકિસ્તાન ચાલ્યો જતો ખજાનો બચાવ્યો હતો અને એ પાંચ કરોડ રૂપિયા કરતાં વધુનો ખજાનો હસતે મોંઢે સરકારને આપી દીધો હતો. સરકારે એમને પચાસ લાખ રૂપિયા કરતાંય વધારેનું ઈનામ આપ્યું હતું એ સઘળું એમણે પોતાના ગામના ભલા માટે આપી દીધું હતું એટલું જ નહીં પણ એમાં પોતાના પણ ઘણા રૂપિયા ઉમેર્યા હતા.

કેપ્ટને પોતાના નિવેદનમાં જાહેર કર્યું હતું કે પોતે એકલો જ આ જશનો હકદાર ન હતો. પણ એનો મુખ્ય હકદાર ભેરવસિંહ હતો અને એમાં જે પંદર જણાનો ખાસ હાથ હતો એ પંદર જણાને હમણાં માનનીય મનુભાએ શાલ ઓઢાડી સન્માન્યા છે. એ બધાએ હવેથી સાચે રસ્તે ચાલવાનું ને ગામની પ્રગતિમાં સક્રિય મદદ કરવાનું પણ લીધું છે. એમણે મુંબઈની હોટેલ સંગેમરમરના મેનેજરે આ બધાં કામોમાં ઘણો સહકાર આપ્યો હતો એની નોંધ પણ બધા સમક્ષ લીધી હતી અને તેઓ અમેરિકામાં કામમાં ગૂંથાયેલા હોઈ સભામાં હાજર રહી શકયા નથી એમ જણાવ્યું હતું.

એસ.ટી.ના પ્રમુખ સભામાં હાજર હતા એમણે પણ રોજ બે વખત તાલુકાના મથકથી ગામને જોડતી બસ સેવા ગામને પૂરી પાડવાની જાહેર કરી હતી

બૅંકના મેનેજરે ગામના તથા આસપાસનાં ગામના લોકોને આ ગામની બૅંકનો લાભ લેવા અને નાનીમોટી બચત કરી પોતાનું જીવન ધોરણ સુધારવા પર ભાર મૂકયો હતો અને એમાં જ્યારે પણ જરૂર પડે ત્યારે પોતે મદદરૂપ થવાની તૈયારી બતાવી હતી.

અંતમાં મનુભાએ બધાનો આભાર માન્યો હતો ને ગામના સૌ કોઈને આ કામમાં સાથ અને સહકાર આપવાની વિનંતિ કરી હતી.

સમારંભ પત્યો ને બધા મહેમાનો મનુભાને ત્યાં ગયા ત્યારેય અડધું ગામ તેમની પાછળ દરબાર ગઢમાં આવી પહોંચ્યું હતું. પુરુષોને કેપ્ટનને મળવું હતું અને ગામની સ્ત્રીઓને રેવામાને પગે લાગવું હતું. તો કેટલાંકને વિજયને હેત કરવું હતું. પેલા છાપાંના ફોટોગ્રાફરોને તો કેટલીય વાતો પૂછવાની બાકી હતી. મનુભાની લાખ સમજાવટ છતાં લોકો એમને પગે લાગીનેય દરબાર ગઢના ચોકમાંથી દૂર ખસતા ન હતા. છેવટે મનુભાને નમતું જોખવું પડ્યું ને એમણે કેપ્ટનને કહી દીધું કે બધા એને મળ્યા વગર જવાના ન હતા. એમને સંતોષ આપવો પડશે.

દલાકાકા આ બધું જોઈને ભગવાનને મનોમન પ્રાર્થના કરતા હતા કે એમને આખી જિંદગી વસ્તાર વગરનાં રાખ્યાં એનો બદલો એમણે હજારઘણો કરીને આપ્યો હતો. એક મોટેલ ચલાવતાં એમણે કયારેય આવું સ્વપ્નુંય જોયું ન હતું. એમની આંખોમાંથી ભીનાશ ઓસરતી જ ન હતી. એ મનમાં વિચારતા હતા કે સૂરત જઈને બધા નાતવાળાને આ ઉજવણીના ફોટા બતાવવા પડશે. એમણે બાબરીના અવસર વખતે એમને આંજી નાખ્યા હતા પણ આ પ્રસંગની તો વાત જ જુદી હતી. ભગવાને એમને આ જ અવસર માણવા જ જાણે જીવતા રાખ્યા હતા.

એમને મનમાં થતું હતું કે હવે ભગવાન ઉપાડી લે તોય હસતે મ્હોંએ ચાલી નીકળાય એવું સુખ મળી ગયું હતું. હવે જીવનમાં કશી ઈચ્છા અધૂરી રહી નથી. એમને રેવામાને એકાંતમાં મળીને ખૂલ્લું રોઈ લેવું હતું, પણ બહાર લોકોની ભીડ જોતાં એમને લાગતું હતું કે બધાં મહિનો આખો ત્યાં રહેશે તોય લોકો એમને એકલાં પડવા દેવાના ન હતા.

**સંપૂર્ણ**

અનુક્રમ ⇒